# "અહો શ્રુતજ્ઞાનમ્" ગ્રંથ જીર્ણોધ્ધાર ૩૧

શિલ્પશાસ્ત્ર ગ્રંથ

## પ્રાસાદ મણ્ડન

: દ્રવ્ય સહાયક :

પ.પૂ. આચાર્ય ભગવંત સાગરાનંદસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના
પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્ય શ્રી સૂર્યોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના
આજ્ઞાનુવર્તિની પ.પૂ. સ્વ. શ્રી નિરંજનાશ્રીજી મ.સા.ના શિષ્યા
સા. શ્રી ધર્મરસાશ્રીજી, સા. શ્રી પ્રશાંતરસાશ્રીજી આદિ ૬ ની પ્રેરણાથી
નવરત્ન ફ્લેટના બહેનોના જ્ઞાનખાતાની ઉપજમાંથી

: સંયોજક :

શાહ બાબુલાલ સરેમલ બેડાવાળા
શ્રી આશાપૂરણપાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર
શા. વીમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હીરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫
(મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ.) ૨૨૧૩૨૫૪૩ (રહે.) ૨૭૫૦૫૭૨૦

સંવત ૨૦૬૫ ઈ.સ. ૨૦૦૯

सूत्रधार 'मंडन' विरचित

# प्रासादमंडन

[ વાસ્તુશિલ્પશાસ્ત્ર–ગુજરાતી ભાષાન્તર સહિત ]

અનુવાદક અને સંપાદક :

પંડિત ભગવાનદાસ જૈન

મુખ્ય વિક્રેતા :

સરસ્વતી પુસ્તક ભંડાર

રતનપોળ હાથીખાના અમદાવાદ-૧

ફોન. ૩૩૬૬૨૯

મૂલ્ય : ૧૦૦ રૂપિયા

૧૯૮૬

# પ્રસ્તાવના

**ભારતીય** સ્થાપત્યકલાનાં સુંદર કલામય દેવાલયો, રાજમહેલો, કિલ્લાઓ, વાવડીઓ વગેરે જલાશયો, યંત્રો અને મનુષ્યાલયો આદિની મનોહર રચનાઓને જોઈને આપણું મન ઘણું જ આનંદિત થાય છે, તે બધાને 'વાસ્તુશિલ્પ' કહેવામાં આવે છે.

વાસ્તુની ઉત્પત્તિના સંબંધમાં "અપરાજિતપૃચ્છા'ના સૂત્ર ૫૩ થી ૫૫ સુધીમાં વિસ્તારપૂર્વક વર્ણન કરેલું છે, તેનો સારાંશ એ છે કે, પ્રાચીન સમયમાં અંધકાસુરનો નાશ કરવા માટે મહાદેવને સંગ્રામ કરવો પડ્યો. તેના પરિશ્રમને લીધે મહાદેવના કપાળમાંથી પરસેવાનું એક બિન્દુ ભૂમિ ઉપર અગ્નિકુંડમાં પડ્યું. તેના યોગથી ત્યાં એક મહાભયંકર વિશાલ ભૂત ઉત્પન્ન થયો. તેને દેવોએ ઊંધો પાડીને તેની ઉપર પિસ્તાલીશ દેવ અને આઠ દેવીઓ બેસી ગયાં. આ દેવો તેના શરીર ઉપર વસવા લાગ્યાં તેથી તે ભૂતનું નામ 'વાસ્તુપુરુષ' પાડવામાં આવ્યું.

આ વાસ્તુશિલ્પ વિષયના અનેક ગ્રંથોની રચનાઓ પ્રાચીન આચાર્યોએ સંસ્કૃત ભાષામાં કરેલી જોવામાં આવે છે. તેમાંના અપરાજિતપૃચ્છા, સમરાંગણસૂત્રધાર, મયમતમ્, શિલ્પરત્ન, વાસ્તુસાર, શિલ્પદીપક, પરિમાણમંજરી, પ્રાસાદમંડન, રૂપમંડન, દેવતામૂર્તિપ્રકરણ, રાજવલ્લભમંડન, મનુષ્યાલયચંદ્રિકા, વિશ્વકર્મપ્રકાશ, પ્રતિમાલક્ષણ આદિ ગ્રંથો પ્રકાશિત પણ થયેલા છે. તેમાં પણ સંશોધક વિદ્વાન મહાશયો શિલ્પીઓના સહવાસમાં ન આવવાના કારણે વાસ્તુશાસ્ત્રની પરિભાષાથી અનભિજ્ઞ હોવાથી તે તે ગ્રંથો પ્રાયઃ શુદ્ધતાપૂર્વક પ્રકાશમાં આવી શક્યા નથી. તે ગ્રંથો સંસ્કૃત ભાષામાં મૂલમાત્ર હોવાથી અને શિલ્પીઓમાં સંસ્કૃત ભાષાનો અભ્યાસ ઓછો હોવાથી તે ગ્રંથોનું વિશેષ પઠનપાઠન થઈ શક્યું નથી. એ જ કારણે આ વિષય અધિક પ્રકાશમાં આવી શક્યો નથી.

આ પ્રાસાદમંડન ગ્રંથ શિલ્પીવર્ગમાં અધિક પ્રસિદ્ધ છે, જેના આધારે આજકાલ સોમપુરા બ્રાહ્મણ-જ્ઞાતીય શિલ્પીઓ દેવાલય બાંધવાનાં કાર્યો વંશપરંપરાથી કરતા આવે છે. નાગરી શૈલીના પ્રાસાદો બાંધવા સંબંધનો આ પ્રાસાદમંડન નામનો ગ્રંથ તેના ગુણદોષ વિષયમાં પ્રકાશ પાડતો હોવાથી તેનું વિગતવાર સમજૂતીપૂર્વક ભાષાન્તર કરી તેને પ્રકાશમાં લાવવાનો વિચાર થયો અને એ માટે અનુભવી શિલ્પીઓનો સહયોગ સાધવામાં આવ્યો, સાથે અનેક શંકાઓનું સમાધાન કરી આ વિષયના અન્ય ગ્રંથોનું અવલોકન કર્યું, એટલું જ નહિ પણ પ્રાચીન દેવાલયો જોઈ તેની વિગતોનો અનુભવ મેળવીને ભાષાન્તર કરવા શક્તિમાન થયો. આમાં જે વિષયની અપૂર્ણતા જણાય તે અપરાજિતપૃચ્છા આદિ સમાન વિષયના ગ્રંથમાંથી લઈને તે તે વિષયની પૂર્ણતા કરવામાં આવી છે, અને જે વિષયના અર્થમાં શંકા જેવું રહેતું, તે વિષયની પુષ્ટિ કરવા માટે અન્ય ગ્રંથોનાં પ્રમાણ પણ આપવામાં આવેલ છે. એકંદર પ્રાસાદ વિષયનો અભ્યાસ કરનારને વિશેષ સરળતા થાય એવા આશયપૂર્વક કાળજી રાખવામાં આવી છે. છતાં કોઈ શિલ્પીને ભૂલ આદિ જણાય તો લખી જણાવવા કૃપા કરશે, તો તે સાભાર ધન્યવાદપૂર્વક બીજી આવૃત્તિમાં સુધારી દેવામાં આવશે.

**પ્રાસાદ બાંધવાનું કારણ :**

પ્રાસાદનો અર્થ દેવમંદિર અને રાજમહેલ થાય છે. તેમાં આ પ્રાસાદમંડન ગ્રંથ દેવમંદિર સંબંધનો છે. તે બંધાવવા સંબંધમાં શાસ્ત્રકાર કહે છે કે–

**सुरालयो विभूत्यर्थं भूषणार्थं पुरस्य तु ।**
**नराणां भुक्तिमुक्त्यर्थं सत्यार्थं चैव सर्वदा ॥**
**लोकानां धर्महेतुश्च क्रीडाहेतुश्च स्वर्भुवाम् ।**
**कीर्त्तिरायुर्यशोऽर्थं च राज्ञां कल्याणकारकः ॥** ' ( અપ૦ સૂ૦ ૧૧૫ )

મનુષ્યોના ઐશ્વર્યને માટે, નગરના ભૂષણરૂપ શોભાને માટે, મનુષ્યોને અનેક પ્રકારની ભોગસામગ્રી અને મુક્તિ આપનાર હોવાથી, સત્યની સદા પૂર્ણતા માટે લોકોને ધર્મના કારણભૂત હોવાથી, દેવોને ક્રીડા કરવાના હેતુભૂત હોવાથી, કીર્તિ, આયુષ્ય અને યશને ખાતર તેમજ રાજાના કલ્યાણ અર્થે દેવાલય બંધાવવામાં આવે છે.

ચૌદ રાજલોકના દેવોએ એકઠા મળીને શિવલિંગના આકારવાળી મહાદેવની અનેક પ્રકારે પૂજા કરી, તેથી પ્રાસાદની ચૌદ જાતિ ઉત્પન્ન થઈ. તેમાં મુખ્ય ચોરસ, લંબચોરસ, ગોળ, લંબગોળ અને અષ્ટાસ્ર ( આઠ કોણ ), એ પાંચ આકૃતિવાળા પ્રાસાદો બ્રહ્માએ શિવજીના કહેવાથી બનાવ્યા. તેમાં ચોરસ આકૃતિવાળા પ્રાસાદની ૫૮૮, લંબચોરસ પ્રાસાદની ૩૦૦, ગોળ પ્રાસાદની ૫૦૦, લંબગોળ પ્રાસાદની ૧૫૦ અને અષ્ટાસ્રની ૩૫૦ જાતિ છે. તેમાં મિશ્રજાતિના ૧૧૨ ભેદ મેળવવાથી બે હજાર જાતિના પ્રાસાદો થાય છે. તે દરેકના પચીસ પચીસ ભેદ કરીએ તો પચાસ હજાર ભેદ થાય. આ દરેકની આઠ આઠ વિભક્તિઓ કરવાથી કુલ ચાર લાખ પ્રાસાદના પ્રકાર થાય, તેનું સવિસ્તર વર્ણન જાણનારાને ' સ્થપતિ ' ( સૂત્રધાર ) કહેવામાં આવે છે.

**પ્રાસાદની શ્રેષ્ઠતા :**

ભારતીય સંસ્કૃતિમાં પ્રાસાદનો ઘણો આદર છે, એટલું નહિ પણ તેને પૂજનીય પણ માનવામાં આવે છે. તેનું કારણ એમ જણાય છે કે—' **प्रासादो लिङ्गमित्युक्तो जगती पीठमेव च** ' પ્રાસાદ એ શિવલિંગનું સ્વરૂપ છે. શિવલિંગને જેમ પીઠિકા છે, તેમ પ્રાસાદને પણ જગતીરૂપ પીઠિકા છે. તેનો જે ચોરસ વિભાગ છે, તે બ્રહ્મભાગ અને તેની ઉપરનો અષ્ટાસ્ર વિભાગ છે તે વિષ્ણુભાગ અને તેની ઉપરનો જે ગોળ શિખરનો ભાગ છે તેને શિવલિંગ સ્વરૂપ માનવામાં આવે છે.

બીજું કારણ એ જણાય છે કે, પ્રાસાદના દરેક અંગોમાં અને ઉપાંગોમાં દેવ–દેવીઓનો વિન્યાસ કરીને પ્રતિષ્ઠા સમયમાં તેનો અભિષેક કરવામાં આવે છે. એટલે પ્રાસાદ સર્વદેવમય બની જાય છે. ત્રીજું કારણ એમ પણ માની શકાય કે, પ્રાસાદના મધ્યમાં મૂળ પાયાથી એક નાળી ( જેને શાસ્ત્રમાં યોગનાળ અથવા બ્રહ્મનાળ કહે છે ) દેવના સિંહાસન સુધી રાખવામાં આવે છે. તેનું કારણ એમ મનાય છે કે, પ્રાસાદના ગર્ભગૃહના પાયાની મધ્યમાં જલચર જીવોની આકૃતિવાળી એક ' ધારણી ' નામની શિલા સ્થાપન કરવામાં આવે છે, તેની ઉપર સોના અથવા રૂપાનો કૂર્મ ( કાચબો ) રાખીને યોગનાળ મૂકવામાં આવે છે. આ ધારણી શિલા ઉપર જલચર જીવોની આકૃતિઓ હોવાથી તે શિલાને ક્ષીરસમુદ્રમાં શેષશાયી ભગવાન સ્વરૂપ ધારણી શિલા માનવામાં આવે છે. તેના નાભિકમલમાંથી યોગનાળ સ્વરૂપ કમલદંડ ઉત્પન્ન થયેલ છે અને તેની ઉપર બ્રહ્માની ઉત્પત્તિ જે માનવામાં આવે છે તે બ્રહ્મસ્વરૂપ પ્રતિષ્ઠિત દેવ મનાય છે.

ઉપરોક્ત કારણોને લીધે પ્રાસાદનો ઘણો આદર કરવામાં આવે છે તે બાંધવાનું ફલ શાસ્ત્રકાર કહે છે કે—

"स्वशक्त्या काष्ठमृदिष्टकाशैलधातुरत्नजम् ।
देवतायतनं कुर्याद् धर्मार्थकाममोक्षदम् ॥"

—પોતાની શક્તિ પ્રમાણે કાષ્ઠ, માટી, ઈંટ, પાષાણ, ધાતુ અથવા રત્ન; એટલા પદાર્થોમાંથી કોઈ એક પદાર્થનું દેવાલય બનાવે તો ધર્મ, અર્થ, કામ, મોક્ષની પ્રાપ્તિ થાય છે.

"कोटिघ्नं तृणजे पुण्यं मृण्मये दशसंगुणम् ।
ऐष्टके शतकोटिघ्नं शैलेऽनन्तं फलं स्मृतम् ॥"

—દેવાલય ઘાસનું બનાવે તો કરોડગણું, માટીનું બનાવે તો દશ કરોડગણું, ઇંટનું બનાવે તો સો કરોડગણું અને પાષાણનું બનાવે તો અનંતગણું ફલ થાય અને જીર્ણોદ્ધાર કરવાથી આઠગણું ફલ મળે છે—

"वापीकूपतडागानि प्रासादभवनानि च ।
जीर्णान्युद्धरते यस्तु पुण्यमष्टगुणं लभेत् ॥"

વાવડી, કૂવા, તલાવ, દેવાલય અને ભવન આદિ જીર્ણ થઈ ગયાં હોય, તેનો ઉદ્ધાર કરવાથી નવીન બનાવવા કરતાં આઠગણું ફલ મળે છે.

**ગ્રંથકાર :**

આવા પવિત્ર પ્રાસાદનું નિર્માણ કરવા માટે આ પ્રાસાદમંડન નામનો ગ્રંથ પ્રખર વિદ્વાન્ 'મંડન' નામના સૂત્રધારે રચેલો છે. તે 'ખેતા' નામના સૂત્રધારના જ્યેષ્ઠ પુત્ર હતા અને મેવાડના મહારાણા કુંભકર્ણના આશ્રિત હતા.[१] તેમણે આ ગ્રંથરચનાનો સમય જણાવ્યો નથી, પણ મહારાણા કુંભકર્ણ વિક્રમ સં० ૧૪૯૦ થી ૧૫૨૫ સુધી રાજયગાદી ઉપર હતા, તેથી માની શકાય કે પંદરમી શતાબ્દીની આદિમાં તેમણે આ ગ્રંથની રચના કરી હશે.

મંડન સૂત્રધારે 'મંડન' શબ્દાંતવાળા પ્રાસાદમંડન, રાજવલ્લભમંડન, રૂપમંડન, વાસ્તુમંડન અને વાસ્તુસારે દેવતામૂર્તિપ્રકરણ આદિની રચના કરેલી ઉપલબ્ધ થાય છે.

**ગ્રંથવિષય :**

આ ગ્રંથના આઠ અધ્યાયો છે. તેના પ્રથમ અધ્યાયમાં પ્રાસાદની ચૌદ જાતિની ઉત્પત્તિ, ભૂમિપરીક્ષા, મુહૂર્ત, વત્સચક્ર, આય, વ્યય, નક્ષત્ર આદિનું ગણિત, દિક્સાધન, ખાતવિધિ, કૂર્મમાન, ધારિણી આદિ શિલાનું માન અને તેનો સ્થાપનક્રમ દેવાલય બાંધવાનું ફલ વગેરે વિષયોનું વર્ણન છે.

**દિક્સાધન :**

આ અધ્યાયમાં દિક્સાધન રાત્રે કરવું હોય તો ધ્રુવને ઉત્તર દિશામાં માનીને કરવાનું લખ્યું છે, પણ આજકાલ દિક્સાધન યંત્રનો આવિષ્કાર થયેલ હોવાથી સ્પષ્ટ રીતે જણાયું છે કે ધ્રુવ ઠીક ઉત્તર

१ श्रीमेदवाटे नृपकुम्भकर्णस्तदङ्घ्रिराजीवपरागसेवी ।
स मण्डनाख्यो भुवि सूत्रधारस्तेनोद्धृतो भूपतिवल्लभोऽयम् ॥
—રાજવલ્લભમંડન, અ० ૧૪, શ્લોક : ૪૩

દિશામાં નથી. પણ ઉત્તર દિશાથી પશ્ચિમ દિશા તરફ લગભગ વીશ ડીગ્રી સરકી ગયો છે, જેથી ધ્રુવને ઉત્તર દિશા માનીને દિક્‌સાધન કરવામાં આવે તો દિશાનું જ્ઞાન વાસ્તવિક થતું નથી અને પ્રાસાદ દિઙ્મૂઢ બની જાય છે.

દિવસે દિક્‌સાધન કરવું હોય તો શંકુની છાયા દ્વારા કરવાનું લખ્યું છે. એનાથી પણ વાસ્તવિક દિક્‌સાધન થતું નથી. કેમકે સૂર્ય હમેશાં એક જ બિન્દુ ઉપરથી ઉદય પામતો નથી, તેથી શંકુની છાયામાં પણ વિષમતા આવે છે. આ કારણે તેને પણ સંસ્કારની જરૂરત રહે છે, તેમજ શ્રવણ, કૃત્તિકા, ચિત્રા અને સ્વાતિ નક્ષત્રો પણ બરાબર પૂર્વ દિશામાં ઊગતા નથી, તેથી દિશાનું જ્ઞાન બરાબર થતું નથી.

આ દિક્‌સાધન બાબતમાં શિલ્પીઓએ જરૂર ધ્યાન આપવા જેવું છે. તેમાં વિશેષ અનુકૂલતા એ છે કે દિક્‌સાધન યંત્ર દ્વારા જ કરવું જોઈએ. શાસ્ત્રકારે જે લખેલ છે તે પ્રમાણે બરાબર તે સમયમાં હશે, પણ સેંકડો વર્ષ વ્યતીત થતાં નક્ષત્ર અને તારાઓની પૂર્વની સ્થિતિના ખાસ બિંદુથી પરિવર્તન પામી ગયાં લાગે છે.

પ્રથમ ખાતમુહૂર્ત્ત કરવામાં શેષનાગચક્ર જોવામાં આવે છે. તેમાં પણ શાસ્ત્રોમાં ઘણો મતભેદ જણાય છે. કોઈ ઈશાન, અગ્નિ આદિ દિશાના સૃષ્ટિક્રમે ખાત કરવાનું માને છે, તો કોઈ ઈશાન, વાયવ્ય આદિ દિશાના વિલોમક્રમે ખાત કરવાનું માને છે. શેષનાગને વત્સચક્ર માને છે. જ્યોતિષશાસ્ત્રમાં અને વાસ્તુશાસ્ત્રમાં પણ મતભેદ પડે છે. આવા મતમતાંતરના ખુલાસાઓ 'રાજવલ્લભ' ગ્રંથના મારા અનુવાદમાં વિગતવાર જણાવેલા છે.

બીજા અધ્યાયમાં જગતીના સ્વરૂપનું વર્ણન છે. તેમજ દેવોના વાહનનું સ્થાન અને તેનો ઉદય, જિનપ્રાસાદના મંડપનો ક્રમ, દેવની સામે અન્ય દેવ સ્થાપન કરવા બાબત, દિશાના દેવો, શિવસ્નાનોદકનો વિચાર, દેવની પ્રદક્ષિણા, પરનાળ અને દેવોના આયતનનું વર્ણન છે.

દેવાલય નિર્માણ કરવાની જે ભૂમિ મર્યાદિત રાખવામાં આવે છે 'તેને જગતી' કહે છે. પણ કેટલાક શિલ્પીઓ જગતીનો અર્થ ઓટલો કરે છે. તેમણે જાણવું જોઈએ કે તે ઓટલો જગતીની ઊંચાઈનો સમજવો, અર્થાત્ મર્યાદિત ભૂમિ જે ઊંચી કરવામાં આવે છે, તેને ઓટલો સમજવો. જગતીના લક્ષણ સંબંધમાં 'અપરાજિતપૃચ્છા' સૂત્ર ૧૧૫ થી ૧૨૦ સુધીમાં લગભગ પોણા બસો શ્લોક પ્રમાણનું સવિસ્તર વર્ણન કરેલું છે.

શિવસ્નાનોદક બાબતમાં શાસ્ત્રકાર જણાવે છે કે—

"शिवस्नानोदकं गूढमार्गे चण्डमुखे क्षिपेत् ।
दृष्टं न लङ्घयेत् तत्र हन्ति पुण्यं पुराकृतम् ॥"

શિવસ્નાનોદક ગુપ્ત માર્ગે જાય તેમ કરવું જોઈએ, અથવા ચંડગણના મુખમાં જઈ વમન કરતું કરવું જોઈએ તો તેનો દોષ લાગતો નથી પણ તે જોવામાં આવે અને તેનું ઉલ્લંઘન થાય તો પૂર્વકૃત પુણ્યનો નાશ થાય છે. તેથી તેનો પરિહાર કરવા માટે શિવગણ ચંડનાથની મૂર્તિ જલધારી (પીઠિકા) પાસે એવી રીતે સ્થાપન કરવી જોઈએ કે જેથી શિવસ્નાનોદક ચંડનાથના મુખમાં જઈને બહાર આવે, તે શિવસ્નાનોદકે ઉચ્છિષ્ટ થઈ જવાથી તેનું દર્શન થઈ જાય કે ઉલ્લંઘન થઈ જાય તો દોષ માનવામાં આવતો નથી.

કોઈ શિલ્પી ચંડનાથને શિવલિંગની પીઠિકા પાસે સ્થાપન કરતા નથી, પણ પ્રાસાદની બહારની નાળી પાસે સ્થાપન કરે છે તે વાસ્તવિક જણાતું નથી. કેમકે બહારની નાળી સુધી સ્નાનોદક જતાં દર્શન થઈ જવાની સંભાવના રહે છે.

**નાભિવેધ :**

એક દેવની સામે બીજા દેવ સ્થાપન કરવામાં આવે અથવા એક દેવાલયની સામે બીજું દેવાલય બાંધવામાં આવે તો શાસ્ત્રકાર તેને 'નાભિવેધ' કહે છે. તે અશુભ છે પણ સ્વજાતીય દેવ સામસામા હોય તો શાસ્ત્રકાર નાભિવેધનો દોષ માનતા નથી.

શાસ્ત્રકાર નાભિવેધ નહિ કરવા બાબત એવો નિષેધ કરે છે કે, સામસામા દેવ હોવાથી એક દેવનાં દર્શન કરતી વખતે બીજા દેવને દર્શન કરનારની પૂંઠ પડે છે અને મૂલનાયક દેવની દૃષ્ટિ રોકાઈ જવાથી મહાદોષ ઉત્પન્ન થાય છે.

જૈનોના પ્રાચીન બાવન જિનાલય આદિની રચના જોતાં જણાઈ આવે છે કે, મૂલનાયક દેવની દૃષ્ટિ બહાર પહોંચે તે માટે સામે 'બલાનક' નામનો ખુલ્લો મંડપ જ હોય છે. તેમાં કોઈ મૂર્તિ સ્થાપન કરેલી હોતી નથી, પણ આજકાલ તે ખુલ્લા મંડપની દીવાલો બંધ કરીને તેમાં મૂર્તિઓ સ્થાપન કરવાની પ્રથા થઈ પડી છે, જેથી મૂળનાયકની દૃષ્ટિ રોકાઈ જાય છે. આ પ્રથા દોષવાળી માની શકાય.

ત્રીજા અધ્યાયમાં ખરશિલા, ભિટ્ટ, પીઠ, મંડોવર (દીવાલ), ઉંબરો, દ્વારમાન અને ત્રિ, પંચ, સપ્ત અને નવ શાખા આદિનું વર્ણન છે.

ગૂજરાતના શિલ્પીઓ દેવાલયની પીઠ માનથી ઓછી કરે છે, જેથી દેવાલય દબાયેલું જણાઈ આવે છે અને પીઠ ઓછી રહેવાથી વાહનનો વિનાશ થાય છે તેમ શાસ્ત્રકાર લખે છે. પીઠને ઓછી કરવા બાબત તેઓ મુદ્રિત શિલ્પશાસ્ત્ર 'પંચરત્નચિન્તામણિ' નામની એક પુસ્તિકા ગૂજરાતી ભાષામાં છપાણી છે, જે તદ્દન અશાસ્ત્રીય છે, તેનું અને મુદ્રિત 'દીપાર્ણવ'ના પૃષ્ઠ નં. ૫૩માં શ્લોક ૨૧ નું ભાષાંતર અને તેની ટિપ્પણીનું પ્રમાણ આપે છે પણ તેના અનુવાદકે તે શ્લોકનો આશય સમજ્યા વિના 'ઉપર કહેલાં માનથી પીઠોદર ઓછું કરવાનું વિધાન' આ પ્રમાણે લખ્યું છે, તે તદ્દન મનઃકલ્પિત છે, જેથી શિલ્પજ્ઞો ભ્રમમાં પડી જાય છે. આ શ્લોકનો આશય એવો છે કે, પ્રાસાદના અર્ધભાગે અથવા ત્રીજે ભાગે પીઠનો ઉદય કરવો. જુઓ 'અપરાજિતપૃચ્છા' સૂત્ર ૧૨૩, 'સમરાંગણ સૂત્રધાર' અધ્યાય ૪૦ અને 'પ્રાસાદમંડન' અધ્યાય ત્રીજો ઇત્યાદિ. વાસ્તુશિલ્પ ગ્રંથોમાં સ્પષ્ટ જણાવે છે કે, પ્રાસાદના અર્ધ ભાગે, ત્રીજે ભાગે કે ચોથે ભાગે પીઠનો ઉદય કરવો. શું આ માન્યતા ગૂજરાતી શિલ્પીઓ માનતા નથી ? આથી જણાય આવે છે કે તેઓ શિલ્પશાસ્ત્રમાં અનભિજ્ઞ છે.

**મેરુમંડોવર :**

પ્રાસાદની દીવાલમાં બે જંઘા ઉપર એક છજ્જું હોય તેને 'મેરુ મંડોવર' કહે છે, ક્ષીરાર્ણવમાં મેરુ મંડોવરને બાર જંઘા અને છ છજ્જાં કરવાનું લખે છે. એટલે બે બે જંઘા ઉપર એક એક છજ્જું રાખવા જણાવે છે. જેટલાં છજ્જાં તેટલા માળ હોય છે. તેથી દરેક માળના મંડોવરમાં બે બે જંઘાઓ રહે છે, પણ રાણકપુર, આબૂ આદિનાં પ્રાચીન દેવાલયોમાં પહેલે માળે તો બે જંઘા અને એક છજ્જું છે અને ઉપરના બીજા માળમાં એક જ જંઘા અને એક છજ્જું છે. આ પ્રમાણે આ ગ્રંથકાર પણ ઉપરના માળમાં એક જ જંઘાનું વર્ણન કરે છે. જયપુરના આમેરમાં જગતશરણનું મંદિર છે તેમાં પણ બે જંઘાના ઉપરના માળમાં એક જ જંઘા છે અને દરેક જંઘા ઉપર છજ્જાં બનાવેલ છે. તે કોઈ અન્ય ગ્રંથના

આધારે હોય એમ લાગે છે. 'દીપાર્ણવ'માં બે ત્રણ પ્રાચીન દેવાલયોના બ્લોકો આર્ટ પેપર ઉપર છપાયેલ છે. તેને તેના અનુવાદક પીઠ અને છજા વગરનાં બતાવે છે પણ સમજપૂર્વક જોતાં તે પીઠ અને છજા વગરના પ્રાસાદો બનતા નથી, અને જો બનાવવામાં આવે તો ઉદય થતો નથી કોઈ દેવાલયમાં છજાનો નિર્ગમન હોવાથી જોનારને છજા વગરનું જણાય છે. ત્યાં પણ છજાનો વિભાગ જરૂર હોય છે.

**ઉંબરો :**

દ્વારનો ઉંબરો મંડોવરના કુંભાની ઊંચાઈ બરોબર ઊંચો રાખવાનું શાસ્ત્રકાર લખે છે, તેથી કદાચ ઉંબરાની ઊંચાઈ અધિક માલમ પડે અને જવા આવવામાં અડચણ જેવું જણાય તો તેને ગાળવામાં (ઓછો કરવામાં) આવે છે. તે સંબંધે શિલ્પીઓમાં મતભેદ જણાય છે. કોઈ કહે છે કે, 'ઉંબરો ગાળવામાં આવે તો તેની સાથે સ્તંભની કુંભીઓ પણ ઉંબરા બરોબર ગાળવી, અને કોઈ ઉંબરાને ગાળે છે, પણ તેની સાથે સ્તંભની કુંભીઓ ગાળતા નથી. શાસ્ત્રમાં સ્તંભની કુંભીઓ મંડોવરના કુંભાના ઉદય જેટલી રાખવાનું કહ્યું છે, તે પ્રમાણે રાખે છે.' આ બાબતમાં ઉંબરાની સાથે સ્તંભની કુંભીઓ ગાળવાનું જે શિલ્પીઓ માને છે, તે પ્રામાણિક હોય તેમ જણાતું નથી. કારણ 'અપરાજિત-પૃચ્છા' સૂત્ર ૧૨૯ શ્લોક ૯ માં તો કુંભીઓથી ઉંબરાને નીચો ઉતારવાનું સાફ લખે છે, તો કુંભીઓ નીચે કેવી રીતે ઊતરે ? તેમજ 'ક્ષીરાર્ણવ' માં સ્પષ્ટ લખે છે કે—**उदुम्बरे हते (क्षते) कुंभीस्तम्भं तु पूर्ववत् सवेद्** । કદાચ ઉંબરો પ્રમાણથી ઓછો કરવામાં આવે તો પણ સ્તંભ અને તેની કુંભીઓ પહેલાંના માપ પ્રમાણે રાખવી, નીચે ઉતારવી નહિ. આથી સ્પષ્ટ જણાય છે કે જે શિલ્પીઓ ઉંબરાની સાથે કુંભીઓને પણ નીચે ઉતારે છે તે પ્રામાણિક નથી.

કોઈ શિલ્પી કહે છે કે, 'ક્ષીરાવર્ણવ' માં તો '**सांधारे च निरन्धारे कुम्भिकामुदुम्बरम्** ।' એવો પાઠ છે તે બરાબર છે, પણ આ સામાન્ય નિયમ બતાવેલ છે. પરંતુ જ્યારે ઉંબરો ગાળવો હોય ત્યારે વિશેષ પાઠ તરીકે ક્ષીરાર્ણવકારે 'ઉંદુબરે હતે' ઇત્યાદિ પૂર્વવત્ પાઠ આપેલ છે એ યથાર્થ જણાય છે. સામાન્ય નિયમથી વિશેષ નિયમ બલવાન હોવાને કારણે ઉંબરાની સાથે કુંભીઓ ગાળવી નહિ.

**દ્વારશાખા :**

દ્વારશાખાની બાબતમાં પણ શિલ્પીઓમાં મતભેદ જણાય છે. સ્તંભશાખાની બન્ને તરફ જે ખૂણીઓ કરવામાં આવે છે તેને 'શિલ્પરત્નાકર'ના સંપાદક શાખા માનતા નથી. જુઓ 'શિલ્પરત્નાકર'ના તૃતીય રત્નમાં દ્વારશાખાના ત્રિ, પંચ, સપ્ત અને નવશાખાના નકશાઓ અને તેની સાથે સંબંધવાળા પ્રાચીન દેવાલયના દ્વારશાખાના બ્લોકો આપેલા છે, તેથી જણાઈ આવે છે, અને 'જ્ઞાનપ્રકાશ દીપાર્ણવ' ના સંપાદક શાખા માને છે. જુઓ દીપાર્ણવના પૃષ્ઠ નં૦ ૮૧ માં દ્વારશાખાનો નકશો છે તેમાં સ્તંભની બન્ને તરફની ખૂણીઓને શાખા ગણીને ત્રિશાખા દ્વારને પંચશાખા દ્વાર લખે છે. તેમજ પૃષ્ઠ નં૦ ૩૬૮ અને ૩૬૯ ની વચમાં દ્વારશાખાનો જે બ્લોક આપેલ છે તે બ્લોક 'શિલ્પરત્નાકર'નો હોવાથી વચમાં ત્રિશાખા દ્વાર છાપેલ છે, અને નીચે તેના ખંડનરૂપે પંચશાખા દ્વાર લખે છે. આથી સ્પષ્ટ જણાઈ આવે છે કે સ્તંભશાખાની ખૂણીઓને 'દીપાર્ણવ'ના સંપાદક શાખા માને છે, તેથી તેમના મતે પ્રાચીન નવ શાખાવાળું દ્વાર બે રૂપસ્તંભ હોવાથી તેર શાખાવાળું દ્વાર થઈ જાય છે તે શાસ્ત્રીય નથી.

શાસ્ત્રકાર સ્તંભશાખાની બન્ને તરફ ખૂણીઓ કરવાનું સ્પષ્ટ લખે છે પણ તેને શાખા માનતા નથી, અર્થાત્ ખૂણીઓવાળા સ્તંભને એક જ સ્તંભશાખા માને છે. તેથી સ્તંભની બન્ને તરફની ખૂણીઓને શાખા માનનાર શિલ્પીઓનો મત અશાસ્ત્રીય હોવાથી પ્રામાણિક માની શકાય નહિ.

ચોથા અધ્યાયમાં મૂર્તિ અને સિંહાસનનું માપ, ગભારાનું માપ, દેવોની દૃષ્ટિ, દેવોનાં પદસ્થાન, ઉરુશૃંગાદિ શૃંગોનો ક્રમ, રેખાવિચાર, શિખર, આમલસાર, કલશ, શુકનાસ કોણીમંડપ આદિનું વિધાન, સુવર્ણપુરુષ અને તેનું સ્થાન, ધ્વજાદંડનું માન અને તેનું સ્થાન આદિનું વર્ણન છે.

**દેવદૃષ્ટિ સ્થાન :**

દેવોની દૃષ્ટિ વિષયમાં શિલ્પીઓમાં મતભેદ ચાલે છે. તેમાં કેટલાક શિલ્પીઓ શાસ્ત્રમાં કહેલા ભાગમાં દૃષ્ટિ રાખતા નથી, પણ કહેલો ભાગ અને તેની ઉપરનો ભાગ એ બન્ને ભાગની સંધિમાં આંખની કીકી રહે તે પ્રમાણે દૃષ્ટિ રાખે છે, જેથી તેમના હિસાબે એક ભાગમાં દૃષ્ટિ રાખવાનો મેળ આવતો નથી, તેથી શાસ્ત્રના હિસાબે દૃષ્ટિ સ્થાન ન હોવાથી તે પ્રામાણિક મનાય નહિ.

દૃષ્ટિ વિષયમાં 'અપરાજિતપૃચ્છા' સૂત્ર ૧૩૭ માં લખે છે કે—ઉંબરો અને ઓતરંગની મધ્યમાં દ્વારના ચોસઠ ભાગ કરવા; તેમાંના એક, ત્રણ, પાંચ આદિ બત્રીશ વિષમ ભાગોમાં દેવોની દૃષ્ટિ રાખવી એ શુભ છે અને બે, ચાર, છ આદિ બત્રીશ સમભાગોમાં કોઈ પણ દેવની દૃષ્ટિ રાખવી નહિ. આ પ્રમાણે હોવા છતાં અને શિલ્પીવર્ગ એવું જાણતા હોવા છતાં પણ જે શિલ્પી બે ભાગની મધ્યમાં દેવોની દૃષ્ટિ રાખે છે તે તેમના હઠાગ્રહ સિવાય બીજું શું કહેવાય ?

કોઈ શિલ્પી આ દૃષ્ટિ બાબતમાં શંકા કરે છે કે—'વિવેકવિલાસ' ના પ્રથમ સર્ગના શ્લોક ૧૫૮ માં '**द्वारशाखाष्टभिर्भागैरधःपक्षाद् विधीयते**' દ્વારશાખાના આઠ ભાગ કરવાનું લખે છે, જેથી ઉંબરો ગાળવામાં આવે ત્યારે દૃષ્ટિનું માપ શાખાના માને ગણવું જોઈએ. આ શંકા વ્યાજબી ગણાય. 'વિવેકવિલાસ' માં ઉંબરાને ગાળવાનું કહ્યું નથી પણ 'અપરાજિતપૃચ્છા' આદિ ગ્રંથોમાં ઉંબરાને કારણસર ગાળવાનું લખે છે. છતાં ઉંબરાના ઉપરથી ઓતરંગના પેટા ભાગ સુધીના મધ્ય ભાગમાં દૃષ્ટિસ્થાનના ભાગો કરવાનું લખે છે. જો તેમને ગાળેલા ઉંબરા ઉપરથી માપ લેવું ન હોત તો તેઓ બીજો મત પણ લખત. પણ તેમ ન કરતાં એક જ મત બતાવે છે, તેથી ઉંબરો ગાળેલો હોય ત્યારે પણ ઉંબરાના ઉપરથી જ માપ લેવું જોઈએ એ વાસ્તવિક ગણાય.

દેવોના પદસ્થાન સંબંધમાં શાસ્ત્રીય મતમતાંતર ચાલે છે, પણ દરેકનો સારાંશ એ કે દીવાલથી પ્રતિમાને દૂર રાખવી, દીવાલને અડાડીને કોઈ પણ દેવની પ્રતિમા સ્થાપન કરવી નહિ. આ વિષયમાં આ ગ્રંથકાર મતમતાંતરને છોડીને ગભારાના ઉપરના પાટથી આગળના ભાગમાં દેવોને સ્થાપન કરવાનું લખે છે તે વાસ્તવિક ગણાય છે.

**રેખા :**

શિલ્પીઓ રેખા સંબંધી જ્ઞાન માટે વિસ્મરણશીલ થઈ ગયા જણાય છે. શિખરની ઊંચાઈનિ વલણનો નિશ્ચય કરવા માટે સૂતરની દોરી વડે જે કમળની પાંખડી જેવી પાયચાથી સ્કંધ સુધી લીટીઓ દોરવામાં આવે છે તેને 'રેખા' કહેવામાં આવે છે. રેખાઓથી શિખર નિર્દોષ બની જાય છે. આ રેખાઓને શાસ્ત્રકાર 'ચન્દ્રકલા રેખા' કહે છે. તે બસો ને છપ્પન પ્રકારે બનાવી શકાય છે, જેમકે પ્રથમ ત્રિખંડનો એક ખંડ માનવામાં આવે છે. પછી એક એક અઢાર ખંડ સુધી ધારવામાં આવે છે, જેથી કુલ સોળ ખંડ થાય છે. તે પ્રત્યેક ખંડને ચારના ભેદ વડે સોળ સોળ કળારેખા ઉત્પન્ન થાય છે. એટલે ૧૬ × ૧૬ = ૨૫૬ રેખાઓ થાય છે. તે પાયચાથી સ્કંધ સુધી, આમલસાર સુધી અથવા કલશ સુધી એમ ત્રણ પ્રકારે દોરવામાં આવે છે.

પ્રત્યેક ખંડમાં ચાર ચાર રેખાઓ વધારીને કરવામાં આવે છે. જેમકે પ્રથમ ત્રિખંડમાં ૮, ૮; બીજા ચતુઃખંડમાં ૧૨, ૧૨; ત્રીજા પંચખંડમાં ૧૬, ૧૬. એ પ્રમાણે અનુક્રમે ચાર ચાર રેખાઓ

વધારતાં સોળમા અષ્ટાદશ ખંડમાં ૧૮, ૧૮ રેખાઓ સમચારની થાય છે. તે ખંડોની જેટલી કલા-રેખાનો સરવાળો થાય, તેટલી સંખ્યા સ્કંધમાં અંકિત કરવામાં આવે છે.

ખંડોમાં ચારના ભેદ વડે કળાઓની જે વૃદ્ધિ થાય છે તે જાણવા માટે આ ગ્રંથના પૃષ્ઠ નં૦ ૭૯મ એક ત્રિખંડા રેખાનું કોષ્ટક આપેલ છે તે જોવાથી બીજા ખંડોની કલારેખા બનાવી શકાશે.

આ ચંદ્રરેખાની રચના સિવાય બીજી પણ બે પ્રકારે રેખા બનાવવામાં આવે છે. એક ઉદય ભેદોદ્‌ભવ રેખા અને બીજી કલાભેદોદ્‌ભવ રેખા. તે બન્નેના પચીસ પચીસ ભેદ થાય છે. તેમાં ઉદયભેદો-દ્‌ભવ રેખા શિખરના પાયચાના બન્ને કોલાની વચમાં સ્કંધ દોરવામાં આવે છે. તેમાં ખંડો અને કળા-રેખા બનાવવામાં આવતી નથી. આને શિલ્પીવર્ગ 'વાલંજર'ના નામથી ઓળખે છે. આ પચીસ રેખાના સત્યાસા, શોભના આદિ પચીસ નામો 'અપરાજિતપૃચ્છા' સૂત્ર ૧૪૧ માં આપેલાં છે.

બીજી કલાભેદોદ્‌ભવ રેખા પ્રથમ પંચખંડાથી ઓગણત્રીશ ખંડ સુધી બનાવવામાં આવે છે, તેથી પચીસ ભેદ થાય છે. પ્રથમ ખંડની એક કલા, બીજા ખંડની બે કલા, ત્રીજા ખંડની ત્રણ કળા, ચોથા ખંડની ચાર કળા; આ પ્રમાણે એક એક કળા વધારતાં ઓગણત્રીસમા ખંડની ઓગણત્રીસ કળા થાય છે. આ એકથી ઓગણત્રીશ કળા સુધીનો સરવાળો કુલ ચારસો પાંત્રીશ કળા થાય છે. આમાં પ્રથમ પાંચ ખંડની એક રેખા માનવાથી પચીસ રેખા થાય છે. તેના ચંદ્રકળા, કલાવતી આદિ પચીસ નામો 'અપરાજિતપૃચ્છા' સૂત્ર ૧૪૧ માં આપેલાં છે.

**સુવર્ણપુરુષ :**

સુવર્ણપુરુષને પ્રાસાદનું જીવસ્થાન (હૃદય) માનવામાં આવે છે. તેને કેટલાક જૈન વિધિકારકો પ્રાસાદનો શિલાન્યાસ કરતી વખતે શિલાની નીચે રાખે છે. તેઓએ જાણવું જોઈએ કે, પાયો એ પગ માનવામાં આવે છે, ત્યારે પગની નીચે જીવસ્થાન રાખવાની ભૂલ કરે છે. શાસ્ત્રકાર આ સુવર્ણ-પુરુષને શિખરના મસ્તક ઉપર આમલસારમાં, છજામાં, શૃંગોમાં કે શુકનાસની ઉપર રાખવાનું જણાવે છે તે જીવસ્થાન વાસ્તવિક જણાય છે પણ પાયામાં શિલાની નીચે રાખવું તે ઠીક નથી.

**ધ્વજા–દંડ :**

શિલ્પીવર્ગમાં ઘણા સમયથી શાસ્ત્રનું અધ્યયન ઓછું હોવાથી ધ્વજાદંડ રાખવાનું સ્થાન ભૂલી જવાયું લાગે છે. આથી તેઓ શિખરના સ્કંધમાં કે આમલસારમાં દંડને સ્થાપન કરે છે, તે શાસ્ત્રીય નથી. શાસ્ત્રમાં ધ્વજા–દંડનું સ્થાન રાખવા માટે કહ્યું છે કે—શિખરના ઉદયના ચોવીસ ભાગ કરીને, તેના બાવીસમા ભાગમાં ધ્વજા–દંડને સ્થાપવા માટે ધ્વજાધાર (કલાબો) કરવો, તે પ્રતિષ્ઠિત દેવની પાછળના ભાગમાં જમણી તરફના પઢરામાં રાખવો. જુઓ પૃષ્ઠ નં૦ ૮૭ અને ૮૮. અને તે દંડને મજબૂત કરવા માટે તેની સાથે એક નાની દંડિકા આમલસાર સુધીની ઊંચાઈની રાખવામાં આવે છે. તે બન્નેને વજ્રબંધ અર્થાત્ મજબૂત બાંધીને દંડ સાથે કલાબામાં સ્થાપન કરવી. તેથી દંડનો હવાના જોરથી બચાવ થાય છે.

શાસ્ત્રમાં ધ્વજાધારનું સ્થાન બતાવ્યું છે, પણ શિલ્પીઓ ધ્વજાધારનો અર્થ ધ્વજાને ધારણ કરનાર 'ધ્વજપુરુષ' એવો કરે છે. તેથી ધ્વજાદંડ રાખવાના સ્થાને ધ્વજપુરુષની આકૃતિ રાખે છે. તેમણે જાણવું જોઈએ કે ધ્વજાધારનો અર્થ ધ્વજપુરુષ નહિ, પણ કલાબો છે તે ધ્વજાદંડ રાખવાનું સ્થાન છે.

મુદ્રિત 'જ્ઞાનપ્રકાશ-દીપાર્ણવ'ના પૃષ્ઠ નં૦ ૧૩૦ માં શ્લો૦ ૧૦૩ માં શિખર ઉપર પાંચ ધ્વજા-દંડ એક શિખરમાં અને ચાર દિશાના ચાર ઉરુશૃંગોમાં સ્થાપન કરવાનું જણાવે છે તે યુક્તિસંગત

હોય તેમ જણાતું નથી. એક શિખર ઉપર પાંચ ધ્વજાદંડ કરવાથી શિખરને ઘણી હાનિ પહોંચવાનો ભય રહે છે. તેથી આ શ્લોક ક્ષેપક હોય તેમ જણાય છે.

ગૂજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ આદિનાં કેટલાંએક ગામોમાં શિખરની આગળના ઘૂમટો ઉપર પણ ધ્વજાદંડ ચડાવેલા જોવામાં આવે છે તે અશાસ્ત્રીય છે. એક તો ઘૂમટોની ઉપર આમલસારો હોય છે, તેમાં ધ્વજાદંડને રાખવાનું શાસ્ત્રમાં પ્રમાણ નથી, અને દેવનું માહાત્મ્ય પણ ઓછું થાય છે, કેમકે પ્રતિષ્ઠિત દેવને માથે ધ્વજા અને ઘૂમટમાં દર્શન કરનારાઓના માથે પણ ધ્વજા હોય તે અયોગ્ય ગણાય.

કેટલાક શિલ્પીઓ ધ્વજાદંડને શાસ્ત્રીય માનથી વધારે રાખે છે. તેઓ કહે છે કે, સાલતો ભાગ વધારે રાખવો જોઈએ એ તેમનું કહેવું વ્યાજબી નથી. કલાબામાં દંડને સ્થાપન કરવા માટે અધિક ઊંડો ખાડો ખોદવાની જરૂર રહેતી નથી.

'દીપાર્ણવ'ના પૃષ્ઠ નં૦ ૧૨૯ ની ટિપ્પણીમાં 'ક્ષીરાર્ણવ'ના એક શ્લોકનું પ્રમાણ આપીને લખ્યું છે કે—'સમપર્વ અને એકી કાંકણીવાળો ધ્વજદંડ શક્તિદેવીના (અને મહાદેવના) મંદિરોમાં કરાવવો. જો કે એકી કે બેકી બંને પ્રકારના ધ્વજદંડો ભવનને વિષે તો શુભ જ છે.' આ બાબત જણાવવાનું કે આ પ્રમાણ 'ક્ષીરાર્ણવ'નું હોય તેમ જણાતું નથી. અનુવાદકે મનઃકલ્પિત ક્ષેપક રીતે મૂકેલું જણાય છે. તેમાં પણ 'એકી કે બેકી બંને પ્રકારના ધ્વજદંડો ભવનને વિષે તો શુભ છે' એવું મનઃકલ્પિત લખાણ આશ્ચર્ય ઉપજાવે તેવું છે. 'ક્ષીરાર્ણવ'ની બે, ત્રણ પ્રતિ મારા જોવામાં આવી તેમાં આ શ્લોક નથી.

પાંચમા અધ્યાયમાં પ્રાસાદોમાં મુખ્ય વૈરાજ્ય આદિ પચીસ પ્રાસાદોનું વર્ણન નકશા સાથે સવિસ્તર આપવામાં આવ્યું છે.

છઠ્ઠા અધ્યાયમાં કેસરી આદિ પચીસ પ્રાસાદોનાં નામ અને તેની તલવિભક્તિનું અને નવ મહામેરુ પ્રાસાદોનું વર્ણન છે. કેસરી આદિ પચીસ પ્રાસાદ બનાવવા સંબંધી વિશેષ વિવેચન ગ્રંથકારે કરેલું ન હોવાથી આ ગ્રંથના અંતમાં પરિશિષ્ટ નં૦ ૧ માં 'અપરાજિતપૃચ્છા' સૂત્ર ૧૫૯ નું સવિસ્તર વર્ણન નકશાઓ સાથે આપવામાં આવેલું છે.

સાતમા અધ્યાયમાં પ્રાસાદના મંડપ સંબંધી સવિસ્તર વર્ણન નકશાઓ સાથે આપવામાં આવેલ છે. પેજ નં૦ ૧૧૬ માં ઘૂમટના આમલસારની ઊંચાઈ માટે શ્લોક ૭મો છે. તેના ઉત્તરાર્દ્ધમાં '**शुकनाससमा घण्टा न्यूना श्रेष्ठा न चाधिका।**'નો અર્થ 'ઘૂમટના કલશની ઊંચાઈ શુકનાસની બરાબર રાખે તથા ઓછી રાખે તો શ્રેષ્ઠ છે પણ અધિક રાખવી નહિ.' એવો કરેલ છે. કેમકે કેટલાક પ્રાચીન દેવાલયોમાં ઘૂમટનો કલશ શુકનાસથી નીચો જોવામાં આવે છે. તેમજ કેટલાક શિલ્પીઓની માન્યતા પણ એવી છે. 'અપરાજિતપૃચ્છા' જેવા માનનીય પ્રાચીન ગ્રંથમાં સ્પષ્ટ લખ્યું છે કે—'**शुकनाससमा घण्टा न न्यूना न ततोऽधिका।**' ઘૂમટના આમલસારની ઊંચાઈ શુકનાસની બરાબર રાખવી, ઊંચી નીચી રાખવી નહિ, જેથી '**न्यूना श्रेष्ठा न चाधिका**'નો અર્થ પણ ન્યૂન શ્રેષ્ઠ નથી તેમ અધિક પણ શ્રેષ્ઠ નથી એવો થઈ શકે છે.

આ બાબત મુદ્રિત 'દીપાર્ણવ'ના પૃષ્ઠ નં૦ ૧૩૩ ની ટિપ્પણીમાં અનુવાદક 'અપરાજિતપૃચ્છા' સૂત્ર ૧૮૫ નો શ્લોક ૧૩ '**तदूर्ध्वे न च कर्त्तव्यमधस्थं नैव दूषयेत्।**' નું પ્રમાણ આપી ઘૂમટનો આમલસાર શુકનાસથી નીચો હોય તો દોષ નથી, એવું સમર્થન કરે છે. પણ અનુવાદકે વિચાર કર્યો હોત તો જણાઈ આવત કે આ શ્લોક શુકનાસને રાખવાના સ્થાનનો છે. છજ્જાથી લઈ શિખરના સ્કંધ

સુધીની ઊંચાઈના એકવીશ ભાગ કરી, તેમાંના નવથી તેર ભાગની ઊંચાઈમાં શુકનાસ રાખવો. ત્યાં તેર ભાગથી ઉપર શુકનાસ રાખવો નહિ, પણ નીચો રાખવો એવો અર્થ ઘટે છે. તેને કલશની સાથે સંબંધ મેળવવો તે પ્રામાણિક નથી.

'દીપાર્ણવ'ના ૧૦ મા અધિકારના શ્લોક ૩ ના ઉત્તરાર્ધથી શ્લોક ૫ સુધીના અઢી શ્લોક 'અપરાજિતપૃચ્છા' સૂત્ર ૧૮૫ માંની રીતસરની નકલ છે અને તે શુકનાસનું સ્થાન નિર્ણય કરવા સંબંધના છે. તેને અનુવાદકે પાંચમા શ્લોકને ઘૂમટના આમલસાર સાથે જોડવાની ભૂલ કરી છે. આશા છે કે બીજી આવૃત્તિમાં સુધારો કરશે.

**વિતાન :**

વિતાન એટલે ચંદરવો. પ્રાસાદની છતને 'વિતાન' એવા નામથી ઓળખવામાં આવે છે. તેના મુખ્ય ત્રણ ભેદ છે.

૧. છતમાં જો લટકતી આકૃતિઓ હોય તો તેને 'ક્ષિપ્તવિતાન' કહે છે.

૨. છત ઊંચી કરેલી હોય અર્થાત્ ઘૂમટ કરેલ હોય તો તેને 'ઉત્ક્ષિપ્ત વિતાન' કહે છે.

૩. જે છત સમતલ હોય, તો તેને 'સમતલ વિતાન' કહે છે. આ છત સાદી હોય અથવા અનેક પ્રકારનાં ચિત્રોથી ચીતરેલી અથવા કોતરેલી હોય છે.

'દીપાર્ણવ' ના પૃષ્ઠ નં૦ **૧૩૭** માં શ્લોક ૨૨ ના અનુવાદમાં ક્ષિપ્તોત્ક્ષિપ્ત, સમતલ અને ઉદિત એમ ત્રણ પ્રકારનાં વિતાન લખ્યાં છે. મારી સમજ પ્રમાણે '**उदितानि त्रिधा क्रमात्**।' આ પદમાં ઉદિતાનિ શબ્દ વદ્ ધાતુનું ભૂતકૃદંત છે, તેથી તેનો અર્થ 'કહેલા છે' એવો ક્રિયાવાચક કરવો જોઈએ.

**સંવરણા :**

સંવરણાને શિલ્પીવર્ગ 'સાંભરણ' કહે છે. તે મંડપની છતની ઉપર બનાવવામાં આવે છે અને અનેક કળશોવાળા હોય છે. તેની રચના શિલ્પીવર્ગ પોતાની બુદ્ધિ અનુસાર બતાવે છે. પણ તે શાસ્ત્રીય હોય એવો નિયમ રહેલો જણાતો નથી.

આ ગ્રંથના અને 'જ્ઞાનપ્રકાશ દીપાર્ણવ' ના ઘણાખરા નકશાઓ એકસરખા જ છે. તેમાં સંવરણાના નકશાઓમાં ઘંટાનો અર્થ સમજફેર થઈ જવાથી ઘંટાકૃતિ (ચંદ્રિકા) કરીને ઉપર આમલસારિકા બતાવવામાં આવી છે તેથી તે નકશાઓ અશુદ્ધ થઈ જવા પામ્યા છે. દીપાર્ણવના અનુવાદક ઘંટાનો અર્થ ઘંટાકૃતિ એવો કરે છે. રૂબરૂ પૂછવાથી પણ તેઓ કહે છે કે—સાંભરણ ઉપર આમલસારો મૂકવામાં આવતો નથી, ઘંટાકૃતિ જ મૂકવામાં આવે છે. તેમજ તેઓ 'દીપાર્ણવ' ના પૃષ્ઠ નં૦ ૧૬૮ ની નીચેની ટિપ્પણીમાં સ્વયં લખે છે કે—"વર્તમાન કાળમાં જે સંવરણા ચઢાવવાની પ્રથા શિલ્પીઓમાં છે તે બસોએક વર્ષથી ચાલી આવતી હોય તેમ જણાય છે. તેમાં શાસ્ત્રીય રીત નથી. આ વિધાનમાં સહેજ ફેર છે, તે સાવ અશાસ્ત્રીય છે તેમ કહેવું બરાબર નથી

"સંવરણાના મથાળે મધ્યમાં મહાઘંટિકા જ કરવી જોઈએ, અહીં પાઠોમાં કે બીજા ગ્રંથોમાં ઘંટિકાને બદલે આમલસારો મૂકવાનું કહ્યું નથી. તેરમી–ચૌદમી સદીની કોઈ કોઈ જૂની સંવરણા ઉપર આમલસારો મૂકેલો જોવામાં આવે છે, પરંતુ તે બરાબર નથી, એમ હું માનું છું. કારણ કે એ સંબંધે પાઠ નથી. માટે ત્યાં મહાઘંટિકા જ મૂકવી જોઈએ.

"શિખરાધ્યાય અને મંડપલક્ષણાધિકારમાં શિખરનો શુકનાસ મેળવવા કહે છે કે-'**शुकनाससमा**

**घण्टा**' એટલે મંડપના ઉપરની સંવરણાની ઉપલી ઘંટિકા–ઘંટા શુકનાસના સમસૂત્રમાં રાખવી; ત્યાં આમલસારો શબ્દ વાપર્યો નથી. તેથી જૂના કામમાં સંવરણાના મથાળે મુકાતો ન હતો પરંતુ ઘંટિકા જ મુકાતી હતી.''

ઉપરોક્ત ટિપ્પણીથી સ્પષ્ટ જણાય છે કે–'દીપાર્ણવ'ના અનુવાદક ઘંટીનો અર્થ ઘંટાકૃતિ જ કરે છે આમલસારો કરતા નથી અને આ ભૂલ છુપાવવા માટે પ્રાચીન દેવાલયોની સંવરણાની ઉપર આમલસારો જોવામાં આવે છે તેને પ્રામાણિક માનતા નથી. આ હકીકત આગ્રહી કહી શકાય પણ તેમણે પોતાના અનુવાદમાં કેટલેક ઠેકાણે ઘંટાનો અર્થ આમલસારો કરેલો છે. જુઓ 'દીપાર્ણવ' પેજ નં૦ ૧૨૩, શ્લોક ૭૨ માં '**घण्टोदयप्रमाणेन स्तम्भिकोदयः कारयेत्**' લખ્યું છે. તેમાં ઘંટાનો અર્થ પોતે જ આમલસારો લખે છે, ત્યાં ઘંટાકૃતિ લખતા નથી. તેમ જ પેજ નં૦ ૧૧૭, શ્લોક ૫૭ ના તથા પૃષ્ઠ નં૦ ૧૩૩, શ્લોક ૬ ના અર્થમાં ઘંટાનો અર્થ આમલસારો લખે છે અને અહીં સંવરણામાં ઘંટાકૃતિ (ચંદ્રિકા) લખે છે. આ તેમની મનઃકલ્પના કહી શકાય. તેથી સંવરણાના નકશાઓમાં જે ઘંટાકૃતિઓ કરેલી જોવામાં આવે છે તે શાસ્ત્રીય નથી.

સાદા ઘૂમટ ઉપર અથવા સાંભરણ ઉપર આમલસારો મૂકવામાં આવે નહિ અને ઘંટાકૃતિ ચંદ્રિકા જ મૂકવામાં આવે તો તે નાગરી શૈલી નહીં બનતાં મોગલ શૈલી બની જાય છે. મોગલ શૈલીના ઘૂમટો ઉપર આમલસારો હોતો નથી. ફક્ત ચંદ્રિકા અને કલશ હોય છે. આ હકીકત શિલ્પીઓ જાણતા ન હોવાથી આજકાલ ઘૂમટ ઉપર આમલસારો રાખતા નથી. કોઈ ચંદ્રિકા અને તેની ઉપર આમલસારિકા અને કલશ રાખે છે તથા કોઈ ચંદ્રિકા અને તેની ઉપર કલશ જ રાખે છે. આ રીત તદ્દન મોગલ શૈલીની બની જાય છે. આ બાબત શિલ્પીઓએ યાદ રાખવા જેવી છે કે ઘૂમટની ઉપર આમલસારો ચઢાવ્યા પછી જ ચંદ્રિકા, આમલસારિકા અને કલશ ચઢાવવા જોઈએ, જે પ્રમાણે શિખરની ઉપર આમલસાર, ચંદ્રિકા, આમલસારિકા અને કલશ ચઢાવવામાં આવે છે તે પ્રમાણે જ ઘૂમટ ઉપર પણ ચઢાવવાં જોઈએ. આ નાગરી શૈલીની પ્રથા કહી શકાય.

દેવાલય નિર્માણમાં શિલ્પીઓની ભૂલ થવાનું કારણ જણાય છે કે, મુસલમાની રાજ્યશાસનમાં દેવાલયોનો વિધ્વંસ થતો, જેથી નવીન દેવાલયો બનતાં બંધ થયાં. આ કારણે આ વિષયના શિલ્પીઓ અન્ય કાર્યમાં જોડાઈ ગયા તેથી આ વિષયનું શાસ્ત્રાધ્યયન પણ બંધ થયું. તેમનાં સંતાનોએ પણ આ વિદ્યા ભણાવવાનું બંધ કર્યું તેથી આ વિદ્યા વિસરાઈ ગઈ લાગે છે. બાકી જે આ વિષયના શિલ્પીઓ મસ્જિદ આદિ બાંધવાનું કામ કરતા રહ્યા તેમનાં સંતાનોને મોગલઆર્ટ બાંધવાનો અભ્યાસ હોવાના કારણે તેમની પરંપરાવાળા જ્યારે સમયાનુકૂલ દેવાલયો બાંધવા લાગ્યા ત્યારે બંને કલા મિશ્ર થઈ ગઈ. એ જ કારણ છે કે દેવાલયોમાં અને મસ્જિદોમાં બંને પ્રકારની કળાશૈલી જોવામાં આવે છે.

આઠમો અધ્યાય સાધારણ નામનો છે. તેમાં વાસ્તુદોષ, દિઙ્મૂઢદોષ, જીર્ણવાસ્તુ, મહાદોષ, ભિન્નદોષ, અંગહીનદોષ, આશ્રમ, મઠ, પ્રતિષ્ઠાવિધિ, પ્રતિષ્ઠામંડપ અને કુંડ, મંડલપ્રતિષ્ઠાવિધિ પ્રાસાદદેવન્યાસ, જિનદેવપ્રતિષ્ઠા, જલાશયપ્રતિષ્ઠા, વાસ્તુપુરુષ અને ગ્રંથસમાપ્તિ મંગલ આદિનું વર્ણન છે.

પરિશિષ્ટ નં૦ ૧ માં કેસરી આદિ પચીસ પ્રાસાદોનું સવિસ્તર વર્ણન છે. તેમાં વિભક્તિઓની પ્રાસાદસંખ્યામાં શાસ્ત્રીય મતાંતર છે, જેમકે 'સમરાંગણસૂત્રધાર' ગ્રંથમાં અઢારમી વિભક્તિનો એક પણ પ્રાસાદ નથી. તેમ જ શિલ્પશાસ્ત્રી નર્મદાશંકર સંપાદિત 'શિલ્પરત્નાકર'માં વીશમી વિભક્તિનો એક પણ પ્રાસાદ નથી વગેરે.

મિસ્ત્રી નર્મદાશંકરભાઈએ 'શિલ્પરત્નાકર'માં કેસરી જાતિનો બીજો સર્વતોભદ્ર પ્રાસાદ નવ શ્રૃંગવાળો જણાવ્યો છે. તેમાં ચારે ખૂણે અને ચારે ભદ્રે એક એક શ્રૃંગ ચઢાવેલ છે તે શાસ્ત્રીય નથી. શાસ્ત્રમાં તો ખૂણા ઉપર બે બે શ્રૃંગ ચઢાવવાનું અને ભદ્ર ઉપર શ્રૃંગ નહિ ચઢાવવાનું લખ્યું છે. જુઓ 'ક્ષીરાર્ણવ'માં સાફ લખેલ છે કે-'**कर्णे शृंगद्वयं कार्यं भद्रे शृंगं विवर्जयेत्।**' આ પ્રમાણે સોમપુરા અંબારામ વિશ્વનાથ પ્રકાશિત 'કેસરાદિપ્રાસાદમંડન' પૃષ્ઠ નં૦ ૨૫ શ્લોક ૧૪ છે. આ શ્લોકને બદલે '**कर्णे शृंगं तथा कार्यं भद्रे शृंगं तथैव च।**' આ પ્રમાણે પાઠનું પરિવર્તન કરી નાખ્યું છે. આ પ્રાચીન વાસ્તુશિલ્પ ગ્રંથને વિકૃત કરવો યોગ્ય ગણાય નહિ.

આ 'શિલ્પરત્નાકર'નું અનુકરણ 'દીપાર્ણવ'ના અનુવાદકે પણ કરેલ છે. જુઓ દીપાર્ણવ પૃષ્ઠ નં૦ ૩૨૧માં સર્વતોભદ્ર શિખરનો બ્લોક. પરિશિષ્ટ નં૦ ૨ માં જિનપ્રાસાદોનું વર્ણન છે. આ પ્રાસાદો ઉપર શ્રીવત્સ શ્રૃંગોને બદલે કેસરી આદિ ક્રમ ચઢાવવાનું જણાવેલ છે. તેમાં પહેલો ક્રમ પાંચ શ્રૃંગવાળો, બીજો ક્રમ નવ શૃંગોવાળો, ત્રીજો ક્રમ તેર શ્રૃંગોવાળો અને ચોથો ક્રમ સત્તર (૧૭) શ્રૃંગોવાળો છે. અર્થાત કેસરી આદિ પ્રાસાદોની શ્રૃંગસંખ્યાને ક્રમની સંજ્ઞા આપી છે. શાસ્ત્રકાર જેટલા ક્રમ ઓછા-વધતા ચઢાવવાનું જણાવે છે ત્યાં શિલ્પીવર્ગ નીચેની પંક્તિમાં એક જ જાતના ક્રમ ચડાવે છે ત્યારે શાસ્ત્રાનુસાર ઉપરની પંક્તિમાં એક જ જાતના ક્રમ ચઢાવાય છે. જેમકે સમદલ પ્રસાદ છે, તેના ખૂણા ઉપર ચાર ક્રમ, પઢરા ઉપર ત્રણ ક્રમ અને ઉપરથ ઉપર બે ક્રમ ચઢાવવા જોઈએ. આ ઠેકાણે શિલ્પીઓ નીચેની પંક્તિમાં ચોથું ૧૭ શ્રૃંગવાળું ક્રમ બધાં અંગોની ઉપર ચઢાવે છે. તેની ઉપર, બીજી પંક્તિમાં ત્રીજું ક્રમ, ત્રીજી પંક્તિમાં બીજું ક્રમ અને ચોથી પંક્તિમાં પહેલું ક્રમ ચઢાવે છે. આ નિયમ અશાસ્ત્રીય છે અને પ્રાચીન દેવાલયોમાં પણ આ પ્રમાણે જોવામાં આવતું નથી. શાસ્ત્રીય નિયમ એવો છે કે-જે અંગ ઉપર જેટલા ક્રમો ચઢાવવાના હોય તે બધાં અંગોમાં પ્રથમ ક્રમથી જ ચઢાવે, એટલે નીચેની પંક્તિમાં જે અંગ ઉપર ચાર ક્રમ ચઢાવવાના હોય ત્યાં ચોથું ક્રમ, ત્રણ ક્રમ ચઢાવવાના હોય ત્યાં ત્રીજું ક્રમ અને બે ક્રમ ચઢાવવાનાં હોય તે અંગ ઉપર બીજું ક્રમ ચઢાવવું. જુઓ 'અપરાજિતપૃચ્છા'ના વિમાન પુષ્પકાદિ પ્રાસાદો. આ શાસ્ત્રીય નિયમ પ્રમાણે શિલ્પીઓએ કામ કરવું જોઈએ. જો કે 'શિલ્પરત્નાકર' અને 'દીપાર્ણવ'માં આ જિનપ્રાસાદો છપાયેલ છે, તેમાં તેમના હિસાબે શિખરોની શ્રૃંગસંખ્યા બરાબર મળતી આવતી નથી, જેથી જણાય છે કે તેમણે તે બાબત વિચાર કરેલો નહીં હોય.

મોતીસિંહ ભોમીયાનો રસ્તો,
જયપુરસીટી (રાજસ્થાન)
સં. ૨૦૧૭ અક્ષયતૃતીયા.

ભગવાનદાસ જૈન

# विषयानुक्रमणिका


| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| મંગલાચરણ ... ... | ૧ |
| દેવપૂજિત શિવસ્થાન ... ... | ૨ |
| પ્રાસાદની જાતિ ... ... | ૨ |
| આઠ જાતિના ઉત્તમ પ્રાસાદ ... | ૩ |
| પ્રાસાદ બનાવવાનો સમય ... | ૪ |
| ભૂમિપરીક્ષા ... ... | ૪ |
| વાસ્તુમંડલ બનાવવાની વસ્તુ ... | ૪ |
| આઠ દિક્પાલ ... ... | ૫ |
| કાર્યારંભમાં પૂજનીય દેવ ... | ૫ |
| નિષેધસમય ... ... | ૫ |
| વત્સમુખ ... ... | ૫ |
| આય આદિનો વિચાર ... ... | ૭ |
| દેવાલયમાં વિચારણીય આયાદિ ... | ૭ |
| આય વ્યય અને નક્ષત્રનું જ્ઞાન ... | ૭ |
| આયોનાં નામ અને દિશા ... | ૮ |
| વ્યયોનાં નામ ... ... | ૮ |
| આયોમાં વ્યયોનું ફલ ... ... | ૯ |
| અંશ લાવવાનો પ્રકાર ... ... | ૯ |
| રાશિ યોનિ નાડી ગણ આદિ જાણવાનું કોષ્ટક | ૧૦–૧૧ |
| ધ્વજાય અને દેવગણ નક્ષત્રવાળા સમચોરસ ક્ષેત્રનું માપ ... | ૧૨ |
| દિશાસાધન ... ... | ૧૩ |
| ખાતવિધિ ... ... | ૧૪ |
| નાગવાસ્તુ ... ... | ૧૪ |
| રાહુ ( શેષનાગ ) મુખ ... | ૧૫ |
| કૂર્મનું માન ... ... | ૧૬ |
| અન્યમતે કૂર્મનું માન ... | ૧૭ |
| શિલા સ્થાપવાની પ્રથા ... | ૧૮ |
| શિલાઓનાં નામ ... ... | ૧૮ |
| ધારણી શિલાનું માન ... ... | ૧૯ |
| શિલા ઉપરનાં રૂપો ... ... | ૨૧ |
| સૂત્રારંભ નક્ષત્ર ... ... | ૨૧ |

| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| શિલાસ્થાપન નક્ષત્ર ... ... | ૨૨ |
| દેવાલય બનાવવાનું સ્થાન ... | ૨૨ |
| દેવાલય બનાવવાના પદાર્થ ... | ૨૨ |
| દેવપ્રતિષ્ઠાનું ફલ ... ... | ૨૨ |
| દેવાલય બનાવવાનું ફલ ... | ૨૨ |
| વાસ્તુપૂજાનાં સાત સ્થાન ... | ૨૩ |
| શાંતિપૂજાનાં ચૌદ સ્થાન ... | ૨૩ |
| પ્રાસાદનું માપ ... ... | ૨૩ |
| મંડોવરનાં થરોનો નિર્ગમ ... | ૨૩ |
| પ્રાસાદની અંગસંખ્યા ... | ૨૪ |
| ફાલનાઓનું સામાન્ય માપ ... | ૨૪ |


## ૨. બીજો અધ્યાય


| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| જગતીનું સ્વરૂપ ... ... | ૨૫ |
| જગતીનો આકાર ... ... | ૨૫ |
| જગતીનું વિસ્તારમાન ... | ૨૫ |
| મંડપની જગતી ... ... | ૨૬ |
| ભ્રમણી ( પરિક્મ્મા ) ... ... | ૨૭ |
| જગતીના કોણાની સંખ્યા ... | ૨૭ |
| જગતીની ઊંચાઈનું માન ... | ૨૭ |
| જગતીની ઊંચાઈના થરોનું માન ... | ૨૮ |
| જગતીની શોભાના આભૂષણ ... | ૨૮ |
| જગતીનો ઉદય અને તેના થરોનો દેખાવ ... | ૨૯ |
| દેવોના વાહનનું સ્થાન ... | ૩૦ |
| મૂર્તિના વાહનનો ઉદય ... | ૩૦ |
| જિનપ્રાસાદના મંડપોનો ક્રમ ... | ૩૧ |
| જિનપ્રાસાદની દેવકુલિકાનો ક્રમ ... | ૩૧ |
| બાવન દેવકુલિકા ... ... | ૩૨ |
| બોંતેર દેવકુલિકા ... ... | ૩૨ |
| ચોવીસ દેવકુલિકા ... ... | ૩૨ |
| રથ અને મઠનું સ્થાન ... | ૩૨ |
| જગતીમાં અન્ય પ્રાસાદ ... | ૩૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| શિવલિંગની સામે અન્યદેવ ... | ૩૩ |
| દેવની સામે સ્વદેવ ... ... | ૩૩ |
| દેવીની સામે દેવ ... ... | ૩૩ |
| દૃષ્ટિવેધ ... ... | ૩૪ |
| દૃષ્ટિવેધનો પરિહાર ... ... | ૩૪ |
| શિવસ્નાનોદક ... ... | ૩૪ |
| દેવોની પ્રદક્ષિણા ... ... | ૩૫ |
| પરનાળી (જલમાર્ગ) ... | ૩૫ |
| મંડપમાં સ્થાપિત દેવોની નાળી ... | ૩૬ |
| પૂર્વ અને પશ્ચિમાભિમુખ દેવ ... | ૩૬ |
| દક્ષિણાભિમુખ દેવ ... ... | ૩૭ |
| વિદિશામુખ દેવ ... ... | ૩૭ |
| સૂર્યાયતન ... ... | ૩૭ |
| ગણેશાયતન ... ... | ૩૮ |
| વિષ્ણુપંચાયતન ... ... | ૩૮ |
| દેવીપંચાયતન ... ... | ૩૮ |
| શિવપંચાયતન ... ... | ૩૯ |
| ત્રિદેવ સ્થાપન ક્રમ ... ... | ૩૯ |
| ત્રિદેવોનું ન્યૂનાધિક માન ... | ૩૯ |


## ૩. ત્રીજો અધ્યાય


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પ્રાસાદધારિણી શિલા (ખરશિલા) ... | ૪૧ |
| ભિટ્ટનું માન ... ... | ૪૨ |
| ભિટ્ટનો નીકાલો ... ... | ૪૨ |
| પીઠનું ઉદયમાન ... ... | ૪૩ |
| પીઠના ઉદયનાં થરોનું માન ... | ૪૫ |
| થરોનું નિર્ગમમાન ... ... | ૪૬ |
| કામદપીઠ અને કણપીઠ ... | ૪૬ |
| પ્રાસાદનું ઉદયમાન (મંડોવર) ... | ૪૭ |
| બીજી રીતે પ્રાસાદના ઉદયનું માન ... | ૪૮ |
| પ્રાસાદના ઉદયમાનથી પીઠનું ઉદયમાન... | ૪૯ |
| મંડોવરના થરોનું માન ... | ૪૯ |
| ચાર પ્રકારની જંઘા ... ... | ૫૨ |
| મેરુ મંડોવરના ઉદયનું માન ... | ૫૩ |
| સામાન્ય મંડોવર ... ... | ૫૪ |
| બીજી રીતે મંડોવરનું ઉદયમાન ... | ૫૫ |
| મંડોવરની જાડાઈ ... ... | ૫૫ |
| બીજી રીતે મંડોવરની જાડાઈ ... | ૫૬ |
| શુભાશુભ ગર્ભગૃહ ... ... | ૫૬ |
| લંબચોરસ અશુભ ગર્ભગૃહ ... | ૫૬ |
| લંબચોરસ શુભ ગર્ભગૃહ ... | ૫૭ |
| સ્તંભ અને મંડોવરના થરોની સરખામણી ... | ૫૭ |
| ગભારાનો ઉદય ... ... | ૫૭ |
| સ્તંભમાન ... ... | ૫૭ |
| ઉંબરો ... ... | ૫૮ |
| ઊંબરાની રચના ... ... | ૫૮ |
| કુંભાથી નીચો ઊંબરો ... | ૫૮ |
| ઊંબરાની ઊભણી અને તલનો નકશો ... | ૫૯ |
| અર્ધચંદ્ર (શંખાવટી) ... | ૬૦ |
| ઉત્તરંગ ... ... | ૬૦ |
| નાગરપ્રાસાદનું દ્વારમાન ... | ૬૧ |
| ભૂમિજ પ્રાસાદનું દ્વારમાન ... | ૬૩ |
| દ્રાવિડ પ્રાસાદનું દ્વારમાન ... | ૬૩ |
| અન્ય પ્રાસાદોનું દ્વારમાન ... | ૬૩ |
| દ્વારશાખા ... ... | ૬૪ |
| શાખાના આય ... ... | ૬૪ |
| નવ શાખાનાં નામ ... ... | ૬૫ |
| શાખાનું ન્યૂનાધિક માન ... | ૬૫ |
| ત્રિશાખા ... ... | ૬૭ |
| રૂપસ્તંભનો નીકાળો ... ... | ૬૭ |
| શાખાઓનો નીકાળો ... ... | ૬૮ |
| શાખાનાં દ્વારપાલનું માન ... | ૬૮ |
| શાખાનાં રૂપ ... ... | ૬૮ |
| પંચશાખા ... ... | ૬૯ |
| સપ્તશાખા ... ... | ૬૯ |
| નવશાખા ... ... | ૭૦ |
| ઉત્તરંગના દેવ ... ... | ૭૧ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **૪. ચોથો અધ્યાય** | |
| દ્વારમાને મૂર્તિ અને પબાસણનું માન ... | ૭૨ |
| ગભારાનું માન ... ... | ૭૩ |
| ગભારાના માનથી મૂર્તિનું માન ... | ૭૩ |
| દેવોનું દૃષ્ટિસ્થાન ... ... | ૭૩ |
| વિશેષ દેવોનું દૃષ્ટિસ્થાન ... | ૭૪ |
| દેવોનું પદસ્થાન ... ... | ૭૪ |
| પ્રહાર થર ... ... | ૭૫ |
| છાદ્યનાં થર ... ... | ૭૫ |
| શ્રૃંગનો ક્રમ ... ... | ૭૫ |
| ઉરુશ્રૃંગનો ક્રમ ... ... | ૭૬ |
| શિખરનું નિર્માણ ... ... | ૭૬ |
| ઉદયભેદોદ્‌ભવ રેખા ... ... | ૭૭ |
| કલાભેદોદ્‌ભવ રેખા ... ... | ૭૭ |
| રેખાચક્ર ... ... | ૭૮ |
| સમચારની ત્રિખંડા રેખા ... | ૭૮ |
| સપાદચારની ત્રિખંડા રેખા ... | ૭૮ |
| સાર્દ્ધચારની ત્રિખંડા રેખા ... | ૭૮ |
| સોળ જાતના ચાર ... ... | ૭૮ |
| ત્રિખંડા રેખા અને કલાનું કોષ્ટક ... | ૭૯ |
| રેખાસંખ્યા ... ... | ૮૦ |
| મંડોવર અને શિખરનું ઉદયમાન ... | ૮૦ |
| શિખરવિધાન ... ... | ૮૦ |
| ગ્રીવા આમલસાર અને કલશનું માન ... | ૮૧ |
| શુકનાસનો ઉદય ... ... | ૮૧ |
| સિંહસ્થાન ... ... | ૮૧ |
| કવિલી (કોળી)નું સ્થાન ... | ૮૨ |
| કોળીનું માન ... ... | ૮૨ |
| ૭ પ્રકારની કોળી ... ... | ૮૨ |
| પ્રાસાદનાંશંગો અને આભૂષણ ... | ૮૩ |
| શિખરની નમણના બિભાગ ... | ૮૩ |
| આમલસારનું માન ... ... | ૮૩ |
| સુવર્ણપુરુષ (પ્રાસાદપુરુષ)ની સ્થાપના... | ૮૪ |
| સુવર્ણપુરુષનું પ્રમાણ અને રચના ... | ૮૫ |
| કલશની ઉત્પત્તિ અને સ્થાપના ... | ૮૬ |
| કલશનું ઉદયમાન ... ... | ૮૬ |
| કલશનું વિસ્તારમાન ... ... | ૮૭ |
| ધ્વજાદંડનું સ્થાન ... ... | ૮૭ |
| ધ્વજાધાર (કલાબા)નું સ્થાન ... | ૮૭ |
| સ્તંભવેધનું સ્થાન ... ... | ૮૮ |
| કલાબાની જાડાઈ અને સ્તંભિકા ... | ૮૮ |
| ધ્વજાદંડનું પહેલું ઉદયમાન ... | ૮૯ |
| ધ્વજાદંડનું બીજું ઉદયમાન ... | ૮૯ |
| ધ્વજાદંડનું ત્રીજું ઉદયમાન ... | ૮૯ |
| ધ્વજાદંડનું વિસ્તારમાન ... | ૯૦ |
| ધ્વજાદંડની રચના ... ... | ૯૦ |
| ધ્વજાદંડનાં તેર નામ ... ... | ૯૦ |
| ધ્વજાદંડની પાટલી ... ... | ૯૧ |
| ધ્વજાનું માન ... ... | ૯૧ |
| ધ્વજાનું માહાત્મ્ય ... ... | ૯૧ |
| ગ્રંથની માન્યતાની યાચના ... | ૯૨ |
| ૧ વૈરાજ્યપ્રાસાદ ... ... | ૯૨ |
| ફાલનાના ભેદ ... ... | ૯૨ |
| ભ્રમણી (પરિક્રમ્મા) ... ... | ૯૩ |
| દ્વારનો નિયમ ... ... | ૯૫ |
| ૨ નંદનપ્રાસાદ ... ... | ૯૭ |
| ૩ સિંહપ્રાસાદ ... ... | ૯૭ |
| ૪ નંદનપ્રસાદ ... ... | ૯૮ |
| ૫ મંદિર અને ૬ મલયપ્રાસાદ ... | ૯૮ |
| ૭ વિમાન, ૮ વિશાલ, ... | |
| ૯ ત્રૈલોક્યભૂષણપ્રાસાદ ... | ૯૮ |
| ૧૦ મહેન્દ્રપ્રાસાદ ... ... | ૧૦૦ |
| ૧૧ રત્નશીર્ષપ્રાસાદ ... | ૧૦૦ |
| ૧૨ સિતશંગપ્રાસાદ ... | ૧૦૦ |
| ૧૩ ભૂધર અને ૧૪ ભુવનમંડન પ્રાસાદ | ૧૦૦ |
| ૧૫ ત્રૈલોક્યવિજય અને | |
| ૧૬ ક્ષિતિવલ્લભપ્રાસાદ ... ... | ૧૦૧ |
| ૧૭ મહીધરપ્રાસાદ ... ... | ૧૦૧ |
| ૧૮ કૈલાસપ્રાસાદ ... ... | ૧૦૧ |
| ૧૯ નવમંગલ અને ... ... | ૧૦૨ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૨૦ ગંધમાદનપ્રાસાદ ... ... | |
| ૨૧ સર્વાંગસુંદર | |
| ૨૨ વિજયાનંદપ્રાસાદ ... ... | ૧૦૨ |
| ૨૩ સર્વાંગતિલકપ્રાસાદ ... ... | ૧૦૨ |
| ૨૪ મહાભોગપ્રાસાદ ... ... | ૧૦૨ |
| ૨૫ મેરુપ્રાસાદ ... ... | ૧૦૩ |
| પ્રાસાદની પ્રદક્ષિણાનું ફલ ... | ૧૦૩ |
| **૬ ઠ્ઠો અધ્યાય** | |
| કેસરી આદિ પચીસ પ્રાસાદનાં નામ | ૧૦૪ |
| પચીસ પ્રાસાદોની અંડક સંખ્યા | ૧૦૪ |
| આઠ વિભાગનું તળમાન : ... | ૧૦૫ |
| દશ અને બાર વિભાગનું તળમાન | ૧૦૫ |
| ચૌદ વિભાગનું તળમાન ... | ૧૦૫ |
| સોળ વિભાગનું તળમાન ... | ૧૦૫ |
| અઢાર વિભાગનું તળમાન ... | ૧૦૬ |
| વીસ વિભાગનું તળમાન ... | ૧૦૬ |
| બાવીસ વિભાગનું તળમાન ... | ૧૦૬ |
| તળોની પ્રાસાદસંખ્યા ... | ૧૦૬ |
| નિરંધાર પ્રાસાદ ... | ૧૦૮ |
| પ્રાસાદતળની આકૃતિઓ ... | ૧૦૮ |
| લંબચોરસપ્રાસાદ ... ... | ૧૦૮ |
| ગોળ, લંબગોળ અને અષ્ટાસ્રપ્રાસાદ | ૧૦૯ |
| નાગરપ્રાસાદ; ... ... | ૧૦૯ |
| દ્રાવિડપ્રાસાદ ... ... | ૧૦૯ |
| ભૂમિજપ્રાસાદ ... ... | ૧૦૯ |
| લતિનશ્રીવત્સ અને નાગરજાતિના પ્રાસાદ | ૧૧૦ |
| મેરુપ્રાસાદ ... ... | ૧૧૦ |
| વિમાનનાગરપ્રાસાદ ... | ૧૧૦ |
| ૧ શ્રીમેરુ અને | |
| ૨ હેમશીર્ષમેરુપ્રાસાદ ... | ૧૧૧ |
| ૩ સુરવલ્લભીમેરુપ્રાસાદ ... | ૧૧૧ |
| ૪ ભુવનમંડનમેરુપ્રાસાદ ... | ૧૧૧ |
| ૫ રત્નશીર્ષમેરુપ્રાસાદ ... | ૧૧૨ |
| ૬ કિરણોદ્ભવમેરુપ્રાસાદ ... | ૧૪૨ |
| ૭ કમલહંસમેરુપ્રાસાદ ... | ૧૧૨ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૮ સ્વર્ણકેતુમેરુપ્રાસાદ ... | ૧૧૨ |
| ૯ વૃષભધ્વજમેરુપ્રાસાદ ... | ૧૧૩ |
| **૭ મો અધ્યાય** | |
| ગર્ભાગ્રમંડપ ... ... | ૧૧૫ |
| જિનપ્રાસાદના મંડપો ... | ૧૧૪ |
| પાંચ પ્રકારના મંડપનું માન ... | ૧૧૫ |
| મંડપોનું તલદર્શન ... | ૧૧૫ |
| પ્રાસાદમાને મંડપનું માન ... | ૧૧૬ |
| ઘૂમટના કલશની ઊંચાઈ ... | ૧૧૬ |
| મંડપના સમ વિષમ તળ ... | ૧૧૬ |
| મુખમંડપ ... ... ... | ૧૧૭ |
| સ્તંભનું વિસ્તારમાન ... ... | ૧૧૮ |
| સ્તંભોના નમૂના ... ... | ૧૧૯ |
| આકૃતિપ્રમાણે સ્તંભોનાં નામ ... | ૧૨૦ |
| પ્રાગ્ગ્રીવ મંડપ ... ... | ૧૨૦ |
| આઠ જાતિના ગૂઢમંડપ ... ... | ૧૨૧ |
| મંડપની ફાલનાઓ ... ... | ૧૨૨ |
| બાર પ્રકારના ચોકીમંડપ ... ... | ૧૨૩ |
| નૃત્યમંડપ ... ... ... | ૧૨૫ |
| સત્યાવીશ મંડપ ... ... ... | ૧૨૫ |
| આઠ અને સોળ કોણાની રચના ... | ૧૨૭ |
| વિતાન (ઘૂમટ) રચના ... ... | ૧૨૭ |
| વિતાન (ઘૂમટ)ના થરો ... | ૧૨૮ |
| વિતાનસંખ્યા ... ... | ૧૨૯ |
| રંગભૂમિ ... ... | ૧૩૧ |
| બાલનકનું સ્થાન ... ... | ૧૩૧ |
| બલાનકનું માન ... ... | ૧૩૧ |
| પ્રાસાદમાને બલાનકનું માન ... | ૧૩૧ |
| ઓતરંગના પેટા ભાગ ... ... | ૧૩૨ |
| પાંચ પ્રકારના બલાણક... ... | ૧૩૨ |
| કયા કયા દેવોની આગળ બલાણક ... | ૧૩૩ |
| સંવરણા ... | ૧૩૪ |
| પચીસ સંવરણાનાં નામ... ... | ૧૩૫ |
| પહેલી સંવરણા ... ... | ૧૩૬ |
| બીજી નંદિની નામની સંવરણા ... | ૧૩૭ |

| વિષય | | | પૃષ્ઠ |
|---|---|---|---|
| **૮ મો અધ્યાય** | | | |
| શિવલિંગનું ન્યૂનાધિક માન | | ... | ૧૩૯ |
| વાસ્તુદોષ | ... | ... | ૧૩૯ |
| અશુભ વાસ્તુદ્રવ્ય | ... | ... | ૧૩૯ |
| અચલ શિવાલય | ... | ... | ૧૪૦ |
| જીર્ણોદ્ધારનું પુણ્ય | ... | ... | ૧૪૦ |
| જીર્ણોદ્ધારનું વાસ્તુપુરુષ | ... | ... | ૧૪૦ |
| દિઙ્મૂઢ દોષ | ... | ... | ૧૪૧ |
| દિઙ્મૂઢનો પરિહાર | ... | ... | ૧૪૧ |
| અવ્યક્ત પ્રાસાદનું પાતન | | ... | ૧૪૧ |
| મહાપુરુષ સ્થાપિત દેવ .. | | ... | ૧૪૨ |
| જીર્ણ વાસ્તુ પાડવાની વિધિ | | ... | ૧૪૨ |
| મહાદોષ | ... | ... | ૧૪૨ |
| શિલ્પીકૃત મહાદોષ | ... | ... | ૧૪૩ |
| ભિન્નદોષ | ... | ... | ૧૪૩ |
| ભિન્ન અભિન્ન દોષવાળા દેવ | | ... | ૧૪૩ |
| વ્યક્તાવ્યક્તપ્રાસાદ | ... | ... | ૧૪૪ |
| મહામર્મ દોષ | ... | ... | ૧૪૪ |
| બીજા દોષો અને તેનું ફલ | | ... | ૧૪૫ |
| છાયાભેદ | ... | ... | ૧૪૬ |
| દેવપુર રાજમહેલ અને નગરનું માન... | | | ૧૪૬ |
| રાજપુરમાં દેવસ્થાન | ... | ... | ૧૪૭ |
| આશ્રમ મઠ | ... | ... | ૧૪૭ |
| સ્થાનવિભાગ | ... | ... | ૧૪૭ |
| પ્રતિષ્ઠામુહૂર્ત્ત | ... | ... | ૧૪૮ |
| પ્રતિષ્ઠાનાં નક્ષત્ર | ... | ... | ૧૪૮ |
| પ્રતિષ્ઠામાં વર્જનીય તિથિ | | ... | ૧૪૮ |
| પ્રતિષ્ઠામંડપ | ... | ... | ૧૪૯ |
| યજ્ઞકુંડનું માન | ... | ... | ૧૪૯ |
| આહુતિ સંખ્યાનુસાર કુંડમાન | | ... | ૧૪૯ |
| દિશાનુસાર કુંડોની આકૃતિ | | ... | ૧૫૦ |
| મંડલ | ... | ... | ૧૫૦ |
| ઋત્વિજસંખ્યા | ... | ... | ૧૫૧ |
| દેવસ્નાનવિધિ | ... | ... | ૧૫૧ |
| દેવશયન | ... | ... | ૧૫૨ |

| વિષય | | | પૃષ્ઠ |
|---|---|---|---|
| રત્નન્યાસ | ... | ... | ૧૫૨ |
| ધાતુન્યાસ | ... | ... | ૧૫૩ |
| ઔષધિન્યાસ | ... | ... | ૧૫૩ |
| ધાન્યન્યાસ | ... | ... | ૧૫૩ |
| આચાર્ય અને શિલ્પીઓનું સન્માન... | | | ૧૫૩ |
| પ્રાસાદ દેવન્યાસ | ... | ... | ૧૫૪ |
| પ્રતિષ્ઠિત દેવનું પ્રથમ દર્શન | | ... | ૧૫૬ |
| સૂત્રધાર પૂજન | ... | ... | ૧૫૬ |
| દેવાલય બનાવવાનું ફલ... | | ... | ૧૫૬ |
| સૂત્રધારનો આશીર્વાદ ... | | ... | ૧૫૬ |
| આચાર્યપૂજન | ... | ... | ૧૫૭ |
| જિનદેવપ્રતિષ્ઠા | ... | ... | ૧૫૭ |
| જલાશયપ્રતિષ્ઠા | ... | ... | ૧૫૮ |
| જલાશય કરાવવાનું પુણ્ય | | ... | ૧૫૮ |
| વાસ્તુપુરુષની ઉત્પત્તિ ... | | ... | ૧૫૯ |
| વાસ્તુમંડલની બહારની આઠ દેવી ... | | | ૧૬૧ |
| શાસ્ત્રપ્રશંસા | ... | ... | ૧૬૨ |
| અંતિમ મંગલ | ... | ... | ૧૬૨ |
| **પરિશિષ્ટ નં૦ ૧** | | | |
| કેસરી આદિ પચીસ પ્રાસાદોના નામ | | | ૧૬૩ |
| ૧ કેસરીપ્રાસાદ | ... | ... | ૧૬૪ |
| ૨ સર્વતોભદ્રપ્રાસાદ | | ... | ૧૬૫ |
| ૩ નંદનપ્રસાદ | ... | ... | ૧૬૬ |
| ૪ નંદિશાલપ્રસાદ | ... | ... | ૧૬૭ |
| ૫ નંદીશપ્રાસાદ | ... | ... | ૧૬૭ |
| ૬ મંદરપ્રાસાદ | ... | ... | ૧૬૭ |
| ૭ શ્રીવત્સપ્રસાદ | ... | ... | ૧૬૮ |
| ૮ અમૃતોદ્ભવપ્રાસાદ | | ... | ૧૬૯ |
| ૯ હિમવાનપ્રાસાદ | ... | ... | ૧૬૯ |
| ૧૦ હેમકૂટપ્રાસાદ | ... | ... | ૧૬૯ |
| ૧૧ કૈલાસપ્રાસાદ | ... | ... | ૧૭૦ |
| ૧૨ પૃથ્વીજયપ્રાસાદ | ... | ... | ૧૭૦ |
| ૧૩ ઇંદ્રનીલપ્રાસાદ | ... | ... | ૧૭૦ |
| ૧૪ મહાનીલપ્રાસાદ | ... | ... | ૧૭૧ |
| ૧૫ ભૂધરપ્રાસાદ | ... | ... | ૧૭૨ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૧૬ રત્નકૂટપ્રાસાદ ... ... | ૧૭૨ |
| ૧૭ વૈડૂર્યપ્રાસાદ ... ... | ૧૭૪ |
| ૧૮ પદ્મરાગપ્રાસાદ ... ... | ૧૭૪ |
| ૧૯ વજ્રકપ્રાસાદ ... ... | ૧૭૪ |
| ૨૦ મુકુટોજ્જ્વલપ્રાસાદ ... | ૧૭૫ |
| ૨૧ ઐરાવતપ્રાસાદ ... ... | ૧૭૬ |
| ૨૨ રાજહંસપ્રાસાદ ... ... | ૧૭૬ |
| ૨૩ પક્ષિરાજ(ગરુડ)પ્રાસાદ ... | ૧૭૬ |
| ૨૪ વૃષભપ્રસાદ ... ... | ૧૭૭ |
| ૨૫ મેરુપ્રાસાદ ... ... | ૧૭૮ |
| મેરુપ્રદક્ષિણાનું ફલ ... | ૧૭૮ |
| **પરિશિષ્ટ નં૦ ૨** | |
| જિનેન્દ્રપ્રાસાદ ... ... | ૧૮૦ |
| ૧ ઋષભપ્રાસાદ ... ... | ૧૮૧ |
| ૨ અજિતજિનપ્રાસાદ ... | ૧૮૨ |
| ૩ સંભવજિન ,, ... | ૧૮૩ |
| ૪ અમૃતોદ્ભવ ,, ... | ૧૮૩ |
| ૫ અભિનંદનજિન ,, ... | ૧૮૪ |
| ૬ સુમતિજિન ,, ... | ૧૮૪ |
| ૭ પદ્મપ્રભજિન ,, ... | ૧૮૫ |
| ૮ પદ્મરાગ ,, ... | ૧૮૫ |
| ૯ પુષ્ટિવર્ધન ,, ... | ૧૮૬ |
| ૧૦ સુપાર્શ્વજિન ,, ... | ૧૮૬ |
| ૧૧ શ્રીવલ્લભ ,, ... | ૧૮૬ |
| ૧૨ ચંદ્રપ્રભ ,, .. | ૧૮૭ |
| ૧૩ શ્રીચંદ્ર ,, ... | ૧૮૭ |
| ૧૪ હિતુરાજ ,, ... | ૧૮૮ |
| ૧૫ પુષ્પદંત ,, ... | ૧૮૮ |
| ૧૬ શીતલજિન ,, ... | ૧૮૮ |
| ૧૭ કીર્તિદાયક ,, ... | ૧૮૯ |
| ૧૮ મનોહર ,, ... | ૧૮૯ |
| ૧૯ શ્રેયાંસજિન ,, ... | ૧૯૦ |
| ૨૦ સુકુલ ,, ... | ૧૯૦ |
| ૨૧ કુલનંદન ,, ... | ૧૯૦ |
| ૨૨ વાસુપૂજ્યજિન ,, ... | ૧૯૧ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ૨૩ રત્નસંજય ,, ... | ૧૯૧ |
| ૨૪ ધર્મેદ ,, ... | ૧૯૧ |
| ૨૫ વિમલજિન ,, ... | ૧૯૨ |
| ૨૬ મુક્તિદપ્રાસાદ ,, ... | ૧૯૨ |
| ૨૭ અનંતજિન ,, ... | ૧૯૩ |
| ૨૮ સુરેન્દ્ર ,, ... | ૧૯૩ |
| ૨૯ ધર્મનાથ જિન ,, ... | ૧૯૪ |
| ૩૦ ધર્મવૃક્ષ ,, ... | ૧૯૪ |
| ૩૧ શાંતિનાથ ,, ... | ૧૯૫ |
| ૩૨ કામદાયક ,, ... ... | ૧૯૫ |
| ૩૩ કુંથુનાથવલ્લભ ,, ... | ૧૯૬ |
| ૩૪ શક્તિદ ,, ... | ૧૯૬ |
| ૩૫ હર્ષણ ,, ... | ૧૯૭ |
| ૩૬ ભૂષણ ,, ... | ૧૯૭ |
| ૩૭ અરનાથ જિનવલ્લભ ,, ... | ૧૯૭ |
| ૩૮ શ્રીશૈલ ,, ... | ૧૯૭ |
| ૩૯ અરિનાશન ,, ... | ૧૯૮ |
| ૪૦ મલ્લિજિન વલ્લભ ,, ... | ૧૯૮ |
| ૪૧ માનવેંદ્ર ,, ... | ૧૯૮ |
| ૪૨ પાપનાશન ,, ... | ૧૯૯ |
| ૪૩ મુનિસુવ્રત ,, ... | ૧૯૯ |
| ૪૪ મનોલ્યાચંદ્ર ,, ... | ૧૯૯ |
| ૪૫ શ્રીભવ ,, ... | ૨૦૦ |
| ૪૬ નમિનાથ જિનવલ્લભ ,, ... | ૨૦૦ |
| ૪૭ સુમતિકીર્તિ ,, ... | ૨૦૦ |
| ૪૮ સુરેન્દ્રપ્રાસાદ ... | ૨૦૧ |
| ૪૯ રાજેન્દ્ર પ્રાસાદ ... | ૨૦૦ |
| ૫૦ નેમિજિનવલ્લભ પ્રાસાદ ... | ૨૦૨ |
| ૫૧ યતિભૂષણ પ્રાસાદ ... | ૨૦૨ |
| ૫૨ સુપુષ્પ પ્રાસાદ ... | ૨૦૩ |
| ૫૩ પાર્શ્વવલ્લભ પ્રાસાદ ... | ૨ ૩ |
| ૫૪ પદ્માવતી ,, ... | ૨૦૪ |
| ૫૫ રૂપવલ્લભ ,, ... | ૨૦૪ |
| ૫૬ વીર વિક્રમ મહીધર પ્રાસાદ ... | ૨૦૪ |
| ૫૭ અષ્ટાપદ પ્રાસાદ ... | ૨૦૫ |
| ૫૮ તુષ્ટિપુષ્ટિ પ્રાસાદ ... | ૨૦૫ |
| ૫૯ જિનપ્રાસાદ પ્રશંસા ... | ૨૦૬ |

# भूमिका

जयपुर के श्री पं० भगवान दास जैन उन चुने हुए विद्वानों में से हैं, जिन्होंने भारतीय स्थापत्य और वास्तु शिल्प के अध्ययन में विशेष परिश्रम किया है। सन् १९३६ में ठक्कुरफेरु विरचित 'वास्तु-सार-प्रकरण' नामक वास्तु संबंधी महत्वपूर्ण प्राकृत ग्रन्थ को मूल हिन्दी भाषान्तर और अनेक चित्रों के साथ उन्होंने प्रकाशित किया था। उस ग्रन्थ को देखते ही मुझे निश्चय हो गया कि पं० भगवान् दास ने परम्परागत भारतीय शिल्प के पारिभाषिक शब्दों को ठीक प्रकार समझा है और उन पारिभाषाओं के आधार पर वे मध्य कालीन शिल्प-ग्रन्थों के सम्पादन और व्याख्यान के सर्वथा अधिकारी विद्वान् हैं। शिल्प शास्त्र के अनुसार निर्मित मन्दिरों या देव प्रासादों के वास्तु की भी वे बहुत अच्छी व्याख्या कर सकते हैं, इसका अनुभव मुझे तब हुआ जब कई वर्ष पूर्व उन्हें साथ लेकर मैं आमेर के भव्य मन्दिरों को देखने गया और वहां पण्डितजी ने प्रासाद के उत्सेध या उदय संबंधी भिन्न भिन्न भागों का प्राचीन शब्दावली के साथ विवेचन किया। इस प्रकार की योग्यता रखने वाले विद्वान् इस समय विरल ही हैं। भारतीय-शिल्प-शास्त्र के जो अनेक ग्रन्थ विद्यमान हैं उनकी प्राचीन शब्दावली से मिलाकर अद्यावधि विद्यमान मंदिरों के वास्तु-शिल्प की व्याख्या, यह एक अत्यन्त आवश्यक कार्य है। जिस की पूर्ति वर्तमान समय में भारतीय स्थापत्य के सुस्पष्ट अध्ययन के लिये आवश्यक है। श्री पं० भगवान दास जैन इस ओर अग्रसर है, इसका महत्वपूर्ण प्रमाण उनका ऊपर किया हुआ 'प्रासाद-मण्डन' का वर्तमान गुजराती अनुवाद है। इसमें मूल ग्रन्थ के साथ गुजराती व्याख्या और अनेक टिप्पणियां दी गई हैं और साथ में विषय को स्पष्ट करने के लिए अनेक चित्र भी मुद्रित है।

'सूत्रधार मंडन' के विषय में हमें निश्चित जानकारी प्राप्त होती है।[1] वे चित्तौड़ के राणा कुंभकर्ण या कुम्भा ( १४३३-१४६८ ई० ) राज्यकाल में हुए। राणा कुम्भा ने अपने राज्य में अनेक प्रकार से संस्कृति का संवर्धन किया। संगीत की उन्नति के लिए उन्होंने अत्यन्त विशाल 'संगीत-राज' ग्रंथ का प्रणयन किया। सौभाग्य से यह ग्रन्थ सुरक्षित है और इस समय हिन्दू विश्व विद्यालय की ओर से इसका मुद्रण हो रहा है। राणा कुम्भा ने कवि जयदेव के गीत गोविन्द पर स्वयं एक उत्तम टीका लिखी। उन्होंने ही चित्तौड़ में सुप्रसिद्ध कीर्तिस्तंभ का निर्माण कराया। उनके राज्य में कई प्रसिद्ध शिल्पी थे। उनके द्वारा राणा ने अनेक वास्तु और स्थापत्य के कार्य संपादित कराए। 'कीर्तिस्तम्भ' के निर्माण का कार्य सूत्रधार 'जइता' और उसके दो पुत्र सूत्रधार नापा और पूंजा ने १४४२ से १४४८ तक के समय में पूरा किया। इस कार्य में उसके दो अन्य पुत्र पामा और बलराज भी उसके सहायक थे। राणा कुंभा के अन्य प्रसिद्ध राजकीय स्थपति सूत्रधार मण्डन हुए। वे संस्कृत भाषा के भी अच्छे विद्वान् थे। उन्होंने निम्न लिखित शिल्प ग्रन्थों की संस्कृत में रचना की—

ઈંદ્ર, અગ્નિ, યમ, નૈઋત, વરૂણ, વાયુ, કુબેર અને ઇશ, એ આઠ દેવ અનુક્રમે પૂર્વાદિ દિશાઓના અધિપતિ છે ॥૧૫॥

કાર્યારંભમાં પૂજનીય દેવ—

दिक्पालाः क्षेत्रपालाश्च गणेशश्चण्डिका तथा ।
एतेषां विधिवत्पूजां कृत्वा कर्म समारभेत्[1] ॥१६॥

દિક્પાલ, ક્ષેત્રપાલ, ગણેશ અને ચંડિકાદેવી આદિ દેવદેવીઓની વિધિપૂર્વક પૂજા કરીને કાર્યનો આરંભ કરવો ॥૧૬॥

નિષેધ સમય—

धनुर्मीनस्थिते सूर्ये गुरौ शुक्रेऽस्तगे विधौ ।
वैधृतौ[2] व्यतिपाते[3] च दग्धायां[4] न कदाचन ॥१७॥

ધન અને મીનરાશિનો સૂર્ય હોય, ગુરૂ, શુક્ર અને ચંદ્રમા અસ્ત હોય, વૈધૃતિ અને વ્યતિપાતનો યોગ હોય અને દગ્ધાતિથિ હોય, ત્યારે ક્યારે પણ નવીન કામનો આરંભ કરવો નહિ ॥૧૭॥

વત્સમુખ—

कन्यादित्रित्रिगे[5] सूर्ये द्वारं पूर्वादिषु त्यजेत् ।
सृष्टया वत्समुखं तत्र स्वामिनो हानिकृद्यतः ॥१८॥

કન્યા આદિ ત્રણ ત્રણ રાશિમાં સૂર્ય હોય, ત્યારે અનુક્રમે પૂર્વાદિ દિશાઓમાં દ્વાર આદિ કરવું નહિ, કારણ કે તે દિશાઓમાં સૃષ્ટિક્રમે વત્સનું મુખ હોય છે. તે ગૃહસ્વામીને નુકસાનકારક છે. જેમકે-કન્યા, તુલા અને વૃશ્ચિક રાશિનો સૂર્ય હોય ત્યારે વત્સનું મુખ પૂર્વદિશામાં, ધન મકર અને કુંભરાશિનો સૂર્ય હોય ત્યારે વત્સનું મુખ દક્ષિણ દિશામાં, મીન, મેષ અને વૃષભરાશિનો સૂર્ય હોય ત્યારે વત્સનું મુખ પશ્ચિમ દિશામાં, મિથુન, કર્ક અને સિંહરાશિનો સૂર્ય હોય ત્યારે વત્સનું મુખ ઉત્તર દિશામાં રહે છે. ॥ ૧૮ ॥

१ समाचरेत् । २ मे । ३ दग्धे । ४ नेष्टं । ५ त्रित्रिमे ।

જે દિશામાં વત્સનું મુખ હોય, તે દિશામાં તથા તેની સામેની દિશામાં ખાત, દેવપ્રતિષ્ઠા, દ્વારપ્રતિષ્ઠા અને દ્વારપ્રવેશ આદિ કાર્ય કરવાની શાસ્ત્રમાં મના લખી છે. પરંતુ વત્સનું મુખ એક દિશામાં ત્રણ ત્રણ મહીના રહે છે. તેથી ત્રણ મહીના સુધી કાર્ય રોકી શકાય તેમ ન હોય તો તેનાં પરિહાર રૂપે ઠક્કર ફેરૂકૃત વત્થુસાર પયરણ અ૦ ૧ ગાથા ૨૦ માં લખે છે કે—

“ गिहभूमि सत्त भाए पणदहतिहितीसतिहिदहक्कमा ।
इअ दिणसंखा चउदिसि सिरपुच्छसमंकि वच्छठिई ॥ ”

ઘર અથવા પ્રાસાદની ભૂમિની પ્રત્યેક દિશામાં સાત સાત ભાગ કરવા, તેમાં અનુક્રમે પ્રથમ ભાગમાં પાંચ દિન, બીજા ભાગમાં દશ દિન, ત્રીજા ભાગમાં પંદર દિન, ચોથા ભાગમાં ત્રીસ દિન, પાંચમા ભાગમાં પંદર દિન, છઠ્ઠા ભાગમાં દશ દિન અને સાતમા પાંચ દિવસ વત્સ રહે છે. આ પ્રમાણે ભૂમિની ચારે દિશાઓમાં દિવસની સંખ્યા જાણવી. જે અંક ઉપર વત્સનું મુખ હોય, તેની સામેના બરાબર અંક ઉપર વત્સનું પૂછડું હોય છે. આ પ્રમાણે વત્સની સ્થિતિ છે. જેમકે—




કન્યારાશિનો સૂર્ય હોય, ત્યારે પૂર્વદિશામાં ખાત આદિ કામ કરવાની આવશ્યકતા હોય તો કન્યારાશિના પ્રથમ પાંચ દિવસ સુધી પહેલા ભાગમાં કરવું નહિ, પણ બીજા જે છ ભાગો રહ્યા, તેમાં કોઈ ભાગમાં શુભ મુહૂર્તમાં કામ કરી શકે છે.

એવી રીતે બીજા ભાગમાં છ થી પંદર દિવસ અને ત્રીજા ભાગમાં સોલથી ત્રીસ દિવસ સુધી કામ કરવું નહિ. તુલારાશિનો સૂર્ય હોય ત્યારે ત્રીસ દિવસ મધ્યના ચોથા ભાગમાં કામ કરવું નહિ, વૃશ્ચિકરાશિનો સૂર્ય હોય ત્યારે પ્રથમ પંદર દિવસ પાંચમા ભાગમાં, સોલથી પચીસ દિવસ સુધી છઠ્ઠા ભાગમાં અને છવ્વીસથી ત્રીશ દિવસ સુધી સાતમા ભાગમાં કામ કરવું નહિ. આ પ્રમાણે ભાગોની દિન સંખ્યાનુસાર ધન, મકર અને કુંભરાશિના સૂર્યમાં દક્ષિણ દિશામાં મીન, મેષ અને વૃષભ રાશિના સૂર્યમાં પશ્ચિમદિશામાં તથા મીથુન, કર્ક અને સિંહ રાશિના સૂર્યમાં ઉત્તર દિશામાં કાર્યનો આરંભ કરવો નહિ.

આય આદિનો વિચાર—

आयो व्ययर्क्षमंशश्च भित्तिबाह्ये सुरालये ।
ध्वजायो देवनक्षत्रं व्ययांशौ प्रथमौ शुभौ ॥१९॥

આય વ્યય, નક્ષત્ર અને અંશની ગણુત્રી દેવાલયની દીવાલની બહારથી થાય છે. તેમાં, ધ્વજ આય, દેવનક્ષત્ર, પહેલો વ્યય અને પહેલો અંશ શુભ છે ॥૧૯॥

केषाञ्चिन्मरुतां गेहे वृषसिंहगजाः शुभाः ।
आयादूनो[1] व्ययः श्रेष्ठः पिशाचस्तु समोऽधिकः ॥२०॥

દેવોનાં દેવાલયમાં વૃષ, સિંહ અને ગજ આય પણ શુભ છે. આયથી વ્યય કમ હોય તો શ્રેષ્ઠ છે. પિશાચ નામનો વ્યય સમાન છે, અને રાક્ષસ નામનો વ્યય આયથી અધિક છે ॥૨૦॥

દેવાલયમાં વિચારણીય-

देवतानां गृहे चिन्त्य-मायाद्यङ्गचतुष्टयम् ।
नवाङ्गं नाडीवेधादि स्थापकामरयोर्मिथः ॥२१॥

દેવાલયમાં આય, વ્યય, અંશ અને નક્ષત્ર એ ચારનો વિચાર કરવો, તથા દેવ અને પ્રતિષ્ઠાકારકનો પરસ્પર નાડીવેધ આદિ નવ અંગ (નાડીવેધ, યોનિ, ગણ, વર્ણ, વશ્ય, તારા, વર્ગ, રાશિ અને રાશિસ્વામી)નો વિચાર કરવો ॥૨૧॥

आयादिचिन्तनं भूमि-लक्षणं वास्तुमण्डलम् ।
मासनक्षत्रलग्नादि-चिन्तनं पूर्वशास्त्रतः ॥२२॥

આય આદિનો વિચાર, ભૂમિલક્ષણ, વાસ્તુમંડલ, માસ, નક્ષત્ર અને લગ્ન આદિનો વિચાર, એ બધાં રાજ્યવલ્લભ મંડન અને અપરાજીત પૃચ્છા આદિ બીજાં શાસ્ત્રોથી જાણવો ॥૨૨॥

આય વ્યય અને નક્ષત્રનું જ્ઞાન-

" व्यासे दैर्घ्यगुणेऽष्टभिर्विभजिते शेषो ध्वजाद्यायको-
ऽष्टघ्ने तद्गुणिते च धिष्ण्यभजिते स्यादृक्षमश्वादिकम् ।
नक्षत्रे वसुभिर्व्ययोऽपि भजिते हीनस्तु लक्ष्मीप्रदः,
तुल्यायश्च पिशाचको ध्वजमृते संवर्द्धितो राक्षसः ॥ "

राज० अ. ३ श्लो. ८

[1] हीन आयाद् ।

પ્રાસાદ અથવા ઘર બનાવવાની ભૂમિની લંબાઈ અને પહોળાઈના માનનો ગુણાકાર કરવાથી જે ગુણનફલ આવે, તે ક્ષેત્રફલ કહેવાય છે. આ ક્ષેત્રફળને આઠે ભાગવાથી જે શેષ બચે તે ધ્વજ આદિ આય થાય છે. ક્ષેત્રફળને આઠથી ગુણા કરીને સત્યાવીશથી ભાગ દેવો, જે શેષ વધે તે અશ્વિની આદિ નક્ષત્ર જાણવાં. જે નક્ષત્રની સંખ્યા આવે, તેને આઠથી ભાગ દેવો, જે શેષ બચે તે વ્યય જાણવો. આયથી વ્યય કમ હોય તો, (યક્ષ વ્યય કહેવાય તે) લક્ષ્મી દેવાવાળો છે. આય અને વ્યય બન્ને બરાબર હોય તો પિશાચ નામનો વ્યય અને ધ્વજ આયને છોડીને બીજા આયોથી વ્યય અધિક હોય તો રાક્ષસ નામનો વ્યય કહેવાય.

## આયોનાં નામ અને દિશા—

" ध्वजो धूमश्च सिंहश्च श्वानो वृषखरौ गजः ।
ध्वांक्षश्चेति समुद्दिष्टाः प्राच्यादिषु प्रदक्षिणाः ॥ "

अप० अ. ६४

ધ્વજ, ધૂમ, સિંહ, શ્વાન, વૃષ, ખર, ગજ અને ધ્વાંક્ષ, એ આઠ આયોનાં નામ છે. તે અનુક્રમે પૂર્વ આદિ દિશાઓના સ્વામી છે. જેમ કે—પૂર્વદિશાનો ધ્વજ આય, અગ્નિકોણનો ધૂમ આય, દક્ષિણનો સિંહ આય, નૈઋત્ય કોણનો શ્વાન આય, પશ્ચિમનો વૃષઆય, વાયુકોણનો ખર આય, ઉત્તર દિશાનો ગજ આય અને ઈશાનકોણનો ધ્વાંક્ષ આય સ્વામી છે.

" ध्वजः सिंहो वृषगजौ शस्यन्ते सुरवेश्मनि ।
अधमानां खरध्वांक्ष–धूमश्वानाः सुखावहाः ॥ "

अप० सू. ६४

ધ્વજ, સિંહ, વૃષભ અને ગજ એ ચાર આય દેવાલય અને ઉત્તમ જાતિના ઘરોમાં શુભ છે. તથા ધૂમ, શ્વાન, ખર અને ધ્વાંક્ષ, એ ચાર આય અધમજાતિના ઘરોમાં શુભ છે. વિશેષ જાણવા માટે જુઓ અપ. અ. ६४।

## વ્યયોનાં નામ

" शान्तः पौरः प्रद्योतश्च श्रियानन्दो मनोहरः ।
श्रीवत्सो विभवश्चैव चिन्तात्मा च व्ययाः स्मृताः ॥
समो व्ययः पिशाचश्च राक्षसस्तु व्ययोऽधिकः ।
व्ययो न्यूनो यक्षश्चैव धनधान्यकरः स्मृतः ॥ "

अप० सू. ६६

શાંત, પૌર, પ્રદ્યોત, શ્રિયાનંદ, મનોહર, શ્રીવત્સ, વિભવ અને ચિન્તાત્મા એ આઠ વ્યયનાં નામ છે. આય અને વ્યય બન્ને બરાબર સમાન હોય તો પિશાચ નામનો વ્યય, આયથી વ્યય અધિક હોય તો રાક્ષસ નામનો વ્યય અને આયથી વ્યય કમ હોય તો યક્ષ નામનો વ્યય થાય છે.તેમાં યક્ષ નામનો વ્યય ધન અને ધાન્યની વૃદ્ધિ કરવાવાળો છે.

આયોમાં વ્યયોનું ફલ—

" सर्वेषु शान्त आयेषु प्रशस्तः सर्वकामदः ।
षट्सु सिंहादिषु शुभः पौरो धूमध्वजौ विना ॥
ध्वजे धूमे तथा सिंहे प्रद्योतादीन् विवर्जयेत् ।
शेषाणां सुप्रशस्ताश्च तथा स्थानेषु पञ्चसु ॥
खरे वृषे श्रियानन्दो गजे ध्वांक्षे च शोभनः ।
मनोहरं त्यजेत् सोऽथ खरे ध्वांक्षे गजे शुभः ॥
श्रीवत्सश्च गजे ध्वांक्षे विभवो ध्वांक्षके शुभः ।
व्ययो न्यूनतरः श्रेष्ठो ह्यधिकश्चैव राक्षसः ॥
चिन्तात्मकं व्ययं चापि आयेष्वष्टसु वर्जयेत् ।
पिशाचकमायसमं न कुर्याच्छुभकर्मसु ॥ "

अप० सू. ६१

દરેક આયમાં પ્રથમ શાંત નામનો વ્યય શુભ છે. તે સર્વ કામને દેવાવાળો છે. ધ્વજ અને ધૂમ આયને છોડીને બાકીના સિંહ આદિ છ આયોમાં બીજો પૌર નામનો વ્યય શુભ છે. ધ્વજ, ધૂમ અને સિંહ એ ત્રણ આયોમાં પ્રદ્યોત આદિ છ વ્યય શુભ નથી, પરંતુ બાકીના શ્વાન આદિ પાંચ આયોમાં શુભ છે. ચોથો શ્રિયાનંદ નામનો વ્યય વૃષ, ખર, ગજ અને ધ્વાંક્ષ એ ચાર આયોમાં શુભ છે. પાંચમો મનોહર નામનો વ્યય ખર, ગજ અને ધ્વાંક્ષ એ ત્રણ આયોમાં શુભ છે. છઠ્ઠો શ્રીવત્સ નામનો વ્યય ગજ અને ધ્વાંક્ષ એ બે આયમાં શુભ છે. સાતમો વિભવ નામનો વ્યય ધ્વાંક્ષ આયમાં શુભ છે. આયથી વ્યય કમ હોય તો શ્રેષ્ઠ છે અને અધિક હોય તો રાક્ષસ નામનો વ્યય થાય છે, તે અશુભ છે. આઠમો ચિન્તાત્મક નામનો વ્યય દરેક આયમાં શુભ નથી. આય અને વ્યય બન્ને બરાબર સમાન હોય તો પિશાચ નામનો વ્યય થાય છે. આ પણ દરેક શુભ કાર્યમાં છોડી દેવો જોઈએ.

અંશ લાવવાનો પ્રકાર—

" तन्मूले व्ययहर्म्यनामसहिते भक्ते त्रिभिस्त्वंशकः,
स्यादिन्द्रो यमभूपती क्रमवशाद् देवे सुरेन्द्रो हितः ।

## રાશિ, યોનિ, નાડી, ગણ આદિ જાણવાનું શતપદચક્ર—

| સંખ્યા | નક્ષત્ર | અક્ષર | રાશિ | વર્ણ | વશ્ય | યોનિ | રાશીશ | ગણ | નાડી | ચંદ્ર | વ્યય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અશ્વિની | ચૂ ચે.<br>ચો. લા. | મેષ | ક્ષત્રિય | ચતુષ્પદ | અશ્વ | મંગલ | દેવ | આદ્ય | ઉત્તર | શાન્ત |
| ૨ | ભરણી | લી. લૂ<br>લે. લો. | મેષ | ક્ષત્રિય | ચતુષ્પદ | ગજ | મંગલ | મનુષ્ય | મધ્ય | ઉત્તર | પૌર |
| ૩ | કૃત્તિકા | અ. ઇ.<br>ઉ. એ. | ૧ મેષ<br>૩ વૃષ | ૧ ક્ષત્રિય<br>૩ વૈશ્ય | ચતુષ્પદ | બકરા | ૧ મંગલ<br>૩ શુક્ર | રાક્ષસ | અંત્ય | પૂર્વ | પ્રદ્યોત |
| ૪ | રોહિણી | ઓ. વા.<br>વી. વુ. | વૃષ | વૈશ્ય | ચતુષ્પદ | સર્પ | શુક્ર | મનુષ્ય | અંત્ય | પૂર્વ | શ્રિયાનંદ |
| ૫ | મૃગશિર | વે. વો.<br>ક. કી. | ૨ વૃષ<br>૨ મિથુન | ૨ વૈશ્ય<br>૨ શૂદ્ર | ૨ ચતુષ્પદ<br>૨ મનુષ્ય | સર્પ | ૨ શુક્ર<br>૨ બુધ | દેવ | મધ્ય | પૂર્વ | મનોહર |
| ૬ | આર્દ્રા | કુ. ઘ.<br>ઙ. છ. | મિથુન | શૂદ્ર | મનુષ્ય | શ્વાન | બુધ | મનુષ્ય | આદ્ય | પૂર્વ | શ્રીવત્સ |
| ૭ | પુનર્વસુ | કે. કો.<br>હા. હી. | ૩ મિથુન<br>૧ કર્ક | ૩ શૂદ્ર<br>૧ બ્રાહ્મણ | ૩ મનુષ્ય<br>૧ જલચર | માર્જાર | ૩ બુધ<br>૧ ચંદ્ર | દેવ | આદ્ય | પૂર્વ | વિભવ |
| ૮ | પુષ્ય | હુ. હે.<br>હો. ડા. | કર્ક | બ્રાહ્મણ | જલચર | બકરા | ચંદ્રમા | દેવ | મધ્ય | પૂર્વ | ચિન્તાત્મ |
| ૯ | આશ્લેષા | ડી. ડુ.<br>ડે. ડો. | કર્ક | બ્રાહ્મણ | જલચર | માર્જાર | ચંદ્રમા | રાક્ષસ | અંત્ય | પૂર્વ | શાન્ત |
| ૧૦ | મઘા | મા. મી.<br>મુ. મે. | સિંહ | ક્ષત્રિય | વનચર | ઉંદર | સૂર્ય | રાક્ષસ | અંત્ય | દક્ષિણ | પૌર |
| ૧૧ | પૂર્વા ફા૦ | મો. ટા.<br>ટી. ટુ. | સિંહ | ક્ષત્રિય | વનચર | ઉંદર | સૂર્ય | મનુષ્ય | મધ્ય | દક્ષિણ | પ્રદ્યોત |
| ૧૨ | ઉત્તરા ફા૦ | ટે. ટો.<br>પા. પી. | ૧ સિંહ<br>૩ કન્યા | ૧ ક્ષત્રિય<br>૩ વૈશ્ય | ૧ વનચર<br>૩ મનુષ્ય | ગૌ | ૧ સૂર્ય<br>૩ બુધ | મનુષ્ય | આદ્ય | દક્ષિણ | શ્રિયાનંદ |
| ૧૩ | હસ્ત | પુ. ષા.<br>ણ. ઠ. | કન્યા | વૈશ્ય | મનુષ્ય | ભેંસ | બુધ | દેવ | આદ્ય | દક્ષિણ | મનોહર |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | ચિત્રા | પે. પો. રા. રી. | ૨ કન્યા ૨ તુલા | ૨ વૈશ્ય ૨ શૂદ્ર | મનુષ્ય | વાઘ | ૨ બુધ ૨ શુક્ર | રાક્ષસ | મધ્ય | દક્ષિણ | શ્રીવત્સ |
| ૧૫ | સ્વાતિ | રૂ. રે. રો. તા. | તુલા | શૂદ્ર | મનુષ્ય | ભેંસ | શુક્ર | દેવ | અંત્ય | દક્ષિણ | વિભવ |
| ૧૬ | વિશાખા | તી. તુ. તે. તો. | ૩ તુલા ૧ વૃશ્ચિક | ૩ શૂદ્ર ૧ બ્રાહ્મણ | ૩ મનુષ્ય ૧ કીડા | વ્યાઘ્ર | ૩ શુક્ર ૧ મંગલ | રાક્ષસ | અંત્ય | દક્ષિણ | ચિન્તાત્મા |
| ૧૭ | અનુરાધા | ના. ની. નુ. ને. | વૃશ્ચિક | બ્રાહ્મણ | કીડા | હરિણ | મંગલ | દેવ | મધ્ય | પશ્ચિમ | શાન્ત |
| ૧૮ | જ્યેષ્ઠા | નો. યા. યી. યુ. | વૃશ્ચિક | બ્રાહ્મણ | કીડા | હરિણ | મંગલ | રાક્ષસ | આદ્ય | પશ્ચિમ | પૌર |
| ૧૯ | મૂલ | યે. યો. ભા. ભી. | ધન | ક્ષત્રિય | મનુષ્ય | કુક્કર | ગુરુ | રાક્ષસ | આદ્ય | પશ્ચિમ | પ્રદ્યોત |
| ૨૦ | પૂર્વાષાઢા | ભુ. ધા. ફ. ઢા. | ધન | ક્ષત્રિય | મનુષ્ય ચતુષ્પદ | વાનર | ગુરુ | મનુષ્ય | મધ્ય | પશ્ચિમ | શ્રિયાનંદ |
| ૨૧ | ઉત્તરાષાઢા | ભે. ભો. જા. જી. | ૧ ધન ૩ મકર | ૧ ક્ષત્રિય ૩ વૈશ્ય | ચતુષ્પદ | નોળીઓ | ૧ ગુરુ ૩ શનિ | મનુષ્ય | અંત્ય | પશ્ચિમ | મનોહર |
| ૨૨ | શ્રવણ | ખિ. ખૂ. ખે. ખો. | મકર | વૈશ્ય | ચતુષ્પદ જલચર | વાનર | શનિ | દેવ | અંત્ય | પશ્ચિમ | શ્રીવત્સ |
| ૨૩ | ધનિષ્ઠા | ગા. ગી. ગુ. ગે. | ૨ મકર ૨ કુંભ | ૨ વૈશ્ય ૨ શૂદ્ર | ૨ જલચર ૨ મનુષ્ય | સિંહ | શનિ | રાક્ષસ | મધ્ય | ઉત્તર | વિભવ |
| ૨૪ | શતભિષ | ગો. સા. સી. સુ. | કુંભ | શૂદ્ર | મનુષ્ય | ઘોડા | શનિ | રાક્ષસ | આદ્ય | ઉત્તર | ચિન્તાત્મા |
| ૨૫ | પૂર્વા ભાદ્ર | સે. સો. દા. દી. | ૩ કુંભ ૧ મીન | ૩ શૂદ્ર ૧ બ્રાહ્મણ | મનુષ્ય ૧ જલચર | સિંહ | ૩ શનિ ૧ ગુરુ | મનુષ્ય | આદ્ય | ઉત્તર | શાન્ત |
| ૨૬ | ઉત્તરાભાદ્ર | દુ. થ. ઝ. ઞ. | મીન | બ્રાહ્મણ | જલચર | ગૌ | ગુરુ | મનુષ્ય | મધ્ય | ઉત્તર | પૌર |
| ૨૭ | રેવતી | દે. દો. ચા. ચી. | મીન | બ્રાહ્મણ | જલચર | હાથી | ગુરુ | દેવ | અંત્ય | ઉત્તર | પ્રદ્યોત |

## ધ્વજાય અને દેવગણ નક્ષત્રવાળા સમચોરસ ક્ષેત્રનું માપ—

| ગજ–ઈંચ | નક્ષત્ર | ગજ–ઈંચ | નક્ષત્ર | ગજ–ઈંચ | નક્ષત્ર |
|---|---|---|---|---|---|
| ૧—૧ | મૃગશીર | ૭–૨૧ | રેવતી | ૧૫—૧ | અનુરાધા |
| ૧—૩ | રેવતી | ૭–૨૩ | મૃગશીર | ૧૫—૯ | રેવતી |
| ૧—૫ | મૃગશીર | ૮—૭ | અનુરાધા | ૧૫–૧૯ | પુષ્ય |
| ૧–૧૩ | અનુરાધા | ૮–૧૫ | રેવતી | ૧૬—૩ | રેવતી |
| ૧–૨૧ | રેવતી | ૮–૨૩ | પુષ્ય | ૧૬–૧૧ | અનુરાધા |
| ૨—૫ | પુષ્ય | ૯—૧ | પુષ્ય | ૧૬–૧૯ | મૃગશીર |
| ૨—૭ | પુષ્ય | ૯—૯ | રેવતી | ૧૬–૨૧ | રેવતી |
| ૨–૧૫ | રેવતી | ૯–૧૭ | અનુરાધા | ૧૭–૧૩ | રેવતી |
| ૨–૨૩ | અનુરાધા | ૧૦—૧ | મૃગશીર | ૧૭–૧૫ | રેવતી |
| ૩—૭ | મૃગશીર | ૧૦—૩ | રેવતી | ૧૭–૨૩ | પુષ્ય |
| ૩—૯ | રેવતી | ૧૦—૫ | મૃગશીર | ૧૮—૧ | પુષ્ય |
| ૩–૧૧ | મૃગશીર | ૧૦–૧૩ | અનુરાધા | ૧૮—૯ | રેવતી |
| ૩–૧૯ | અનુરાધા | ૧૧—૫ | પુષ્ય | ૧૮–૧૭ | રેવતી |
| ૪—૩ | રેવતી | ૧૧—૭ | પુષ્ય | ૧૯—૧ | મૃગશીર |
| ૪–૧૧ | પુષ્ય | ૧૧–૧૫ | રેવતી | ૧૯—૩ | રેવતી |
| ૪–૧૩ | પુષ્ય | ૧૧–૨૩ | અનુરાધા | ૧૯—૫ | મૃગશીર |
| ૪–૨૧ | રેવતી | ૧૨—૭ | મૃગશીર | ૧૯–૨૧ | રેવતી |
| ૫—૫ | અનુરાધા | ૧૨—૯ | રેવતી | ૧૯–૨૩ | પુનર્વસુ |
| ૫–૧૩ | મૃગશીર | ૧૨–૧૧ | મૃગશીર | ૨૦—૫ | પુષ્ય |
| ૫–૧૫ | રેવતી | ૧૨–૧૯ | અનુરાધા | ૨૦—૭ | પુષ્ય |
| ૫–૧૭ | મૃગશીર | ૧૩—૩ | રેવતી | ૨૦–૧૫ | રેવતી |
| ૬—૧ | અનુરાધા | ૧૩–૧૧ | પુષ્ય | ૨૦–૧૯ | હસ્ત |
| ૬—૯ | રેવતી | ૧૩–૧૩ | પુષ્ય | ૨૦–૨૩ | અનુરાધા |
| ૬–૧૭ | પુષ્ય | ૧૩–૨૧ | રેવતી | ૨૧—૭ | મૃગશીર |
| ૬–૧૯ | પુષ્ય | ૧૪—૫ | અનુરાધા | ૨૧—૯ | રેવતી |
| ૭—૩ | રેવતી | ૧૪–૧૩ | મૃગશીર | ૨૧–૧૧ | મૃગશીર |
| ૭–૧૧ | અનુરાધા | ૧૪–૧૫ | રેવતી | ૨૧–૧૯ | અનુરાધા |
| ૭–૧૯ | મૃગશીર | ૧૪–૧૭ | મૃગશીર | ૨૧–૨૩ | મૃગશીર |

वेद्यां चात्र यमस्तु पण्यभवने नागे तथा भैरवे,
राजांशो गजवाजियाननगरे राजालये मन्दिरे ॥ "

रा. व. अ ३

મૂલરાશિ (ક્ષેત્રફલ)માં વ્યયની સંખ્યા અને ઘરના નામાક્ષરની સંખ્યાને જોડીને ત્રણથી ભાગ દેવો. જો એક શેષ વધે તો ઇંદ્રાંશ, બે શેષ વધે તો યમાંશ અને ત્રણ (શૂન્ય) શેષ વધે તો રાજાંશ જાણવો. ઇંદ્રનો અંશ-દેવાલય અને વેદીમાં શુભ છે. યમનો અંશ-દુકાન, નાગદેવ અને ભૈરવના પ્રાસાદમાં શુભ છે. રાજાનો અંશ-ગજશાળા, અશ્વશાળા, વાહન, નગર, રાજમહેલ અને સાધારણ ઘરમાં શુભ છે.

જ્ઞાનપ્રકાશ દીપાર્ણના પ્રથમ અધ્યાયના શ્લોક ૩૭માં મૂલરાશિ લાવવાનો પ્રકાર લખે છે કે—

" आयामं क्षेत्रसम्भूतं विस्तारेण हि गुणयेत् ।
सप्तविंशैर्हरेद्भागं शेषे स्यात् फलनिश्चयः ॥ "

ઘર અથવા દેવાલયની ભૂમિની લંબાઈના માપને વિસ્તારના માપ વડે ગુણવી, જે-ગુણના ફલ આવે-તેને સત્યાવીશથી ભાગતાં જે શેષ વધે તે મૂળરાશિ(ક્ષેત્રફલ) જાણવું.

**દિશા સાધન—**

**रात्रौ दिक्साधनं कुर्याद् दीपसूत्रध्रुवैक्यतः ।**
**समे भूमिप्रदेशे तु शङ्कुना दिवसेऽथवा ॥२३॥**

ઘર અને દેવાલય ઠીક દિશામાં ન હોય તો દિઙ્મુઢ દોષ લાગે છે, તે માટે તે બરાબર દિશાની સામે રાખવામાં આવે છે. રાત્રીના સમયમાં દિશાની સાધના દીપક, સૂત્ર અને ધ્રુવથી કરવામાં આવે છે. અને દિવસે દિશાની સાધના સમતલ ભૂમિ ઉપર શંકુ રાખીને કરવામાં આવે છે ॥ ૨૩ ॥ જુઓ રાજવલ્લભ अ-૧ લો શ્લો. ૧૦-૧૧

" प्राची मेषतुलारवेरुदयतः स्याद् वैष्णवे वह्निभे,
चित्रा स्वातिभमध्यगा निगदिता प्राची बुधैः पञ्चधा ।
प्रासादं भवनं करोति नगरं दिङ्मूढमर्थक्षयं,
हर्म्ये देवगृहे पुरे च नितरामायुर्धनं दिङ्मुखे ॥ "

राजव० अ. १ श्लोक १०

મેષરાશિ અને તુલારાશિનો સૂર્ય પૂર્વદિશામાં ઊગે છે. તથા શ્રવણ અને કૃતિકા-નક્ષત્રનો ઉદય પૂર્વદિશામાં થાય છે. ચિત્રા અને સ્વાતિનક્ષત્રની મધ્યમાં પૂર્વદિશા છે. એ દિશા જાણવાના પાંચ પ્રકાર વિદ્વાનોએ બતાવ્યા છે. દેવાલય, ઘર અને નગર એ દિશામાં ન હોય તો દિઙ્મૂઢ કહેવાય, જેથી ધનનો ક્ષય થાય છે. અને તે ઠીક દિશામાં હોય તો હમેશાં આયુષ્ય અને ધનની વૃદ્ધિ થાય છે.

આજકાલ અયનાંશના હિસાબે ઉપરના નિયમાનુસાર બરાબર ઠીક દિશાનું જ્ઞાન થતું નથી, તે માટે દિશાનું સ્પષ્ટ જ્ઞાન કરવાવાળું દિક્‌સાધન યંત્ર (ધ્રુવઘડી) વડે દિશાનું જ્ઞાન કરવું જોઈએ.

"तारे मार्कटिके ध्रुवस्य समतां नीतेऽवलम्बे नते,
दीपाग्रेण तदैक्यतश्च कथिता सूत्रेण सौम्या दिशा,
शङ्कोर्नेत्रगुणे तु मण्डलवरे छायाद्वयान्मत्स्ययो-
र्जाता यत्र युतिस्तु शङ्कुतलतो याम्योत्तरे स्तः स्फुटे॥"

राजव० १.

સપ્તર્ષિ અને ધ્રુવની વચમાં જે બે તારા એક ગજના અંતરવાળા છે તે ધ્રુવની ચારે બાજુ ફરે છે તેને મર્કટી કહે છે. આ મર્કટી અને ધ્રુવ જ્યારે બરાબર સમસૂત્રમાં આવે, ત્યારે એક અવલંબ લટકાવવો અને આની દક્ષિણમાં એક દીપક રાખવો, આ દીપકનો અગ્રભાગ, અવલંબ અને ધ્રુવ એ ત્રણે બરાબર સમસૂત્રમાં દેખાય, તો તે ઉત્તરદિશા જાણવી, અથવા દિવસે દિક્‌સાધન કરવું હોય તો સમતલ ભૂમિ ઉપર એક બત્રીશ આંગળના વ્યાસવાળું ગોળચક્ર બનાવવું અને તેની વચમાં મધ્યબિંદુ ઉપર બાર આંગળનાં માપનો એક શંકુ રાખવો, શંકુની છાયા જ્યાં મંડલમાં પ્રવેશ કરે, તે પશ્ચિમ દિશા અને જ્યાં બહાર નીકળે તે પૂર્વદિશા જાણવી, પછી તે પૂર્વ પશ્ચિમ દિશાનાં બન્ને બિંદુથી બે ગોળ બનાવે તો એક મત્સ્યના આકાર જેવી આકૃતિ થાય છે, તેના ઉપર નીચેના બિંદુથી એક રેખા ખેંચીયે તો તે ઉત્તર દક્ષિણ રેખા થાય છે.

આ પ્રકારે પણ દિશાનું વાસ્તવિક જ્ઞાન થતું નથી, કારણ ધ્રુવ ઠીક ઉત્તર દિશામાં નથી, જેથી ધ્રુવ ઘડી વડે દિશાનું જ્ઞાન સ્પષ્ટ કરવું.

**ખાતવિધિ—**

**नागवास्तुं समालोक्य कुर्यात् खातविधिं सुधीः।**
**पाषाणान्तं जलान्तं वा ततः कूर्मं निवेशयेत् ॥२४॥**

વિદ્વાન મનુષ્યે પ્રથમ શેષનાગચક્રનો વિચાર કરીને પછી ખાતમુહૂર્ત કરવું. ખાત કરતાં ભૂમિમાં પાષાણવાળો કઠોર ભાગ અથવા પાણીવાળો ભાગ નીકળે ત્યાં સુધી ખોદવું. પછી તેની ઉપર કૂર્મ (કાચબો) સ્થાપન કરવો ॥ ૨૪ ॥

**નાગવાસ્તુ—**

"कन्यादौ रवितस्त्रये फणिमुखं पूर्वादिसृष्टिक्रमात्।"

ઇત્યાદિ રાજવલ્લભમંડન ગ્રંથમાં અધ્યાય ૧ લો શ્લોક ૨૨ માં લખે છે કે-કન્યા, તુલા અને વૃશ્ચિક રાશિમાં સૂર્ય હોય ત્યારે શેષનાગનું મુખ પૂર્વદિશામાં, ધન, મકર અને કુંભરાશિમાં સૂર્ય હોય ત્યારે દક્ષિણદિશામાં, મીન, મેષ અને વૃષ રાશિનો સૂર્ય હોય

ત્યારે પશ્ચિમદિશામાં, મિથુન, કર્ક અને સિંહ રાશિનો સૂર્ય હોય ત્યારે ઉત્તરદિશામાં શેષનાગનું મુખ રહે છે.

" पूर्वास्येऽनिलखातनं यममुखे खातं शिवे कारये-
च्छीर्षे पश्चिमगे च वह्निखननं सौम्ये खनेन्नैर्ऋते ॥ "

રાજવલ્લભ મંડના અધ્યાય પહેલાનાં શ્લોક ૨૪ માં લખે છે કે-શેષનાગનું મુખ પૂર્વદિશામાં હોય ત્યારે વાયુકોણમાં, દક્ષિણદિશામાં હોય ત્યારે ઈશાન કોણમાં, પશ્ચિમ-દિશામાં હોય ત્યારે અગ્નિકોણમાં અને ઉત્તરદિશામાં મુખ હોય ત્યારે નૈર્ઋત્યકોણમાં ખાત કરવું.

જ્યોતિષશાસ્ત્રનાં મુહૂર્તગ્રંથોમાં બીજા પ્રકારે કહે છે. જુઓ મુહૂર્ત ચિંતામણિનાં વાસ્તુપ્રકરણમાં શ્લોક ૧૯ની ટીકામાં વિશ્વકર્માનું પ્રમાણ આપી લખે છે કે-

" ईशानतः सर्पति कालसर्पो, विहाय सृष्टिं गणयेद्विदिक्षु ।
शेषस्य वास्तोर्मुख मध्यपुच्छं, त्रयं परित्यज्य खनेच्च तुर्यम् ॥ "

શેષનાગ પ્રથમ ઈશાનકોણથી ચાલે છે. તેનાં મુખ, નાભિ અને પૂછડું સૃષ્ટિમાર્ગને છોડીને વિપરીત વિદિશામાં રહે છે. અર્થાત્ ઈશાનકોણમાં મુખ, વાયુકોણમાં નાભિ અને નૈઋત્યકોણમાં પૂંછડું રહે છે. માટે એ ત્રણે વિદિશાઓને છોડીને ચોથો અગ્નિ-કોણ ખાલી રહે છે, તે ઠેકાણે ખાત કરવું જોઈએ.

## રાહુ (શેષનાગ) મુખ—

" देवालये गेहविधौ जलाश्रये, राहोर्मुखं शम्भुदिशो विलोमतः ।
मिनार्कसिंहार्कमृगार्कतस्त्रिभे, खाते मुखात् पृष्ठविदिक्शुभा भवेत् ॥ "

દેવાલયનું ખાતમુહૂર્ત કરતી વખતે રાહુ (શેષનાગ)નું મુખ મીન, મેષ અને વૃષભરાશિમાં સૂર્ય હોય ત્યારે ઈશાનકોણમાં, મિથુન, કર્ક અને સિંહરાશિમાં સૂર્ય હોય ત્યારે વાયુકોણમાં, કન્યા, તુલા અને વૃશ્ચિક રાશિમાં સૂર્ય હોય ત્યારે નૈર્ઋત્યકોણમાં ધન, મકર અને કુંભ રાશિમાં સૂર્ય હોય ત્યારે અગ્નિકોણમાં રહે છે.

ઘરનું ખાતમુહૂર્ત કરતી વખતે રાહુનું મુખ સિંહ, કન્યા અને તુલારાશિમાં સૂર્ય હોય ત્યારે ઈશાનકોણમાં, વૃશ્ચિક ધન અને મકરરાશિમાં સૂર્ય હોય ત્યારે વાયુકોણમાં, કુંભ, મીન અને મેષ રાશિમાં સૂર્ય હોય ત્યારે નૈર્ઋત્યકોણમાં, વૃષ, મિથુન અને કર્ક રાશિમાં સૂર્ય હોય ત્યારે અગ્નિકોણમાં રહે છે.

કૂવા, વાવ, તલાવ આદિ જલાશ્રયનું ખાતમુહૂર્ત કરતી વખતે શેષનાગનું મુખ મકર, કુંભ અને મીન રાશિમાં સૂર્ય હોય ત્યારે ઈશાનકોણમાં, મેષ વૃષભ અને મિથુન રાશિમાં સૂર્ય હોય ત્યારે વાયુકોણમાં, કર્ક, સિંહ અને કન્યારાશિમાં સૂર્ય હોય ત્યારે નૈર્ઋત્યકોણમાં, તુલા, વૃશ્ચિક અને ધનરાશિમાં સૂર્ય હોય ત્યારે અગ્નિકોણમાં રહે છે.

જે દિશામાં રાહુ (શેષનાગ)નું મુખ હોય, તેની પાછલી વિદિશામાં ખાત કરવું જોઈએ, જેમકે–ઈશાનકોણમાં મુખ હોય ત્યારે અગ્નિકોણમાં, વાયુકોણમાં મુખ હોય ત્યારે ઈશાનકોણમાં, નૈર્ઋત્યકોણમાં મુખ હોય ત્યારે વાયુકોણમાં અને અગ્નિકોણમાં મુખ હોય ત્યારે નૈર્ઋત્યકોણમાં ખાત કરવું શુભ છે.

**કૂર્મનું માન—**

अर्द्धाङ्गुलो भवेत् कूर्म एकहस्ते सुरालये ।
अर्द्धाङ्गुला ततो वृद्धिः कार्या तिथिकरावधि ॥२५॥
एकत्रिंशत्करान्तं च तदर्द्धा वृद्धिरिष्यते ।
ततोऽर्द्धापि शतार्द्धान्तं कूर्मो मन्वङ्गुलो भवेत्* ॥२६॥

એક હાથના વિસ્તારવાળા પ્રાસાદને માટે અર્ધા આંગળનો કૂર્મ સ્થાપન કરવો. પછી બે હાથથી પંદર હાથ સુધીના પ્રાસાદમાં દરેક હાથ અર્ધો અર્ધો આંગળ વધારીને કૂર્મ સ્થાપન કરવો. સોલથી એકત્રીશ હાથ સુધીના પ્રાસાદમાં પ્રત્યેક હાથ પા પા આંગળ અને બત્રીશથી પચાસ હાથ સુધીનાં પ્રાસાદમાં પ્રત્યેક હાથ એક એક સૂત વધારીને કૂર્મ સ્થાપન કરવો. આ પ્રમાણે પચાસ હાથના વિસ્તારવાળાં પ્રાસાદમાં ચૌદ આંગળમાં એક સૂત કમ માપનો કૂર્મ થાય છે ॥ ૨૫–૨૬ ॥

**અપરાજિત મતે કૂર્મનું માન—**

"एकहस्ते तु प्रासादे कूर्मः स्याच्चतुरङ्गुलः ।
अर्द्धाङ्गुला भवेद् वृद्धिः प्रतिहस्तं दशावधि ॥
पादवृद्धिः पुनः कुर्याद् विंशतिहस्ततः करे ।
ऊर्ध्वं वै त्रिंशद्धस्तान्तं वसुहस्तैकमङ्गुलम् ॥
ततः परं शतार्द्धान्तं सूर्यहस्तैकमङ्गुलम् ।
अनेन क्रमयोगेन मन्वङ्गुलः शतार्द्धके ॥"

सू. ५२

એક હાથના વિસ્તારવાળા પ્રાસાદમાં ચાર આંગળનો કૂર્મ સ્થાપન કરવો. પછી બેથી દશ હાથ સુધી પ્રત્યેક હાથ અર્ધો આંગળ વધારીને, અગ્યારથી વીશ હાથના

*एक हस्ते सुरागारे शिलावेदाङ्गुला भवेत् ।
अर्द्धाङ्गुला भवेद् वृद्धि–रेकविंशकरान्तकम् ॥२५॥
एकविंशतः षट्त्रिंशं शतार्द्धहस्तकावधि ।
ततोऽर्धापि तदर्धा च तदर्धा वृद्धिरिष्यते ॥२६॥
इति पाठान्तरे ।

* આ ઈંટ અથવા પાષાણની શિલાનું માન જાણવું.

પ્રાસાદ માટે પા પા આંગળ વધારીને, એકવીસથી ત્રીશ હાથના પ્રાસાદ માટે એક એક સૂત વધારીને અને એકત્રીશથી પચાસ હાથના પ્રાસાદ માટે $\frac{3}{4}$ સૂત વધારીને, તે માનનો કૂર્મ સ્થાપન કરવો. આ હિસાબે પચાસ હાથના પ્રાસાદ માટે કંઈક કમ ચૌદ આંગળનો કૂર્મ બને છે.

## અપરાજિત મતે કૂર્મનું બીજું માન—

" एकहस्ते तु प्रासादे कूर्मश्चार्धाङ्गुलः स्मृतः ।
अर्धवृद्धिः प्रकर्त्तव्या पञ्चदशहस्तावधिः ॥
द्वात्रिंशद्धस्तपर्यन्तं पादवृद्धिः प्रकीर्त्तिता ।
तदर्धेन पुनर्वृद्धि–र्मन्वङ्गुलः शतार्धके ॥ "

सूत्र १४३

એક હાથના વિસ્તારવાળા પ્રાસાદને માટે કૂર્મ અરધા આંગળનો, એથી પંદર હાથ સુધીનાં પ્રાસાદ માટે પ્રત્યેક હાથ અરધો અરધો આંગળ વધારીને, સોલથી બત્રીશ હાથ સુધીનાં પ્રાસાદ માટે પ્રત્યેક હાથ પા પા આગળ વધારીને તેત્રીસથી પચાસ હાથ સુધીના પ્રાસાદ માટે પ્રત્યેક હાથ એક એક સૂત વધારીને બનાવવો. આ પ્રમાણે પચાસ હાથના પ્રાસાદને ચૌદ આંગળનાં માનનો કૂર્મ થાય છે.

## ક્ષીરાર્ણવના મતે કૂર્મનું માન—

" शिलायाः पञ्चमांशेन कर्त्तव्यं कूर्ममुत्तमम् ।
सर्वालङ्कारसंयुक्तं दिव्यपुष्पैश्च पूजितम् ॥ "

अ० १०१

ધારણી શિલાનાં પાંચમાં ભાગનો કૂર્મ કરવો તે ઉત્તમ છે. તેને સર્વ પ્રકારના અલંકારો વડે સુશોભિત કરવો અને સુગંધિત પુષ્પો વડે પૂજવો.

## કૂર્મનું જયેષ્ઠ અને કનિષ્ઠ માન—

**चतुर्थांशाधिको ज्येष्ठः कनिष्ठो हीनयोगतः ।**
**सौवर्णो रूप्यजो वापि स्नाप्य पञ्चामृतेन स ॥२७॥**
**तिलैर्यवैस्तथा होम–पूर्णां चैव प्रदापयेत् ॥**

કૂર્મનું જે માન આવ્યું હોય તેમાં તેનો ચોથો ભાગ વધારીને બનાવે તો જ્યેષ્ઠ–માનનો અને કમ કરીને બનાવે તો કનીષ્ઠ માનનો કૂર્મ થાય છે. આ કૂર્મ સોનાનો અથવા રૂપાનો બનાવવો જોઈએ. તેને પંચામૃતથી સ્નાન કરાવીને તથા તિલ અને જવનો પૂર્ણ આહુતિપૂર્વક હોમ કરીને અને વાસ્તુપૂજન કરીને સ્થાપન કરવો ॥ ૨૭ ॥

## શિલા તથા કૂર્મની સ્થાપવાની પ્રથા—

ईशानादग्निकोणाद्वा शिलाः स्थाप्याः प्रदक्षिणाः ।
मध्ये कूर्मशिला पश्चाद् गीतवादित्रमङ्गलैः ॥२८॥
बलिदानं च नैवेद्यं विविधान्नं घृतप्लुतम् ।
देवताभ्यः सुधीर्दद्यात् कूर्मन्यासे शिलासु च ॥२९॥

इति कूर्मस्थापनम् ।

પ્રથમ ઈશાનકોણમાં અથવા અગ્નિકોણમાં શિલાને સ્થાપવી, પછી અનુક્રમે પ્રદક્ષિણ ક્રમથી બધી શિલાઓ સ્થાપવી અને પછી મધ્યમાં કૂર્મશિલા(ધરણી શિલા) ને સ્થાપવી, શિલાઓ અને કૂર્મની સ્થાપના કરતી વખતે માંગલિક ગીતો ગવરાવવાં અને વાંજીત્રો વગડાવવા તથા વાસ્તુપૂજન કરવું. વાસ્તુપૂજનના દેવોને માટે અનેક પ્રકારના ધાન્યનાં બાકુલાઓ અને ઘૃતપૂર્ણ માલપુડાઓ આદિ મીઠાઈઓનું નૈવેદ્ય ચઢાવવું.

## ક્ષીરાર્ણવમતે શિલા સ્થાપવાની પ્રથા—

" नन्दां पुरः प्रदातव्यां शिलाः शेषाः प्रदक्षिणे ।
मध्ये च धरणीं स्थाप्या यथाक्रमं प्रयत्नतः ॥ "

अ. १०१

પ્રથમ નંદા નામની શિલાને સ્થાપવી અને પછી અનુક્રમે ભદ્રાઆદિ શિલાઓને સ્થાપન કર્યા પછી મધ્યમાં ધરણી શિલાને સ્થાપવી.

## શિલાઓનાં નામ—

" नन्दा भद्रा जया रिक्ता अजिता चापराजिता ।
शुक्ला सौभागिनी चैव धरणी नवमी शिला ॥ "

क्षीरार्णवे,

નંદા, ભદ્રા, જયા, રિક્તા, અજિતા, અપરાજિતા, શુકલા, અને સૌભાગિની, એ આઠશિલા દિશાઓની છે, નવમી ધરણી નામની શિલા મધ્ય ભાગની છે.

## અપરાજિત મતે શિલાનાં નામ—

" नन्दा भद्रा जया पूर्णा विजया पञ्चमी शिला ।
मंगला ह्यजिताऽपराजिता च धरणीभवा ॥ "

सू-१५३

નંદા, ભદ્રા, જ્યા, પૂર્ણા, વિજ્યા, મંગલા, અજિતા અને અપરાજિતા એ શિલાના આઠ નામ દિશાના અને વચમાં નવમી ધરણી નામની શિલા છે.

ધરણી શિલાનું માન—

"एकहस्ते तु प्रासादे शिलावेदाङ्गुला भवेत् ।
द्व्यङ्गुला च भवेद् वृद्धि-र्यावच्च दशहस्तकम् ॥
दशोर्ध्वे विंशपर्यन्तं हस्ते हस्ते चैकाङ्गुला ।
अर्द्धाङ्गुला भवेद् वृद्धि-र्यावत्पञ्चाशद्धस्तकम् ॥
तृतीयांशे कृते पिण्डे तदर्धे रूपपातकम् ॥
पुष्पाणि च यथाकारं शिलामध्ये ह्यलङ्कृतम् ॥"

क्षीरार्णवे,

એક હાથના પ્રાસાદ ને ચાર આંગળના માનની શિલા સ્થાપવી, પછી બેથી દશ હાથ સુધીના પ્રાસાદમાં પ્રત્યેક હાથે બે બે આંગળ વધારીને, અગ્યારથી વીશ હાથ સુધીના પ્રાસાદમાં એક એક આંગળ વધારીને અને એકવીશથી પચાસ હાથ સુધીના પ્રાસાદમાં અરધો-અરધો આંગળ વધારીને સ્થાપવી, આ પ્રમાણે પચાસ હાથના પ્રાસાદમાં ૪૭ આંગળનાં માનની શિલા થાય છે. જે શિલાનું માન આવે, તેના ત્રીજે ભાગે જાડી કરવી, તેના અરધે ભાગે શિલાની ઉપર રૂપાં બનાવવાં તથા કમલપુષ્પની આકૃતિઓ કરવી.

જ્ઞાનપ્રકાશ દીપાર્ણવનાં મતે ધરણી શિલાનું માન—

"एकहस्ते तु प्रासादे शिलावेदाङ्गुला भवेत्
षडङ्गुला द्विहस्ते तु त्रिहस्ते ग्रहसंख्यया ॥
द्वादशाङ्गुलं शिलामानं प्रासादे चतुर्हस्तके ।
तृतीयांशोदयः कार्यो हस्ताद्याद् वेदहस्तकम् ॥
चतुर्हस्तादितः कृत्वा यावद् द्वादशहस्तकम् ।
पादोनाङ्गुला च वृद्धि-र्हस्ते हस्ते च दापयेत् ॥
सूर्यहस्तादितः कृत्वा यावच्च जिनहस्तकम् ।
अर्द्धाङ्गुला भवेद् वृद्धि-रुच्छ्र्ये तु नवाङ्गुला ॥
चतुर्विंशादितः कृत्वा यावत् षट्त्रिंशहस्तकम् ।
पादोनाङ्गुला वृद्धिः पिण्डं च द्वादशाङ्गुलम् ॥
षट्त्रिंशादितश्च कृत्वा यावत्पञ्चाशद्धस्तकम् ।
एकाङ्गुला भवेद् वृद्धिः पिण्डं च द्वादशाङ्गुलम् ॥"

એક હાથના પ્રાસાદમાં ચાર આંગળની, બે હાથને છ આંગળની, ત્રણ હાથને નવ આંગળ અને ચાર હાથના પ્રાસાદમાં બાર આંગળની શિલા સ્થાપવી એકથી ચાર હાથ

સુધીના પ્રાસાદ માટે જે માન આવ્યું હોય તેનાં ત્રીજા ભાગે શિલા જાડી કરવી પછી પાંચથી બાર હાથ સુધીના પ્રાસાદ માટે પ્રત્યેક હાથ પોણો પોણો આંગળ વધારીને તેરથી ચોવીશ હાથ સુધીના પ્રાસાદ માટે પ્રત્યેક હાથ અરધો અરધો આંગળ વધારીને બનાવે, અને તેની જાડાઇ નવ આંગળની રાખે. પચીસથી છત્રીસ હાથ સુધીના પ્રાસાદ માટે પોણો પોણો આંગળ, અને સાડત્રીશથી પચાસ હાથ સુધીનાં પ્રાસાદ માટે પ્રત્યેક હાથ એક એક આંગળ વધારીને બનાવે અને તેની જાડાઈ બાર આંગળની રાખે. આ પ્રમાણે પચાસ હાથના પ્રાસાદને સમચોરસ શિલાનું માન ૪૭ આંગળનું થાય છે.

## અપરાજિતપૃચ્છાના મતે શિલાનું માન—

" नवत्यङ्गुलदैर्घ्ये च पृथुत्वे चतुर्विंशतिः ।
द्वादशाङ्गुलपिण्डं च शिलामानप्रमाणतः ॥ "

सूत्र ४७

નેવું આંગળ લાંબી અને ચોવીશ આંગળ પહોળી તથા બાર આંગળ જાડી એ શિલાનું માન જાણવું !

## અપરાજિતપૃચ્છાના મતે શિલાનું બીજું માન—

एकहस्ते च प्रासादे शिला वेदाङ्गुला भवेत् ।
षडङ्गुला द्विहस्ते च त्रिहस्ते च ग्रहाङ्गुला ॥
चतुर्हस्ते च प्रासादे शिला स्याद् द्वादशाङ्गुला ।
तृतीयांशोदयः कार्यो हस्तादौ च युगान्ततः ॥
ततोऽपरेऽष्टहस्तान्तं वृद्धिस्त्र्यङ्गुलतो भवेत् ।
पुनर्द्व्यङ्गुलतो वृद्धिः पञ्चाशद्धस्तकावधि ॥
पादेन चोच्छ्रिता शस्ता तां कुर्यात् पङ्कजान्विताम् ॥ "

सूत्र १५३

એક હાથના પ્રાસાદમાં ચાર આંગળની, બે હાથના પ્રાસાદમાં છ આંગળની, ત્રણ હાથના પ્રાસાદમાં નવ આંગળ અને ચાર હાથના પ્રાસાદમાં બાર આંગળની શિલા સ્થાપવી ચાર હાથ સુધીના પ્રાસાદ માટે જે માન આવે તેના ત્રીજે ભાગે (ચાર આંગળ) જાડી કરવી. પછી પાંચથી આઠ હાથ સુધી પ્રત્યેક હાથ ત્રણ ત્રણ આંગળની અને નવથી પચાસ હાથ સુધીના પ્રાસાદમાં પ્રત્યેક હાથ બે બે આંગળની વૃદ્ધિ કરવી, આ પ્રમાણે પચાસ હાથના પ્રાસાદ માટે ૧૦૮ આંગળની શિલા થાય છે. તે ચોથે ભાગે જાડી કરવી અને કમલની આકૃતિઓથી શોભાયમાન કરવી.

શિલા ઉપરનાં રૂપો—

"लहरं मत्स्यं मण्डूकं मकरीं ग्रासमेव च।
जलसर्पशंखयुक्तं शिलामध्ये स्वलङ्कृतम् ॥"

श्री. १




પાણીની લહેર, માછલી, દેડકું, મઘર, ગ્રાસ, કલશ, સર્પ અને શંખ આદિનાં રૂપો વડે શિલાને શોભાયમાન કરવી.

કૂર્મશિલા ઉપરનાં રૂપો સંબંધમાં સૂત્રધાર વીરપાલ વિરચિત એડાયાપ્રાસાદતિલકનાં અધ્યાય બીજામાં લખે છે કે–

"कूर्ममानमिदं च गर्भरचनाथाग्नौ शिलायां जलं,
याम्ये मीनमुखं च नैर्ऋतदिशि स्थाप्यं तथा दर्दुरम् ।
वारुण्यां मकरश्च वायुदिशि वै ग्रासश्च सौम्ये ध्वनिः;
नागं शंकरदिक्षु पूर्वविषये कुम्भः शिलावहितः"

श्लोक २४

કૂર્મના માનની ગર્ભરચના કહે છે–અગ્નિકોણમાં પાણીની લહેર, દક્ષિણમાં માછલી, નૈઋત્યકોણમાં દેડકું, પશ્ચિમમાં મઘર, વાયુકોણમાં ગ્રાસ, ઉત્તરમાં શંખ ઇશાનમાં સર્પ અને પૂર્વદિશામાં કુંભ એ આકૃતિઓ બનાવવી.

સૂત્રારંભ નક્ષત્ર—

सूत्रारम्भो गृहादीनामुत्तरायां करत्रये ।
ब्राह्मे पुष्ये मृगे मैत्र्ये पौष्णये वासववारुणे ॥३०॥

પ્રાસાદ અને ઘર આદિના સૂત્રનો આરંભ ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદ, હસ્ત, ચિત્રા, સ્વાતિ, રોહિણી, પુષ્ય, મૃગશીર, અનુરાધા, રેવતી, ધનિષ્ઠા, અને શતભિષા, એ નક્ષત્રોમાં કરવો ॥ ૩૦ ॥

શિલાસ્થાપન નક્ષત્ર—

शिलान्यासस्तु रोहिण्यां श्रवणे हस्तपुष्ययोः ।
मृगशीर्षे च रेवत्या–मुत्तरात्रितये शुभः ॥३१॥

રોહિણી, શ્રવણ, હસ્ત, પુષ્ય, મૃગશીર, રેવતી, ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા, અને ઉત્તરાભાદ્રપદ, એટલાં નક્ષત્રોમાં શિલાની સ્થાપના કરવી ॥ ૩૧ ॥

દેવાલય બનાવવાનું સ્થાન—

नद्यां सिद्धाश्रमे तीर्थे पुरे ग्रामे च गह्वरे ।
वापी वाटी तडागादि–स्थाने कार्यं[1] सुरालयम् ॥३२॥

નદીના કિનારે, સિદ્ધપુરૂષોના નિર્વાણસ્થાને, તીર્થભૂમિમાં, નગરમાં, ગામમાં, પર્વતની ગુફાઓમાં, વનમાં, વાવડીના સ્થાને, બગીચામાં, અને તલાવઆદિ પવિત્ર સ્થાને દેવાલય બનાવવાનું ॥ ૩૨ ॥

દેવાલય બનાવવાનાં પદાર્થ—

स्वशक्त्या काष्टमृदिष्ट–काशैलधातु रत्नजम् ।
देवतायतनं कुर्याद् धर्मार्थकाममोक्षदम् ॥३३॥

પોતાની શક્તિ અનુસાર કાષ્ઠ, માટી, ઈંટ, પાષાણ, સુવર્ણ આદિ ધાતુ અથવા રત્ન એટલાં પદાર્થોમાંથી કોઇ એક પદાર્થનું દેવાલય બનાવવું, જેથી ધર્મ, અર્થ કામ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે ॥ ૩૩ ॥

દેવપ્રતિષ્ઠાનું ફલ—

देवानां स्थापनं पूजा पापघ्नं[2] दर्शनादिकम् ।
धर्मवृद्धिर्भवेदर्थः कामो मोक्षस्ततो नृणाम् ॥३४॥

દેવની પ્રતિષ્ઠા, પૂજા અને દર્શન કરવાથી મનુષ્યોનાં સર્વ પાપ નાશ પામે છે. તથા ધર્મની વૃદ્ધિ થાય છે, એ અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. ॥ ૩૪ ॥

દેવાલય બનાવવાનું ફલ—

कोटिघ्नं तृणजे पुण्यं मृन्मये दशसंगुणम् ।
ऐष्टके[3] शतकोटिघ्नं शैले[4]ऽनन्तं फलं स्मृतम् ॥३५॥

દેવાલય ઘાસનું બનાવે તો કરોડ ગણું, માટીનું બનાવે તો દસ કરોડ ગણું, ઇંટોનું બનાવે તો સો કરોડ ગણું અને પાષાણનું બનાવે તો અનંતગણું ફલ થાય છે ॥ ૩૫ ॥

---

१ कार्यः सुरालयः । २ पापहृद् । ३ इष्टके । ४ गृहे ।

वास्तुपूजानां सात स्थान—

कूर्मसंस्थापने द्वारे पद्माख्यायां च पौरुषे ।
घटे ध्वजे प्रतिष्ठाया-मेवं पुण्याहसप्तकम् ॥३६॥

કૂર્મ, દ્વાર, પદ્મશિલા, પ્રાસાદપુરૂષ, કલશ, ધ્વજા અને દેવ, એ સાતની પ્રતિષ્ઠા કરવાનાં સમયે વાસ્તુપૂજન કરવું જોઈએ, એ સાત પુણ્યદિન કહેવાય છે ॥ ૩૬ ॥

શાંતિપૂજાનાં ચૌદ સ્થાન—

भूम्यारम्भे तथा कूर्मे शिलायां सूत्रपातने ।
खुरे द्वारोच्छ्रये स्तम्भे पट्टे पद्मशिलासु च ॥३७॥
शुकनासे च पुरुषे घण्टायां कलशे तथा ।
ध्वजोच्छ्राये[1] च कुर्वीत शान्तिकानि चतुर्दश ॥३८॥

ભૂમિનો આરંભ, કૂર્મશિલાની સ્થાપના, શિલાસ્થાપન સૂત્રપાત (તલનિર્માણ) નો સમય, ખૂરશિલાની સ્થાપના, દ્વારપ્રતિષ્ઠા, સ્તંભ સ્થાપનાનો સમય, પાટ પદ્મશિલા, શુકનાસ, પ્રાસાદ પુરૂષ, આમલસાર, કલશ અને ધ્વજા ચઢાવવાનો સમય, એ ચૌદ કામ કરતી વખતે શાંતિપૂજા અવશ્ય કરવી જોઈએ ॥ ૩૭ ॥ ૩૮ ॥

પ્રાસાદનું માપ—

एकहस्तादि प्रासादाद् यावद्धस्तशतार्द्धकम् ।
प्रमाणं कुम्भके[2] मूल-नासिके भित्तिबाह्यतः ॥३९॥

એક હાથથી પચાસ હાથ સુધીના વિસ્તારવાળા પ્રાસાદનું પ્રમાણ દીવાલની બહાર કુંભાના મૂળનાસક (કોણા) સુધી ગણવું ॥ ૩૯ ॥

મંડોવરનાં થરોનો નિર્ગમ—

कुंभादिस्थावराणां च निर्गमः समसूत्रतः ।
पीठस्य निर्गमो बाह्ये तथैव छाद्यकस्य च ॥४०॥

કુંભાના થરથી લઈ છજ્જાના તલ ભાગ સુધી જેટલાં થરો આવે, તે બધાં થરો સમસૂત્રમાં નીકળતાં રાખવાં જોઇએ. તથા પીઠ અને છાજું થરોની બહાર નીકળતું રાખવું જોઈએ ॥ ૪૦ ॥

१ प्रतिष्ठायां । २ मूले ।

પ્રાસાદની અંગસંખ્યા—

त्रिपञ्चसप्तनवभिः फालनाभिर्विभाजिते ।
प्रासादस्याङ्गसंख्या[1] च वारिमार्गान्तरस्थिताः ॥४१॥

કોણ અને પઢરાઆદિ ફાલનાઓની સંખ્યા ત્રણ, પાંચ, સાત અથવા નવ સુધી હોય છે, તે પ્રાસાદની અંગ સંખ્યા છે અને તે વારિમાર્ગ (ભીંતની બહારની ભૂમિ)ના અંતરાળમાં હોય છે ॥ ૪૧ ॥

ફાલનાઓનું સામાન્ય માપ—

फालना कर्णतुल्या स्याद् भद्रं तु द्विगुणं मतम्[2] ।
सामान्योऽयं विधिस्तुल्यो हस्ताङ्गुलविनिर्गमः ॥४२॥
इतिश्री सूत्रधारमण्डनविरचिते प्रासादमण्डने वास्तुशास्त्रे
मिश्रकलक्षणो नाम प्रथमोऽध्यायः ॥१॥

દરેક ફાલના કોણની બરાબર કરવી જોઈએ અને ભદ્ર કોણાથી બમણું કરવું એવો સામાન્ય નિયમ છે. દરેક ફાલનાનો નીકાળો પ્રાસાદનો વિસ્તાર જેટલા હાથનો હોય તેટલાં આંગળના હિસાબે રાખવો જોઈએ, ॥ ૪૨ ॥

ઇતિશ્રી પ્રાસાદમંડનના મિશ્રલક્ષણ નામના પ્રથમ અધ્યાયની પંડિત ભગવાનદાસ જૈન કૃત સુબોધિની નામની ભાષાટીકા,

સમાપ્ત ॥ ૧ ॥

१ स्थिताः । २ समम् ।

# अथ प्रासादमण्डनस्य द्वितीयोऽध्यायः

---

**જગતિનું સ્વરૂપ—**

**विश्वकर्मोवाच—**

**प्रासादानामधिष्ठानं[1] जगती सा निगद्यते ।**
**यथा सिंहासनं राज्ञः प्रासादस्य तथैव सा[2] ॥१॥**

પ્રાસાદ બનાવવાની જે મર્યાદિત ભૂમિ હોય, તે જગતી કહેવાય. જેમ રાજાનું સિંહાસન રાખવા માટે અમુક સ્થાન મર્યાદિત રાખવામાં આવે છે, તેમ પ્રાસાદ બનાવવા માટે અમુક ભૂમિ મર્યાદિત રાખવામાં આવે છે.

અપરાજિતપૃચ્છા સૂ. ૧૧૫ શ્લો. ૫ માં કહ્યું છે કે—

**' प्रासादो लिङ्गमित्युक्तो जगती पीठमेव च । '**

અર્થાત્ પ્રાસાદ એ શિવલિંગનું સ્વરૂપ છે. જેમ શિવલિંગની ચારો તરફ પીઠિકા છે, તેમ પ્રાસાદને જગતીરૂપ પીઠિકા છે.

**જગતીનો આકાર—**

**चतुरस्रायताष्टास्रा वृत्ता वृत्तायता तथा ।**
**जगती पञ्चधा प्रोक्ता प्रासादस्यानुरूपतः ॥२॥**

સમચોરસ, લંબચોરસ, આઠ કોણાવાળી, ગોળ, અને લંબગોળ. એમ પાંચ આકારવાળી જગતી છે, તેમાં પ્રાસાદનો જેવો આકાર હોય, તેવી જગતી બનાવવી, જો પ્રાસાદ સમચોરસ હોય તો જગતી પણ સમચોરસ અને પ્રસાદ લંબચોરસ હોય તો જગતી પણ લંબચોરસ, એ પ્રમાણે બનાવવી જોઈએ.

**જગતીનું વિસ્તાર માન—**

**प्रासादपृथुमानाच्च त्रिगुणा च चतुर्गुणा ।**
**क्रमात् पञ्चगुणा प्रोक्ता ज्येष्ठा मध्या कनीयसी[3] ॥३॥**

પ્રાસાદના વિસ્તારનાં માનથી ત્રણગુણી, ચારગુણી અથવા પાંચ ગુણી જગતી કરવી, તે અનુક્રમે જયેષ્ઠ, મધ્ય અને કનિષ્ઠ જગતી જાણવી. જેમકે ત્રિગુણી જગતી જયેષ્ઠ, ચાર ગુણી મધ્યમ અને પાંચ ગુણી કનિષ્ઠ માનની જાણવી ॥૩॥

---

१ मा। २ च। ३ कनिष्ठिका।

અપરાજિત પૃચ્છા સૂ૦ ૧૧૫ માં લખે છે કે—

" प्रासादपृथुमानेन द्वि( त्रि ? )गुणा चोत्तमा तथा ।
मध्यमा चतुर्गुणा याधमा पञ्चगुणोच्यते ॥ "

श्लो. १०

પ્રાસાદના વિસ્તારથી ત્રમણી જગતી હોય તો જ્યેષ્ઠ માનની, ચાર ગુણી હોય તો મધ્યમ માનની અને પાંચ ગુણી હોય તો કનિષ્ઠ માનની જગતી કહેવાય.

कन्यसे[1] ज्येष्ठा कनिष्ठा ज्येष्ठे मध्ये च मध्यमा ।
प्रासादे जगती कार्या स्वरूपा लक्षणान्विता ॥४॥

કનિષ્ઠ પ્રાસાદને જ્યેષ્ઠ માનની જગતી, મધ્યમ પ્રાસાદને મધ્યમ જગતી અને જ્યેષ્ઠ પ્રાસાદને કનિષ્ઠ માનની જગતી પ્રાસાદના સ્વરૂપવાળી અને લક્ષણવાળી કરવી ॥૪॥

અપરાજિતપૃચ્છા સૂત્ર ૧૧૫માં લખે છે કે—

" ज्येष्ठा कनिष्ठप्रासादे मध्यमे मध्यमा तथा ।
ज्येष्ठे कनिष्ठा व्याख्याता जगती मानसंख्यया ॥ "

કનિષ્ઠમાનના પ્રાસાદને જ્યેષ્ઠમાનની, મધ્યમમાનના પ્રાસાદને મધ્યમમાનની અને જ્યેષ્ઠ માનના પ્રાસાદને કનિષ્ઠમાનની જગતી બનાવવી કહી છે.

रससप्तगुणाख्याता जिने पर्यायसंस्थिता ।
द्वारिकायां च कर्त्तव्या तथैव पुरुषत्रये ॥ ५ ॥

ચ્યવન, જન્મ, દીક્ષા, જ્ઞાન અને મોક્ષના પરિકરવાળા અર્થાત્ દેવકુલિકાવાળા જિનપ્રાસાદને, દ્વારિકા પ્રાસાદને અને ત્રિપુરૂષ (બ્રહ્મા, વિષ્ણુ અને શિવ) પ્રાસાદને ૭ ગુણી અથવા સાતગુણી જગતી કરવી ॥ ૫ ॥

મંડપની જગતી—

मण्डपानुक्रमेणैव सपादांशेन सार्द्धतः ।
द्विगुणा[2] वायता[3] कार्या सहस्रायतने विधिः ॥ ६ ॥

મંડપને અનુક્રમે સવાયી, ડોઢી અથવા બમણી જગતી કરવી. હજારો પ્રાસાદોમાં આ વિધિ છે ॥ ૬ ॥

१ कनिष्ठे कनिष्ठा ज्येष्ठा । २ भ्रमणी । ३ स्वहस्तायतने ।

ભ્રમણી—

त्रिद्वयेकभ्रमसंयुक्ता ज्येष्ठा मध्या कनिष्ठिका[१]।
उच्छ्रायस्य त्रिभागेन भ्रमणीनां समुच्छ्रयः ॥७॥

જગતીમાં ત્રણ ભ્રમણી હોય તો જ્યેષ્ઠ, બે ભ્રમણી હોય તો મધ્યમ અને એક ભ્રમણી હોય તો કનિષ્ઠ જગતી કહેવાય. જગતીની ઊંચાઈથી ત્રીજે ભાગે ભ્રમણીની ઊંચાઈ કરવી ॥ ૭ ॥

અપરાજિતપૃચ્છા અ. ૧૧૫માં કહ્યું છે કે—

" कनिष्ठे भ्रमणी चैका मध्यमे भ्रमणीद्वयम्।
ज्येष्ठे तिस्रो भ्रमण्यश्च साङ्गोपाङ्गिकसंख्यया "

કનિષ્ઠ જગતી હોય તો એક ભ્રમણી, મધ્યમ જગતી હોય તો બે ભ્રમણી અને જ્યેષ્ઠ જગતી હોય તો ત્રણ ભ્રમણી પોતાના અંગોપાંગવાળી કરવી.

જગતીના કોણની સંખ્યા—

चतुष्कोणैस्तथा सूर्य-कोणैर्विंशतिकोणकैः।
अष्टाविंशति-षट्त्रिंशत्-कोणैः स्युः पञ्चफालनाः ॥८॥

ચાર કોણાવાળી, બારકોણાવાળી, વીશકોણાવાળી અઠ્ઠાવીશ કોણાવાળી અને છત્રીશ કોણાવાળી, એ પાંચ પ્રકારના કોણા વાળી જગતી હોય છે ॥ ૮ ॥

જગતીની ઊંચાઈનું માન—

प्रासादार्द्धार्कहस्तान्ते त्र्यंशा द्वाविंशतिकरे।
द्वात्रिंशे चतुर्थांशा भूतांशोच्चा शतार्द्धके ॥९॥

એકથી બાર હાથના વિસ્તારવાળા પ્રાસાદની જગતીની ઊંચાઈ અર્ધેભાગે, તેરથી બાવીશ હાથના પ્રાસાદની જગતી ત્રીજેભાગે. તેવીશથી બત્રીશ હાથના પ્રાસાદને ચોથેભાગે અને તેત્રીશથી પચાસ હાથના પ્રાસાદને પ્રાસાદના પાંચમે ભાગે જગતીની ઊંચાઈ કરવી. ॥ ૯ ॥

पुनः—

एकहस्ते करेणोच्चा सार्द्धद्व्यंशाश्चतुष्करे।
सूर्यजैनशतार्द्धान्तं क्रमाद् द्वित्रियुगांशकैः ॥१०॥

એક હાથના વિસ્તારવાળા પ્રાસાદની જગતી ઊંચાઈમાં એક હાથ, બે હાથના પ્રાસાદની જગતી દોઢ હાથ, ત્રણ હાથના પ્રાસાદની જગતી બે હાથ અને ચાર હાથના

१ कनीयसी।

પ્રાસાદની જગતીની ઊંચાઇ અઢી હાથની કરવી. પછી પાંચથી બાર હાથ સુધીના પ્રાસાદની જગતી પ્રાસાદનાં [1]અર્ધા ભાગે, તેરથી ચોવીસ હાથના પ્રાસાદની જગતી ત્રીજે ભાગે અને પચીસથી પચાસ હાથના પ્રાસાદની જગતીની ઊંચાઇ પ્રાસાદનાં ચોથે ભાગે કરવી ' આ અપરાજિતનો મત છે જુઓ સૂત્ર ૧૧૫ શ્લોક ૨૩થી ૨૬ ' ॥ ૧૦ ॥

## જગતીની ઊંચાઇનાં થરોનું માન—

तदुच्छ्रयं भजेत् प्राज्ञस्त्वष्टाविंशतिभिः पदैः ।
त्रिपदो जाड्यकुम्भश्च द्विपदं कणकं तथा ॥११॥

पद्मपत्रसमायुक्ता त्रिपदा शिरःपत्रिका ।
द्विपदं खुरकं कुर्यात् सप्तभागं च कुम्भकम् ॥१२॥
कलशस्त्रिपदः प्रोक्तो भागेनान्तरपत्रकम् ।
कपोतालिस्त्रिभागा च पुष्पकण्ठो युगांशकः ॥१३॥
[1]पुष्पकाज्जाड्यकुम्भस्य निर्गमश्चाष्टभिः पदैः ।
कर्णेषु च दिशांपालाः प्राच्यादिषु प्रदक्षिणाः ॥१४॥

જગતીની ઊંચાઇના અઠ્ઠાવીશ ભાગ કરવા, તેમાં ત્રણ ભાગનો જાડ્યકુંભ, બે ભાગની કણી, ત્રણ ભાગની પદ્મપત્ર સાથે ગ્રાસપટ્ટી, બે ભાગનો ખુરો, સાત ભાગનો કુંભો, ત્રણ ભાગનો કલશ, એક ભાગનું અંતરપત્ર, ત્રણ ભાગની કેવાલ, અને ચાર ભાગનો પુષ્પકંઠ બનાવવો. પુષ્પકંઠથી જાડ્યકુંભાનો નિર્ગમ( નીકાળો) આઠ ભાગ રાખવો. જગતીના કોણાઓમાં પૂર્વાદિ સૃષ્ટિક્રમે દિક્પાલોની સ્થાપના કરવી ॥ ૧૧ થી ૧૪ ॥

## જગતીની શોભાના આભૂષણ—

प्राकारैर्मण्डिता कार्या चतुर्भिद्वारमण्डपैः ।
मकरैर्जलनिष्कासैः सोपानैस्तोरणादिभिः ॥१५॥

જગતીની ચારો તરફ ગઢ કરવો. તેની ચારે દિશામાં ચાર દ્વાર મંડપવાળા કરવાં. પાણી નીકળવા માટે મગરના મુખવાળી નાળીઓ કરવી. તથા પગથિયાં અને તોરણોથી શોભાયમાન જગતી કરવી ॥ ૧૫ ॥

---

१ पुष्पको जाड्यकुम्भश्च ।

૧. શિલ્પિઓની માન્યતા છે કે–અહિં પ્રાસાદનું માન લેવું નહિ, પણ ગજનો અરધો, ચોથો કે ત્રીજો ભાગ લેવો, આ કથન વ્યાજબી હોય તેમ લાગતું નથી. કારણ અપરાજિતપૃચ્છા જેવા વાસ્તુશાસ્ત્રના મુખ્ય ગ્રંથમાં મહાપ્રાસાદના ભાગે લેવાનું લખે, છે. જુઓ સૂત્ર ૧૧૫ શ્લોક ૨૫મો,



જગતીનો દ્વાર મંડપ. જગતીનો ઉદય અને તેનાં થરોનો દેખાવ. જગતીના ઉદય ઉપર પ્રાસાદની મહાપીઠ જણાય છે.

मण्डपाग्रे प्रतोल्यग्रे सोपानं शुण्डिकाकृतिम् ।
तोरणं[1] कारयेत्तस्य पदं पदानुसारतः ॥१६॥

મંડપની આગળ અને પ્રતોળી ( પોળ )ની આગળ પગથીયા બનાવવાં, તેની બન્ને બાજુ હાથીની આકૃતિ રાખવી, તથા તોરણ બનાવવું અને પદની અનુસાર પદ રાખવાં ॥ ૧૬ ॥

तोरणस्योभयौ स्तम्भौ विस्तृतौ गर्भमानतः ।
भित्तिगर्भप्रमाणेन तयोर्मध्येऽथवा[2] भवेत् ॥१७॥

તોરણના બન્ને સ્તંભનો મધ્ય વિસ્તાર ગર્ભગૃહના વિસ્તાર પ્રમાણે કરવો, તથા ગર્ભગૃહની દીવાલના ગર્ભનાં માપે અથવા બન્નેના મધ્યના માનથી રાખવો ॥ ૧૭ ॥

वेदिका पीठरूपा च शोभाभिर्बहुभिर्युता ।
विचित्रं तोरणं कुर्याद् दोला देवस्य तत्र च ॥१८॥

આ જગતીરૂપ વેદિકા પ્રાસાદની પીઠરૂપ છે. તેથી અનેક પ્રકારે શોભાયમાન કરવી. તથા તોરણનાં હીંડોલામાં દેવોની આકૃતિઓ બનાવવી ॥ ૧૮ ॥

દેવોના વાહનનું સ્થાન—

प्रासादाद्वाहनस्थाने करणीया चतुष्किका ।
एकद्वित्रिचतुष्पञ्च-रससप्तपदान्तरे ॥१९॥

દેવના વાહન રાખવા માટે ચોકી બનાવવી. તે પ્રાસાદના ગર્ભથી એક, બે, ત્રણ; ચાર, પાંચ, છ અથવા સાત પદના આંતરે બનાવવી. ॥ ૧૯ ॥

મૂર્તિના વાહનનો ઉદય—

अर्चायामे[4] नवांशे तु पञ्चषट्सप्तभागिकः ।
गुह्यनाभिस्तनान्तं वा त्रिविधो वाहनोदयः ॥२०॥

મૂર્તિની ઊંચાઈનાં નવ ભાગ કરવા, તેમાંથી પાંચ, છ અથવા સાત ભાગ જેટલો વાહનનો ઉદય કરવો. તથા મૂર્તિના ગુહ્ય. નાભિ અથવા સ્તન ભાગ સુધી વાહનનો ઉદય કરવો. આ પ્રમાણે ત્રણ ત્રણ પ્રકારનો વાહનનો ઉદય જાણવો ॥ ૨૦ ॥

१ तोरणं विविधं कुर्यात् । २ सीमा ( सम ) मानेन वा भवेत् ४ अर्चाया नवमांशे तु ।

सूत्रः—

पादं जानु कटिं याव-द्दर्चाया वाहनस्य दृक् ।
वृषस्य विष्णुभागान्ते सूर्ये व्योमस्तनान्तकम् ॥२१॥

વાહનનો ઉદય મૂર્તિના ચરણ, જાનુ અથવા કમર સુધી દૃષ્ટિ રહે તે પ્રમાણે કરવો. નંદીનો ઉદય શિવલિંગના વિષ્ણુ ભાગ સુધી અર્થાત્ જલાધારી સુધી અને સૂર્યના વાહનનો ઉદય મૂર્તિના સ્તન સુધી રાખવો ॥ ૨૧ ॥

અપરાજિતપૃચ્છાસૂત્ર ૨૦૮માં કહ્યું છે કે—

"वृषस्य चोच्छ्रयः कार्यो विष्णुभागान्तदृष्टिकः ॥
पादं जानु कटिं याव-दर्चाया वाहनस्य दृक् ।
गुह्यनाभिस्तनान्तं वा सूर्ये व्योमस्तनान्तकम् ॥
विलोमे कुरुते पीडा-मधोदृष्टिः सुखक्षयम् ।
स्थानं हन्यादूर्ध्वदृष्टिः स्वस्थाने मुक्तिदायिका ॥"

નંદીની ઊંચાઇ શિવલિંગના વિષ્ણુભાગ સુધી દૃષ્ટિ રહે તે પ્રમાણે કરવી. મૂર્તિઓનાં વાહનની દૃષ્ટિ ચરણ; જાનુ અથવા કમર સુધી રાખવી, અથવા મૂર્તિના ગુહ્ય, નાભિ અને સ્તન સુધી દૃષ્ટિ રાખવી. સૂર્યના વાહનની દૃષ્ટિ મૂર્તિના સ્તન સુધી રાખવી. જે સ્થાનમાં દૃષ્ટિ રાખવાનું કહેલ છે. તે સ્થાનમાં ન હોય તો દુઃખ કારક છે. ઉપરોક્ત સ્થાનથી નીચી દૃષ્ટિ રહે તો સુખનો નાશ કરે અને ઊંચી દૃષ્ટિ રહે તો સ્થાનની હાની થાય. તે માટે કહેલ સ્થાનમાંજ વાહનની દૃષ્ટિ રહે તે મુક્તિના સુખને દેવાવાલી છે.

જિનપ્રાસાદના મંડપોનો ક્રમ—

जिनाग्रे समोसरणं शुकाग्रे गूढमण्डपः ।
गूढस्याग्रे चतुष्किका तदग्रे नृत्यमण्डपः ॥२२॥

જિનદેવના પ્રાસાદની આગળ સમવસરણ કરવું. શુકનાસિકાની આગળ ગૂઢમંડપ, ગુઢમંડપની આગળ ચોકીમંડપ અને ચોકીમંડપની આગળ નૃત્યમંડપ કરવો ॥ ૨૨ ॥

જિનપ્રાસાદની દેવકુલિકાનો ક્રમ—

द्विसप्तभिर्द्विबाणैर्वा चतुर्विंशतितोऽपि वा ।
जिनालये चतुर्दिक्षु सहितं जिनमन्दिरम् ॥२३॥

જિનપ્રાસાદની ચારે દિશામાં બોંતેર, બાવન અથવા ચોવીસ દેવકુલિકા મૂળમંદિર સહિત હોય એવો જિનપ્રાસાદ બનાવવો. ॥ ૨૩ ॥

પરમજૈન ચન્દ્રાંગજ ઠક્કુર 'ફેરૂ' વિરચિત વાસ્તુસારના ત્રીજા પ્રકરણમાં દેવકુલિકાનો ક્રમ બતાવેલ છે. જેમકે—

**બાવન દેવકુલિકા—**

" चउतीसं वाम दाहिण नव पुट्ठि अट्ठ पुरओ अ देहरयं ।
मूलपासाय एगं बावण्णजिनालये एवं ॥ "

જિનપ્રાસાદની ડાબી તરફ સત્તર અને જમણી તરફ સત્તર, પાછળ નવ અને આગળ આઠ, એ પ્રમાણે કુલ એકાવન અને એક મુખ્ય પ્રાસાદ મળી બાવન દેવકુલિકાનો ક્રમ ગણાય છે. તે બાવન જિનાલય કહેવાય છે.

**બોંતેર દેવકુલિકા**

" पणवीसं पणवीसं दाहिणवामेसु पिट्ठि इग्गारं ।
दह अग्गे नायव्वं इअ बहत्तरि जिणिंदालं ॥ "

જિનપ્રાસાદની ડાબી તરફ પચીસ અને જમણી બાજુ પચીસ, પાછળ અગિઆર અને આગળ દશ, એ પ્રમાણે કુલ એકોતેર દેવકુલિકા અને એક મુખ્ય પ્રાસાદ મળીને બોંતેર જિનાલય કહેવાય છે.

**ચોવીસ દેવકુલિકા—**

" अग्गे दाहिण वामे अट्ठट्ठ जिणिंदगेह चउवीसं ।
मूलसिलागाउ कमं पकीरए जगइ-मज्झम्मि ॥ "

મુખ્ય જિનપ્રાસાદની સામે, જમણી અને ડાબી, એ ત્રણ દિશામાં અનુક્રમે આઠ આઠ દેવકુલિકા બનાવે તો ચોવીસ જિનાલય થાય છે. એ બધી દેવકુલિકાઓ જગતીની અંદર બનાવવી. પ્રાસાદની પાછળનો ભાગ ખાલી રાખવો.

**मण्डपाद् गर्भसूत्रेण वामदक्षिणयोर्दिशोः ।
अष्टापदं प्रकर्त्तव्यं त्रिशाला वा बलाणकम् ॥२४॥**

જિનપ્રાસાદના ગૂઢ મંડપના ગર્ભસૂત્રમાં ડાબી અને જમણી તરફ અષ્ટાપદની (અથવા સમવસરણ કે મેરૂ પર્વતની) રચના કરવી. તથા સન્મુખ ત્રિશાલા કરવી અથવા બલાણક બનાવવું ॥ ૨૪ ॥

**રથ અને મઠનું સ્થાન—**

**अपरे रथशाला च मठं याम्ये प्रतिष्ठितम् ।
उत्तरे रथरन्ध्रं च प्रोक्तं श्रीविश्वकर्मणा ॥२५॥**

દેવાલયની પાછળ રથશાલા, દક્ષિણમાં મઠ (ધર્મગુરૂનું સ્થાન) અને ઉત્તરમાં રથરંધ્ર (રથનું પ્રવેશ દ્વાર) બનાવવું. એમ શ્રી વિશ્વકર્માએ કહ્યું છે ॥ ૨૫ ॥

जगती तादृशी कार्या प्रासादो यादृशो भवेत् ।
भिन्नच्छन्दा न कर्त्तव्या प्रासादासनसंस्थिता ॥२६॥

—इति प्रासादजगती ।

જેવાં આકારનો પ્રાસાદ હોય તેવા આકારની જગતી કરવી જોઇએ. પણ પ્રાસાદથી જુદા આકારની કરવી નહિ, કારણ કે જગતી પ્રાસાદનું આસન છે. ॥ ૨૬ ॥

**જગતીમાં અન્ય પ્રાસાદ—**

अग्रतः पृष्ठतश्चैव वामदक्षिणयोर्दिशोः ।
प्रासादं कारयेदन्यं नाभिवेधविवर्जितम् ॥२७॥

મુખ્ય દેવાલયની સામે, પાછળ, ડાબી બાજુ, જમણી બાજુ જો બીજો પ્રાસાદ બનાવવો હોય તો નાભિવેધ ( મુખ્ય દેવાલયનો ગર્ભ ) છોડીને બનાવવો ॥ ૨૭ ॥

**શિવલિંગની સામે અન્યદેવ—**

लिङ्गाग्रे तु न कर्त्तव्या अर्चारूपेण देवताः ।
प्रभा नष्टा न भोगाय यथा तारा दिवाकरे ॥२८॥

શિવલિંગની સામે કોઈપણ બીજા દેવની મૂર્તિની સ્થાપના કરવી નહિ. કારણ કે જેમ સૂર્યનાં તેજથી તારાઓનું તેજ નષ્ટ થાય છે, તેમ તે દેવની પ્રભા નષ્ટ થાય છે, જેથી તે દેવ સુખસમૃદ્ધિ આદિ ભોગ વસ્તુ આપી શકતા નથી ॥ ૨૮ ॥

**દેવની સામે સ્વદેવ—**

शिवस्याग्रे शिवं कुर्याद् ब्रह्माणं ब्रह्मणोऽग्रतः ।
विष्णोरग्रे भवेद्विष्णु–र्जिने[1] जिनो रवौ रविः ॥२९॥

શિવની સામે શિવ, બ્રહ્માની સામે બ્રહ્મા, વિષ્ણુની સામે વિષ્ણુ, જિનદેવની સામે જિનદેવ, અને સૂર્યની સામે સૂર્ય, આ પ્રમાણે સ્વજાતીય દેવ સ્થાપવામાં આવે તો દોષ નથી ॥ ૨૯ ॥

**દેવીની સામે દેવ—**

" चण्डिकाग्रे भवेन्माता यक्षः क्षेत्रादिभैरवः ।
ज्ञेयास्तेषामभिमुखे ये येषां च हितैषिणः ॥ "

अप० सू० १०८ ।

ચંડિકા દેવીની સામે માતૃદેવતા, યક્ષ, ક્ષેત્રપાલ અને ભૈરવ આદિ દેવોને સ્થાપિત કરે તો દોષ નથી, કારણ કે તેઓ પરસ્પર હિતેચ્છુ છે.

---

१, 'जिनो जैने' । 'जिने दोषो न विद्यते' ।

દૃષ્ટિવેધ—

**ब्रह्मा विष्णुरेकनाभि-र्द्वाभ्यां दोषो न विद्यते ।**
**शिवस्याग्रेऽन्यदेवानां दृष्टिवेधे महद्भयम् ॥३०॥**

બ્રહ્મા અને વિષ્ણુ એ બન્ને દેવ એક નાભી હોય અર્થાત્ તેનાં દેવાલયો પરસ્પર સામે હોય તો દોષ નથી. પરંતુ શિવની સામે બીજા દેવો હોય તો દૃષ્ટિવેધ થાય, તેથી મોટો ભય ઉત્પન્ન થાય ॥ ૩૦ ॥

દૃષ્ટિવેધનો પરિહાર—

**प्रसिद्धराजमार्गस्य प्राकारस्यान्तरेऽपि वा ।**
**स्थापयेदन्यदेवांश्च तत्र दोषो न विद्यते ॥३१॥**

શિવાલય અને બીજા દેવોનાં દેવાલયની વચમાં પ્રસિદ્ધ પબ્લિક રસ્તો હોય અથવા દિવાલ હોય તો પરસ્પર દૃષ્ટિ વેધનો દોષ નથી ॥ ૩૧ ॥

શિવસ્નાનોદક—

**शिवस्नानोदकं गूढ-मार्गे *चण्डमुखे क्षिपेत् ।**
**दृष्टं न लङ्घयेत्तत्र[1] हन्ति पुण्यं पुराकृतम् ॥३२॥**



ચંડનાથગણદેવ શિવસ્નાનોદક પીવે છે.

શિવનું સ્નાનજલ ગુપ્ત માર્ગે ચંડગણના મુખમાં પડે, તે પ્રમાણે સ્નાનજલ નીકળવાની નાળી ગુપ્ત રાખવી. શિવસ્નાન જલ ઉપર કોઈની દૃષ્ટિ પડવી જોઈએ નહિ અને તેનું ઉલ્લંઘન પણ કરવું જોઈએ નહિ, કારણ કે સ્નાનજલ જોવાથી કે તેનું ઉલ્લંઘન કરવાથી પૂર્વકૃત પુણ્યનો નાશ થાય છે ॥ ૩૨ ॥

* ચંડનામનું સ્વરૂપ અપરાજિતપૃચ્છાસૂત્ર ૨૦૮ માં લખેલું છે કે—

'સ્થૂલ શરીરવાળો, ભયંકર મુખવાળો, ઉર્ધ્વાસન બેઠેલો અને બન્ને હાથે સ્નાનજલનું પાન કરતો છે.' આવું સ્વરૂપ બનાવીને પીઠિકાના જલ સ્થાન નીચે સ્થાપન કરવામાં આવે છે, જેથી સ્નાનજલ તેનાં મુખમાં થઈને બહાર નીકળે, તે જલનું કદાચ ઉલ્લંઘન થઈ જાય તો દોષ માનવામાં આવતો નથી. તેવું શિલ્પિઓ કહે છે.

१ 'स्नानं'।

### દેવોની પ્રદક્ષિણા—

एका चण्ड्या रवेः सप्त तिस्रो दद्याद् विनायके ।
चतस्रो विष्णुदेवस्य[1] शिवस्यार्धा प्रदक्षिणा ॥३३॥

ચંડીદેવીને એક, સૂર્યને સાત, ગણેશને ત્રણ, વિષ્ણુને ચાર અને મહાદેવને અરધી પ્રદક્ષિણા કરવી જોઈએ ॥ ૩૩ ॥

अग्रतो जिनदेवस्य स्तोत्रमन्त्रार्चनादिकम् ।
कुर्यान्न दर्शयेत्पृष्ठं सम्मुखं द्वारलङ्घनम् ॥३४॥

જિનદેવની સામે મુખ કરીને સ્તોત્ર, મંત્ર અને પૂજન કરવું જોઈએ અને બહાર નીકળતી વખતે પીઠ દેખાડીને નીકળવું નહિ, પણ પાછા પગલે દ્વારનું ઉલ્લંઘન કરવું જોઈએ ॥ ૩૪ ॥

### પરનાળી (જલમાર્ગ)—

पूर्वापरमुखे द्वारे प्रणालं शुभमुत्तरे ।
इति शास्त्रविचारोऽय-मुत्तरास्या न देवताः ॥३५॥

પૂર્વ અને પશ્ચિમ દિશાનાં દ્વારવાળા પ્રાસાદની નાળી ઉત્તર દિશામાં રાખવી. કોઈ પણ દેવનું ઉત્તર દિશામાં એટલે દક્ષિણાભિમુખ રહે. તે પ્રમાણે સ્થાપિત કરવાં નહિ, એવો શાસ્ત્રનો નિયમ છે ॥ ૩૫ ॥

### અપરાજિતપૃચ્છા અધ્યયન ૧૦૮માં લખે છે કે—

"पूर्वापरं यदा द्वारं प्रणालं चोत्तरे शुभम् ।
प्रशस्तं शिवलिङ्गाना-मिति शास्त्रार्थनिश्चयः ॥"

પૂર્વ અને પશ્ચિમ દિશાના દ્વારવાળા પ્રાસાદની નાળી ઉત્તર દિશામાં કરવી શુભ છે. શિવલિંગને માટે તો આ નિયમ વિશેષ પ્રશંસનીય છે, એવો શાસ્ત્રનો નિયમ છે.

"अर्चानां मुखपूर्वाणां प्रणालं वामतः शुभम् ।
उत्तरास्या न विज्ञेया अर्चारूपेण देवताः ॥"

अ० सू० १०८

જો દેવોનું મુખ પૂર્વાભિમુખ હોય તો તેની ડાબી બાજુ નાળી કરવી શુભ છે. ઉત્તર દિશામાં (દક્ષિણાભિમુખ) કોઈ દેવને સ્થાપવાં નહિ.

१ 'वासुदेवस्य' ।

" जैनमुक्ताः समस्ताश्च याम्योत्तरक्रमैः स्थिताः ।
वामदक्षिणयोगेन कर्त्तव्यं सर्वकामदम् ॥ "

અ० સૂ० ૧૦૮

જિનદેવોનાં પ્રાસાદ દક્ષિણ અને ઉત્તર દિશાભિમુખ પણ બને છે. તે પ્રાસાદોની નાળી દક્ષિણાભિમુખ પ્રાસાદની નાળી ડાબી બાજુ અને ઉત્તરાભિમુખ પ્રાસાદની નાળી દક્ષિણ બાજુએ કરવી શુભદાયક છે. અર્થાત્ પૂર્વ દિશામાં રાખવી.

**સૂત્રધાર નાથા કૃત વાસ્તુમંજરીમાં લખે છે કે—**

" पूर्वापरास्यप्रासादे नालं सौम्ये प्रकारयेत् ।
तत्पूर्वे याम्यसौम्यास्ये मण्डपे वामदक्षिणे ॥ "

પૂર્વ અને પશ્ચિમ દિશાભિમુખ પ્રાસાદની નાળી ઉત્તરમાં કરવી. દક્ષિણ અને ઉત્તરાભિમુખ પ્રાસાદની નાળી પૂર્વદિશામાં કરવી. મંડપમાં ડાબી અને જમણી બન્ને દિશામાં નાળી કરવી.

**મંડપમાં સ્થાપિત દેવોની નાળી—**

**मण्डपे ये स्थिता देवा-स्तेषां वामे च दक्षिणे ।
प्रणालं कारयेद् धीमान् जगत्यां च चतुर्दिशम् ॥३६॥**

મંડપમાં જે દેવો સ્થાપિત કરેલા હોય, તેના સ્નાનજલની નાળી ડાબી અને જમણી બાજુ બનાવવી. અર્થાત્ મૂલનાયકની ડાબી બાજુ સ્થાપિત દેવોની નાળી ડાબી બાજુ અને જમણી બાજુ સ્થાપિત દેવોની નાળી જમણી બાજુ કરવી અને જગતીની ચારે દિશામાં નાળી બનાવવી ॥ ૩૬ ॥

" वामे वामं प्रकुर्वीत दक्षिणे दक्षिणं शुभम् ।
मण्डपादिषु प्रतिमा येषु युक्त्या विधीयते ॥ "

અ० સૂ० ૧૦૮

મંડપ આદિમાં જે પ્રતિમા સ્થાપિત હોય. તે મૂલનાયકની ડાબી બાજુ હોય તો નાળી ડાબી બાજુ અને જમણી બાજુ હોય તો નાળી પણ જમણી બાજુ કરવી.

**પૂર્વ અને પશ્ચિમાભિમુખ દેવ—**

**पूर्वापरास्यदेवानां कुर्यान्नो[१] दक्षिणोत्तरम् ।
ब्रह्मविष्णुशिवार्केन्द्र-गुहाः पूर्वापराङ्मुखाः ॥३७॥**

१ मुखं नो ।

પૂર્વ અને પશ્ચિમ દિશાભિમુખ વાળા દેવોનાં મુખ ઉત્તર અથવા દક્ષિણ દિશામાં કરવાં નહિ બ્રહ્મા, વિષ્ણુ, શિવ, સૂર્ય, ઇંદ્રિ અને કાર્તિકેય એ દેવ પૂર્વ અને પશ્ચિમ મુખવાળા છે. તેથી તેઓનું મુખ પૂર્વ અથવા પશ્ચિમ દિશામાં રહે, તેવી રીતે સ્થાપિત કરવાં જોઈએ ॥ ૩૭ ॥

नगराभिमुखाः श्रेष्ठा मध्ये बाह्ये च देवताः ।
गणेशो धनदो लक्ष्मीः पुरद्वारे सुखावहाः ॥३८॥

નગરની મધ્ય અને બહાર સ્થાપિત કરેલાં દેવોનાં મુખ નગરની સામે રાખવાં જોઈએ. તે શુભદાયક છે. ગણેશ કુબેર અને લક્ષ્મીદેવી, એ નગરનાં દરવાજે સ્થાપિત કરવાં સુખકારક છે ॥ ૩૮ ॥

દક્ષિણાભિમુખ દેવ—

विघ्नेशो भैरवश्चण्डी नकुलीशो ग्रहास्तथा ।
मातरो धनदश्चैव शुभा दक्षिणदिङ्मुखाः ॥३९॥

ગણેશ, ભૈરવ, ચંડી, નકુલીશ, નવગ્રહ, માતૃ દેવતા, અને કુબેર, એ દેવો દક્ષિણાભિમુખવાળા છે ॥ ૩૯ ॥

વિદિશાભિમુખ દેવ—

नैर्ऋत्याभिमुखः कार्यो हनुमान् वानरेश्वरः ।
अन्ये विदिङ्मुखा देवा न कर्त्तव्या कदाचन ॥४०॥

इति देवानां दृष्टिदोषदिग्विभागः ।

વાનરેશ્વર હનુમાનનું મુખ નૈર્ઋત્ય કોણની સામે રાખી શકાય છે. બાકી બીજા કોઈ દેવનું મુખ વિદિશા (કોણ)માં રાખવું જોઈએ નહિ ॥ ૪૦ ॥

સૂર્યાયતન—

सूर्यो गणेशो विष्णुश्च चण्डी शम्भुः प्रदक्षिणे ।
भानोर्गृहे ग्रहास्तस्य गणा द्वादश मूर्त्तयः ॥४१॥

इति सूर्यायतनम् ।

સૂર્યના પંચાયતન દેવોમાં-મધ્યમાં સૂર્ય, તેની પ્રદક્ષિણાના અનુક્રમે ગણેશ, વિષ્ણુ, ચંડી અને મહાદેવને સ્થાપિત કરવા. તથા નવગ્રહ અને બાર ગણોની મૂર્તિઓ સ્થાપિત કરવી ॥ ૪૧ ॥

**ગણેશાયતન—**

**गणेशस्य गृहे तद्वचण्डी शम्भुर्हरी रविः ।**
**मूर्त्तयो द्वादशान्येऽपि गणाः स्थाप्या हिताश्च ये ॥४२॥**

इति गणेशायतनम् ।

ગણેશના પંચાયતન દેવોમાં–મધ્યમાં ગણેશ, તેની પ્રદક્ષિણ ક્રમે ચંડીદેવી, મહાદેવ, વિષ્ણુ અને સૂર્યદેવને સ્થાપવા તથા બાર ગણોની મૂર્તિઓ સ્થાપવી. તે હિતકારક છે ॥ ૪૨ ॥

**વિષ્ણુ પંચાયતન—**

**विष्णोः प्रदक्षिणेनैव गणेशोऽर्कोऽम्बिका शिवः ।**
**गोप्यस्तस्यावतारस्य मूर्त्तयो द्वारिका तथा ॥४३॥**

इति विष्णवायतनम् ।

વિષ્ણુના પંચાયતન દેવોમાં—મધ્યમાં વિષ્ણુને સ્થાપવા, પછી તેની પ્રદક્ષિણ ક્રમે ગણેશ, સૂર્ય, ચંડીદેવી. અને મહાદેવને સ્થાપવા. તથા ગોપીઓ અને અવતારોની મૂર્તિઓ તથા દ્વારિકા નગરીને સ્થાપિત કરવી. ॥ ૪૩ ॥

**દેવી પંચાયતન—**

**चण्ड्याः शम्भुर्गणेशोऽर्को विष्णुः स्थाप्यः प्रदक्षिणे ।**
**मातरो मूर्त्तयो देव्या योगिन्यो भैरवादयः ॥४४॥**

इति चण्डिकायतनम् ।

ચંડિકાના પંચાયતન દેવોમાં–મધ્યમાં ચંડીદેવીને સ્થાપિત કરીને તેની જમણી બાજુથી અનુક્રમે મહાદેવ, ગણેશ, સૂર્ય અને વિષ્ણુને સ્થાપવા. તથા માતૃ દેવતા, ચોસઠ યોગિની અને ભૈરવ આદિ દેવોની મૂર્તિઓ સ્થાપવી ॥ ૪૪ ॥

**શિવ પંચાયતન—**

**शम्भोः सूर्यो गणेशश्च चण्डी विष्णुः प्रदक्षिणे ।**
**स्थाप्याः सर्वे शिवस्थाने दृष्टिवेधविवर्जिताः ॥४५॥**

इति शिवायतनम् ।

શિવના પંચાયતન દેવોમાં–મધ્યમાં શિવને સ્થાપવા, પછી તેની જમણી બાજુથી અનુક્રમે સૂર્ય, ગણેશ, ચંડી, અને વિષ્ણુને સ્થાપિત કરવા. પણ તે દૃષ્ટિવેધને છોડીને સ્થાપવા ॥ ૪૫ ॥

त्रिदेव स्थापन क्रम—

रुद्रस्त्रिपुरुषे मध्ये रुद्राद्वामगतो हरिः।
दक्षिणाङ्गे भवेद् ब्रह्मा विपर्यासे भयावहः ॥४६॥

त्रिपुरुष ( त्रिदेव ) प्रासादमां मध्यमां महादेव, तेनी डाबी बाजु विष्णु अने जमणी बाजु ब्रह्माने स्थापवा. आथी विपरीत ( उलटा ) स्थापित करे तो भय दायक थाय छे. ॥४६॥

त्रिदेवोनुं न्युनाधिक मान—

रुद्रवक्त्रत्रिभागोनो हरिरर्द्धं पितामहः।
तत्तुल्या पार्वतीदेवी सुखदा सर्वकामदा ॥४७॥

इति त्रिपुरुषन्यासः।

इतिश्रीप्रासादमण्डने सूत्रधारमण्डनविरचिते वास्तुशास्त्रे
जगतीदृष्टिदोषायतनाधिकारे द्वितीयोऽध्यायः ॥२॥

शिवना मुखना त्रण भाग करीने, तेनां बे भागनी ऊंचाई सुधी विष्णुनी ऊंचाइ राखवी अने विष्णुना अर्धा मुख सुधी ब्रह्मानी ऊंचाई राखवी. ब्रह्मानी ऊंचाई बराबर पार्वतीदेवीनी ऊंचाई राखवी. आ नियम सुखदायक अने सर्व ईच्छितफलने देवावाळो छे ॥ ४७ ॥

अपराजितपृच्छा सूत्र १३६मां विशेष बतावे छे के—

" ब्रह्मा विष्णुस्तथा रुद्र–स्त्वेकस्मिन् वा पृथग्गृहे।
भूयो न्यूनन्यूनतश्च रुद्रो हरिः पितामहः ॥
अंशोनश्च हराद्विष्णु–र्विष्णोरर्द्धं पितामहः।
वामदक्षिणयोगेन मध्ये रुद्रं च स्थापयेत् ॥
संस्थाप्य च शुभं कर्त्ता नृपाद्याः सुजनाः प्रजाः।
प्रकर्त्तव्यं त्यज विप्राद्याः समे यान्ति समन्वितम् ? ॥
ताभ्यां ह्रस्वो यदा रुद्रः क्षयो राज्ञि जने मृतिः।
राष्ट्रक्षोभो नृपयुद्धं ब्रह्माविष्णू समौ यदा ॥
अनावृष्टिर्जने मारि–र्ब्रह्महस्वे जनार्दने।
विपर्यये नृपाद्याश्च अस्वस्था भ्रमति प्रजा ॥ "

બ્રહ્મા, વિષ્ણુ, અને મહાદેવ એ ત્રણે એક પ્રાસાદમાં અથવા જુદા જુદા પ્રાસાદમાં સ્થાપી શકાય છે. જો એક જ પ્રાસાદમાં એ ત્રણે સ્થાપવા હોય તો મહાદેવ થી કમ વિષ્ણુ અને વિષ્ણુ ની કમ બ્રહ્માની ઊંચાઈ રાખવી. મહાદેવથી એક ભાગ કમ વિષ્ણુની ઊંચાઈ અને વિષ્ણુની ઊંચાઈથી અરધો ભાગ કમ બ્રહ્માની ઊંચાઇ રાખવી. વિષ્ણુને ડાબી બાજુ અને બ્રહ્માને જમણી બાજુ તથા વચમાં મહાદેવને સ્થાપવા. આ પ્રમાણે સ્થાપવાથી રાજા અને પ્રજાને શુભદાયક થાય છે. જો એ ત્રણે દેવ બરાબર માપના હોય તો બ્રાહ્મણ આદિ પોતાના કર્ત્તવ્યથી રહિત થાયે. વિષ્ણુ બ્રહ્મા એ બન્ને દેવથી મહાદેવની ઊંચાઈ કમ હોય તો રાજા પ્રજાનો વિનાશ, બ્રહ્મા અને વિષ્ણુની ઊંચાઈ બરાબર હોય તો દેશમાં ભય અને રાજાઓનાં યુદ્ધ થાય. બ્રહ્માની ઊંચાઇથી વિષ્ણુની ઊંચાઈ કમ હોય તો દેશમાં અનાવૃષ્ટિ અને મનુષ્યોમાં રોગ થાય. તે માટે શાસ્ત્રાનુસાર માપ પ્રમાણે બનાવે, પણ વિપરીત કરે તો રાજા પ્રજા સુખી રહે નહિ.

॥ ઇતિ પ્રાસાદમંડનના બીજા અધ્યયનની પંડિત ભગવાનદાસ જૈન વિરચિત સુબોધિની નામની ભાષા ટીકા સમાપ્ત ॥ ૨ ॥

# अथ प्रासादमण्डनस्य तृतीयोऽध्यायः

**પ્રાસાદ ધારિણીશિલા (ખરશિલા)—**

**अतिस्थूला सुविस्तीर्णा प्रासादधारिणी शिला ।**
**अतीवसुदृढा कार्या इष्टिका[1]चूर्णवारिभिः ॥१॥**

પ્રાસાદને ધારણ કરવાવાલી ખર*નામની શિલા અતિસ્થૂલ અને સારી વિસ્તારવાળી બનાવવી. તે ઈંટ, ચૂના અને પાણીથી મજબૂત કરવી. ॥ ૧ ॥

**ખરશિલાનું માન અપરાજિતપૃચ્છા સૂ. ૧૨૩માં લખે છે કે—**

" प्रासादच्छन्दमस्योर्ध्वे दृढखरशिलोत्तमा ।
एकहस्ते पादहस्ता पश्चान्तेऽङ्गुलवृद्धितः ॥
अर्द्धाङ्गुलं तदूर्ध्वे तु नवान्तं सुदृढोत्तमा ।
पादवृद्धिं पुनर्दद्याद् हस्ते हस्ते तथा पुनः ॥
हस्तानां त्रिंशतिर्यावद्-दर्द्धपादा तदूर्ध्वतः ।
त्रिंशत्यङ्गुलपिण्डा च शतार्द्धे तु खरा शिला ॥ "

પ્રાસાદ તલ (જગતીના દાશા)ની ઉપર ઘણી મજબૂત અને સારી ખરશિલા (ખરશલ) બનાવે. તે એક હાથના વિસ્તારવાળા પ્રાસાદને છ આંગળ જાડી બનાવે. બે થી પાંચ હાથના પ્રાસાદને પ્રત્યેક હાથ એક એક આંગળ, છ થી નવ હાથના પ્રાસાદને પ્રત્યેક હાથ અરધો અરધો આંગળ, દશ થી ત્રીશ હાથના પ્રાસાદને પ્રત્યેક હાથ પા પા આંગળ અને એકત્રીશથી પચાસ હાથના પ્રાસાદને પ્રત્યેક હાથ એક એક સૂત વધારીને બનાવે. આ પ્રમાણે પચાસ હાથના પ્રાસાદને લગભગ વીશ આંગળ જાડી ખરશિલા બનાવે.

---

[1] इष्टका । *જગતીનાં દાશાની ઉપર અને ભિટ્ટની નીચે જે મજબૂત થર કરવામાં આવે છે તેને ખરશિલા કહેવામાં આવે છે.

ક્ષીરાર્ણવ અ. ૧૦૨માં લખે છે કે--

" प्रथममिट्टस्याधस्तात् पिण्डो वर्ण ( कूर्म ? ) शिलोत्तमा ।
तस्य पिण्डस्य चार्धेन खरशिला पिण्डमेव च ॥ "

પહેલા ભિટ્ટની નીચે કૂર્મશિલાની જાડાઈથી અરધા માનની ખરશિલાની જાડાઈ કરવી.

ભિટ્ટનું માન--

शिलोपरि भवेद् भिट्ट-मेकहस्ते युगाङ्गुलम् ।
अर्द्धाङ्गुला भवेद् वृद्धि-र्यावद्धस्तशतार्द्धकम् ॥२॥

ખરશિલાની ઉપર ભિટ્ટ નામનો થર કરવો, તે એક હાથના વિસ્તારવાળા પ્રાસાદને ચાર આંગળના ઉદયવાળો ભિટ્ટ કરવો, પછી પ્રત્યેક હાથ અરધા અરધા આંગળની વૃદ્ધિ પચાસ હાથ સુધી કરવી ॥ ૨ ॥

મતાન્તરે ભિટ્ટનું માન--

अङ्गुलेनांशहीनेन अर्धेनार्धेन च क्रमात् ।
पञ्चदिग्विंशतिर्याव-च्छतार्द्धं च विवर्द्धयेत् ॥३॥

પ્રથમ એક હાથના વિસ્તારવાળા પ્રાસાદને ચાર આંગળના ઉદયવાળો ભિટ્ટ બનાવવો. પછી બે થી પાંચ હાથ સુધીના પ્રાસાદને એક એક આંગળ, છ થી દશ હાથ સુધીના પ્રાસાદને પોણો પોણો આંગળ, અગ્યારથી વીશ હાથ સુધીના પ્રાસાદને પ્રત્યેક હાથ અરધા અરધા આંગળની અને એકવીશથી પચાસ હાથ સુધીના પ્રાસાદને પ્રત્યેક હાથ પા પા આંગળની વૃદ્ધિ કરીને ભિટ્ટનો ઉદય કરવો+ ॥૩॥

ભીટનો નીકાળો--

एकद्वित्रीणि भिट्टानि हीनहीनानि कारयेत् ।
स्वस्वोदयप्रमाणस्य चतुर्थांशेन निर्गमः ॥४॥

इति भिट्टः ।

ઉપર લખ્યા મુજબ ભીટનો જે ઉદય આવ્યો હોય, તેમાં અનુક્રમે એક, બે અથવા ત્રણ ભિટ્ટ કરવાં, તે એક બીજાથી ઊંચાઈમાં કમ કરવાં તથા પોતપોતાના ઉદયનાં ચોથે ભાગે નીકળતાં રાખવાં. ॥ ૪ ॥

+ આ મત અપરાજિત પૃચ્છા અને ક્ષીરાર્ણવ ગ્રંથને મળતો છે. તથા સૂત્રધાર રાજસિંહકૃત વાસ્તુરાજમાં પણ આ પ્રમાણે છે.

ક્ષીરાર્ણવના મતાનુસાર સૂત્રધાર રાજસિંહ કૃત વાસ્તુરાજમાં લખે છે કે—

"युगांशहृस्वं द्वितीयं तदर्धोच्चं तृतीयकम् ।"

પ્રથમ ભિટ્ટથી બીજો ભિટ્ટ પોણો અને ત્રીજો ભિટ્ટ અરધો નિર્ગમમાં કરવો. એ ભિટ્ટ પુષ્પોની આકૃતિવાળા કરવાં.

પીઠનું ઉદયમાન—

पिठमर्धं त्रिपादांशै-रेकद्वित्रिकरे गृहे ।
चतुर्हस्ते त्रिसार्द्धांशं पादांशं पञ्चहस्तके ॥५॥
दशविंशतिषट्त्रिंश-च्छतार्द्धं हस्तकावधिः ।
वृद्धिर्वेदत्रियुग्मेन्दु-संख्या स्यादङ्गुलैः क्रमात् ॥६॥
पञ्चांशं हीनमाधिक्य-मेकैकं तु त्रिधा पुनः ।

ભિટ્ટની ઉપર પીઠ કરવી, તેનું ઉદયમાન આ પ્રમાણે છે-એક હાથના વિસ્તારવાળા પ્રાસાદની પીઠનો ઉદય બાર આંગળ, બે હાથના પ્રાસાદની પીઠ સોળ આંગળ, ત્રણ હાથના પ્રાસાદની પીઠ અઢાર આંગળ, ચાર હાથના પ્રાસાદની પીઠ સાડા ત્રણ ભાગ (સાડી સત્યાવીશ આંગળ,)* પાંચ હાથના પ્રાસાદની પીઠ ચોથે ભાગે (ત્રીશ આંગળ) ઉદયમાં કરવી. છ થી દશ હાથ સુધીના પ્રાસાદની પીઠ ચાર ચાર આંગળ, અગ્યારથી વીશ હાથ સુધીના પ્રાસાદની પીઠ ત્રણ ત્રણ આંગળ, એકવીશથી છત્રીશ હાથ સુધીના પ્રાસાદની પીઠ બે બે આંગળ, અને સાડત્રીસથી પચાસ હાથ સુધીના પ્રાસાદની પીઠ એક એક આંગળ વધારીને કરવી. ॥ ૬ ॥

પીઠનું જે માન આવ્યું હોય તેનો પાંચમો ભાગ ઉદયમાં કમ કરે તો કનિષ્ઠમાનની અને વધારે તો જયેષ્ઠ માનની પીઠ થાય છે. જયેષ્ઠ મધ્ય અને કનિષ્ઠ એ પ્રત્યેકના ત્રણ ત્રણ ભેદ થાય છે. જેમકે-જયેષ્ઠ માનની પીઠનો પાંચમો ભાગ જયેષ્ઠામાં વધારે તો જયેષ્ઠ જયેષ્ઠ, કમ કરે તો જયેષ્ઠ કનિષ્ઠ અને ભાગ કર્યા વિનાનું જે જયેષ્ઠ માન આવ્યું હોય તે જયેષ્ઠ મધ્યમ કહેવાય. આ પ્રમાણે મધ્યમ જયેષ્ઠ, મધ્યમ મધ્યમ, મધ્યમ કનિષ્ઠ તથા કનિષ્ઠ જયેષ્ઠ, કનિષ્ઠ મધ્યમ અને કનિષ્ઠ કનિષ્ઠ ત્રણ ત્રણ ભેદ દરેકના જાણવાં,

ક્ષીરાર્ણવનાં મતાનુસાર પીઠનાં ઉદયનું માન—

" एकहस्ते तु प्रासादे पीठं वै द्वादशाङ्गुलम् ।
हस्तादिपञ्चपर्यन्तं स्मृता पञ्चाङ्गुला करे ॥

*અપરાજિત પૃચ્છા સૂત્ર ૧૨૩માં અરધી, તૃતીયાંશ અને ચતુર્થાંશમાનની લખે છે.

पञ्चोर्ध्वं दशपर्यन्तं वृद्धिर्वेदाङ्गुला भवेत् ।
दशोर्ध्वं विंशपर्यन्तं हस्ते चैवाङ्गुलत्रया ॥
विंशोर्ध्वं षट्त्रिंशान्तं वृद्धिस्त्वेवमङ्गुलद्वया ।
षट्त्रिंशोर्ध्वं शतार्द्धान्तं हस्तहस्तैकमङ्गुला ॥ "

अध्य० ३

એક હાથના પ્રાસાદની પીઠનો ઉદય બાર આંગળ કરવો, પછી બે થી પાંચ હાથ સુધીના પ્રાસાદને પ્રત્યેક હાથ પાંચ આંગળ, છ થી દશ હાથ સુધીના પ્રાસાદને પ્રત્યેક હાથ ચાર ચાર આંગળ, અગ્યારથી વીશ હાથ સુધીના પ્રાસાદને પ્રત્યેક હાથ ત્રણ ત્રણ આંગળ, એકવીશથી છત્રીશ હાથ સુધીના પ્રાસાદને પ્રત્યેક હાથ બે બે આંગળ અને સાડત્રીશ થી પચાસ હાથ સુધીના પ્રાસાદને પ્રત્યેક હાથ એક એક આંગળ વધારીને પીઠનો ઉદય કરવો.

### અપરાજિતપૃચ્છાના મતે પીઠનું ઉદયમાન--

" एकहस्ते तु प्रासादे पीठं वै द्वादशाङ्गुलम् ।
द्वयष्टाङ्गुलं द्विहस्ते च त्रिहस्तेऽष्टादशाङ्गुलम् ॥
अर्द्धं पादं त्रिभागं वा त्रिविधं परिकल्पयेत् ।
त्र्यंशेनार्धेन पादेन चतुर्हस्ते सुरालये ॥
पादं पीठोच्छ्रयं कार्यं प्रासादे पञ्चहस्तके ।
पञ्चोर्ध्वं दशपर्यन्तं रसांशं हस्तवृद्धये ॥
ततो हस्ते चाष्टमांशा वृद्धिः स्याद् द्वादशावधि ।
षट्त्रिंशदन्तं वृद्धिस्तु हस्ते वै द्वादशांशिका ॥
चतुर्विंशत्यंशिका तदूर्ध्वं यावच्छतार्धकम् । "

सू० १२३

એક હાથના વિસ્તારવાળા પ્રાસાદને પીઠનો ઉદય બાર આંગળ, બે હાથના પ્રાસાદને સોલ આંગળ અને ત્રણ હાથના પ્રાસાદને પીઠનો ઉદય અઢાર આંગળનો કરવો અર્થાત્ એક હાથના પ્રાસાદને અરધે ભાગે, બે હાથના પ્રાસાદને ત્રીજે ભાગે, અને ત્રણ હાથના પ્રાસાદને ચોથે ભાગે, પીઠનો ઉદય કરવો. ચાર હાથના પ્રાસાદને અરધે, ત્રીજે અથવા ચોથે ભાગે, પીઠનો ઉદય કરવો. પાંચ હાથનો પ્રાસાદને ચોથે ભાગે (ત્રીશ આંગળ) પીઠનો ઉદય કરવો. છ થી દશ હાથ સુધીના પ્રાસાદને પ્રત્યેક હાથ છઠો ભાગ, (ચાર-આંગળ), અગ્યારથી વીશ હાથના પ્રાસાદને પ્રત્યેક હાથ આઠમો ભાગ, (ત્રણ આંગળ)

એકવીશથી છત્રીશ હાથના પ્રાસાદને પ્રત્યેક હાથ બારમો ભાગ, (બે આંગળ) અને સાડત્રીશથી પચાસ હાથના પ્રાસાદને પ્રત્યેક હાથ ચોવીસમો ભાગ (એક આંગળ) વધારીને પીઠનો ઉદય કરવો.

વસુનંદિકૃત પ્રતિષ્ઠા સારમાં લખે છે કે—

" प्रासादविस्तारार्धेन स्वोच्छ्रितं पीठमुत्तमम् ।
मध्यमं पादहीनं स्यादुत्तमार्धेन कन्यसम् ॥ "

પ્રાસાદના વિસ્તારથી અરધા ભાગે પીઠનો ઉદય કરવો, તે ઉત્તમપીઠ છે. આ ઉત્તમ પીઠના ચાર ભાગ કરી તેનાં ત્રણ ભાગ પીઠનો ઉદય કરવો તે મધ્યમ પીઠ અને બે ભાગનો ઉદય કરવો તે કનિષ્ઠ પીઠ કહેવાય.

પીઠના ઉદયનાં થરોનું માન—

त्रिपञ्चाशत् समुत्सेधे द्वाविंशत्यंशनिर्गमे ॥७॥
नवांशो जाड्यकुम्भश्च ससांशा[1] कर्णिका[2] भवेत् ।
सान्तरालं कपोतालिः सप्तांशा ग्रासपट्टिका ॥८
सूर्यदिग्वसुभागैश्च गजवाजिनराः क्रमात् ।
वाजिस्थानेऽथवा कार्यं स्वस्वदेवस्य[3] वाहनम् ॥९

જે માનની પીઠ બનાવી હોય, તેનાં ઉદયનાં ત્રેપન ભાગ કરવાં. તેમાંનાં બાવીશ ભાગ પીઠનાં નિર્ગમનાં કરવાં. ઉદયના ત્રેપન ભાગમાં નવ ભાગનો જાડયંબો, અંતરાલ( અંધારી) સાથે સાત ભાગની કર્ણિકા, અને કપોતાલી ( છાજલી ) સાથે ગ્રાસપટ્ટી ભાગ સાતની, આની ઉપર બાર ભાગનો ગજથર, દશ ભાગનો અશ્વથર અને આઠ ભાગનો નરથર કરવો. અશ્વથરને ઠેકાણે દેવના વાહનનો પણ થર કરી શકાય છે. ॥ ૭-૮-૯ ॥



મહાપીઠ

१ सप्तांशं । २ कणकं । ३ स्वं स्वं

**થરોનું નિર્ગમ માન—**

पञ्चांशा कर्णिकाग्रे तु निर्गमो जाड्यकुम्भकः ।
त्रिसार्द्धा कर्णिका सार्द्धा चतुर्भिर्ग्रासपट्टिका ॥१०॥
कुञ्जराश्वनरा वेदा रामयुग्मांशनिर्गमाः ।
अन्तरालमधस्तेषा-मूर्ध्वाधः कर्णयुग्मकम् ॥११॥

કર્ણિકાના અગ્રભાગથી પાંચ ભાગ નીકળતો જાડંબો, ગ્રાસપટ્ટીથી આગળ નીકળતી કર્ણિકા સાડાત્રણ ભાગ, ગજથરથી આગળ નીકળતી ગ્રાસપટ્ટિકા સાડા ચાર ભાગ, અશ્વથરથી ગજથરનો નિર્ગમ ચાર ભાગ, નરથર થી અશ્વથરનો નિર્ગમ ત્રણ ભાગ, અને ખુરાથી નરથરનો નિર્ગમ બે ભાગ રાખવો. આ પ્રમાણે પીઠના નિર્ગમના બાવીસ ભાગ થાય છે. આ ગજઆદિ થરોની વચમાં અંતરાલ રાખવો અને તે અંતરાલની ઉપર અને નીચે બે બે કર્ણિકાઓ કરવી. ॥ ૧૦ ॥ ૧૧ ॥

**કામદપીઠ અને કણપીઠ (સાધારણપીઠ)—**

गजपीठं विना स्वल्प-द्रव्ये पुण्यं महत्तरम् ।
जाड्यकुम्भश्च कर्णाली[1] ग्रासपट्टी तदा भवेत् ॥१२॥
कामदं कणपीठं[2] च जाड्यकुम्भश्च कर्णिका ।
लतिने निर्गमं हीनं सान्धारे निर्गमाधिकम् ॥१३॥



કામદપીઠ



કણપીઠ

१. कणालि. २. कणालिका ।

ગજ આદિ થરોવાળી પીઠને ગજપીઠ કહે છે. એવી પીઠ બનાવવામાં દ્રવ્ય અધિક ખર્ચ થાય છે, તેથી પોતાની શક્તિ અનુસાર ઓછા ખર્ચે સાધારણ પીઠ બનાવે તો પણ મહાન પુણ્ય થાય છે. તે માટે ગજ, અશ્વ આદિ થરો વિનાની જાડંબો, કણી અને કેવાળની સાથે ગ્રાસપટ્ટીવાળી પીઠ બનાવે, તે કામદપીઠ કહેવાય છે. જાડંબો અને કણી એ બે થરવાથી પીઠ બનાવવામાં આવે તે કણપીઠ કહેવાય છે, લતિન જાતિના પ્રાસાદની પીઠનો નિર્ગમ કમ હોય છે અને સાંધાર જાતિના પ્રાસાદની પીઠનો નિર્ગમ અધિક હોય છે ॥ ૧૨-૧૩ ॥

सर्वेषां पीठमाधारः पीठहीनं निराश्रयम् ।
पीठहीनं विनाशाय प्रासादभुवनादिकम् ॥१४॥

इति पीठमानम् ।

પ્રાસાદ અને ગૃહ આદિ દરેકને પીઠનો આધાર છે. પીઠ ન હોય તો એ નિરાધાર કહેવાય, માટે પ્રાસાદ અને ઘર આદિ પીઠ રહિત હોય તો તેનો જલદી વિનાશ થાય છે ॥ ૧૪ ॥

## પ્રાસાદનું ઉદયમાન ( મંડોવર )—

हस्तादिपञ्चपर्यन्तं विस्तारेणोदयः समः ।
स क्रमान्नवसप्तेषु-रामचन्द्राङ्गुलाधिकः ॥१५॥
पञ्चादिदशपर्यन्तं त्रिंशद्यावच्छतार्द्धकम् ।
हस्ते हस्ते क्रमाद् वृद्धि-र्मनुसूर्यनवाङ्गुला ॥१६॥

એક થી પાંચ હાથ સુધીના વિસ્તારવાળા પ્રાસાદનો ઉદય વિસ્તાર પ્રમાણે કરવો, પણ તેમાં અનુક્રમે નવ, સાત, પાંચ ત્રણ અને એક આંગળની વૃદ્ધિ કરવી. જેમકે- પ્રાસાદનો વિસ્તાર એક હાથ હોય તો તેનો ઉદય એક હાથ અને નવ આંગળ ( કુલ ૩૩ આંગળ ), બે હાથના પ્રાસાદનો ઉદય બે હાથ અને સાત આંગળ ( કુલ ૫૫ આંગળ ), ત્રણ હાથના પ્રાસાદનો ઉદય ત્રણ હાથ અને પાંચ આંગળ ( કુલ ૭૭ આંગળ), ચાર હાથના પ્રાસાદનો ઉદય ચાર હાથ અને ત્રણ આંગળ ( કુલ ૯૯ આંગળ), અને પાંચ હાથના પ્રાસાદનો ઉદય પાંચ હાથ અને એક આંગળ ( કુલ ૧૨૧ આંગળ )નો કરવો. પછી છ થી દશ હાથના પ્રાસાદનો ઉદય પ્રત્યેક હાથના ચૌદ ચૌદ આંગળ, અગ્યાર થી ત્રીશ હાથના પ્રાસાદનો ઉદય પ્રત્યેક હાથ બાર બાર આંગળ અને એકત્રીશ થી પચાસ હાથના પ્રાસાદનો ઉદય પ્રત્યેક હાથ નવ નવ આંગળ વધારીને કરવો. આ પ્રમાણે પચાસ હાથના પ્રાસાદની કુલ ઊંચાઇ પચીસ હાથ અને અગ્યાર આંગળની થાય છે. આ ઉદયમાન અપરાજિતપૃચ્છા સૂત્ર ૧૨૬ પ્રમાણે છે.

બીજી રીતે પ્રાસાદના ઉદયનું માન—

एकहस्तादिपञ्चान्तं पृथुत्वेनोदयः समः ।
हस्ते सूर्याङ्गुलावृध्धि-र्यावत् त्रिंशत्करावधिः ॥१७॥
नवाङ्गुला करे वृध्धि-र्यावद्धस्तशतार्द्धकम् ।
पीठोर्ध्वं उदयश्चैवं छाद्यान्ते नागरादिषु ॥१८॥

એક થી પાંચ હાથના વિસ્તારવાળા પ્રાસાદનો ઉદય વિસ્તાર પ્રમાણે કરવો. છ થી ત્રીશ હાથ સુધીના પ્રાસાદનો ઉદય પ્રત્યેક હાથ બાર બાર આગળ અને એકત્રીશ થી પચાસ હાથ સુધી પ્રત્યેક હાથ નવ નવ આંગળ વધારીને ઉદય કરવો. આ નાગરાદિ પ્રાસાદનો ઉદય પીઠની ઉપર ખુરાથી લઈ છજ્જાના અંત સુધી જાણવો ॥ ૧૭ ૧૮॥

શ્રી ક્ષીરાર્ણવનાં મતાનુસાર પ્રાસાદનું ઉદયમાન—

" एकहस्ते तु प्रासादे त्रयस्त्रिंशाङ्गुलोदयः ।
द्विहस्ते तूदयः कार्यो हस्तद्वयः सप्ताङ्गुलः ॥
त्रिहस्ते च यदा माना-दधिकश्च पञ्चाङ्गुलः ।
चतुर्हस्तोदयः कार्यं एकेनाङ्गुलेनाधिकः ॥
विस्तरेण समः कार्यः पञ्चहस्तोदये भवेत् ।
षड्हस्ते तूदयः कार्यो न्यूनौ द्वावङ्गुलौ तथा ॥
उदयः सप्तहस्ते च न्यूनः सप्ताङ्गुलस्तथा ।
अष्टहस्तोदयः कार्यः षोडशाङ्गुलहीनकः ॥
हीन एकोनत्रिंशः स्यात् प्रासादे नवहस्तके ।
दशहस्तेषूदयः कार्योऽष्टहस्तप्रमाणतः ॥
सपाददशहस्तश्च प्रासादे दशपञ्चके ।
विंशहस्तोदये कार्यः सार्धद्वादशहस्तकः ॥
पञ्चविंशोदये ज्ञेयः पादोनदशपञ्चकः ।
त्रिंशहस्ते महाप्राज्ञः सप्तदशोदयस्तथा ॥
सपादैकोनविंशतिः पञ्चत्रिंशे मुनीश्वरः ।
व्योमवेदे यदा हस्ते सार्धः स्यादेकविंशतिः ॥
चतुर्विंशतिः पादोनः पञ्चचत्वारिंशद्धस्तके ।
शताद्धोंदये मानं तु हस्ताः स्युः पञ्चविंशतिः ॥ "

પ્રાસાદનો વિસ્તાર એક હાથ હોય તો ૩૩ આંગળ, બે હાથનો હોય તો ૫૫ આંગળ, ત્રણ હાથનો હોય તો ૭૭ આંગળ, ચાર હાથનો હોય તો ૯૭ આંગળ, પાંચ હાથનો હોય તો પાંચ હાથ, છ હાથનો હોય તો પાંચ હાથ અને ૨૨ આંગળ, સાત હાથનો હોય તો છ હાથ અને ૧૭ આંગળ, આઠ હાથનો હોય તો સાત હાથ અને આઠ આંગળ, નવ હાથનો હોય તો સાત હાથ અને ૧૯ આંગળ, દશ હાથનો હોય તો આઠ હાથ, પંદર હાથનો હોય તો દશ હાથ અને છ આંગળ, વીશ હાથનો હોય તો બાર હાથ અને બાર આંગળ, પચીસ હાથનો હોય તો ચૌદ હાથ અને ૧૮ આંગળ, ત્રીશ હાથનો હોય તો ૧૭ હાથ, પાંત્રીશ હાથનો હોય તો ૧૯ હાથ અને છ આંગળ, ચાલીશ હાથનો હોય તો ૨૧ હાથ અને ૧૨ આંગળ, પીસ્તાલીશ હાથનો હોય તો ૨૩ હાથ અને ૧૮ આંગળ, અને પચાસ હાથનો હોય તો ૨૫ હાથનો ઉદય કરવો.

**પ્રાસાદના ઉદયમાનથી પીઠનું ઉદયમાન—**

**एकविंशत्यंशभक्ते प्रासादस्य समुच्छ्रये ।**
**पञ्चादिनवभागान्तं पीठस्य पञ्चधोदयः ॥१९॥**

પ્રાસાદના ઉદયના એકવીશ ભાગ કરવાં, તેમાંથી પાંચ, છ, સાત, આઠ અથવા નવ ભાગ જેટલો પીઠનો ઉદય કરવો. આ પાંચ પ્રકારનો પીઠનો ઉદય જાણવો ॥૧૯॥

**મંડોવર (દીવાલ)નાં ઉદયનાં થરોનું માન—**

**वेदवेदेन्दुभक्ते तु छाद्यान्तं पीठमस्तकात् ।**
**खुरकः पञ्चभागः स्याद् विंशतिः कुम्भकस्तथा ॥२०॥**
**कलशोऽष्टौ द्विसार्धं तु कर्त्तव्यमन्तरालकम् ।**
**कपोतिकाष्टौ मञ्ची च कर्त्तव्या नवभागिका ॥२१॥**
**पञ्चत्रिंशत्पदा[१] जङ्घा तिथ्यंशैरुद्गमो भवेत् ।**
**वसुभिर्भरणी कार्या दिग्भागैश्च शिरावटी[२] ॥२२॥**
**अष्टांशोर्ध्वा कपोतालि-र्द्विसार्धमन्तरालकम् ।**
**छाद्यं त्रयोदशांशोच्चं दशभागैर्विनिर्गमः ॥२३॥**

इति मंडोवरः ।

પીઠની ઉપર ખુરાથી છજ્જાના અંત સુધી મંડોવર (દીવાલ)ના ઉદયના એકસો-ચુમ્માલીશ (૧૪૪) ભાગ કરવાં. તેમાં પાંચ ભાગનો ખુરો, વીશ ભાગનો કુંભો, આઠ

१ त्रिंशत्पञ्चयुता । २ शिरापट्टी दशांशिका ।



૧૪૪ ભાગનો મડોવર

ભાગનો કલશ, અઢી ભાગનું અંતરાલ, આઠ ભાગની કેવાલ, નવ ભાગની માંચી, પાંત્રીશ ભાગની જંઘા, પંદર ભાગનો ઉદ્દગમ (દોઢીયો), આઠ ભાગની ભરણી, દશ ભાગની શિરાવટી, આઠ ભાગની કપોતાલી, અઢી ભાગનું અંતરાલ અને તેર ભાગનો છજ્જાનો ઉદય કરવો. તથા છજ્જાનો નીકાળો દશ ભાગનો કરવો. ॥ ૨૦ થી ૨૩ ॥

આ ૧૪૪ ભાગનાં મંડોવરનાં થરોમાં જે રૂપો કરવામાં આવે છે, તેનું વર્ણન અપરાજિતપૃચ્છા સૂત્ર ૧૨૭ પ્રમાણે જ્ઞાન પ્રકાશ દીપાર્ણવમાં નીચે પ્રમાણે છે—

"खुरकः पञ्चभागस्तु विंशतिः कुम्भकस्तथा ।
पूर्वमध्यापरे भागे ब्रह्मविष्णुरुद्रादयः ॥
त्रिसन्ध्या भद्रे शोभाढ्या (वि)चित्रपरिकरैर्वृताः ।
नासके रूपसंघाटा दलगर्भे रथिकोत्तमा ॥
मृणालपत्रं शोभाढ्यं स्तम्भिका तोरणान्विता ।"

પીઠની ઉપર ખુરો પાંચ ભાગ અને કુંભો વીશ ભાગ કરવો, કુંભામાં બ્રહ્મા. વિષ્ણુ અને મહાદેવનાં સ્વરૂપો કરવાં. એ ત્રણ દેવોમાં, એક મધ્યમાં, અને એક, એક તેની પડખે રાખવાં. ભદ્રના કુંભામાં ત્રણ સંધ્યાદેવી પરિવાર સાથે બનાવવી. કોણાના કુંભામાં અનેક રૂપો કરવાં. ભદ્રના મધ્ય ગર્ભમાં સુંદર રથિકા (ગવાક્ષ) કરવી. કમલનાં પત્રોની આકૃતિઓ કરવી અને તોરણવાલી થાંભલીઓ કરવી.

"कलशो वसुभागस्तु सार्धद्वौ चान्तःपत्रकम् ॥
वसुभिश्च कपोतालि-र्मञ्चिका नवभागिका ।
पञ्चत्रिंशदुच्छ्रिता च जङ्घा कार्या विचक्षणा ? ॥
भ्रमनिर्वाणतैः स्तम्भै-र्नासकोपाङ्गफालनाः ।
मूलनासकसर्वेषु स्तम्भाः स्युश्चतुरस्रकाः ॥
गजैः सिंहैर्व्यालैश्च मकरैः समलङ्कृताः ।"

આઠ ભાગનો કલશ, અઢી ભાગનું અંતરપત્ર, આઠભાગનો કેવાલ, નવ ભાગની માંચી અને પાંત્રીશ ભાગની જંઘા કરવી. કોણા અને ઉપાંગની ફાલનાઓની જંઘામાં ભ્રમવાલા સ્તંભો કરવાં. બધાં મુખ્ય કોણાઓમાં સમચોરસ સ્તંભો કરવાં, તથા હાથી, સિંહ, ગ્રાસમુખ અને મઘરનાં રૂપોથી શોભાયમાન કરવાં.

"कर्णेषु च दिक्पालाष्टौ प्राच्यादिषु प्रदक्षिणे ॥
नाटयेशः पश्चिमे भद्रे अन्धकेश्वरो दक्षिणे ।
चण्डिका उत्तरे देव्यो दंष्ट्रामुविकृताननाः ॥

प्रतिरथे तस्य देव्यः कर्त्तव्याश्च दिशाम्पतेः ।
वारिमार्गे मुनीन्द्राश्च प्रलीनाः तपःसाधने ॥
गवाक्षाकारो भद्रेषु कुर्यान्निर्गमभूषितः । ''

કોણાની જંઘામાં આઠ દિક્પાલ પૂર્વાદિ પ્રદક્ષિણ દિશાના ક્રમે રાખવાં. પશ્ચિમ ભદ્રની જંઘામાં નટરાજ, દક્ષિણ ભદ્રની જંઘામાં અંધકેશ્વર અને ઉત્તર દિશાના ભદ્રની જંઘામાં ભયંકર દાંતવાળી અને વિકરાળ મુખવાલી ચંડિકા દેવી રાખવી. પ્રતિરથનાં ભદ્રમાં દિગ્પાલોની દેવીઓ રાખવી. વારિમાર્ગમાં તપ સાધનામાં લીન એવાં ઋષિઓ રાખવાં. ભદ્રનાં ગવાક્ષો બહાર નીકળતા રાખવા.

ચારપ્રકારની જંઘા—

" नागरी च तथा लाटी वैराटी द्राविडी तथा ॥
शुद्धा तु नागरी ख्याता परिकर्मविवर्जिता ।
स्त्रीयुग्मसयुता लाटी वैराटी पत्रसङ्कुला ॥
मञ्जरी बहुला कार्या जंघा च द्राविडी सदा ।
नागरी मध्यदेशेषु लाटी लाटे प्रकीर्तिता ॥
द्राविडी दक्षिणे देशे वैराटी सर्वदेशजा । ''

નાગરી, લાટી, વૈરાટી અને દ્રાવિડી, એ ચાર પ્રકારની જંઘા છે. તેમાં નાગરી જંઘા રૂપગરની અને શુદ્ધ છે. લાટી જંઘા સ્ત્રીયુગલવાલી છે. વૈરાટી જંઘા કમલના પત્રોવાલી છે. અને દ્રાવિડી જંઘા મંજરી (શૃંગોવાલી) છે. મધ્ય પ્રદેશમાં નાગરી, લાટ દેશમાં લાટી, દક્ષિણ દેશમાં દ્રાવિડી અને સર્વ દેશોમાં વૈરાટી જંઘા પ્રસિદ્ધ છે.

" उद्गमः पञ्चदशांशैः कपिग्रासैरलङ्कृतः ॥
भरणी वसुभागा तु शिरावटी पञ्चैव च ।
तदूर्ध्वं पञ्चभिः पट्टं कपोतालिर्वसु स्मृता ॥
द्विसार्धमन्तःपत्रं च त्रिदशं कूटछाद्यकम् ।
निर्गमं वसुभागे तु मेर्वादीनामतः शृणु ॥ ''

પંદર ભાગનો દોઢીઓ કરવો, તેમાં વાંદરાનાં અને ગ્રાસનાં રૂપો બનાવવા, આઠ ભાગની ભરણી, પાંચ ભાગની શિરાવટી, તેની ઉપર પાંચ ભાગનો પાટ, આઠ ભાગનો કેવાલ, અઢી ભાગનું અંતરપત્ર, અને તેર ભાગનું છાજું કરવું, તેનો નીકાળો આઠ ભાગ રાખવો.



बेलूर के सोमनाथपुरम् का एक द्राविड प्रासाद के मंडोवर ( दीवार ) और पीठ की अनुपम कलाकृति



अनुपम कारीगरी वाला मेरु मंडोवर
जैन मंदिर-आबू

મેરૂ મંડોવરના ઉદયનું માન—

मेरुमण्डोवरे मञ्ची भरण्यूर्ध्वेऽष्टभागिका ।
पञ्चविंशतिका जङ्घा उद्गमश्च त्रयोदश ॥२४॥
अष्टांशा भरणी शेषं पूर्ववत् कल्पयेत् सुधीः ।
सप्तभागा भवेन्मञ्ची कूटछाद्यस्य मस्तके ॥२५॥
षोडशांशा पुनर्जङ्घा भरणी सप्तभागिका ।
शिरावटी चतुर्भागा पट्टः स्यात् पञ्चभागिकः ॥२६॥
सूर्यांशैः कूटछाद्यं च सर्वकामफलप्रदम् ।
कुम्भकस्य युगांशेन स्थावराणां प्रवेशकः ॥२७॥

इति मेरुमंडोवरः ।




मेरुमण्डोवर भाग २४६

જે મંડોવરમાં બે ત્રણ જંઘા હોય, તેને મેરૂ મંડોવર કહેવાય છે. એક મંડોવરની જંઘા ઉપર લખ્યા પ્રમાણે કર્યા પછી તેની ઉપર ફરી ખુરો, કુંભો, કલશ, અંતરાલ અને કેવાલ એ પાંચ થર બનતા નથી. પણ માંચી આદિનાં બધાં થરો બનાવવામાં આવે છે. તેનું માન પ્રથમનાં થરો કરતાં જે ક્રમ કરવામાં આવે છે, તે આ પ્રમાણે છે.—

પ્રથમ ૧૪૪ ભાગના મંડોવરની ભરણીની ઉપર આઠ ભાગની માંચી, પચીશ ભાગની જંઘા, તેર ભાગનો ઉદ્ગમ અને આઠ ભાગની ભરણીનો ઉદય કરવો. ભરણીની ઉપર શિરાવટી, કેવાલ, અંતરાલ અને છજ્જું કરવું, તેનું માપ ૧૪૪ ભાગનાં મંડોવર પ્રમાણે કરવું. આ છજ્જાની ઉપર ફરી સાત ભાગની માંચી, સોલ ભાગની જંઘા, સાત ભાગની ભરણી, ચાર ભાગની શિરાવટી, પાંચ ભાગનો કેવાલ અને બાર ભાગનું છજ્જું બનાવવું. આ મેરૂ મંડોવર બધાં ઇચ્છિત ફળને આપનારો છે. ઉપરના દરેક થરોનો પ્રવેશ કુંભાના ચોથે ભાગે રાખવો. અર્થાત્ કુંભાના ઉદયના ચાર ભાગ કરી, તેમાંનો એક ભાગ જેટલો દરેક થરોનો નિર્ગમ કરવો. ॥ ૨૪ થી ૨૭ ॥

ક્ષીરાર્ણવમાં વિશેષ બતાવે છે કે—




" अस्योदये च कर्त्तव्यं प्रथमं षङ्कच्छाद्यकम् ।
यावत्समोदयः प्राज्ञ ! तावन्मण्डोवरं कृतम् ॥
तथाद्यच्छाद्यसंस्थाने द्वे जङ्घे परिकीर्त्तिते ।
भवेयुर्द्वादशजङ्घा याश्च शताधोंदये ॥
षड्विधं कूटच्छाद्यं च द्विभूम्योरन्तरे मुने ! ।
भरण्यूर्ध्वे भवेन्माञ्ची छाद्योर्ध्वे न(?)च मञ्चिका ॥
पुनर्जङ्घा प्रदातव्या यावद् द्वादशसंख्यया ।
किञ्चित् किञ्चिद् भवेन्न्यूनं कर्त्तव्यो भूमिकोच्छ्रयः ॥
शताधोंदये माने च महामेरुः प्रदापयेत् ।

અ० ૧૦૪

પ્રાસાદનો જે ઉદય આવે, તે પ્રમાણે મંડોવરની ઊંચાઈ કરવી. અને તેમાં છ છજા કરવાં. પ્રથમ છાજું બે જંઘાવાળું કરવું. આ પ્રમાણે પચાસ હાથના પ્રાસાદને બાર જંઘા અને છ છાજાઓ કરવાં. એટલે બે બે માળને આંતરે એક એક છાજું કરવું, દરેક ઠેકાણે ભરણીની ઉપર માંચી રાખવી, પણ છજાની ઉપર માંચી રાખવી નહિ. નીચેની ભૂમિથી ઉપરની ભૂમિની ઊંચાઈ કમતી કમતી કરવી આ મહામેરૂ મંડોવર પચાસ હાથના પ્રાસાદને વિષે કરવો.

સામાન્ય મંડોવર—

**शिरावट्युद्गमो मञ्ची जङ्घा रूपाणि वर्जयेत् ।**
**अल्पद्रव्ये महत्पुण्यं कथितं विश्वकर्मणा ॥२८॥**

इति सामान्यमण्डोवरः ।

શિરાવટી, ઉદ્‌ગમ (ડોઢીઓ) માંચી અને જંઘામાં રૂપો બનાવવામાં આવે તો દ્રવ્યનો ખર્ચ વધારે થાય છે, માટે પોતાની શક્તિ પ્રમાણે એ થરો રૂપ વગરનાં પણ બનાવી શકાય છે. વગર રૂપના બનાવે તો ખર્ચ કમ લાગે અને મહાન્ પુણ્ય થાય છે. એવું વિશ્વકર્માએ કહ્યું છે.

બીજી રીતે મંડોવરનું ઉદયમાન—

पीठतश्छाद्यपर्यन्तं सप्तविंशतिभाजिते ।
द्वादशानां खुरादीनां भागसंख्या क्रमेण तु ॥२९॥
स्यादेकवेदसार्द्धार्धं-सार्द्धसार्द्धाष्टभिस्त्रिभिः ।
सार्द्धसार्द्धार्धभागैश्च सार्द्धद्वौ द्वयंशनिर्गमः ॥३०॥

इति प्रकारान्तरेण मण्डोवरः ।


प्रकारान्तरे मंडोवर- भाग २७

મંડોવરના ઉદયનાં સત્યાવીશ ભાગ કરવાં, તેમાં ખુરા આદિ બાર થરોની ભાગ સંખ્યા ઉદયમાં અનુક્રમે આ પ્રકારે છે.—એક ભાગનો ખુરો, ચાર ભાગનો કુંભો, દોઢ ભાગનો કલશ, અરધા ભાગનું અંતરાલ, દોઢ ભાગનો કેવાલ, દોઢ ભાગની માંચી, આઠ ભાગની જંઘા, ત્રણ ભાગનો ઉદ્‌ગમ (દોઢીઓ), દોઢ ભાગની ભરણી, દોઢ ભાગનો કેવાળ, અરધા ભાગનું અંતરાલ અને અઢી ભાગ ઉદયમાં છજ્જુ કરવું. અને તેનો નીકળો બે ભાગ રાખવો. ॥ ૨૯। ૩૦ ॥

મંડોવર (દીવાલ)ની જાડાઈ—

पादांशैरैष्टके पञ्च-षडंशैः शैलदारुजे ।
सान्धारे[2] चाष्टभिर्भागै-र्दशांशैर्धातुरत्नजे ॥३१॥

ઈંટોનો પ્રાસાદ બનાવવો હોય તો તેની દીવાલ પ્રાસાદના વિસ્તારના ચોથે ભાગે, પાષાણના પ્રાસાદની દીવાલ પાંચમાં ભાગે, લાકડાના પ્રાસાદની દીવાલ છઠ્ઠે ભાગે, સાંધાર પ્રાસાદની દીવાલ આઠમે ભાગ, ધાતુ અને રત્નના પ્રાસાદની દિવાલ દશમે ભાગે જાડી કરવી.

૧. પ્રાચીન પ્રાસાદો જોતાં જણાય છે કે—કેટલાક પ્રાસાદોમાં ભરણી ઉપર શિરાવટી છે અને કેટલાંકમાં કેવાલ છે.
૨. सान्धारेऽष्टांशतो भित्तिः ।

અપરાજિતપૃચ્છા સૂત્ર ૧૨૬નાં મતે—

" मृदिष्टकाकर्मयुक्तां भित्तिं पादां प्रकल्पयेत् ।
पञ्चमांशेऽथवा सा तु षष्ठांशे शैलजे भवेत् ॥
दारुजे सप्तमांशे च सान्धारेऽप्याष्टमांशके ।
धातुजे रत्नजे भित्तिः प्रासादे दशमांशतः ॥ "

માટી અને ઈંટના પ્રાસાદની દીવાલ વિસ્તારના ચોથે ભાગે, પાષાણના પ્રાસાદની દીવાલ પાંચમે અથવા છઠ્ઠે ભાગે, લાકડાના પ્રાસાદની દીવાલ સાતમે ભાગે, સાંધાર પ્રાસાદની દીવાલ આઠમે ભાગે, સુવર્ણાદિ ધાતુ અને સ્ફટીકાદિ રત્નના પ્રાસાદની દીવાલ દશમે ભાગે જાડી કરવી,

પુનઃ મંડોવર (દીવાલ)ની જાડાઈ—

*चतुरस्त्रीकृते क्षेत्रे दशभागैर्विभाजिते ।
भित्तिर्द्विभागकर्त्तव्या षट्भागं गर्भमन्दिरम् ॥३२॥

પ્રાસાદની સમચોરસ ભૂમિનાં દશ ભાગ કરવા. તેમાં બે બે ભાગની દીવાલની જાડાઈ કરવી અને બાકીનાં છ ભાગનો ગભારો કરવો. ॥ ૩૨ ॥

શુભાશુભગર્ભગૃહ—

मध्ये युगास्त्रं भद्राढ्यं सुभद्रं प्रतिभद्रकम् ।
फालनीयं गर्भगृहं दोषदं गर्भमायतम् ॥३३॥

ગભારો ચાર કોણાવાળો સમચોરસ બનાવે; તેમાં ભદ્ર સુભદ્ર અને પ્રતિભદ્રના ખાંચાઓ બનાવે તો શુભ છે, પણ લંબચોરસ ગભારો બનાવે તો દોષકારક છે. ॥૩૩॥

લંબચોરસ અશુભ ગર્ભગૃહ—

" एकद्वित्रिकमात्राभि-र्गर्भगेहं यदायतम् ।
यमचुल्ली तदा नाम भर्तुर्गृहविनाशिका ॥ "

अ. सू. १२६

જો એક, બે અથવા ત્રણ આંગળ પણ ગભારો લાંબો થઈ જાય તો યમચુલ્લી નામનો ગભારો કહેવાય. તે સ્વામીનો અને ઘરનો નાશકારક છે. (શિલ્પિઓની માન્યતા એવી છે કે-પ્રાસાદ સન્મુખ લાંબો ન હોવો જોઈએ,)

*કેટલીક પ્રતિઓમાં આ શ્લોક નથી.

લંબચોરસ શુભ[1]ગર્ભગૃહ—

"दारुजे वल्भीनां तु आयतं च न दूषयेत् ।
प्रशस्तं सर्वकृत्येषु चतुरस्रं शुभप्रदम् ॥"

अप० सू० १२६

લાકડાનાં અને વલભી (સ્રીલિંગ) જાતિનાં પ્રાસાદને લાંબો ગભારો બનાવવો હોય તો દોષ નથી; બાકી સર્વ જાતિનાં પ્રાસાદને સમચોરસ ગભારો કરવો, એ પ્રશંસનીય અને શુભ છે,

સ્તંભ અને મંડોવરના થરોની સરખામણી—

कुम्भकेन समा कुम्भी स्तम्भप्रान्तेन तूद्गमः ।
भरण्या भरणीं शीर्षं कपोताल्या समं भवेत् ॥३४॥

पेटके[2] कूटच्छाद्यस्य कुर्यात् पट्टस्य पेटकम् ।

મંડોવરનો કુંભો અને સ્તંભની કુંભી, સ્તંભનો મથાળો (ભરણીના નીચે સુધી) અને મંડોવરનો ઉદ્‌ગમ, સ્તંભની ભરણી અને મંડોવરની ભરણી, સ્તંભની શિરાવટી અને મંડોવરની કેવાળ, એ બધાં સમસૂત્રમાં રાખવાં જોઈએ. તથા છાજાનો અને પાટનો પેટાભાગ પણ સમસૂત્રમાં રાખવો, અર્થાત્ પાટના પેટા ભાગ સુધી છાજું નમતું કરવું. ॥ ૩૪ ॥

ગભારાનો ઉદય—

सषडंशः सपादः स्यात सार्द्धो गर्भस्य विस्तरात् ॥३५॥
गृहदेवालये पट्ट-पेटान्तं हि त्रिधोदयः ।

દેવાલયના ગભારાનો ઉદય ગર્ભનાં વિસ્તારથી ષષ્ઠાંશ યુક્ત, સવાયો અથવા દોઢો રાખવો. આ ત્રણ પ્રકારનો ઉદય પાટના પેટાંત ભાગ સુધી જાણવો. ॥ ૩૫ ॥

સ્તંભ માન—

भजेदष्टभिरेकांशा कुम्भी स्तम्भोऽर्द्धपञ्चभिः ॥३६॥
अर्धेन भरणी शीर्ष-मेकं पट्टस्तु सार्द्धकः ।
व्यासार्धेन करोटः स्याद् दर्दरी विषमा शुभा ॥३७॥

इति गर्भगृहोदयमानम्।

---

૧ જુઓ આગળનો અધ્યાય ૬ શ્લોક ૨૪ મો । ૨ 'अधस्तात्' ।

ગભારાનાં તળથી પાટનાં તળ સુધી ઉદયનાં આઠ ભાગ કરવાં. તેમાં એક ભાગની કુંભી, સાડા પાંચ ભાગનો સ્તંભ, અરધા ભાગની ભરણી અને એક ભાગની શિરાવટી કરવી. આ આઠ ભાગની ઉપર દોઢ ભાગનો પાટ કરવો. કરોટ (ઘુમટ) નો ઉદય વિસ્તારથી અરધો કરવો. તેમાં દર્દરીના થરો વિષમ સંખ્યામાં રાખવાં. ॥ ૩૬-૩૭ ॥

**ઊંબરો—**

**मूलकर्णस्य सूत्रेण कुम्भेनोदुम्बरः समः ।**
**तदधः पञ्चरत्नानि स्थापयेच्छिल्पिपूजया ॥३८॥**

પ્રાસાદનાં બન્ને કોણાનાં સમસૂત્રમાં ઊંબરો સ્થાપન કરવો. તે કુંભાના ઉદયની બરાબર ઊંચાઈમાં રાખવો. તેની સ્થાપના કરતી વખતે નીચે પાંચ રત્ન રાખવાં અને શિલ્પિઓની સન્માનપૂર્વક પૂજા કરવી, ॥ ૩૮ ॥

**ઊંબરાની રચના—**

**द्वारव्यासत्रिभागेन मध्ये मन्दारको भवेत् ।**
**वृत्तं मन्दारकं कुर्याद् मृणालं पद्मसंयुतम्[1] ॥३९॥**
**जाड्यकुम्भः कणाली च कीर्त्तिवक्त्रद्वयं तथा ।**
**उदुम्बरस्य पार्श्वे च शाखायास्तलरूपकम् ॥४०॥**

દરવાજાના વિસ્તારના અર્થાત્ ઊંબરાના ત્રણ ભાગ કરવાં, તેમાં એક ભાગનો વચમાં મંદારક (માણું) કરવું, તે અર્ધચંદ્રનાં આકારવાળું ગોળ અને કમલ પત્રવાળું કરવું. ઊંબરાની ઊંચાઈમાં જાડંબો અને કણીવાળી કણપીઠ કરવી, મંદારકની બન્ને તરફ એક એક ભાગનાં કીર્તિમુખ (ગ્રાસમુખ) કરવાં, અને તેની પડખે શાખાનાં તલરૂપ (તલકડા) કરવાં. ॥ ૩૯ । ૪૦ ॥

**કુંભાથી નીચો ઊંબરો અને તલમાન—**

**कुम्भस्यार्द्धे त्रिभागे वा पादे हीन उदुम्बरः ।**
**तदर्धं कणकं मध्ये पीठके[2] बाह्यभूमिका ॥४१॥**

इति उदुम्बरः ।

ઊંબરાનો ઉદય કુંભાના ઉદયની બરોબર રાખવો જોઈએ. પણ કમ રાખવો હોય તો ઉદયના અરધે ભાગે, ત્રીજે ભાગે અથવા ચોથે ભાગે કમ કરી શકાય છે* ઊંબરાની ઊંચાઈના અરધા ભાગે કણપીઠ અને ગભારાનું તલ રાખવું જોઈએ, ગભારાની બહાર મંડપોનાં તલ પ્રાસાદ પીઠના ઉદય બરોબર રાખવાં જોઈએ. ॥ ૪૧ ॥

---

[1] मृणालपत्रसंयुतम् [2] 'पीठान्ते'

* ટીપણી સામેના પૃષ્ટની નીચે જુઓ.




ઊંબરાની ઉભણી અને તેનું તલભાગ. તથા શંખાવટી ( અર્ધચન્દ્ર )

" खुरकोर्ध्वेऽर्द्धचन्द्रः स्यात् तदूर्ध्वं स्यादुदुम्बरः ।
उदुम्बरार्धे त्र्यंशे वा पादे वा गर्भभूमिका ॥११॥

* કેટલાક આધુનિક શિલ્પિઓની માન્યતા છે કે—'ઉંબરો કુંભાથી નીચો ઉતારવો હોય તો તેની બરોબર કુંભીઓ પણ નીચી ઉતારવી જોઈએ,' આ માન્યતા પ્રમાણિક હોય તેમ જણાતું નથી, કારણ ક્ષીરાર્ણવ અ. ૧૦૯માં સ્પષ્ટ લખેલું છે કે—' उदुम्बरे क्षते ( हते ) कुम्भी स्तम्भं तु पूर्ववत् भवेत् ।' અર્થાત્ કદાચ ઉંબરો ઓછો કરવામાં આવે તો કુંભીઓ અને સ્તંભનું માન પહેલાની માફકજ રાખવું. તેમજ અપરાજિતપૃચ્છા સૂત્ર ૧૨૯માં તો કુંભીઓથી ઉંબરાને નીચો ઉતારવાનું સાફ વિધાન છે, તો કુંભીઓ તો નીચે ક્યાંથીજ ઉતરે.

આથી સાફ જણાય છે કે- કદાચ ઉંબરો નીચો ઉતારવો પડે તો પણ કુંભીઓ નીચે ઉતારવી નહિ.

मण्डपेषु च सर्वेषु पीठान्ते रङ्गभूमिका ।
एषा युक्तिर्विधातव्या सर्वकामफलोदया ॥१२॥"

अप सू. १२९

ખુરાની ઊંચાઇ બરાબર અર્ધચંદ્ર બનાવવો અને તેની ઉપર ઊંબરો રાખવો. ઊંબરાની ઊંચાઈનાં અરધે ભાગે, ત્રીજે ભાગે અથવા ચોથે ભાગે ગભારાની ભૂમિ અને બધાં મંડપોની ભૂમિ (તળ) રાખવી. તથા રંગમંડપની ભૂમિ પ્રાસાદ પીઠના તલ બરાબર રાખવી. આ યુક્તિ પ્રમાણે કામ કરવાથી સર્વ ઈચ્છિત ફળની પ્રાપ્તિ થાય.

**અર્ધચંદ્ર-(શંખાવટી)—**

**खुरकेन समं कुर्यादर्धचन्द्रस्य चोच्छ्रतिः ।**
**द्वारव्याससमं दैर्घ्यं निर्गमं स्यात् तदर्धतः ॥४२॥**
**द्विभागमर्धचन्द्रं च भागेन द्वौ गगारकौ ।**
**शङ्खपत्रसमायुक्तं पद्माकारैरलङ्कृतम् ॥४३॥**

इति अर्द्धचन्द्रः ।

ઊંબરાની આગળ જે અર્ધચંદ્રનાં જેવી આકૃતિ કરવામાં આવે છે. તેનું માન-ખુરાના ઉદય બરાબર અર્ધચંદ્રનો ઉદય રાખવો. દરવાજાની પહોળાઈ બરાબર અર્ધચંદ્ર લાંબો કરવો અને લંબાઈના અરધે ભાગે નીકળતો રાખવો, લંબાઈના ત્રણ ભાગ કરીને તેનાં બે ભાગનો અર્ધચંદ્ર અને તેની બન્ને પડખે અરધા અરધા ભાગનાં બે ગગારકા બનાવવાં. અર્ધચંદ્ર અને ગગારકની વચમાં પત્રવાળી વેલ સાથે શંખ અને કમલ જેવી આકૃતિઓ કરવી. ॥ ૪૨ । ૪૩ ॥

**ઉત્તરંગ—**

" उदुम्बरसपादेन उत्तरङ्गं विनिर्दिशेत् ।
तदुच्छ्रायं विभजेत भागा अथैकविंशतिः ॥
पत्रशाखा त्रिशाखा च द्विसार्धा तु कारयेत् ।
मालाधरं च त्रिभागं कर्त्तव्यं वामदक्षिणे ॥
ऊर्ध्वे छाद्यकः पादोनः पादोना फालना तथा ।
रथिका सप्त भागाश्च भागैकं कण्ठं भवेत् ।
षड्भागमुत्सेधं कार्य-मुद्गमं च प्रशस्यते ।
ईदृशं कारयेत् प्राज्ञः सर्वयज्ञफलं भवेत् ॥ "

ज्ञान प्र० दी०




બારશાખ ઉપરનો ઓતરંગ

ઊંબરાના ઉદયથી ઓતરંગનો ઉદય સવાયો કરવો. જે ઉદય આવે તેના એકવીશ ભાગ કરવાં, તેમાં અઢી ભાગની પત્રશાખા અને ત્રિશાખા કરવી, તેની ઉપર ત્રણ ભાગમાં માલાધર, પોણા ભાગનું છાજું, પોણા ભાગની ફાલના, સાત ભાગની રથિકા (ગોખલો), એક ભાગનો કંઠ, અને છ ભાગનો ડોઢીયો કરવો. આ પ્રમાણે બુદ્ધિમાન શિલ્પિએ ઓતરંગ બનાવવો. તે સર્વ યજ્ઞનું ફલ આપે છે.

નાગર પ્રાસાદનું દ્વારમાન—

एकहस्ते तु प्रासादे द्वारं स्यात् षोडशाङ्गुलम् ।
षोडशाङ्गुलिका वृद्धि-र्यावद्धस्तचतुष्टयम् ॥४४॥
अष्टहस्तान्तकं यावद् दीर्घे वृद्धिर्गुणाङ्गुला ।
द्वयङ्गुला प्रतिहस्तं च यावद्धस्तशतार्द्धकम् ॥४५॥
यानवाहनपल्यङ्कं द्वारं प्रासादसद्मनाम् ।
दैर्घ्यार्धेन पृथुत्वं स्याच्छोभनं तत्कलाधिकम् ॥४६॥

इति नागरप्रासादद्वारमानम् ।

નાગરજાતિના પ્રાસાદના દ્વારનો ઉદય—એક હાથના વિસ્તારવાળા પ્રાસાદના દ્વારનો ઉદય સોળ આંગળ કરવો. પછી ચાર હાથ સુધી પ્રત્યેક હાથ સોળ સોળ આંગળ વધારવાં, એટલે ચાર હાથના પ્રાસાદના દ્વારનો ઉદય ચોસઠ આંગળ થાય છે. પાંચથી આઠ હાથ સુધી પ્રત્યેક હાથ ત્રણ ત્રણ આંગળ અને નવ થી પચાસ હાથ સુધી પ્રત્યેક હાથ બે બે આંગળ વધારીને દ્વારનો ઉદય કરવો. પાલખી, વાહન, શય્યા, પલંગ તથા પ્રાસાદ અને ઘરનાં દ્વાર, એ બધા લંબાઈથી અરધે ભાગે વિસ્તારમાં કરવાં. તેમાં પણ લંબાઈનો સોળમો ભાગ વિસ્તારમાં વધારે તો અધિક શોભાયમાન થાય છે. ॥ ૪૪ થી ૪૬ ॥

ક્ષીરાર્ણવમાં વિશેષ પ્રકારે કહે છે કે—

" एकहस्ते तु प्रासादे द्वारं च षोडशाङ्गुलम् ।
इयं वृद्धिः प्रकर्त्तव्या यावच्च चतुर्हस्तकम् ॥
वेदाङ्गुला भवेद् वृद्धि-र्यावच्च दशहस्तकम् ।
हस्तविंशतिमाने च हस्ते हस्ते त्रयाङ्गुला ॥
द्वयाङ्गुला भवेद् वृद्धिः प्रासादे त्रिंशद्धस्तके ।
अङ्गुलैका ततो वृद्धि-र्यावत् पञ्चाशद्धस्तकम् ॥
नागराख्यमिदं द्वार-मुक्तं क्षीरार्णवे मुने ! ।
दशमांशे यदा हीनं द्वारं स्वर्गे मनोहरम् ॥
अधिकं दशमांशेन प्रासादे पर्वताश्रये ।
तावत्क्षेत्रान्तरे ज्ञातु-मर्हदेवमुनीश्वर ! ॥
शिवे द्वारं भवेज्ज्येष्ठं कनिष्ठं च जनालये
मध्यमं सर्वदेवानां सर्वकल्याणकारकम् ॥
उत्तममुदयार्द्धेन पादोनं मध्यमानकम् ।
तस्य हीनं कनिष्ठं च विस्तारे द्वारमेव च ॥
एवं ज्ञानं यदा ज्ञात्वा यदा द्वारं प्रतिष्ठितम् ।
नागरं सर्वदेवानां सर्वदेवेषु दुर्लभम् ॥ "

इति विश्वकर्माकृते क्षीरार्णवे नारदपृच्छिते शताग्रे पञ्चमोऽध्यायः ।

એકથી ચાર હાથ સુધી પ્રત્યેક હાથ સોલ સોલ આંગળ, પાંચથી દશ હાથ સુધી ચાર ચાર આંગળ, અગ્યારથી વીશ હાથ સુધી ત્રણ ત્રણ આંગળ, એકવીશથી ત્રીશ હાથ સુધી બે બે આંગળ, અને એકત્રીશથી પચાસ હાથ સુધી એક એક આંગળ, વધારીને દ્વાર કરવું. હે મુનિ ! ક્ષીરાર્ણવગ્રંથમાં નાગરજાતિનું દ્વારમાન આ પ્રમાણે કહ્યું છે, તેમાંથી દશમો ભાગ કમ કરે તો સ્વર્ગને આશ્રિત અને વધારે તો પર્વતને આશ્રિત પ્રાસાદનું દ્વારમાન થાય છે, શિવાલયને માટે જ્યેષ્ઠ દ્વાર, મનુષ્યાલયને માટે કનિષ્ઠ દ્વાર અને બધાં દેવોના પ્રાસાદને મધ્યમ દ્વાર કરવું, એ સર્વ કલ્યાણદાયક છે. ઉદયથી અરધું વિસ્તારમાં કરવું, તે ઉત્તમ માન છે. આ ઉત્તમમાનમાંથી ચતુર્થાંશ કમ કરે તો મધ્યમમાન અને મધ્યમમાનમાંથી ચતુર્થાંશ કમ કરે તો કનિષ્ઠમાનનું દ્વાર થાય છે. આ પ્રમાણે જાણીને બધાં દેવોને માટે નાગર જાતિનું દ્વારમાન બનાવે.

સમરાંગણ સૂત્રધાર અધ્યાય ૫૫ શ્લોક ૧૨૯માં ચાર હાથથી અધિક વિસ્તારવાળા પ્રાસાદ માટે દ્વારની ત્રણ ત્રણ આંગળની વૃદ્ધિ કરવાનું લખ્યું છે.

### ભૂમિજ પ્રાસાદનું દ્વારમાન—

एकहस्ते सुरागारे द्वारं सूर्याङ्गुलोदयम् ।
सूर्याङ्गुला प्रतिकरं वृद्धिः पञ्चकरावधि ॥४७॥
पञ्चाङ्गुला च सप्तान्तं नवान्तं सा युगाङ्गुला ।
द्व्यङ्गुला तु शतार्धान्तं वृद्धिः कार्या करं प्रति ॥४८॥

इति भूमिजप्रासादद्वारमानम् ।

ભૂમિજજાતિના પ્રાસાદનાં દ્વારનો ઉદય–એક હાથના વિસ્તારવાળા પ્રાસાદના દ્વારનો ઉદય બાર આંગળ કરવો. પછી બેથી પાંચ હાથ સુધી પ્રત્યેક હાથ બાર બાર આંગળ; છ અને સાત હાથ સુધી પ્રત્યેક હાથ પાંચ પાંચ આંગળ, આઠ અને નવ હાથ સુધી પ્રત્યેક હાથ ચાર ચાર આંગળ, અને દશથી પચાસ હાથ સુધી પ્રત્યેક હાથ બે બે આંગળ વધારીને દ્વારનો ઉદય કરવો. ઉદયથી અરધા ભાગે વિસ્તાર કરવો. (વિસ્તારમાં લંબાઈનો સોળમો ભાગ વધારીને બનાવે તો અધિક શોભાયમાન થાય છે.) ॥ ૪૭ । ૪૮ ॥

### દ્રાવિડ પ્રાસાદનું દ્વારમાન—

प्रासादे एकहस्ते तु द्वारं कुर्याद् दशाङ्गुलम् ।
रसहस्तान्तकं यावत् तावती वृद्धिरिष्यते ॥४९॥
पञ्चाङ्गुला दशान्तं च द्व्यङ्गुला च शतार्द्धकम् ।
पृथुत्वं च तदर्धेन शुभं स्यात्तु कलाधिकम् ॥५०॥

इति द्राविडप्रासादद्वारमानम् ।

દ્રાવિડ જાતિના પ્રાસાદનાં દ્વારનો ઉદય–એક હાથના પ્રાસાદના દ્વારનો ઉદય દશ આંગળ કરવો. પછી છ હાથ સુધી પ્રત્યેક હાય દશ દશ આંગળ વધારીને, સાતથી દશ હાથ સુધી પ્રત્યેક હાથ પાંચ પાંચ આંગળ, અને અગ્યારથી પચાસ હાથ સુધી પ્રત્યેક હાથ બે બે આંગળ વધારીને દ્વારનો ઉદય કરવો. ઉદયથી અરધા ભાગે વિસ્તાર કરવો, વિસ્તારમાં ઉદયનો સોલમો ભાગ વધારીને બનાવે તો અધિક શોભાયમાન થાય છે. ॥ ૪૯ । ૫૦ ॥

### બીજી જાતનાં પ્રાસાદોનું ારમાન—

विमाने भौमिजं मानं वैराटेषु तथैव च ।
मिश्रके लतिने चैव प्रशस्तं नागरोद्भवम् ॥५१॥

વિમાનજાતિનાં અને વૈરાટ જાતિ પ્રાસાદોનાં દ્વારનો ઉદય ભૂમિજ જાતિનાં પ્રાસાદનાં દ્વારમાનનો કરવો, મિશ્રજાતિનાં અને લતિન જાતિનાં પ્રાસાદનું દ્વારમાન નાગરજાતિ પ્રાસાદનાં દ્વારમાનનું કરવું. ॥ ૫૧ ॥

विमाननागरच्छन्दे कुर्याद् विमानपुष्पके ।
सिंहावलोकने द्वारं नागरं शोभनं मतम् ॥५२॥

વિમાન નાગર જાતિનાં, વિમાન પુષ્પક જાતિનાં અને સિંહાવલોકન જાતિનાં પ્રાસાદોનું દ્વારમાન નાગર જાતિ પ્રાસાદનાં દ્વાર માનનું કરવું. ॥ ૫૨ ॥

वलभ्यां भौमिजं मानं फांसाकारेषु द्राविडम् ।
धातुजे रत्नजे चैव दारुजे[1] च रथारुहे ॥५३॥

इति द्वारमानम् ।

વલભી જાતિના પ્રાસાદનું દ્વારમાન ભૂમિજ જાતિ પ્રાસાદનાં દ્વાર પ્રમાણે કરવું. ફાંસીના આકારવાળા પ્રાસાદનું દ્વાર, તેમજ ધાતુના અને રત્નના પ્રાસાદનું દ્વાર તથા દારૂજાદિ અને રથારૂઢ જાતિના પ્રાસાદોનું દ્વાર, દ્રાવિડ જાતિ પ્રાસાદનાં દ્વાર પ્રમાણે કરવું. ॥ ૫૩ ॥

દ્વારશાખા—

नवशाखं महेशस्य देवानां सप्तशाखिकम् ।
पंचशाखं सार्वभौमे त्रिशाखं मण्डलेश्वरे ॥५४॥
एकशाखं भवेद् द्वारं शूद्रे वैश्ये द्विजे सदा ।
समशाखं च धूमाये श्वाने रासभ-वायसे[2] ॥५५॥

મહાદેવનાં પ્રાસાદનાં દ્વાર નવ શાખાવાળા, બીજા દેવોનાં પ્રાસાદનાં દ્વાર સાત શાખાવાળા, ચક્રવર્ત્તિ રાજાઓનાં મહેલનાં દ્વાર પાંચ શાખાવાળા, સામાન્ય રાજાઓનાં મહેલનાં દ્વાર ત્રણ શાખાવાળા, બ્રાહ્મણ, વૈશ્ય અને શૂદ્ર જાતિનાં ઘરોનાં દ્વાર એક શાખાવાળા બનાવવાં. બે, ચાર, છ અને આઠ એમ સમશાખાવાળા દ્વાર ધૂમ્ર, શ્વાન, ખર અને ધ્વાંક્ષ આયવાળા ઘરોમાં બનાવવાં. ॥ ૫૪ । ૫૫ ॥

શાખાના આય—

" नवशाखे ध्वजश्चैको वृषभः पञ्चशाखिके ।
त्रिशाखे च तथा सिंहः सप्तशाखे गजः स्मृतः ॥ "

अ० सू० १३१

[1] प्रशस्तं नागरोद्भवम् । [2] ध्वांक्षे च रावभे ।

નવશાખા દ્વારમાં ધ્વજઆય, પાંચશાખાવાળા દ્વારમાં વૃષભ આય, ત્રણ શાખાવાળા દ્વારમાં સિંહ આય અને સાત શાખાવાળા દ્વારમાં ગજ આય આપવો.

### પ્રાસાદનાં અંગ જેટલી શાખા—

त्रिपञ्चसप्तनन्दाङ्गे शाखाः स्युरङ्गतुल्यकाः ।
हीनशाखं न कर्त्तव्य-मधिकाढ्यं सुखावहम् ॥५६॥

પ્રાસાદનાં ભદ્ર આદિ ત્રણ, પાંચ, સાત અથવા, નવ અંગ છે. તેમાં જેટલા અંગનો પ્રાસાદ હોય તેટલી શાખા કરવી. અંગથી કમ શાખા કરવી નહિ. પરંતુ અંગથી અધિક શાખા બનાવે તો અધિક સુખકારક છે. ॥ ૫૬ ॥

### નવશાખાનાં નામ અને પરિચય—

" पद्मिनी नवशाखं च सप्तशाखं तु हस्तिनी ।
नन्दिनी पञ्चशाखं च त्रिविधं चोत्तमं भवेत् ॥
मुकुली मालिनी ज्येष्ठा गान्धारी सुभगा तथा ।
मध्यमेति त्रिधा प्रोक्ता कनिष्ठा सुप्रभा स्मृता ॥
मुकुली चाष्टशाखं च षट्शाखं च मालिनी ।
गान्धारी च चतुःशाखं त्रिशाखं सुभगा स्मृता ॥
सुप्रभा तु द्विशाखं चैकशाखं स्मरकीर्त्तितम् ॥ "

अप० सू० १३१

નવશાખાવાળાદ્વારનું પદ્મિની, સાત શાખાનું હસ્તિની અને પાંચ શાખાનું નંદિની નામ છે. એ ત્રણે દ્વાર ઉત્તમ છે, મુકુલી અને માલિની એ બે જ્યેષ્ઠ છે. ગાંધારી અને સુભગા એ બે મધ્યમ છે. સુપ્રભા શાખા કનિષ્ઠ છે. આઠ શાખાવાળીનું મુકુલી, છ શાખાવાળીનું માલિની, ચાર શાખાવાળીનું ગાંધારી અને ત્રણ શાખાવાળીનું સુભગા બે શાખાવાળીનું સુપ્રભા અને એક શાખાવાળા દ્વારનું સ્મરકીર્ત્તિ નામ છે.

### શાખાનું ન્યૂનાધિક માન—

अङ्गुलं सार्द्धमर्धं वा कुर्याद्धीनं तथाधिकम् ।
आयदोषविशुद्ध्यर्थं ह्रस्ववृद्धी[1] न दूषिते ॥५७॥

1 ह्रासो वृद्धि र्न दुष्यति ।

પ્રાસાદની દ્વારશાખાનાં માપમાં જો શ્રેષ્ઠ આય ન આવતો હોય તો તેનાં માપમાં એક, દોઢ અથવા અર્ધો આંગળ અધિક અથવા કમ કરી શકાય છે, આય દોષની શુદ્ધિને માટે શાખાનાં માપમાં ન્યૂનાધિક કરવામાં આવે તો દોષ નથી. ॥ ૫૭ ॥



**ત્રિશાખા—**

चतुर्भागाङ्कितं कुर्याच्छाखाविस्तारमानकम् ।
मध्ये द्विभागिकं कुर्यात् स्तम्भं पुरुषसञ्ज्ञकम् ॥५८॥
स्त्रीसंज्ञका भवेच्छाखा पार्श्वतो भागभागिका ।
निर्गमे चैकभागेन रूपस्तम्भः प्रशस्यते ॥५९॥




શાખાના વિસ્તારનાં ચાર ભાગ કરવા. તેમાં બે ભાગનો વચમાં સ્તંભ કરવો, તે પુરૂષસંજ્ઞક છે. આ સ્તંભની બન્ને તરફ એક એક ભાગની શાખા કરવી, તે સ્રીસંજ્ઞક છે. રૂપસ્તંભનો નીકાળો એક ભાગનો કરવો શુભ છે. ॥ ૫૮ । ૫૯ ॥

सार्धवेदांशतो वापि पञ्चांशोऽथवा मतः ॥ ”
क्षी० अध्य० ९

બધી શાખાઓના પેટાભાગના વિસ્તારથી પ્રવેશ ચોથે ભાગે, સાડા ચાર ભાગે અથવા પાંચ ભાગે કરવો. અપરાજિતપૃચ્છાસૂત્ર ૧૩૨ શ્લોકમાં પણ આ પ્રમાણે છે.

**રૂપસ્તંભનો નીકાળો—**

एकांशं सार्द्धभागं च पादोनद्वयमेव च ।
द्विभागं निर्गमे कुर्यात् स्तम्भं द्रव्यानुसारतः ॥६०॥

દ્રવ્યની અનુકૂલતા પ્રમાણે રૂપસ્તંભનો નિર્ગમ (નીકાળો) એક, દોઢ, પોણાબે અથવા બે ભાગ સુધી કરી શકાય છે. ॥૧૦॥

**શાખાઓનો નીકાળો—**

**पेटके विस्तरः कुर्यात् प्रवेशश्च युगांशकः ।**
**कोणिका स्तम्भमध्ये तु भूषणार्थं हि पार्श्वयोः ॥६१॥**

શાખાના પેટાભાગના વિસ્તારથી શાખાનો પ્રવેશ ચોથે ભાગે રાખવો, અર્થાત્ શાખાઓનો નીકાળો શાખાના વિસ્તારથી ચોથે ભાગે રાખવો. રૂપસ્તંભની બન્ને પડખે શોભાને માટે એક એક ભાગની કોણીઓ કરવી. ॥ ૧૧ ॥

**શાખાના દ્વારપાલનું માન—**

**द्वारदैर्घ्ये चतुर्थांशे द्वारपालो विधीयते ।**
**स्तम्भः शाखाद्विकं शेषे त्रिशाखावद् विभाजयेत् ॥६२॥**

इति त्रिशाखमानम् ।

દ્વારના ઉદયમાં ચાર ભાગ કરવાં, તેનાં એક ભાગનાં ઉદયનાં દ્વારપાલ કરવાં. બાકીનાં ત્રણ ભાગમાં સ્તંભ અને બન્ને શાખાઓ કરવી. આ પ્રમાણે બીજી શાખાઓનાં પણ વિભાગ જાણવાં. ॥ ૧૨ ॥

**શાખાનાં રૂપ—**

" कालन्दी वामशाखायां दक्षिणे चैव जाह्नवी ।
गङ्गार्कतनयायुग्म–मुभयोर्वामदक्षिणे ॥
गन्धर्वा निर्गमे कार्या एकभागा विचक्षणैः ।
तत्खत्रे खल्वशाखा च सिंहशाखा च भागिका ॥
नन्दी च वामशाखायां कालो दक्षलताश्रितः ।
यक्षाः स्युरन्तशाखायां निधिहस्ताः शुभोदयाः ॥ "

अप० सू० १३२

રૂપસ્તંભની ડાબીશાખામાં યમુનાદેવી અને જમણી શાખામાં ગંગાદેવીનાં રૂપો કરવાં, તથા (ડાબી શાખામાં ગંગા અને જમણી શાખામાં યમુનાદેવીનાં રૂપો કરવાં. ગંધર્વ શાખા, ખલ્વશાખા અને સિંહ શાખા એ એક એક ભાગ નીકળતી રાખવી. ડાબી શાખામાં નંદી અને જમણી શાખામાં કાલ (યમ)નાં રૂપો કરવાં. છેલ્લી શાખામાં હાથમાં નિધિને ધારણ કરેલા, એવા યક્ષોનાં રૂપો કરવાં.

પંચશાખા—

पत्रशाखा च गन्धर्वा रूपस्तम्भस्तृतीयकः ।
चतुर्थी खल्वशाखा च सिंहशाखा च पञ्चमी ॥६३॥

પહેલી પત્રશાખા, બીજી ગાંધર્વશાખા, ત્રીજા રૂપસ્તંભ, ચોથી ખલ્વ શાખા અને પાંચમી સિંહશાખા છે, આ પાંચ શાખાઓનાં નામ જાણવાં. ॥ ૬૩ ॥

" शाखाविस्तारमानं च षड्भिर्भागैर्विभाजयेत् ।
एकभागा भवेच्छाखा रूपस्तम्भो द्विभागिकः ॥
निर्गमश्चैकभागेन रूपस्तम्भः प्रशस्यते ।
कोणिका स्तम्भमध्ये च उभयोर्वामदक्षिणे ॥
गन्धर्वा निर्गमे कार्या एकभागा विचक्षणैः ।
तत्सूत्रे खल्वशाखा च सिंहशाखा च भागिका ॥
सपादः सार्द्धभागो वा रूपस्तम्भः प्रशस्यते ।
उत्सेधस्याष्टमांशेन शस्तं शाखोदरं मतम् ॥ "

અપ૦ સૂ૦ ૧૨૨

इति पंचशाखा ।

પંચશાખાના વિસ્તારના છ ભાગ કરવાં, તેમાંથી એક એક ભાગની ચાર શાખા અને બે ભાગનો રૂપસ્તંભ કરવો. રૂપસ્તંભનો નિર્ગમ એક ભાગનો કરવો. સ્તંભની બન્ને પડખે કોણિકાઓ કરવી. ગંધર્વશાખાનો નિર્ગમ એક ભાગનો કરવો, તેનાં સમસૂત્રમાં ખલ્વશાખા અને સિંહશાખા પણ એક ભાગની નીકળતી કરવી. સવાયો અથવા દોઢો રૂપસ્તંભનો નિર્ગમ કરવો. શાખાની ઊંચાઈનાં આઠમે ભાગે શાખાનો વિસ્તાર કરવો.

સપ્તશાખા—

प्रथमा पत्रशाखा च गान्धर्वा रूपशाखिका ।
चतुर्थी स्तम्भशाखा च रूपशाखा च पञ्चमी ॥६४॥
षष्ठी तु खल्वशाखा च सिंहशाखा च सप्तमी ।
स्तम्भशाखा भवेन्मध्ये रूपशाखाग्रसूत्रतः ॥६५॥

इति सप्तशाखाः ।

પહેલી પત્રશાખા, બીજી ગાંધર્વશાખા, ત્રીજી રૂપશાખા, ચોથી સ્તંભશાખા, પાંચમી રૂપશાખા, છઠ્ઠી ખલ્વશાખા, અને સાતમી સિંહશાખા જાણવી. આ શાખાઓની વચમાં રૂપસ્તંભ રાખવો, તે રૂપશાખાથી આગળ નીકળતો રાખવો. ॥ ૬૪ । ૬૫ ॥

" शाखाविस्तारमानं तु वसुभागविभाजितम् ।
भागभागाश्च शाखाः स्यु–र्मध्यस्तम्भो द्विभागिकः ॥
कोणिका भागपादेन विस्तारे निर्गमे तथा ।
निर्गमः सार्द्धभागेन रूपस्तम्भः प्रशस्यते ॥ "
गन्धर्वा सिंहशाखा च निर्गमो भागमेव च ।
निर्गमश्च तदर्द्धेन शेषाः शाखाः प्रशस्यते ॥ "

अप० सू० १३२

સપ્તશાખાના વિસ્તારના આઠ ભાગ કરવાં, તેમાં દરેક શાખાનો વિસ્તાર એક એક ભાગ અને રૂપસ્તંભનો વિસ્તાર બે ભાગ કરવો. રૂપસ્તંભની બન્ને પડખે સમ નિર્ગમવાળી પા પા ભાગની એક એક કોણી કરવી. સ્તંભનો નિર્ગમ દોઢ ભાગ રાખવો. ગંધર્વા અને સિંહ શાખાનો નિર્ગમ એક ભાગનો રાખવો. અને બાકીની બીજી શાખાઓનો નિર્ગમ અરધો ભાગ રાખવો.

**નવશાખા—**

पत्रगान्धर्वसंज्ञा च रूपस्तम्भस्तृतीयकः ।
चतुर्थी खल्वशाखा च गान्धर्वा त्वथ पञ्चमी ॥६६॥
रूपस्तम्भस्तथा षष्ठो रूपशाखा ततः परम् ।
खल्वशाखा च सिंहाख्या मूलकर्णेन सम्मिता ॥६७॥

इति नवशाखाः ।

પહેલી પત્રશાખા, બીજી ગાંધર્વશાખા, ત્રીજો રૂપસ્તંભ, ચોથી ખલ્વશાખા, પાંચમી ગાંધર્વશાખા, છઠ્ઠો રૂપસ્તંભ, સાતમી રૂપશાખા, આઠમી ખલ્વશાખા અને નવમી સિંહશાખા જાણવી. આ નવશાખા પ્રાસાદના કોણા સુધી વિસ્તારમાં કરવી. ॥૬૬-૬૭॥

" शाखाविस्तारमानं तु रुद्रभागविभाजितम् ।
द्विभागः स्तम्भ इत्युक्त उभयोः कोणिकाद्वयम् ॥
निर्गमसार्धभागेन पादोनद्वयमेव च ॥
रूपस्तम्भद्वयं कार्यं गन्धर्वाद्वयमेव च ॥ "

अप० अ० १३२

નવશાખાના વિસ્તારના અગ્યાર ભાગ કરવાં, તેમાં બન્ને રૂપસ્તંભ બે બે ભાગના કરવા, તેની બન્ને પડખે પા પા ભાગની સમનિર્ગમ કોણીઓ કરવી, સ્તંભનો નિર્ગમ દોઢો અથવા પોણા બે ગુણો રાખવો. બે રૂપસ્તંભ અને બે ગાંધર્વશાખા જાણવી.

ઉત્તરંગના દેવ—

यस्य देवस्य या मूर्त्तिः सैव कार्योत्तरङ्गके ।
शाखायां च परिवारो गणेशश्चोत्तरङ्गके ॥६८॥

इतिश्रीसूत्रधारमण्डनविरचिते वास्तुशास्त्रे प्रासादमण्डने
भिट्टपीठमण्डोवरगर्भगृहोदुम्बरद्वारप्रमाणनामस्तृतीयोऽध्यायः ॥३॥

પ્રાસાદના ગભારામાં જે દેવની મૂર્તિ પ્રતિષ્ઠિત હોય, તે દેવની મૂર્તિ ઉત્તરંગમાં રાખવી, અને શાખાઓમાં તે દેવના પરિવારનાં રૂપો કરવાં. યદિ ઉત્તરંગમાં ગણેશદેવને સ્થાપવા હોય તો સ્થાપિત કરી શકાય છે. ॥ ૬૮ ॥

ઈતિશ્રી પ્રાસાદમંડનના ત્રીજા અધ્યયનની પંડિત ભગવાનદાસ જૈન વિરચિત સુબોધિની નામની ભાષા ટીકા સમાપ્ત ॥ ૩ ॥



## अथ प्रासादमण्डनस्य चतुर्थोऽध्यायः

---

द्वारना माने मूर्ति अने पबासननुं मान—

द्वारोच्छ्रयोऽष्टनवधा भागमेकं परित्यजेत् ।
शेषस्त्र्यंशो द्विभागार्चा त्र्यंशेन द्वारतोऽथवा ॥१॥

दरवाजानी ऊंचाईना आठ अथवा नव भाग करवां, तेमांनो उपरनो एक भाग छोडी देवो. बाकी जे सात अथवा आठ भाग रहे, तेनां त्रण भाग करवां. तेमांना बे भागनी ऊभी मूर्ति अने एक भाग पबासननी ऊंचाई करवी. बेठी मूर्ति एक भागनी अने पबासन बे भागनुं करवुं.॥ १ ॥

द्वारदैर्घ्ये तु द्वात्रिंशे तिथिशक्रकलांशकैः ।
ऊर्ध्वार्चा आसनस्था तु मनुविश्वार्कभागतः ॥२॥

दरवाजानी ऊंचाईनां [1]बत्रीश भाग करवां, तेमां पंदर, चौद अने सोळ भागनां माननी ऊभी मूर्ति राखवी. तथा चौद, तेर अथवा बार भागनी बेठी मूर्ति राखवी. ॥ २ ॥

क्षीरार्णवना मते पबासननुं मान—

"द्वारं चाष्टविभक्तं च त्रिधाभक्तं च सप्तभिः ।
पीठमानं भागमेकं शेषं च प्रतिमा मुने ! ॥
सप्तभागं भवेद् द्वारं षड्भागं च त्रिधाकृतम् ।
द्विभागं प्रतिमामानं शेषं पीठं हि चोच्यते ॥
द्वारं षड्भागिकं कुर्यात् त्रिधा पञ्च प्रकल्पयेत् ।
पीठश्चैकेन भागेन द्विभागं प्रतिमा भवेत् ॥
एवमूर्ध्वप्रतिमा च अर्द्धं शयनासनं भवेत् ।
पीठमानं च नान्यत्र शेषस्थाने च निष्फलम् ॥
जलशय्याप्रमाणेन द्वारविस्तारसाधितम् ।
अन्यथा च यदा अर्चा विस्तरं नैव लङ्घयेत् ॥"

દ્વારની ઊંચાઈના આઠ ભાગ કરવા, તેમાંનો ઉપરનો એક ભાગ છોડી દેવો, બાકીનાં સાત ભાગનાં ત્રણ ભાગ કરવા, તેના બે ભાગની પ્રતિમા અને એક ભાગની પીઠ (પબાસન) કરવી, અથવા દ્વારની ઊંચાઈનાં સાત ભાગ કરીને ઉપરનો એક ભાગ છોડી દેવો, બાકી છ ભાગના ત્રણ ભાગ કરવા, તેમાનાં બે ભાગની પ્રતિમા અને એક ભાગનું પબાસન કરવું. દ્વારની ઊંચાઈનાં છ ભાગ કરીને ઉપરનો એક ભાગ છોડી દેવો. બાકી પાંચ ભાગનાં ત્રણ ભાગ કરવાં, તેમાંના એક ભાગનું પબાસન અને બે ભાગની પ્રતિમા કરવી. આ પ્રમાણે ઊભી પ્રતિમાનું માન જાણવું. શયનાસન પ્રતિમાનું માન દ્વારોદયના અર્ધભાગે કરવું. જલશય્યાના માન પ્રમાણે દ્વારનો વિસ્તાર કરવો. અર્થાત્ સુતેલી પ્રતિમા દ્વારના વિસ્તારથી અધિકમાનની કરવી નહિ.

**ગભારાનું માન—**

**चतुरस्त्रीकृते क्षेत्रे दशभागविभाजिते ।**

**द्विद्विभागेन द्वौ[२] भित्ती षड्भागं गर्भमन्दिरम् ॥३॥**

પ્રાસાદની સમચોરસ ભૂમિનાં દશ ભાગ કરવાં, તેમાં બે બે ભાગની ભીંતો કરવી. અને બાકીનાં છ ભાગનો ગભારો કરવો.॥ ૩ ॥

**ગભારાના માનથી મૂર્તિનું માન—**

**तृतीयांशेन गर्भस्य प्रासादे प्रतिमोत्तमा ।**

**मध्यमा स्वदशांशोना पञ्चांशोना कनीयसी ॥४॥**

ગભારાના વિસ્તારથી ત્રીજા ભાગની પ્રતિમા બનાવવી, તે ઉત્તમ છે. તેમાંથી દશમો ભાગ ઘટાડીને બનાવે તો મધ્યમ માનની અને પાંચમો ભાગ ઘટાડીને બનાવે તો કનિષ્ઠ માનની પ્રતિમા થાય. ॥ ૪ ॥

**દેવોનું દૃષ્ટિસ્થાન—**

**आयभागे भजेद् द्वार-मष्टममूर्ध्वतस्त्यजेत् ।**

**सप्तमसप्तमे दृष्टि-र्वृषे सिंहे ध्वजे शुभा ॥५॥**

દ્વારનો ઉંબરો અને ઓતરંગ વચ્ચેના આઠ ભાગ કરવાં, તેમાં ઉપરનો આઠમો ભાગ છોડીને તેની નીચેના સાતમા ભાગના ફરી આઠ ભાગ કરવાં, તેમાં ઉપરનો આઠમો ભાગ છોડીને નીચેનો સાતમો ભાગ ગજ આય છે, તેમાં દેવોની દૃષ્ટિ રાખવી, *અર્થાત્ દ્વારના

અપરાજિતપૃચ્છાસૂત્ર ૨૦૯ શ્લોક ૧૧માં પચીસ ભાગ કર્યાનું જણાવે છે.

* કેટલાંક શિલ્પિઓ સાતમા અને આઠમા ભાગની વચમાં આંખની કીકી રહે, તે પ્રમાણે પ્રતિમાની દૃષ્ટિ રાખે છે, જેથી આયનો મેળ મળતો નથી. આ ભૂલ જણાય છે.

ઉદયના ચોસઠ ભાગ કરીને તેનાં પંચાવનમાં ભાગમાં દષ્ટિ રાખવી. અથવા આઠ ભાગવાળા સાતમા ભાગના વૃષ, સિંહ અને ધ્વજ આયમાં પણ દષ્ટિ રાખવી શુભ છે. ॥ ૫ ॥

## વિશેષ દેવોનું દષ્ટિસ્થાન—

षष्ठभागस्य पञ्चांशे लक्ष्मीनारायणादिदृक् ।
शयनार्चेशलिङ्गानि द्वारार्धं न व्यतिक्रमेत् ॥६॥

દ્વારનાં આઠ ભાગોમાં જે છઠ્ઠો ભાગ છે, તેનાં આઠ ભાગ કરીને પાંચમાં ભાગમાં લક્ષ્મીનારાયણની દષ્ટિ રાખવી. શયનાસનવાળા દેવ અને શિવલિંગ, તેની દષ્ટિ દ્વારના અર્ધભાગમાં રાખવી, પણ દ્વારનાં અર્ધનું ઉલ્લંઘન કરી દષ્ટિ રાખવી નહિ. ॥ ૬ ॥

## દેવોનું પદ સ્થાન—

पट्टाधो यक्षभूताद्याः पट्टाग्रे सर्वदेवताः ।
तदग्रे वैष्णवं ब्रह्मा मध्ये लिङ्गं शिवस्य च ॥७॥

इति प्रतिमाप्रमाणदृष्टिपदस्थापनम् ।

ગભારાનાં સ્તંભ ઉપર જે પાટ રાખવામાં આવે છે, તેની નીચે યક્ષ, ભૂત અને નાગ આદિ દેવોની પ્રતિમાઓ સ્થાપના કરવી. પાટની આગળના ભાગમાં સર્વ દેવીઓને સ્થાપન કરવી, તેની આગળના ભાગમાં વૈષ્ણવ અને બ્રહ્માને સ્થાપન કરવાં. અને ગભારાનાં મધ્ય ભાગે (બ્રહ્મ ભાગે) શિવલિંગને સ્થાપન કરવું. ॥ ૭ ॥

## વત્થુસાર પયરણનાં મતે પદ સ્થાન—

" गब्भगिहड्ढपणंसा जक्खा पढमंसि देवया बीए ।
जिणकिण्हरवी तइए बंभु चउत्थे सिवं पणगे ॥ "

प्रकरण ३

ગભારાના સમાન બે ભાગ કરીને, તેમાં દીવાલ તરફના ભાગના પાંચ ભાગ કરવાં, દિવાલથી પ્રથમ ભાગમાં યક્ષને, બીજા ભાગમાં દેવીઓને, ત્રીજા ભાગમાં જિનદેવ, કૃષ્ણ અને સૂર્યને, ચોથા ભાગમાં બ્રહ્માને અને પાંચમાં ભાગમાં (ગભારાના મધ્ય ભાગમાં) શિવલિંગને સ્થાપવાં, (આ મત પ્રાયઃ અધિક પ્રચલિત છે),

## સમરાંગણ સૂત્રધારનાં મતે પદ સ્થાન—

" भक्ते प्रासादगर्भार्धे दशधा पृष्ठभागतः ।
पिशाचरक्षोदनुजाः स्थाप्या गन्धर्वगुह्यकाः ॥
आदित्यचण्डिकाविष्णु-ब्रह्मेशानाः पदक्रमात् ॥ "

अध्य० ५७

પછીત તરફના ગભારાના અરધા ભાગનાં દશ ભાગ કરવાં, તેમાં ભીંતાલથી પહેલા ભાગમાં પિશાચ, બીજામાં રાક્ષસ, ત્રીજામાં દૈત્ય, ચોથામાં ગંધર્વ, પાંચમામાં યક્ષ, છઠ્ઠામાં સૂર્ય, સાતમામાં ચંડિકા, આઠમામાં વિષ્ણુ, નવમામાં બ્રહ્મા અને દશમા ભાગમાં શિવને સ્થાપન કરવાં.

### અગ્નિપુરાણનાં મતે પદસ્થાન—

" षड्भिर्विभाजिते गर्भे त्यक्त्वा भागं च पृष्ठतः ।
स्थापनं पञ्चमांशे च यदि वा वसुभाजिते ॥
स्थापनं सप्तमे भागे प्रतिमासु सुखावहम् । "

अ० ९७

ગભારાના છ ભાગ કરવાં, તેમાં પછીત તરફનો એક ભાગ છોડીને, તેની આગળના પાંચમાં ભાગમાં સર્વ દેવોને સ્થાપન કરવાં. અથવા ગભારાના આઠ ભાગ કરીને પછીત પાસેનો એક ભાગ છોડી દેવો, તેની આગળના સાતમા ભાગમાં સર્વ દેવોને સ્થાપન કરવાં,સુખકારક છે.

### પ્રહાર થર—

छाद्यस्योर्ध्वे प्रहारः स्याच्छृङ्गे श्रृङ्गे तथैव च ।
प्रासादश्रृङ्गश्रृङ्गेषु अधोभागे तु छाद्यकम् ॥८॥

છાજાની ઉપર પ્રહાર નામનો થર કરવો. તે પ્રત્યેક શૃંગની નીચે કરવો. અને તેની નીચે છાજું કરવું. ॥ ૮ ॥

### છાદ્યનાં થર—

छाद्यं भागद्वयं सार्धं सार्धभागं च पालवम् ।
मुण्डलीकं भागमेकं भागेन तिलकस्तथा ॥९॥

બે અથવા દોઢ ભાગનું છાજું, દોઢ ભાગનો પાલવ, એક ભાગનો મુંડલિક અને અને એક ભાગનું તિલક કરવું* ॥૯ ॥

### શૃંગનો ક્રમ—

मूलकर्णे रथादौ च एक द्वित्रिक्रमान् न्यसेत् ।
निरन्धारे मूलभित्तौ सान्धारे भ्रमभित्तिषु ॥१०॥

* આ શ્લોકમાં જે પાલવ અને મુંડલિક નામ આપેલ છે, તેની આકૃતિ કોઈ શિલ્પિ જાણતા હોય તે લખી જણાવશે. તો ધન્યવાદપૂર્વક આભાર માનવામાં આવશે.

કોણુ, રથ અને ઉપરથ આદિ પ્રાસાદનાં અંગો છે. તેની ઉપર એક, બે અથવા ત્રણ શૃંગ અનુક્રમે ચઢાવવાં, નિરંધાર પ્રાસાદની મુખ્ય દીવાલ ઉપર અને સાંધાર પ્રાસાદની પરિક્રમાની દીવાલ ઉપર શૃંગોનો ક્રમ રાખવો. ॥ ૧૦ ॥

**ઉરૂશૃંગનો ક્રમ—**

**उरुशृङ्गाणि भद्रे स्यु- रेकादिनवसंख्यया ।**
**त्रयोदशोर्ध्वं सप्ताधो लुप्तानि चोरुशृङ्गकैः ॥११॥**



ઉરૂશૃંગની રચના

પ્રાસાદનાં ભદ્રની ઉપર એકથી નવ સુધી ઉરૂશૃંગ ચઢાવવાં. શિખરના ઉદયના તેર ભાગ કરી તેમાંથી સાત ભાગનું ઉરૂશૃંગ કરવું. બીજું ઉરૂશૃંગ પ્રથમ ઉરૂશૃંગના તેર ભાગ કરી તેમાંથી સાત ભાગનું કરવું. આ નિયમ પ્રમાણે ઉપરના ઉરૂશૃંગના તેર ભાગ કરી સાત ભાગનું નીચેનું ઉરૂશૃંગ રાખવું. ॥૧૧॥



શિખરનું નિર્માણ

**શિખરનું નિર્માણ—**

**रेखामूले च दिग्भागं कुर्यादग्रे षडंशकम् ।**
**षड्बाह्ये दोषदं प्रोक्तं पञ्चमध्ये न शोभनम् ॥१२॥**

શિખરનાં તલ ભાગનાં વિસ્તારના દશ ભાગ કરવાં, તેમાંના છ ભાગનો શિખરની ઉપરનાં સ્કંધનો વિસ્તાર કરવો. છ ભાગથી અધિક વિસ્તાર કરે તો શિખર દોષવાળું ગણાય અને પાંચ ભાગથી ઓછો વિસ્તાર કરે તો શિખર શોભાયમાન થાય નહિ. ॥ ૧૨ ॥

ઉદયભેદોદ્ભવરેખા—

सपादं[1] शिखरं कार्यं सकर्णं शिखरोदयम् ।
सपादकर्णयोर्मध्ये[2] रेखाः स्युः पञ्चविंशतिः ॥१३॥

મૂલરેખાના વિસ્તારથી શિખરનો ઉદય સવાયો કરવો, તે સવાયા શિખરના બન્ને કોણાની વચમાં પચીસ રેખા થાય છે. ॥ ૧૩ ॥

सपादकर्णयोर्मध्ये[3] उदये पञ्चविंशति ।
प्रोक्ता रेखाः कलाभेदे–वंलणे पञ्चविंशतिः ॥१४॥

સવાયા શિખરના બન્ને કોણાની વચમાં પચીસ રેખા ઉદયમાં થાય છે. તે કલાના ભેદથી શિખરની નમણમાં પચીસરેખા થાય છે. ॥ ૧૪ ॥

કલા ભેદોદ્ભવ રેખા—

पञ्चादिनन्दयुग्मान्तं खण्डानि तेष्वनुक्रमात् ।
अंशवृद्धया कलाः कार्या दैर्घ्ये स्कन्धेऽपि तत्समाः ॥१५॥

શિખરની ઉદયના પાંચથી લઈ ઓગણત્રીશ ખંડ કરવાં. તે ખંડોમાં અનુક્રમે એક એક કલા ઉદયમાં વધારે. જેમકે–પહેલાં પાંચ ખંડમાં એકથી પાંચ કલા, છઠ્ઠામાં છ, સાતમામાં સાત, આ પ્રમાણે એક એક કલા વધારતાં ઓગણત્રીશમાં ખંડમાં ઓગણત્રીશ કલા છે, ઉદયમાં જેટલી કલા આવે, તેટલી કલા સંખ્યા સ્કંધમાં પણ કરવી. ॥ ૧૫ ॥

अष्टाद्यावष्टषष्ट्यन्तं चतुर्वृद्धया च षोडश ।
दैर्घ्यतुल्याः कलाः स्कन्धे एकहीना त्वशोभनम् ॥१६॥

પહેલા સમચારની ત્રિકખંડોમાં આઠ આઠ કલા રેખા છે, પછી આગળના પ્રત્યેક ખંડમાં ચાર ચાર કલા વધારવાથી અઢારમાં અડસઠ કલા રેખા આવે છે. જેમકે–ત્રિખંડામાં આઠ, ચતુઃખંડામાં બાર, પંચખંડામાં સોલ, ષટ્ખંડામાં વીશ, આ પ્રમાણે ચાર ચાર વધારતા અઢારમાં ( સોલમા ) ખંડની અડસઠ કલા રેખા સમચારની થાય છે. ઉદયમાં જેટલી કલા રેખા થાય, તેટલી સ્કંધમાં પણ કરવી, એક પણ કમતી કરે તો શોભાયમાન થાય નહિ. ॥ ૧૬ ॥

---

१ 'सव्यासं' । २ 'व्यासस्य' । ३ કોઈ પ્રતિમાં આ પાદ નથી.

रेखाचक्र—

ऊर्ध्वा अष्टादशांशाः स्यु-स्तिर्यक्षोडश एव च।
चक्रेऽस्मिन् संभवन्त्येव रेखाणां षट्शरद्वयम् ॥१७॥

શિખરના ઉદયમાં અઢાર ખંડ અને આડા સોલ ખંડ થાય, એ પ્રમાણે ચક્ર બનાવે તો બસો છપ્પન રેખા થાય છે. ઉદયમાં અઢાર ખંડોમાં નીચેના ત્રણ ખંડનો એક ખંડ માનવામાં આવે છે, જેથી ઉદયના સોલ અને આડા સોલનો ગુણાકાર બસો છપ્પન થાય છે. ॥૧૭॥

પહેલા સમચારની ત્રિખંડા કલારેખા—

त्रिखण्डात् खण्डवृद्धिश्च यावदष्टादशावधि।
एकैकांशे कलाष्टौ च समचारस्तु षोडश ॥१८॥

ત્રિખંડાથી લઈ એક એક ખંડ વધારતાં અઢાર ખંડ સુધી વધારવાં, પ્રત્યેક ત્રિખંડમાં પ્રથમ સમચારની આઠ આઠ કલારેખા જાણવી. એ પ્રમાણે સોલ સમચાર છે. ॥૧૮॥

બીજા સપાદચારની ત્રિખંડા કલા રેખા—

द्वितीयप्रथमे खण्डे कलाष्टौ द्वितीये नव।
तृतीये दश खण्डेषु शेषेषूर्ध्वेष्वयं क्रमः ॥१९॥

બીજા સપાદચારની કલા રેખા પ્રથમ ત્રિખંડમાં આઠ, બીજા ખંડમાં નવ અને ત્રીજા ખંડમાં દશ જાણવી. આ પ્રમાણે બાકીના ખંડોમાં પણ આ ક્રમ જાણવો. ॥૧૯॥

ત્રીજા સાર્દ્ધચારની ત્રિખંડા કલા રેખા—

अष्टदिक्सूर्यभागैश्च त्रिखण्डा तृतीया भवेत्।
अनेन क्रमयोगेन कोष्ठानङ्कैः प्रपूरयेत् ॥२०॥

ત્રીજા સાર્દ્ધચારની કલારેખા ત્રિખંડાના પ્રથમ ખંડમાં આઠ, બીજા ખંડમાં દશ અને ત્રીજા ખંડમાં બાર જાણવી. આપણે ચારના ભેદ વડે બીજા કોઠામાં પણ અંકો પૂરવાં, ॥૨૦॥ (જુઓ પેજ ૭૯નું કોષ્ટક)

સોલ જાતનાં ચાર—

" समः सपादः सार्धश्च पादोनो द्विगुणस्तथा।
द्विगुणश्च सपादो द्वौ सार्धः पादोनकत्रयः ॥

## ત્રિખંડાની રેખા અને કલા—

| નંબર | ચારના નામ | રેખાના નામ | પહેલા ખંડની કલા | બીજા ખંડની કલા | ત્રીજા ખંડની કલા | કલાની કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | સમચાર ૮×૧=૮ | શશિની | ૮ | ૮ | ૮ | ૨૪ |
| ૨ | સપાદચાર ૮×૧।=૧૦ | શીતલા | ૮ | ૯ | ૧૦ | ૨૭ |
| ૩ | સાર્ધચાર ૮×૧॥=૧૨ | સૌમ્યા | ૮ | ૧૦ | ૧૨ | ૩૦ |
| ૪ | પાદોનદ્વયચાર ૮×૧॥।=૧૪ | શાન્તા | ૮ | ૧૧ | ૧૪ | ૩૩ |
| ૫ | દ્વિગુણ ચાર ૮×૨=૧૬ | મનોરમા | ૮ | ૧૨ | ૧૬ | ૩૬ |
| ૬ | સપાદદ્વિગુણ ૮×૨।=૧૮ | શુભા | ૮ | ૧૩ | ૧૮ | ૩૯ |
| ૭ | સાર્ધદ્વિગુણ ૮×૨॥=૨૦ | મનોભવા | ૮ | ૧૪ | ૨૦ | ૪૨ |
| ૮ | પાદોનત્રય ૮×૨॥।=૨૨ | વીરા | ૮ | ૧૫ | ૨૨ | ૪૫ |
| ૯ | ત્રિગુણચાર ૮×૩=૨૪ | કુમુદા | ૮ | ૧૬ | ૨૪ | ૪૮ |
| ૧૦ | સપાદત્રિગુણ ૮×૩।=૨૬ | પદ્મશેખરા | ૮ | ૧૭ | ૨૬ | ૫૧ |
| ૧૧ | સાર્ધત્રિગુણ ૮×૩॥=૨૮ | લલિતા | ૮ | ૧૮ | ૨૮ | ૫૪ |
| ૧૨ | પાદોનચતુષ્ક ૮×૩॥।=૩૦ | લીલાવતી | ૮ | ૧૯ | ૩૦ | ૫૭ |
| ૧૩ | ચતુર્ગુણ ૮×૪=૩૨ | ત્રિદશા | ૮ | ૨૦ | ૩૨ | ૬૦ |
| ૧૪ | સપાદચતુષ્ક ૮×૪।=૩૪ | પૂર્ણમંડલા | ૮ | ૨૧ | ૩૪ | ૬૩ |
| ૧૫ | સાર્ધચતુષ્ક ૮×૪॥=૩૬ | પૂર્ણભદ્રા | ૮ | ૨૨ | ૩૬ | ૬૬ |
| ૧૬ | પાદોન પંચક ૮×૪॥।=૩૮ | ભદ્રાંગી | ૮ | ૨૩ | ૩૮ | ૬૯ |

આ પ્રમાણે ચતુઃખંડાદિની કલારેખાઓ ચારનાં ભેદો વડે જાણવી.

त्रिगुणोऽथ सपादोऽसौ सार्धः पादोनवेदकः ।
चतुर्गुणः सपादोऽसौ सार्धः पादोनपञ्चकः ॥
इति षोडशधा चारं त्रिखण्डाद्यासु लक्षयेत् ।"

अप० सूत्र० १३९

ત્રિખંડાદિ ખંડોમાં સોલ પ્રકારનાં કલાચારનાં ભેદોથી જે જે રેખાઓ ઉત્પન્ન થાય છે. તે સોલ પ્રકારનાં કલાચાર આ પ્રમાણે છે–પહેલો સમ (બરાબર) ચાર, બીજો સપાદ (સવાયા) ચાર, ત્રીજો સાર્દ્ધ (દોઢા) ચાર, ચોથો પોણા બે ગુણો, પાંચમો બમણો, છઠ્ઠો સવા બે ગુણો, સાતમો અઢી ગુણો, આઠમો પોણા ત્રણ ગુણો, નવમો ત્રણ ગુણો, દશમો સવા ત્રણ ગુણો, અગ્યારમો સાડા ત્રણ ગુણો, બારમો પોણા ચાર ગુણો, તેરમો ચાર ગુણો, ચૌદમો સવા ચાર ગુણો, પંદરમો સાડા ચાર ગુણો, અને સોલમો પોણા પાંચ ગુણો છે.

**રેખાસંખ્યા—**

रेखाणां जायते संख्या षट्पञ्चाशच्छतद्वयम् ।
दैर्घ्ये भवन्ति यावन्त्यः कलाः स्कन्धेऽपि तत्समाः ॥२१॥

इति रेखानिर्णयः ।

સોલ પ્રકારનાં કલાચારનાં ભેદો વડે પ્રત્યેક ત્રિખંડાદિમાં સોલ સોલ રેખા ઉત્પન્ન થાય છે. જેથી રેખાઓની કુલ સંખ્યા બસો છપ્પન થાય છે. શિખરના ઉદયમાં જેટલી કલા રેખા હોય, તેટલી સ્કંધમાં પણ કરવી. ॥ ૨૧ ॥

**મંડોવર અને શિખરનું ઉદયમાન—**

विंशद्भिर्विभजेद् भागैः शिलातः कलशान्तकम् ।
मण्डोवरोऽष्टसार्धाष्ट-नवांशैः शिखरं परम् ॥२२॥

ખરશિલાથી લઈ કલશાન્ત સુધી ઉદયના વીશ ભાગ કરવાં, તેમાં આઠ, સાડા આઠ અથવા નવ ભાગનો મંડોવરનો ઉદય કરવો. (આ અનુક્રમે જયેષ્ઠ, મધ્યમ અને કનિષ્ઠ, માનના મંડોવરનો ઉદય જાણવો, એવું અપ. સૂ. ૧૮૩માં કહ્યું છે).બાકી જે ભાગ રહે, તેટલાં ભાગનાં ઉદયનું શિખર બનાવવું. ॥ ૨૨ ॥

**શિખર વિધાન—**

रेखामूलस्य विस्तारात्[१] पद्मकोशं समालिखेत् ।
चतुर्गुणेन सूत्रेण सपादः शिखरोदयः ॥२३॥

१ 'विस्तारे'।

મૂલરેખાનાં વિસ્તારથી ચાર ગુણા સૂત્ર વડે બન્ને કોણાના મૂલબિંદુથી બે ગોળ બનાવવા, જેથી બન્ને ગોળના સ્પર્શથી વચમાં કમલની પાંખડી જેવી આકૃતિવાળો પદ્મકોશ બની જાય છે, તેમાં બન્ને કોણાના મધ્ય વિસ્તારથી સવાયો શિખરનો ઉદય કરવો. ॥ ૨૩ ॥

## ગ્રીવા, આમલસાર અને કલશનું માન—

स्कन्धकोशान्तरे सप्त–भक्ते ग्रीवा तु भागतः ।
सार्द्धं आमलसारश्च पद्मपत्रं[1] तु सार्द्धकम् ॥२४॥
त्रिभाग उच्चकलशो द्विभागस्तस्य विस्तरः ।
प्रासादस्याष्टमांशेन पृथुत्वं कलशाण्डकम् ॥२५॥

ઉપર લખ્યા પ્રમાણે સવાયો શિખરનો ઉદય કર્યા પછી, જે પદ્મકોશનો ઉદય બાકી રહે છે. તેમાં ગ્રીવા, આમલસાર અને કલશ કરવાં. જેમકે-શિખરના સ્કંધથી લઈ પદ્મકોશના અન્ત્ય બિંદુ સુધીના ઉદયના સાત ભાગ કરવાં, તેમાં એક ભાગની ગ્રીવા, દોઢ ભાગનો આમલસાર, દોઢ ભાગનું પદ્મછત્ર(ચંદ્રિકા) અને ત્રણ ભાગનો કલશ કરવો. તે કલશના બીજોરાનો વિસ્તાર બે ભાગનો કરવો અને કલશના અંડકનો વિસ્તાર પ્રાસાદના માનથી આઠમાં ભાગનો કરવો. ॥ ૨૪ । ૨૫ ॥

## શુકનાસનો ઉદય—

छाद्यतः स्कन्धपर्यन्त–मेकविंशतिभाजिते ।
अङ्कदिग्रुद्रसूर्यांशै–र्विश्वांशैस्तस्य चोच्छ्रितिः ॥२६॥

છજાથી લઈ શિખરના સ્કંધ સુધીનાં ઉદયનાં એકવીશ ભાગ કરવાં. તેમાંનાં નવ, દશ, અગ્યાર, બાર અથવા તેર ભાગ સુધીમાં શુકનાસનો ઉદય કરવો. ॥ ૨૬ ॥

## સિંહસ્થાન—

शुकनासस्य संस्थानं छाद्योर्ध्वे पञ्चधा मतम् ।
एकत्रिपञ्चसप्ताङ्क–सिंहस्थानानि कल्पयेत् ॥२७॥

છજાની ઉપર શુકનાસનો જે પાંચ પ્રકારનો ઉદય ઉપર કહેલ છે. તેમાંથી શુકનાસના ઉદયનું જે માન આવ્યું હોય. તેનાં નવ ભાગ કરવા. તેમાંનાં એક, ત્રણ, પાંચ, સાત અથવા નવ. આ પાંચ ભાગોમાંથી કોઈપણ ભાગમાં સિંહસ્થાનની કલ્પનાં કરવી. ॥૨૭॥

[1] 'छत्रं'

* કપિલી (કોલી)નું સ્થાન—

द्वारस्य दक्षिणे वामे कपिली षड्विधा मता ।
तदूर्ध्वे शुकनासा स्यात् सैव प्रासादनासिका ॥२८॥

ગભારાના દ્વારની ઉપર જમણી અને ડાબી બાજુ છ પ્રકારની કોળી બનાવે, તેની ઊંચાઇએ શુકનાસ બનાવે, આ પ્રાસાદની નાસિકા કહેવાય છે. ॥ ૨૮ ॥

કોળીનું માન—

प्रासादो दशभागश्च द्वित्रिवेदांशसम्मिताः ।
प्रासादार्धेन पादेन त्रिभागेन तथा मित ः ॥२९॥[1]

પ્રાસાદના વિસ્તારના દશ ભાગ કરવાં, તેમાંથી બે, ત્રણ, અથવા ચાર ભાગની. તથા પ્રાસાદના અરધા, ચોથા અથવા ત્રીજા ભાગની. એ પ્રમાણે છ પ્રકારની કોળી બનાવવી. ॥ ૨૯ ॥

છ પ્રકારની કોળી—

" अञ्चिता कुञ्चिता शस्या त्रिधोदितक्रमागताः ।
मध्यस्था भ्रमा सभ्रमा षट्कोल्यः परिकीर्तिताः ॥
प्रासादे दशधा भक्ते भूमिसीमा विचक्षण ? ।
अञ्चिता च द्विभागा स्यात् त्रिभागा कुञ्चिता तथा ॥
शस्या चैवं चतुर्भागा त्रिधा चोक्तक्रमागताः ।
................................................ ॥
प्रासादपादमध्यस्था भ्रमा सत्रिभागतः ।
अर्धे तु सभ्रमा कार्या प्रासादस्य प्रमाणतः ॥ "

अप० सू० १२८

અંચિતા, કુંચિતા, શસ્યા, મધ્યસ્થા, ભ્રમા અને સભ્રમા, એ છ પ્રકારની કોળીનાં નામ છે. પ્રાસાદના વિસ્તારના દશ ભાગ કરીને, તેમાંથી બે ભાગની કોળી કરવી. તેનું નામ અંચિતા, ત્રણ ભાગની કોળીનું નામ કુંચિતા અને ચાર ભાગની કોળીનું નામ શસ્યા છે. તથા પ્રાસાદના વિસ્તારના ચોથા ભાગની કરવી. તેનું નામ મધ્યસ્થા, ત્રીજા ભાગની કોળીનું નામ ભ્રમા અને અરધા માનની કોળીનું નામ સભ્રમા છે.

---

* ગભારાના દ્વારની આગળના મંડપને કોળી મંડપ કહે છે, તેનાં છજ્જાની ઉપર શુકનાસની બન્ને બાજુ શિખરનાં આકારવાળો મંડપ હોય છે. જેને આધુનિક શિલ્પિઓ પ્રાસાદ પુત્ર કહે છે, તેનું નામ કપિલી અથવા કોળી છે.

[1] 'प्रासादेनार्धपादेन त्रिभागेनाथ निर्मिता ।'

प्रासादनां शृंगो अने आभूषण—

शृङ्गोरुशृङ्गप्रत्यङ्ग—मण्डकान् गणयेत् सुधीः ।
तवङ्गं तिलकं कर्णं कुर्यात् प्रासादभूषणम् ॥३०॥

શિખર, ઉરૂશૃંગ, પ્રત્યંગ (ચોથગરાસીયા) અને અંડક (શૃંગ) એ બધાં અંડક (શૃંગ) કહેવાય છે. તથા તવંગ, તિલક અને સિંહકર્ણ, એ બધાં પ્રાસાદનાં આભૂષણ કહેવાય છે. ॥ ૩૦ ॥

શિખરની નમણુના વિભાગ—

दशांशो शिखरे मूले अग्रेतननवांशकैः ।
सार्धांशको रथौ कर्णौ द्वौ शेषं भद्रमिष्यते ॥३१॥

શિખરના તલીએ (પાયચે) દશ ભાગ અને ઉપર સ્કંધના છ ભાગમાં નવ ભાગ કરવાં. તેમાં દોઢ દોઢ ભાગના બે પઢરા, અને બે બે ભાગનાં બે કોણા કરવાં. તથા તલીએ ભદ્ર ત્રણ ભાગનું અને સ્કંધે ભદ્ર બે ભાગનું કરવું. ॥ ૩૧ ॥

આમલસારનું માન—

रथयोरुभयोर्मध्ये वृत्तमामलसारकम् ।
उच्छ्रयो[1] विस्तरार्धेन चतुर्भागैर्विभाजयेत् ॥३२॥
ग्रीवा चामलसारश्च पादोना च सपादकः ।
चन्द्रिका भागमानेन भागेनामलसारिका ॥३३॥

બન્ને પઢરાના મધ્ય વિસ્તારના માનનો ગોળ આમલસાર કરવો. તેની ઊંચાઈ વિસ્તારથી અરધી કરવી. તેનાં ચાર ભાગ કરવા. તેમાંથી પોણા ભાગનું ગળું, સવા ભાગનો આમલસાર. એક ભાગની ચંદ્રિકા અને એક ભાગની આમલસારિકા કરવી. ॥ ૩૨ । ૩૩ ॥

પ્રકારાન્તરે આમલસારનું માન—

स्कन्धः षड्भागको ज्ञेयः सप्तांशामलसारकः ।
क्षेत्रमष्टविंशभागै—रुच्छ्रये च तदर्धतः ॥
ग्रीवा भागत्रयं कार्या अण्डकः पञ्चभागकः ।
त्रिभागा चन्द्रिका चैव तथैवामलसारिका ॥
निर्गमे षट्सार्धभागो भवेदामलसारिका ।
चन्द्रिका द्विसार्धभागा अण्डकपञ्च एव च ॥ ”

ज्ञानप्र० दी०

1 ' उत्सेधो '



દીપાર્ણવમતે આમલસારનું માન



સ્વમતે આમલસારનું માન

શિખરના સ્કંધનો વિસ્તાર છ ભાગ અને આમલસારનો વિસ્તાર સાત ભાગ રાખવો, આમલસારના વિસ્તારના અઠ્ઠાવીશ ભાગ અને ઉદય ચૌદ ભાગ કરવાં. તેમાંના ત્રણ ભાગનું ગળું, પાંચ ભાગનો આમલસાર, ત્રણ ભાગની ચંદ્રિકા અને ત્રણ ભાગની આમલસારિકા કરવી. આમલસારના મધ્ય ગર્ભથી સાડા છ ભાગ નીકળતી આમલસારિકા, તેનાંથી અઢી ભાગ નીકળતી ચંદ્રિકા અને તેનાંથી પાંચ ભાગ નીકળતો આમલસાર રાખવો.

## આમલસારની નીચે શિખરના કોણરૂપ—

" शिवे तु चेश्वरं रूपं ध्यानमग्नं विचक्षण ! ।
शिखरकर्णे दातव्यं जिने कुर्याज्जिनेश्वरः ॥ "

क्षीरार्णवे

શિવનો પ્રાસાદ હોય તો ધ્યાનમગ્ન શિવ અને જિનદેવનો પ્રાસાદ હોય તો જિનદેવનાં રૂપો આમલસારા નીચે શિખરના કોણે કરવાં,

## સુવર્ણપુરુષ(પ્રાસાદ પુરુષ)ની સ્થાપના—

घृतपात्रं न्यसेन्मध्ये ताम्रतारं सुवर्णजम् ।
सौवर्णपुरुषं तत्र तुलीपर्यङ्कशायिनम् ॥३४॥

આમલસારનાં મધ્યગર્ભમાં ઘીથી ભરેલા સોના ચાંદી, અથવા તાંબાના કલશમાં સુવર્ણપુરૂષ રાખીને, પછી ચાંદી અથવા ચંદનના પલંગ ઉપર રેશમની શય્યા પાથરીને તેની ઉપર તે સુવર્ણ પુરુષવાળા કળશને સ્થાપન કરવો* આ વિધિ શુભ દિવસે વાસ્તુપૂજન કરીને કરવી. કેમકે આ સુવર્ણપુરુષ પ્રાસાદનું જીવસ્થાન છે. ॥ ૩૪ ॥

* કેટલાક શિલ્પિઓનો એવો મત છે કે—ઘીથી ભરેલા સોના, ચાંદી અથવા તાંબાના કલશમાં સુવર્ણ પુરુષને રાખવો નહિ, પણ તેની પાસે મૂકવો.

સુવર્ણપુરુષનું પ્રમાણ અને તેની રચના--

प्रमाणं पुरुषस्यार्धा-ङ्गुलं कुर्यात् करं प्रति ।
त्रिपताकं करे वामे हृदिस्थं दक्षिणाम्बुजम्[1] ॥३५॥


प्रकार सुवर्णपुरुष

સુવર્ણપુરુષનું પ્રમાણ પ્રાસાદના વિસ્તારના માનથી પ્રત્યેક હાથ અરધો અરધો આંગળ વધારીને બનાવવો જેમકે-એક હાથના પ્રાસાદમાં અરધા આંગળ, બે હાથના પ્રાસાદમાં એક આંગળ, ત્રણ હાથના પ્રાસાદમાં દોઢ આંગળ, ચાર હાથના પ્રાસાદમાં બે આંગળ અને પાંચ હાથના પ્રાસાદમાં અઢી આંગળ આદિ, આ પ્રમાણે પ્રત્યેક હાથ અરધા આંગળ વધારીને બનાવવો, આ સુવર્ણ પુરુષના ડાબા હાથમાં ધ્વજા રાખવી. અને તે હાથ છાતી ઉપર રાખવો અને જમણા હાથમાં કમલ રાખવું. ॥ ૩૫ ॥

અપરાજિતપૃચ્છાના મતે પુરૂષનું સ્થાન અને રચના---

" अथातः सम्प्रवक्ष्यामि पुरुषस्य प्रवेशनम् ।
न्यसेद् देवालयेष्वेवं जीवस्थानफलं भवेत् ॥
छादनोपप्रवेशेषु शृङ्गमध्येऽथवोपरि ।
शुकनासावसानेषु वेद्यूर्ध्वे भूमिकान्तरे ॥
मध्यगर्भे विधातव्यो हृदयवर्णको विधिः ।
हंसतुलीं ततो कुर्यात् ताम्रपर्यङ्कसंस्थिताम् ॥
शयनं चापि निर्दिष्टं पद्मं वै दक्षिणे करे ।
त्रिपताकं करं वामं कारयेद्धृदि संस्थितम् ॥"

सूत्रं १५३

સુવર્ણપુરુષને સ્થાપન કરવાનાં સ્થાનોને કહું છું. તે દેવાલયનું જીવસ્થાન છે. તેને છજાના પ્રવેશમાં, ઉપરનાં શૃંગમાં, શુકનાસની અંતે, વેદી ઉપર અને બે માલની ભૂમિના મધ્યગર્ભમાં સ્થાપન કરવો. આ હૃદયવર્ણક (જીવ) વિધિ છે. તેને તાંબાના

[1] " दक्षिणं करम् ।"

પલંગ ઉપર રેશમની શય્યા રાખીને તેની ઉપર સુવાડવો. તેના જમણા હાથમાં કમલ રાખવું અને ડાબા હાથમાં ધ્વજા રાખીને તે છાતી ઉપર રાખવો.

" प्रमाणं तस्य वक्ष्यामि प्रासादादौ समस्तके ।
यावच्छतार्धं हस्तादेः कल्पयेच्च यथाक्रमम् ॥
वृद्धिरर्धाङ्गुलाद्धस्ते यावन्मेरुं प्रकल्पयेत् ।
एवंविधं प्रकर्त्तव्यं सर्वकामफलप्रदम् ॥
हेमजं तारजं वापि ताम्रजं वापि भागशः ।
कलशे चाम्बुपूर्णे तु सौवर्णं पुरुषं न्यसेत् ॥
पर्यङ्कस्य चतुःपत्सु कुम्भाश्चत्वार एव च ।
हिरण्यनिधिसंयुक्ता आत्ममुद्राभिरङ्किताः ॥
एवमारोपयेद् देवं यथोक्तं वास्तुशासने ।
तस्य नैव भवेद् दुःखं यावदाभूतसम्प्लवम् ॥ "

अप. सू. १५३

સુવર્ણપુરુષનું પ્રમાણ કહું છું. એક હાથથી પચાસ હાથ સુધીનાં પ્રાસાદને માટે પ્રત્યેક હાથે અરધો અરધો આંગળ વધારીને બનાવવો. તે સોના, ચાંદી અથવા તાંબાનો બનાવીને જલપૂર્ણ કલશમાં સ્થાપન કરવો. તેના પલંગના ચારે પાયે ચાર કલશ સુવર્ણમુદ્રાભરીને રાખવા તથા તેમાં પોતાના (મંદિર બનાવનારના) નામવાળી સુવર્ણમુદ્રા રાખવી. આ પ્રમાણે દેવ (સુવર્ણપુરુષ) સ્થાપન કરવાથી જ્યાં સુધી જગત વિદ્યમાન રહે, ત્યાં સુધી કોઈપણ જાતનું દુઃખ તેને થાય નહિ.

### કલશની ઉત્પત્તિ અને સ્થાપના—

क्षीरार्णवे समुत्पन्नं प्रासादस्याग्रजातकम् ।
माङ्गल्येषु च सर्वेषु कलशं स्थापयेद् बुधः ॥ ३६ ॥

જ્યારે દેવોએ ક્ષીરસમુદ્રનું મંથન કર્યું. ત્યારે તેમાંથી ચૌદ રત્ન મળ્યા. તે ચૌદ રત્નોમાં એક કામકુંભ નામનો શ્રેષ્ઠ કલશ પણ મળ્યો હતો, તેને પ્રાસાદના શિખર ઉપર અને બધાં માંગલિક સ્થાનોમાં વિદ્વાન લોગ સ્થાપન કરે છે. ॥ ૩૬ ॥

### કલશનું ઉદયમાન—

पूर्वोक्तमानतो ज्येष्ठः षोडशांशाधिको भवेत् ।
[1]तावदंशोनः कनीयो नवांशोऽभ्युदयं भवेत् ॥ ३७ ॥

---

१. ' द्वात्रिंशदंशतो मध्यः । પાઠાન્તરે–બત્રીસમો ભાગ વધારે તો મધ્યમમાનનો કલશનો ઉદય જાણવો.

**ग्रीवापीठं भवेद् भागं त्रिभागेनाण्डकं तथा।**
**कर्णिके भागतुल्ये च त्रिभागं बीजपूरकम् ॥ ३८ ॥**



પૂર્વોક્ત શ્લોક ૨૫માં કલશનું જે માન લખ્યું છે, તે માનમાં તેનો સોલમો ભાગ વધારે તો જ્યેષ્ઠમાન અને કમ કરે તો કનિષ્ઠ માનનો કલશનો ઉદય જાણવો. તેનાં ઉદયનાં નવ ભાગ કરવાં, તેમાંથી એક ભાગની ગ્રીવા, ત્રણ ભાગનું કલશનું પેટ, બન્ને કર્ણિકાઓ ( એક છજી અને એક કણી ) એક એક ભાગની અને ત્રણ ભાગનો બીજોરાનો ઉદય કરવો. ॥ ૩૭ । ૩૮ ॥

**કલશનું વિસ્તારમાન—**

**एकांशमग्रे द्वौ मूले वह्निवेदांशकर्णिके।**
**ग्रीवा द्वौ पीठमर्द्धं द्वौ षड्भागं विस्तराण्डकम् ॥ ३९ ॥**

બીજોરાની ઉપરનો વિસ્તાર એક ભાગ અને મૂલભાગનો વિસ્તાર બે ભાગ, બીજોરાની નીચેની કણીનો વિસ્તાર ત્રણ ભાગ, આની નીચે બીજી કણી ( છજી ) નો વિસ્તાર ચાર ભાગ, ગલાનો વિસ્તાર બે ભાગ, અરધી પીઠનો વિસ્તાર બે ભાગ ( પૂરી પીઠનો વિસ્તાર ચાર ભાગ ) અને કલશના પેટનો વિસ્તાર છ ભાગ કરવો. ॥ ૩૯ ॥

**ધ્વજાદંડનું સ્થાન—**

**प्रासादपृष्ठदेशे तु दक्षिणे तु प्रतिरथे।**
**ध्वजाधारस्तु कर्त्तव्य ईशाने नैऋतेऽथवा ॥ ४० ॥**

इति प्रासादस्योर्ध्वलक्षणम्।

પ્રાસાદના શિખરની પાછળ જમણા પઢરામાં ધ્વજાદંડ રાખવાનો કલાબો બનાવવો. તે પૂર્વાભિમુખ પ્રાસાદને ઇશાન કોણામાં અને પશ્ચિમાભિમુખ પ્રાસાદને નૈઋત્ય કોણામાં બનાવવો. ॥ ૪૦ ॥

**ધ્વજાધાર ( કલાબો )નું સ્થાન—**

**" रेखायाः षष्ठमे भागे तदंशे पादवर्जिते।**
**ध्वजाधारस्तु कर्त्तव्यः प्रतिरथे च दक्षिणे ॥ "**

ज्ञान. प्र. दी०

શિખરની રેખાના ઉદયના છ ભાગ કરીને, ઉપરના છઠ્ઠા ભાગના ફરી ચાર ભાગ કરવાં, તેમાં ઉપરથી ત્રીજા ભાગમાં જમણા પઢરામાં ધ્વજાધાર (કલાબો) બનાવવો. અર્થાત્ રેખાના ઉદયના ચોવીસ ભાગ કરીને ઉપરના બાવીશમાં ભાગમાં કલાબો બનાવવો.

## અપરાજિત મતે સ્તંભવેધનું સ્થાન—

" रेखाधः ( र्घश्च ? ) त्रिभागोर्ध्वं सूत्रांशे ( तदंशे ) पादवर्जिते ।
ध्वजोन्नतिस्तु कर्त्तव्या ईशाने नैर्ऋतेऽथवा ॥
प्रासादपृष्ठदेशे तु प्रतिरथे च दक्षिणे ।
स्तम्भवेधस्तु कर्त्तव्यो भित्तेरष्टमांशके ( भित्याश्च षष्ठमांशे ॥ "

सूत्र० १४४

શિખરની રેખાની ઉપરના અરધા ભાગના ત્રણ ભાગ કરવાં. ઉપરના ત્રીજા ભાગના ફરી ચાર ભાગ કરવાં, તેમાં નીચેનો એક ભાગ છોડીને ત્રીજા ભાગમાં કલાબો કરવો, તે પ્રાસાદની પાછળ જમણા પઢરામાં ઈશાન અથવા નૈર્ઋત્ય કોણમાં ભીંતનાં છઠ્ઠા ભાગ જેટલો જાડો કરવો.

## કલાબાની જાડાઈ અને સ્તંભિકાનું માન—

" स्तम्भवेधस्तु कर्त्तव्यो भित्याश्च षष्ठमांशकः ।
घण्टोदयप्रमाणेन स्तम्भिकोदयः कारयेत् ॥
धामहस्ताङ्गुलविस्तार–स्तस्योर्ध्वेकलशो भवेत् ॥

ज्ञान. प्र. दी०

દીવાલની જાડાઈનાં છઠ્ઠે ભાગે કલાબો કરવો. ધ્વજાદંડને મજબૂત સ્થિર કરવા માટે દંડની સાથે એક સ્તંભિકા રાખવામાં આવે છે. તેની ઊંચાઈ કલાબાથી આમલસારા સુધી કરવી. અને તેની જાડાઈ પ્રાસાદના માનથી હસ્તાંગુલ રાખવી અને તેની ઉપર કલશ રાખવો. ધ્વજાદંડ અને સ્તંભિકા એ બન્નેનો મજબૂત વજ્રબંધ કરવો.



સ્તંભિકા અને ધ્વજાદંડ

ધ્વજાદંડનું પહેલું ઉદયમાન—

दण्डः कार्यस्तृतीयांशः शिलातः[1] कलशान्तकम् ।
मध्योऽष्टांशेन हीनोऽसौ ज्येष्ठपादोनः कन्यसः ॥ ४१ ॥

પ્રાસાદની ખરશિલાથી લઈ કલશના અગ્ર ભાગ સુધીની ઊંચાઈના ત્રણ ભાગ કરવાં, તેમાંથી એક ભાગના માનનો લાંબો ધ્વજાદંડ કરવો તે જ્યેષ્ઠ માનનો દંડ જાણવો. તેમાંથી આઠમો ભાગ કમ કરવાથી મધ્યમમાન અને ચોથો ભાગ કમકરવાથી કનીષ્ઠમાનનો ધ્વજાદંડ થાય છે ॥૪૧॥

ધ્વજાદંડનું બીજું ઉદયમાન—

प्रासाद[2]व्याससमानेन दण्डो ज्येष्ठः प्रकीर्त्तितः ।
मध्यो हीनो दशांशेन पञ्चमांशेन कन्यसः ॥ ४२ ॥

પ્રાસાદના વિસ્તારની બરાબર લાંબો ધ્વજાદંડ કરવો, તે જ્યેષ્ઠ માનનો ધ્વજાદંડ જાણવો. તેમાંથી દશમો ભાગ કમકરવાથી મધ્યમમાન અને પાંચમો ભાગ કમ કરવાથી કનિષ્ઠ માનનો ધ્વજા દંડ થાય છે. ॥ ૪૨ ॥

ધ્વજા દંડનું ત્રીજું ઉદય માન—

" मूलरेखा प्रमाणेन ज्येष्ठः स्याद् दण्डसम्भवः ।
मध्यमो द्वादशांशोनः षडंशोनः कनिष्ठकः ॥ "

अप. सू. १४४

મૂલરેખા શિખરનો વિસ્તાર અર્થાત્ (ગભારા)ના વિસ્તાર માન જેટલો લાંબો ધ્વજા દંડ કરવો, તે જ્યેષ્ઠ માનનો કહેવાય, તેમાંથી બારમો ભાગ કમ કરવાથી મધ્યમ અને છઠ્ઠો ભાગ કમ કરવાથી કનિષ્ઠ માનનો ધ્વજાદંડ કહેવાય છે.

વિવેક વિલાસનો પ્રથમ સર્ગ શ્લોક ૧૭૯માં ખુલાસાવાર જણાવે છે કે—

" दण्डः प्रकाशे प्रासादे प्रासादकरसंख्यया ।
सान्धकारे पुनः कार्यो मध्यप्रासादमानतः ॥ "

પ્રકાશવાળા (પરિક્રમા વગરનાં) પ્રાસાદનો ધ્વજા દંડ પ્રાસાદનાં માનનો કરવો, એટલે જેટલો પ્રાસાદ હોય તેટલો લાંબો ધ્વજા દંડ કરવો, અને અંધકારવાળા (પરિક્રમાવાળા) પ્રાસાદનો ધ્વજા દંડ મધ્યપ્રાસાદના માનનો કરવો. એટલે પરિક્રમા અને પરિક્રમાની ભીંતને છોડીને ગભારો અને તેની બન્ને ભીંતના માનનો કરવો.

1 'शिलान्तः'। 2 'पृथु'

ધ્વજાદંડનું વિસ્તાર માન—

एकहस्ते तु प्रासादे दण्डः पादोनमङ्गुलम् ।
कुर्यादर्धाङ्गुला वृद्धि-र्यावत् [1]पञ्चाशद्धस्तकम् ॥ ४३ ॥

એક હાથના વિસ્તારવાળા પ્રાસાદના ધ્વજા દંડનો વિસ્તાર પોણા આંગળનો કરવો, પછી પચાસ હાથ સુધીના પ્રાસાદને માટે દરેક હાથે અરધો અરધો આંગળ વધારીને ધ્વજાદંડનો વિસ્તાર કરવો. ॥ ૪૩ ॥

ધ્વજાદંડની રચના—

सुवृत्तः सारदारुश्च ग्रन्थिको[2]टरवर्जितः ।
पर्वभिर्विषमैः कार्यः समग्रन्थिः सुखावहः ॥ ४४ ॥

કોઈ પણ પ્રકારની ગાંઠ અથવા પોલાણ આદિ દોષ રહિત એવો મજબૂત લાકડાનો સુંદર ગોળાકાર ધ્વજા દંડ કરવો, તેને પર્વ (વિભાગ) વિષમ સંખ્યામાં અને ચૂડીઓ સમસંખ્યામાં રાખવી, તે સુખદાયક છે. ॥ ૪૪ ॥

ધ્વજા દંડના તેર નામ—

" जयन्तस्त्वेकपर्वश्च त्रिपर्वः शत्रुमर्दनः ।
पिङ्गलः पञ्चपर्वश्च सप्तपर्वश्च सम्भवः ॥
श्रीमुखो नवपर्वश्च आनन्दो रुद्रपर्वकः ।
त्रिदेवो विश्वपर्वश्च तिथिभिर्दिव्यशेखरः ॥
मुनीन्दुभिः कालदण्डो महोत्कटो नवेन्दुतः ।
सूर्याख्यस्त्वेकविंशत्या कमलो वह्निनेत्रतः ॥
तत्त्वपर्वो विश्वकर्मा दण्डनामानि पर्वतः ।
शस्ताशस्तत्वमेतेषामभिधानगुणोद्भवम् ॥ "

अप० सूत्र० १४४

એક પર્વવાળો જયંત, ત્રણ પર્વનો શત્રુમર્દન, પાંચ પર્વનો પિંગલ, સાત પર્વનો સંભવ, નવ પર્વનો શ્રીમુખ, અગ્યાર પર્વનો આનંદ, તેર પર્વનો ત્રિદેવ, પંદર પર્વનો દિવ્ય શેખર, સત્તર પર્વનો કાલદંડ, ઓગણીશ પર્વનો મહા ઉત્કટ, એકવીશ પર્વનો સૂર્ય, તેવીશ પર્વનો કમલ અને પચીસ પર્વનો વિશ્વકર્મા નામ છે. આ તેર પ્રકારના દંડના નામ પર્વની અનુસાર જાણવાં, તેનાં નામ પ્રમાણે શુભાશુભ ફલ જાણવું

१. 'पञ्चदशाहतम्।' २. 'कण्टक'।

ध्वजा दंडनी पाटली—

दण्डदीर्घषडंशेन मर्कटयर्धेन विस्तृता ।
अर्द्धचन्द्राकृतिः पार्श्वे घण्टे द्वे कलशस्तथा ॥ ४५ ॥

ध्वजादंडनी लंबाईना छठ्ठे भागे मर्कटी (पाटली)नी लंबाई करवी, अने लंबाईथी अरधा मानने तेनो विस्तार करवो. (विस्तारना त्रीजा भागनी जाडी करवी). पाटलीनो सन्मुख भाग अर्ध चंद्रना आकारवाळो करवो. तेनी बन्ने पडखे घंटडीओ लगाडवी अने उपर कलश करवो. ॥ ४५ ॥

अपराजितपृच्छा सूत्र १४४मां लखे छे के—

" मण्डूकी तस्य कर्त्तव्या अर्धचन्द्राकृतिस्तथा ।
पृथुदण्डसप्तगुणा हस्तादिपञ्चकावधि ॥
षड्गुणा च द्वादशान्तं शेषाः पञ्चगुणास्तथा ।
तथा त्रिभागविस्ताराः कर्त्तव्याः सर्वकामदाः ॥
अर्धचन्द्राकृतिश्चैव पक्षे कुर्याद् गगारकम् ।
वंशोर्ध्वे कलशं चैव पक्षे घण्टाप्रलम्बनम् ॥ "

ध्वजादंडनी पाटली अर्धचंद्रना आकारवाळी करवी, ते एकथी पांच हाथना लांबा ध्वजा दंडना विस्तारथी सात गुणी, छथी बार हाथना लांबा दंडना विस्तारथी छ गुणी अने तेरथी पचास हाथ सुधीना लांबा दंडना विस्तारथी पांच गुणी लांबी पाटली करवी. लंबाईना त्रीजा भागे विस्तारमां करवी. ते सर्व कामनाने आपनार छे. अर्धचंद्राकृतिनी बन्ने तरफ गगारक करवां, दंडनी उपर कलश राखवो अने पाटलीनी बन्ने तरफ लांबी घंटडीओ लगाडवी.

ध्वजानुं मान—

ध्वजा दण्डप्रमाणेन दैर्घ्येऽष्टांशेन विस्तरे ।
नानावस्त्रैर्विचित्राद्यै-स्त्रिपञ्चाग्रशिखोत्तमा ॥ ४६ ॥

ध्वजादंडनी लंबाईना माननी ध्वजानी लंबाई करवी अने लंबाईना आठमा भाग जेटली पहोळी करवी, ते अनेक वर्णनां वस्त्रनी करवी, तेनां अग्रभागमां त्रण अथवा पांच शिखाओ करवी ॥ ४६ ॥

ध्वजानुं महात्म्य—

पुरे च नगरे कोटे रथे राजगृहे तथा ।
वापीकूपतडागेषु ध्वजाः कार्याः सुशोभनः ॥ ४७ ॥

પુર, નગર, કોટ, રથ, રાજમહેલ, વાવ, કુવા અને તલાવ આદિ સ્થાનોમાં સુંદર શોભાયમાન ધ્વજા રાખવી જોઈએ. ॥ ४७ ॥

निष्पन्नं शिखरं दृष्ट्वा ध्वजहीने सुरालये ।
असुरा वासमिच्छन्ति ध्वजहीनं न कारयेत् ॥४८॥

તૈયાર થયેલાં પ્રાસાદનાં શિખરને ધ્વજારહિત દેખીને તેમાં અસુરો (રાક્ષસો) રહેવાની ઇચ્છા કરે છે. તેથી દેવાલય ધ્વજા વિનાનું રાખવું નહિ. ॥ ४८ ॥

ध्वजोच्छ्रायेण तुष्यन्ति देवाश्च पितरस्तथा ।
दशाश्वमेधिकं पुण्यं सर्वतीर्थधरादिकम् ॥ ४९ ॥

દેવાલયની ઉપર ધ્વજા ચડાવવાથી દેવો અને પિતરો સંતુષ્ટ થાય છે. તથા દશ અશ્વમેધ યજ્ઞ કરવાથી અને સમસ્ત ભૂતલની તીર્થયાત્રા કરવાથી જે પુણ્ય થાય છે. તે પુણ્ય પ્રાસાદની ઉપર ધ્વજા ચડાવવાથી થાય છે. ॥ ४९ ॥

पञ्चाशत् [1]पूर्वतः पश्चाद्–आत्मानं च तथाधिकम् ।
शतमेकोत्तरं सोऽपि तारयेन्नरकार्णवात् ॥ ५० ॥

इतिश्री सूत्रधारमण्डनविरचिते प्रासादमण्डने वास्तुशास्त्रे प्रतिमाप्रमाणदृष्टिपदस्थान शिखरध्वजकलशलक्षणाधिकारश्चतुर्थोऽध्यायः ॥४॥

ધ્વજા ચડાવવાવાળાના વંશની પહેલીની પચાસ અને પાછળની પચાસ, તથા એક પોતાની એ પ્રમાણે કુલ એકસો એક પેઢીના પૂર્વજોને નરક રૂપી સમુદ્રથી તારે છે.

ઇતિશ્રી પંડિત ભગવાનદાસ જૈન વિરચિત પ્રાસાદ મંડન ગ્રંથના ચોથા અધ્યાયની સુબોધિની નામની ભાષા ટીકા સમાપ્ત. ॥ ४ ॥

卐

1. 'पूर्वजः' ।

# अथ प्रासादमण्डने पञ्चमोऽध्यायः ।

**મંગલ—**

नानाविधमिदं विश्वं विचित्रं येन सूत्रितम् ।
सूत्रधारः स एव[1] स्यात् सर्वेषां पालनक्षमः ॥ १ ॥

જેણે આ અનેક પ્રકારનું વિચિત્ર જગત બનાવ્યું છે, તે સૂત્રધાર ( વિશ્વકર્મા ) બધાંનું પાલન કરવામાં સમર્થ છે ॥ ૧ ॥

**ગ્રંથની માન્યતાની યાચના—**

न्यूनाधिकं प्रसिद्धं च यत्किञ्चिन्मण्डनोदितम् ।
विश्वकर्मप्रसादेन शिल्पिभिर्मान्यतां वचः ॥ २ ॥

જગતમાં જે કંઈ ઓછું વધતું આ શિલ્પશાસ્ત્ર મંડનસૂત્રધારે કહ્યું છે, તે પ્રસિદ્ધ છે. તે વિશ્વકર્માની કૃપાથી શિલ્પિઓને માન્ય થાય ॥ ૨ ॥

**વૈરાજ્ય પ્રાસાદ—**

चतुर्भागं समारभ्य यावत्सूर्योत्तरं शतम् ।
भागसंख्येति विख्याता फालना कर्णबाह्यतः ॥ ३ ॥

ચારથી લઇ એકસો બાર ભાગ સુધી વૈરાજ્યાદિ પ્રાસાદ બને છે. અને તેની ફાલનાઓ કોણાથી બહાર નીકળતી હોય છે. ॥ ૩ ॥

**ફાલનાનાં ભેદ—**

अष्टोत्तरं शतं भेदा अंशवृद्ध्या भवन्ति ते ।
समांशैर्विषमैः कार्या–नन्तभेदैश्च[2] फालना ॥ ४ ॥

એક એક અંશની વૃદ્ધિ કરવાથી ફાલનાનાં એકસો આઠ ભેદ થાય છે. તેમજ સમ અને વિષમ અંશના ભેદ વડે ફાલનાઓનાં અનંત ભેદ પણ થાય છે ॥ ૪ ॥

---

૧. 'श्रेयसेऽस्तु' । ૨. 'नन्दभेदैः' ।

एकस्यापि तलस्योर्ध्वे शिखराणि बहून्यपि ।
नामानि जातयस्तेषा-मूर्ध्वमार्गानुसारतः ॥ ५ ॥

એક જ તલની ઉપર ઘણાં પ્રકારનાં શિખર ઉત્પન્ન થાય છે. અને તે ઉપરનાં શિખરનાં નિર્માણથી પ્રાસાદોનાં નામ અને તેની જાતિ ઉત્પન્ન થાય છે.

**ભ્રમણી (પરિક્રમા)—**

**दशहस्तादधो न स्यात् प्रासादो भ्रमसंयुतः ।**
**नवाष्टदशभागेन भ्रमो भित्तिर्विधीयते ॥ ६ ॥**

દશ હાથથી ઓછા માનનાં પ્રાસાદને પરિક્રમા કરવી નહિ, પરંતુ દશ હાથથી અધિકમાનના પ્રાસાદને પરિક્રમા કરવી, પરિક્રમા અને દીવાલ પ્રાસાદના આઠમા, નવમા અથવા દશમા ભાગની કરવી. ॥ ६ ॥



**वैराज्यश्चतुरस्रः स्याच्चतुर्द्वारे चतुष्किका ।**
**प्रासादो ब्रह्मणः[1] प्रोक्तो निर्मितो विश्वकर्मणा ॥ ७ ॥**

વૈરાજ્યપ્રાસાદ સમચોરસ અને ચાર દ્વારવાળો છે, તે પ્રત્યેક દ્વાર ચોકી મંડપ વાળા કરવાં, આ પ્રાસાદ બ્રહ્માજીનો કહેવાય છે અને તે વિશ્વકર્માજીએ નિર્માણ કરેલો છે ॥ ७ ॥

અપરાજિતપૃચ્છા સુત્ર ૧૫૫ માં કહ્યું છે કે—

" चतुरस्रीकृते क्षेत्रे तथा षोडशभाजिते ।
तस्य मध्यं चतुर्भागी-गर्भं सूत्रैश्च कारयेत् ॥
द्वादशास्वथ शेषेषु बाह्ये भित्तीः प्रकल्पयेत् ॥ "

વૈરાજ્ય પ્રાસાદની સમચોરસ ભૂમિના સોલ ભાગ કરવાં, તેમાંથી ચાર ભાગનો મધ્ય ગભારો રાખવો, બાકી બાર ભાગમાં બે બે ભાગની બન્ને દીવાલ અને બે ભાગની ભ્રમણી કરવી.

१. 'ब्रह्मणः'।

सपादं शिखरं कार्यं घण्टाकलशभूषितम् ।
चतुर्भिः शुकनासैस्तु सिंहकर्णैर्विराजितम् ॥ ८ ॥

શિખરનો ઉદય પ્રાસાદના વિસ્તારથી સવાગણો કરવો. તથા શિખર આમલસાર અને કલશથી શોભાયમાન બનાવવું અને ચારે દિશામાં શુકનાસ અને કોણા ઉપર સિંહ આદિથી શોભાયમાન કરવું ॥ ૮ ॥

દ્વારનો નિયમ—

एकद्वारं भवेत् पूर्वे द्विद्वारं पूर्वपश्चिमम् ।
त्रिद्वारं मध्यजं द्वारं दक्षिणास्यं विवर्जयेत् ॥ ९ ॥

પ્રાસાદને જો એક જ દ્વાર કરવું હોય તો પૂર્વ દિશામાં કરવું, બે દ્વાર કરવાં હોય તો પૂર્વ અને પશ્ચિમ દિશામાં કરવાં, ત્રણ દ્વાર કરવાં હોય તો બે દ્વારની મધ્યમાં ઉત્તર દિશામાં એટલે પ્રવેશમાં સમ્મુખ દક્ષિણ દિશા આવે, પણ દક્ષિણ દિશાની સામે એટલે પ્રવેશમાં ઉત્તરમુખ રહે તેમ ન કરવું ॥ ૯ ॥

चतुर्द्वारं चतुर्दिक्षु शिवब्रह्मजिनालये ।
[1]होमशालायां कर्त्तव्यं क्वचिद् राजगृहे तथा ॥ १० ॥

શિવ, બ્રહ્મા અને જિનદેવ, તેઓના પ્રાસાદોમાં ચારે દિશામાં દ્વાર રાખી શકાય છે; તે પ્રમાણે યજ્ઞશાલામાં અને ક્યારેક રાજમહેલમાં પણ ચારે દિશામાં દ્વાર રાખી શકાય છે. ॥ ૧૦ ॥

અપરાજિતપૃચ્છા સૂત્ર ૧૫૭માં ત્રણદ્વાર સંબંધમાં લખે છે કે—

" पूर्वोत्तरयाम्ये चैव पूर्वापरोत्तरे तथा ।
याम्यापरोत्तरे शस्तं त्रिद्वारं त्रिविधं स्मृतम् ॥ "

પૂર્વ, ઉત્તર અને દક્ષિણ; પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર; તથા દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર, આ પ્રમાણે ત્રણ દ્વાર કરવાં, તે શુભ છે.

" पूर्वापरे स्याद् द्विद्वारं दूषयेच्च याम्योत्तरे ।
एकद्वारं च माहेन्द्र्यां चतुर्द्वारं चतुर्दिशम् ॥ "

अप० सू० १५७

१ 'होमशाला चतुर्द्वारा !' पाठान्तरे.

બે દ્વાર બનાવવાં હોય તો પૂર્વ અને પશ્ચિમ દિશામાં બનાવવાં, પરંતુ ઉત્તર દક્ષિણ દિશામાં બનાવવાં નહિ. બનાવે તો દોષ કર્તા થાય, જો એક જ દ્વાર બનાવવું હોય તો પૂર્વ દિશામાં જ બનાવવું અને ચાર દ્વાર કરવા હોય તો ચારે દિશામાં કરવાં.

"पूर्वे च भक्तिदं द्वारं मुक्तिदं वरुणोद्गतम् ।
याम्योत्तरे शिवे द्वारे कृते दोषो महद्भयम् ॥"

अप. सू. १५७

પૂર્વ દિશાનું દ્વાર ભક્તિ દેનારૂં છે અને પશ્ચિમ દિશાનું દ્વાર મુક્તિને આપનારૂં છે, શિવ પ્રાસાદમાં જો ઉત્તર અને દક્ષિણ દિશામાં દ્વાર કરવામાં આવે તો દોષકારક છે તે મહાન્ ભય ને ઉત્પન્ન કરે છે.

"एकद्वारं च माहेन्द्या- मन्यथा दोषदं भवेत् ।
भद्रं सर्वत्र कल्याणं चतुर्द्वारं शिवालये ॥"

अप. सू. १५७

શિવાલયમાં એક દ્વાર કરવું હોય તો પૂર્વ દિશામાં કરવું, પણ બીજી દિશાઓમાં કરે તો દોષકારક છે, પણ ચારે દિશામાં ચાર દ્વાર કરે તો તે સર્વ ઠેકાણે કલ્યાણ કરનારાં છે.

"ब्रह्मविष्णुरवीणां च कुर्यात् पूर्वोक्तमेव हि ।
समोसरणे च जैनेन्द्रे दिशादोषो न विद्यते ॥"

अप. सू. १५७

બ્રહ્મા, વિષ્ણુ અને સૂર્ય, આ દેવોના પ્રાસાદોમાં ઉપર કહ્યાં પ્રમાણે દ્વાર કરવું, જિનદેવના સમવસરણવાળા પ્રાસાદોમાં ગમે તે દિશામાં દ્વાર બનાવી શકાય છે. કારણ કે તેમને દિશાનો દોષ લાગતો નથી.

**वैराज्यादिसमुत्पन्नाः प्रासादा ब्रह्मणोदिताः[१] ।**
**एकत्रिपञ्चसप्ताङ्ग- संख्याङ्कैः पञ्चविंशतिः ॥ ११ ॥**

इति वैराज्यप्रासादः ।

વૈરાજયાદિ જે પચીસ પ્રાસાદ છે. તે બ્રહ્માએ કહેલા છે. તથા તે એક, ત્રણ, પાંચ, સાત અને નવ અંગવાલા છે ॥ ૧૧ ॥

१ 'ब्रह्मणार्चिता.'



ओरीसा जगन्नाथपुरी का वैराज्यादि जाति का
एकाण्डिक शिखर



नागर जाति के प्रासाद का कलामय मंडोवर ( दीवार )

જેમકે-વૈરાજ્ય પ્રાસાદ એક અંગવાળો (કર્ણવાળો) છે, નંદન, સિંહ અને નંદન એ ત્રણ પ્રાસાદ ત્રણ અંગ (બે કર્ણ અને એક ભદ્ર) વાળાં છે, મંદર, મલય, વિમાન, સુવિશાલ અને ત્રૈલોક્યભૂષણ, એ પાંચ પ્રાસાદ પાંચ અંગ (બે કર્ણ, બે પ્રતિરથ અને એક ભદ્ર) વાળાં છે. માહેંદ્ર, રત્નશીર્ષ, શતશૃંગ, ભૂધર, ભુવનમંડન, ત્રૈલોક્યવિજય અને પૃથ્વીવલ્લભ, એ સાત પ્રાસાદ સાત અંગ (બે કર્ણ, બે પ્રતિરથ, બે રથ અને એક ભદ્ર) વાળા છે, મહીધર. કૈલાશ, નવમંગલ, ગંધમાદન, સર્વાંગસુંદર, વિજ્યાનંદ, સર્વાંગતિલક, મહાભોગ અને મેરૂ એ નવ પ્રાસાદ નવ અંગ (બે કર્ણ, બે પ્રતિરથ, બે રથ. બે ઉપરથ અને એક ભદ્ર) વાળા છે, આ પ્રમાણે અપરાજિતપૃચ્છા સૂત્ર ૧૫૬માં કહ્યું છે.

## ૨–નંદન પ્રાસાદ—



**चतुर्भक्ते भवेत् कोणो भागो भद्रं द्विभागिकम् ।**
**भागार्धे निर्गमं भद्रे प्रकुर्यान्मुखभद्रकम् ॥ १२ ॥**
**शृङ्गमेकं भवेत् कर्णे द्वे द्वे भद्रे च नन्दनः ।**

इति नन्दनः ।

પ્રાસાદના તલના ચાર ભાગ કરવાં. તેનાં એક એક ભાગના બે કોણા, અને બે ભાગનું ભદ્ર કરવું, ભદ્રનો નીકાળો અરધો ભાગ રાખવો, ભદ્રમાં મુખભદ્ર પણ કરવું, કોણાની ઉપર એક એક શૃંગ અને ભદ્રની ઉપર બે બે ઉરૂશૃંગ ચઢાવવાં, આ પ્રમાણે નંદનપ્રાસાદનું સ્વરૂપ જાણવું, ॥ ૧૨ ॥

શૃંગસંખ્યા–કોણે ૪, ભદ્રે ૮ અને એક શિખર કુલ ૧૩ શૃંગ,

## ૩–સિંહપ્રાસાદ—

**तथा चोक्तम्—**

**मुखभद्रे प्रतिभद्र-मुद्गमो रथिकोपरि ॥ १३ ॥**
**कर्णशृङ्गे सिंहकर्णः सिंहनामा स उच्यते ।**
**देवतासु[1] प्रकर्त्तव्यः सिंहस्तत्रैव शाश्वतः ॥ १४ ॥**
**तुष्यति गिरिजा तस्य सौभाग्यधनपुत्रदा ।**
**रथिका सिंहकर्णश्च भद्रे शृङ्गे च सिंहकः ॥ १५ ॥**

इति सिंहः ।

१ 'देवानां तु'।

તલ વિભક્તિ નંદન પ્રાસાદ પ્રમાણે જાણવી. મુખભદ્રમાં એક પ્રતિભદ્ર કરવું, ભદ્રના ગવાક્ષની ઉપર દોઢીઓ કરવો, કોણા અને શિખર ઉપર સિંહ કરવા, એને સિંહ નામનો પ્રાસાદ કહે છે. તે દેવીઓને માટે બનાવવો, આ પ્રાસાદની ઉપર સિંહ હંમેશા રહે છે, તેથી પાર્વતીદેવી ખુશ થાય છે. અને સૌભાગ્ય, ધન તથા પુત્રને આપે છે. ભદ્રમાં ગવાક્ષ અને કર્ણનાં શૃંગોની ઉપર સિંહકર્ણ કરવાથી સિંહ પ્રાસાદ નામ આપેલ છે. ॥ ૧૩ થી ૧૫ ॥ શૃંગસંખ્યા નંદન પ્રાસાદ પ્રમાણે જાણવી.

### ૪–શ્રીનંદનપ્રાસાદ—

कर्णे शृङ्गं तु पञ्चाण्डं स श्रीनन्दन उच्यते ।

इतिश्रीनन्दनः । इति त्र्यङ्गप्रासादाः ।

નંદન પ્રાસાદના કોણા ઉપર પાંચ અંડકવાળા કેસરીશૃંગ ચઢાવે તો શ્રીનંદન નામનો પ્રાસાદ થાય છે. ॥ શૃંગસંખ્યા–કોણે ૨૦ ભદ્રે ૮ કુલ ૨૯ શૃંગ.



### ૫–મંદિર અને–૬ મલય પ્રાસાદ—

त्र्यङ्गा इति च षड्भागै-श्चतुरस्रं विभाजयेत् ॥ १६ ॥
कर्णं प्रतिरथं कुर्याद् भद्रार्धं भागभागिकम् ।
समनिर्गममंशैश्च भद्रं भागार्द्धनिर्गमम् ॥ १७ ॥
द्वे द्वे कर्णे तथा भद्रे शृङ्गमेकं प्रतिरथे ।
मन्दिरस्तृतीयं भद्रे मलयो ' भद्रजं त्यजेत् ' ॥ १८ ॥

ઉપર ત્રણ અંગવાળા પ્રાસાદોનું વર્ણન કહ્યું. હવે પાંચ અંગવાળા પ્રાસાદોનું સ્વરૂપ કહે છે—સમચોરસ પ્રાસાદ તલના છ ભાગ કરવાં, તેમાં કર્ણ, પઢરો અને ભદ્રાર્ધ, એ બધાં એક એક ભાગનાં કરવાં. કર્ણ અને પઢરો એ બન્નેનો નીકાળો સમદળ કરવો. અને ભદ્રનો નીકાળો અરધો ભાગ કરવો, કોણા અને ભદ્રનીઉપર બે બે શૃંગ અને પઢરાની ઉપર એક એક શૃંગ ચઢાવવું, આવી જાતનો મંદિર નામનો પ્રાસાદ થાય છે, આ મંદિર નામના પ્રાસાદના ભદ્રની ઉપર ત્રીજું એક શૃંગ વધારે ચઢાવે તો મલય નામનો પ્રાસાદ થાય છે. ॥ ૧૬ થી ૧૮ ॥ મંદિર પ્રાસાદની શ્રૃંગ સંખ્યા–કોણે ૮, પઢરે ૮, ભદ્રે આઠ અને એક શિખર કુલ ૨૫ શૃંગ. મલયપ્રાસાદના ભદ્રની ઉપર એક શૃંગ વધારવાથી કુલ ૨૯ શૃંગ થાય છે.

७–વિમાન, ૮–વિશાલ અને–૯–ત્રૈલોક્યભૂષણપ્રાસાદ—

प्रत्यङ्गे तिलकं कुर्यात प्रतिरथे विमानकः।
भद्रोरुशृङ्गैर्वैशालः प्रतिरथे सुभूषणः ॥ १९ ॥

इति पञ्चांगाः पञ्चप्रासादाः ।

ઉપર શ્લોક ૧૮માનાં છેલ્લા પદમાં 'भद्रजं त्यजेत्' પાઠ છે. તેનો સંબંધ અહિં કરવો, મલયપ્રાસાદના ભદ્રની ઉપરથી એક ઉરૂશૃંગ કાઢી નાંખવું, તથા કોણાની બન્ને બાજુ એક એક પ્રત્યંગશૃંગ કરવું અને પ્રતિરથની ઉપર એક એક તિલક ચઢાવવું. આવા પ્રકારનો વિમાન નામનો પ્રાસાદ થાય છે, વિમાનપ્રાસાદના ભદ્રની ઉપર એક ઉરૂશૃંગ વધારે ચઢાવે તો વિશાલ નામનો પ્રાસાદ થાય છે અને પ્રતિરથ ઉપર એક એક ચઢાવે તો સુભૂષણ (ત્રૈલોક્યભૂષણ) નામનો પ્રાસાદ બને છે. ॥ ૧૯ ॥



વિમાનપ્રાસાદની શૃંગસંખ્યા–કોણે ૮, પઢરે ૮, ભદ્રે ૮, પ્રત્યંગ ૮, શિખર ૧, કુલ ૩૩ શૃંગ અને તિલક ૮, વિશાલપ્રાસાદની શૃંગ સંખ્યા–કોણે ૮, પઢરે ૮, ભદ્રે ૧૨, પ્રત્યંગ ૮, એક શિખર કુલ ૩૭ શૃંગ અને આઠ તિલક, ત્રૈલોક્યભૂષણપ્રાસાદની શૃંગસંખ્યા– કોણે ૮, પઢરે, ૧૬, પ્રત્યંગ–૮ ભદ્રે ૮, એક શિખર કુલ ૪૧ શૃંગ.

૧૦–મહેન્દ્ર પ્રાસાદ—

चतुरस्रेऽष्टभिर्भक्ते कर्णं प्रतिरथं रथम् ।
भद्रार्धं भागभागं च भागार्धेन विनिर्गमम् ॥ २० ॥
वारिमार्गान्तरयुक्ता रथाश्च तुल्यनिर्गमाः ।
शृङ्गयुग्मं च तिलकं कर्णे द्वे तु प्रतिरथे ॥ २१ ॥
एकं चोपरथे भद्रे त्रीणि त्रीणि चतुर्दिशि ।
शिखरं पञ्चविस्तारं माहेन्द्रो राज्यदो नृणाम् ॥ २२ ॥

इति माहेन्द्रः ।

પ્રાસાદના સમચોરસ તલનાં આઠ ભાગ કરવાં, તેમાં કોણ, પ્રતિરથ, ઉપરથ અને ભદ્રાર્ધ. એ પ્રત્યેક એક એક ભાગનાં કરવાં, ભદ્રનો નીકાળો અરધા ભાગનો કરવો, એ બધાં અંગો વારિમાર્ગવાળા કરવાં, કોણ, પઢરો અને ઉપરથનો નીકાળો એક એક ભાગનો રાખવો, કોણાની ઉપર બે શૃંગ અને એક તિલક ચઢાવવું, પઢરા ઉપર બે

શૃંગ, ઉપરથ ઉપર એક શૃંગ અને ભદ્રની ઉપર ત્રણ ત્રણ ઉરૂશૃંગ ચારે દિશામાં ચઢાવવાં, શિખરનો વિસ્તાર પાંચ ભાગનો રાખવો, આવી જાતનો માહેન્દ્ર નામનો પ્રાસાદ મનુષ્યોને રાજ્ય દેવાવાળો છે. ॥ ૨૦ થી ૨૬ ॥ શૃંગસંખ્યા, કોણે ૮, પ્રતિરથે ૧૬, રથે ૮, ભદ્રે ૧૨ એક શિખરકુલ ૪૫ શૃંગ અને તિલક ૪.

## ૧૧ રત્નશીર્ષ પ્રાસાદ—

**कर्णे शृङ्गत्रयं शेषं पूर्ववद् रत्नशीर्षकः ।**

इति रत्नशीर्षः ।

જો મહેન્દ્રપ્રાસાદના કોણા ઉપર એક શૃંગ અધિક વધારવાથી અર્થાત્ ત્રણ શૃંગ કરવાથી રત્નશીર્ષ નામનો પ્રાસાદ થાય છે. શૃગસંખ્યા ૪૯, તિલક ૪.

## ૧૨ સિતશૃંગ પ્રાસાદ—

**त्यक्त्वैकशृङ्गं भद्रस्य मतालम्बं च कारयेत् ॥ २३ ॥**
**मस्तके तस्य छाद्यस्य शृङ्गयुग्मं प्रदापयेत् ।**
**सितशृङ्गस्तदा नाम ईश्वरस्य सदा प्रियः ॥ २४ ॥**

રત્નશીર્ષપ્રાસાદના ભદ્રની ઉપરથી એક શૃંગ કમ કરીને બદલામાં ગવાક્ષ કરવો, તેનાં છજ્જાની ઉપર બે શૃંગ કરવા, આવી જાતનો સિતશૃંગ પ્રાસાદ ઇશ્વરને હમેશાં પ્રિય છે ॥ ૨૪ ॥ શૃંગસંખ્યા–કોણે ૧૨, પઢરે ૧૬, રથે ૮, ભદ્રે ૮ ગવાક્ષના છજા ઉપરના ૨ ૮, એક શિખર કુલ ૫૩ શૃંગ અને ૪ તિલક.

## ૧૩ ભૂધર અને ૧૪ ભુવનમંડન પ્રાસાદ—

**तिलकं चोपरथे भूधरो नाम नामतः ।**
**छाद्यशृङ्गे तु तिलकं नाम्ना भुवनमण्डनः ॥ २५ ॥**

સિતશૃંગ પ્રાસાદના ઉપરથ ઉપર એક એક તિલક ચઢાવે તો ભૂધર નામનો પ્રાસાદ થાય છે. શૃંગસંખ્યા પૂર્વવત્, તિલક ૨૦

'અપરાજિત પૃચ્છા સૂત્ર ૧૫૭ માં લખ્યું છે કે–રથ, પ્રતિરથની ઉપર તિલક ચઢાવવું. અને બાકીનાં બધાં શૃંગો પંચાંડી રાખવાં, આવી જાતનો ભૂધર નામનો પ્રાસાદ છે. :

છજ્જાનાં શૃંગો ઉપરે એક એક તિલક કરવાથી ભુવનમંડન નામનો પ્રાસાદ થાય છે, ॥ ૨૫ ॥ રેખાએ શ્રીવત્સ શૃંગ ચઢાવે એવું અપરાજિતમાં કહ્યું છે.

### ૧૫ ત્રૈલોકયવિજય અને ૧૬ ક્ષિતિવલ્લભપ્રાસાદ—

शृङ्गद्वयं चोपरथे तिलकं कारयेत् सुधीः।
त्रैलोक्यविजयो भद्रे शृङ्गेण क्षितिवल्लभः ॥ २६ ॥

इति सप्ताङ्गाः सप्तप्रासादाः।

જો ઉપરથની ઉપર બે શૃંગ અને એક તિલક ચઢાવવાથી ત્રૈલોકયવિજય નામનો પ્રાસાદ થાય છે અને ભદ્રની ઉપર એક ઉરૂશૃંગ અધિક ચઢાવવાથી ક્ષિતિવલ્લભ નામનો પ્રાસાદ થાય છે ॥ ૨૬ ॥

### ૧૭ મહીધર પ્રાસાદ—



दशभागकृते क्षेत्रे भद्रार्धं भागमानतः।
त्रयः प्रतिरथाः कर्णौ भागभागाःसमो भवेत् ॥२७॥
कर्णे प्रतिरथे भद्रे द्वे द्वे शृङ्गे प्रकारयेत्।
रथोपरथे तिलकं प्रत्यङ्गं च रथोपरि ॥ २८ ॥
मतालम्बयुतं भद्रं प्रासादोऽयं महीधरः।

સમચોરસ પ્રાસાદ તલના દશ ભાગ કરવાં, તેમાં ભદ્રાર્ધ; કર્ણ, પ્રતિકર્ણ, રથ અને ઉપરથ, એ પ્રત્યેક એક એક ભાગનાં કરવાં, તેને નીકળો પણ એક એક ભાગનો સમદલ કરવો, ભદ્રનો નીકાળો અરધો ભાગ કરવો, કર્ણ અને પ્રતિરથ તથા ભદ્રની ઉપર બે બે શૃંગ, તથા રથ અને ઉપરથની ઉપર એક એક તિલક ચઢાવવાં, રથની ઉપર બન્ને બાજુએ પ્રત્યંગ ચઢાવવાં અને ભદ્રમાં ગવાક્ષ કરવો એવી જાતનો મહિધર નામનો પ્રાસાદ છે. ॥૨૭,૨૮॥ શૃંગ સંખ્યા–કોણે ૮, પ્રરથે ૧૬, ભદ્રે ૮, પ્રત્યંગ ૮, એક શિખરકુલ ૪૧, તિલક રથે ૮, ઉપરથે ૮ કુલ ૧૬.

### ૧૮ કૈલાસ પ્રાસાદ—

भद्रे शृङ्गं तृतीयं च कैलासः[1] शङ्करप्रियः ॥ २९ ॥

મહીધર પ્રાસાદના ભદ્રની ઉપર ત્રીજું એક શૃંગ વધારે ચઢાવે તો કૈલાસ નામનો પ્રાસાદ થાય, તે શંકરને પ્રિય છે ॥ ૨૯ ॥ શૃંગસંખ્યા ૪૫ તિલક ૧૬

૧ ' कैलासो नाम नामतः । '

### ૧૯ નવમંગલ અને ૨૦ ગંધમાદન પ્રાસાદ—

भद्रे त्यक्त्वा रथे शृङ्गं नवमङ्गल उच्यते ।
तथा भद्रे पुनर्दद्यात् तदासौ गन्धमादनः ॥ ३० ॥

નવમંગલ પ્રાસાદના ભદ્ર ઉપરથી એક ઉરૂશૃંગ કમ કરીને રથની ઉપર એક શૃંગ ચઢાવે તો નવમંગલ નામને પ્રાસાદ થાય છે, અને નવમંગલ પ્રાસાદના ભદ્રની ઉપર એક ઉરૂશૃંગ અધિક ચઢાવે તો ગંધમાદન નામને પ્રાસાદ થાય છે, ॥ ૩૦ ॥ નવમંગલ શૃંગસંખ્યા–કોણે ૮, પ્રરથે ૧૬, રથે ૮, ભદ્રે ૮, પ્રત્યંગ ૮ એકશિખર કુલ ૪૯, તિલક સંખ્યા–ઉપરથે ૮, ગંધમાદન શૃંગ સંખ્યા–ભદ્રે ૧૨ બાકી પૂર્વવત્ કુલ ૫૩, તિલક ૮

### ૨૧ સર્વાંગ સુંદર અને ૨૨ વિજયાનંદ પ્રાસાદ—

भद्रे त्यक्त्वा चोपरथे शृङ्गं सर्वाङ्गसुन्दरः ।
भद्रे दद्यात पुनः शृङ्गं विजयानन्द उच्यते ॥ ३१ ॥

ગંધમાદન પ્રાસાદના ભદ્ર ઉપરથી એક ઉરૂશૃંગ કમ કરીને ઉપરથની ઉપર એક એક શૃંગ ચઢાવે તો સર્વાંગ સુંદર નામને પ્રાસાદ થાય છે, અને સર્વાંગ સુંદર પ્રાસાદના ભદ્રની ઉપર એક એક ઉરૂશૃંગ અધિક ચઢાવે તો વિજયાનંદ નામને પ્રસાદ થાય છે ॥ ૩૧ ॥ સર્વાંગ સુંદર શૃંગ સંખ્યા–કોણે ૮ પ્રરથે ૧૬, રથે ૮, ઉપરથે ૮ પ્રત્યંગ ૮, ભદ્રે ૮ એકશિખરકુલ ૫૭, વિજયાનંદ શૃંગ સંખ્યા ૬૧ બાકી પૂર્વવત્.

### ૨૩ સર્વાંગ તિલક પ્રાસાદ—

मतालम्बयुतं भद्र–मुरुशृङ्गं परित्यजेत् ।
शृङ्गद्वयं च छाद्योर्ध्वे सर्वांगतिलकस्तदा ॥ ३२ ॥

વિજયાનંદ પ્રાસાદના ભદ્રની ઉપરથી એક એક ઉરૂશૃંગ કમ કરીને તેમાં ગવાક્ષ બનાવે અને ગવાક્ષના છાજાના ઉપર બે શૃંગ કરે તો સર્વાંગતિલક નામને પ્રાસાદ થાય છે. ॥ ૩૨ ॥ શૃંગસંખ્યા–કોણે ૮, પ્રરથે ૧૬, રથે ૮. ઉપરથે ૮, પ્રત્યંગ ૮, ભદ્રે ૮ ગવાક્ષે ૮, એક શિખર કુલ ૬૫ શૃંગ.

### ૨૪ મહાભોગ પ્રાસાદ—

उरुशृङ्गं ततो दद्या–न्मतालम्बसमन्वितम्
महाभोगस्तदा नाम सर्वकामफलप्रदः ॥ ३३ ॥

इति नवाङ्गा नवप्रासादाः ।

સર્વાંગતિલક પ્રાસાદના ગવાક્ષવાલા ભદ્રની ઉપર એક એક ઉરૂશૃંગ વધારે ચઢાવે તો મહાભોગ નામને પ્રાસાદ થાય છે, આ સર્વ ઈચ્છિત ફલને આપનાર છે ॥ ૩૩ ॥

શૃંગસંખ્યા-કોણે ૮, પ્રરથે ૧૬, રથે ૮. ઊપરથે ૮, પ્રત્યંગ ૮, ભદ્રે ૧૨, ગવાક્ષે ૮ એક શિખર કુલ ૬૯ શૃંગ.

## ૨૫ મેરૂ પ્રાસાદ—

कर्णे रथे प्रतिरथे शृङ्गमुपरथे तथा ।
मेरुरेव समाख्यातः सर्वदेवेषु पूजितः ॥ ३४ ॥

કર્ણ, રથ, પ્રતિરથ અને ઉપરથ, એ બધા અંગોની ઉપર એક એક શૃંગ અધિક ચઢાવે તો મેરૂનામનો પ્રાસાદ થાય છે. તે બધાં દેવોને માટે પૂજનીય છે. ॥ ૨૪ ॥ શૃંગસંખ્યા-કોણે ૧૨, પ્રરથે ૨૪; રથે ૧૬, ઉપરથે ૧૬, ભદ્રે ૧૬, ગવાક્ષે ૮ પ્રત્યંગ ૮. એક શિખર કુલ ૧૦૧ શૃંગ.

## પ્રાસાદની પ્રદક્ષિણાનું ફળ—

प्रदक्षिणात्रये[1] स्वर्ण-मेरौ पुंसां च यत्फलम् ।
इष्टकाशैलजे मेरौ तत्फलं प्रदक्षिणाकृते ॥ ३५ ॥

સોનાના મેરૂપર્વતની ત્રણ પ્રદક્ષિણા કરવાથી પુરૂષોને જે ફલ થાય છે, તે ફલ ઇંટ અને પાષાણના બનેલા મેરૂપ્રસાદની પ્રદક્ષિણા કરવાથી થાય છે. ॥ ૩૫ ॥

वैराज्यप्रमुखास्तत्र नागरा ब्रह्मणोदिताः ।
वल्लभाः सर्वदेवानां शिवस्यापि विशेषतः ॥ ३६ ॥

इतिश्री सूत्रधारमण्डनविरचिते प्रासादमण्डने वास्तुशास्त्रे
वैराज्यादिप्रासादपञ्चविंशत्यधिकारनामपञ्चमोऽध्यायः ॥ ५ ॥

વૈરાજ્યાદિ આ પચીસ પ્રાસાદ નાગરજાતિનાં છે. તે સ્વયં બ્રહ્માજીએ કહ્યાં છે. તેથી એ પ્રાસાદો સર્વ દેવોને પ્રિય છે, તેમાં પણ મહાદેવજીને તો વિશેષ પ્રિય છે ॥૩૬॥

ઇતિશ્રી પંડિત ભગવાનદાસ જૈન વિરચિત પ્રાસાદમંડનના વૈરાજ્યાદિ પ્રાસાદ નામનાં પાંચમા અધ્યાયની સુબોધિની નામની ભાષા ટીકા સમાપ્ત ॥ ૫ ॥

---

१ 'प्रदक्षिणात्रयं कार्यं मेरुप्रदक्षिणायतम् ।
फलं स्याच्छैलराजस्य मेरोः प्रदक्षिणाकृते ॥' पाठान्तरे.

# अथ प्रासादमण्डने षष्ठोऽध्यायः ।

કેસરી આદિ પચીસ પ્રાસાદોના નામ—

केसरी सर्वतोभद्रो नन्दनो नन्दशालिकः[1] ।
नन्दीशो मन्दरश्चैव[2] श्रीवृक्षश्चामृतोद्भवः ॥१॥
हिमवान् हेमकूटश्च कैलासः पृथिवीजयः ।
इन्द्रनीलो महानीलो भूधरो रत्नकूटकः ॥२॥
वैडूर्यः पद्मरागश्च वज्रको मुकुटोज्ज्वलः ।
ऐरावतो राजहंसो गरुडो वृषभध्वजः ॥३॥
मेरुः प्रासादराजश्च देवानामालयो हि सः ।
ब्रह्मविष्णुशिवार्काणामन्येषां न कदाचन ॥४॥

કેસરી ૧, સર્વતોભદ્ર ૨, નંદન ૩, નંદશાલિક ૪, નંદીશ ૫, મંદર ૬, શ્રીવૃક્ષ ૭; અમૃતોદ્ભવ ૮, હિમવાન ૯, હેમકૂટ ૧૦, કૈલાસ, ૧૧, પૃથિવીજય ૧૨, ઇન્દ્રનીલ ૧૩, મહાનીલ ૧૪; ભૂધર ૧૫, રત્નકૂટક ૧૬, વૈડૂર્ય ૧૭, પદ્મરાગ ૧૮, વજ્રક ૧૯, મુકુટોજ્વલ ૨૦, ઐરાવત ૨૧, રાજહંસ ૨૨, ગરૂડ ૨૩; વૃષભધ્વજ ૨૪, અને મેરૂ ૨૫, એ પ્રાસાદોનાં પચીસ નામ છે. મેરૂપ્રાસાદ બધા પ્રાસાદોનો રાજા છે અને તેમાં દેવોનો નિવાસ પણ છે. તે માટે આ મેરૂ પ્રાસાદ બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને સૂર્યને માટે બનાવવો, પરંતુ બીજા દેવોને માટે બનાવવો નહિ ૧ થી ૪

પચીસ પ્રાસાદોની અંડક સંખ્યા—

आद्यः पञ्चाण्डको ज्ञेयः केसरीनाम नामतः ।
चतुर्णां क्रमतो वृद्धि-र्यावदेकोत्तरं शतम् ॥५॥

પ્રથમ કેસરી નામનો પ્રાસાદ પાંચ અંડકવાળો છે. ચાર કોણે ચાર અને એક મુખ્ય શિખર, એ પ્રમાણે પાંચ અંડક જાણવાં પછી પ્રત્યેક પ્રાસાદને ચાર ચાર ઇંડકોની

१ नन्दिशालकः । २ मन्दिर । ३ श्रीवत्स ।

વૃદ્ધિ એકસો એક ઇંડક સુધી કરવી. જેમકે સર્વતોભદ્ર નવ ઇંડાવાળો; નંદન પ્રાસાદ તેર ઇંડાવાળો, એ પ્રમાણે ચાર ચાર ઇંડક વધારતાં પચીસમો મેરૂપ્રસાદ એકસો એક ઇંડાવાળો થાય છે ॥ ૫ ॥

### આઠ વિભાગનું તલમાન—

क्षेत्रेऽष्टांशैर्विभक्ते तु कर्णौ भागद्वयं भवेत् ।
भद्रार्धं कर्णतुल्यं तु भागेनैकेन निर्गमः ॥६॥

સમચોરસ પ્રાસાદતલનાં આઠ ભાગ કરવાં, તેમાં બે ભાગનો કોણ અને બે ભાગનું ભદ્રાર્ધ કરવું; આ અંગોનો નીકાળો એક એક ભાગનો કરવો ॥ ૬ ॥

### દશ અને બાર વિભાગનું તલમાન—

दशांशे सार्धभागं च भद्रार्धं च प्रतिरथः ।
कर्णौ द्विभागः सूर्यांशे भद्रार्धं च प्रतिरथः ॥७॥

સમચોરસ પ્રાસાદતલનાં દશ ભાગ કરવાં; તેમાં બે ભાગનો કોણ દોઢ ભાગનો પઢરો અને દોઢ ભાગનું ભદ્રાર્ધ કરવું, જો બાર ભાગ કરવાં હોય તો બે ભાગનો કોણ બે ભાગનો પઢરો અને બે ભાગનું ભદ્રાર્ધ કરવું ॥ ૭ ॥

### ચૌદ વિભાગનું તલમાન—

चतुर्दशविभक्ते तु कर्णाद्यं द्वादशांशवत् ।
भद्रपार्श्वद्वये कार्या भागभागेन नन्दिका ॥८॥

સમચોરસ પ્રાસાદતલના ચૌદ ભાગ કરવાં, તેમાં કોણ આદિ બાર વિભાગના તલમાન પ્રમાણે કરવાં, અર્થાત કોણ બે ભાગ, પઢરો બે ભાગ અને ભદ્રાર્ધ બે ભાગ, એ પ્રમાણે બાર ભાગ અને ભદ્રની બન્ને તરફ એક એક ભાગની કોણી કરવી, આ પ્રમાણે કુલ ચૌદ ભાગ જાણવાં ॥ ૮ ॥

### સોલ વિભાગનું તલમાન—

षोडशांशे प्रकर्तव्या कर्णप्रतिरथान्तरे ।
कोणिका भागतुल्या च शेषं चतुर्दशांशवत् ॥९॥

સમચોરસ તલના સોલ ભાગ કરવાં, તેમાં કોણ અને પ્રતિરથની વચમાં એક એક ભાગની કોણી કરવી, બાકી બધા અંગોનું માન ચૌદ વિભાગના તલમાન પ્રમાણે જાણવું, અર્થાત કોણ બે ભાગ, કોણી એક ભાગ, પઢરો બે ભાગ, નંદી એક ભાગ અને ભદ્રાર્ધ બે ભાગ, આ પ્રમાણે સોલ વિભાગનું તલમાન જાણવું ॥૯॥

અઢાર વિભાગનું તલમાન—

**अष्टादशांशे भद्रस्य पार्श्वे द्वे द्वे च नन्दिके ।**
**कर्त्तव्ये भागभागेन शेषं स्यात् षोडशांशवत् ॥१०॥**

સમચોરસ તલના અઢાર ભાગ કરવાં, તેમાં ભદ્રની બન્ને તરફ બે બે નંદી એક એક ભાગની કરવી, બાકી બધાં અંગોનું માન સોલવિભાગના તલમાન પ્રમાણે જાણવું, જેમકે–કોણ બે ભાગ, કોણી એક ભાગ, પઢરો બે ભાગ, પહેલી નંદી એક ભાગ બીજી નંદી એક ભાગ અને ભદ્રાર્ધ બે ભાગ, એ પ્રમાણે અઢાર વિભાગનું તલમાન જાણવું ॥૧૦॥

વીસ વિભાગનું તલમાન—

**चतुरस्त्रीकृते क्षेत्रे व शत्यंशविभाजिते ।**
**कर्णो द्विभागः कोणी च सार्धांशा पृथुविस्तरे ॥११॥**

**द्विभागस्तु प्रतिरथो नन्दिका सार्धभागिका ।**
**भद्रनन्दी भवेद् भागा भद्रार्धं युग्मभागिकम् ॥१२॥**

સમચોરસ પ્રાસાદ તલનાં વીશ ભાગ કરવાં, તેમાં બે ભાગનો કોણ, દોઢ ભાગની કોણી, બે ભાગનો પ્રતિરથ, દોઢ ભાગની નંદી, એક ભાગની ભદ્રનંદી અને બે ભાગનું ભદ્રાર્ધ, આ પ્રમાણે વીશ ભાગનું તલમાન જાણવું ॥ ૧૧ ૧૨ ॥

બાવીસ વિભાગનું તલમાન—

**द्वाविंशत्यंशके नन्दी भागैका भद्रपार्श्वयोः ।**
**त्रयः प्रतिरथाः कर्णो भद्रार्धं च द्विभागिकम् ॥१३॥**

સમચોરસ તલના બાવીસ ભાગ કરવાં, તેમાં ભદ્રની બન્ને તરફની નંદી એક એક ભાગની વધારે કરવી, બાકી ત્રણ પઢરા અને કોણ તથા ભદ્રાર્ધ એ બધાં બે બે ભાગનાં કરવાં, આ પ્રમાણે બાવીશ વિભાગનું તલમાન જાણવું ॥ ૧૩ ॥

તલોની પ્રાસાદ સંખ્યા—

**एकद्वित्रित्रिकं त्रीणि वेदाश्चत्वारि पञ्च च ।**
**तलेषु क्रमतोऽष्टासु केऽप्याहुः शिखराणि हि ॥१४॥**

પ્રાસાદોની જે આઠ તલ વિભક્તિ છે. તેમાં અનુક્રમે એક, બે, ત્રણ, ત્રણ, ત્રણ, ચાર, ચાર; અને પાંચ પ્રાસાદ છે, જેમકે–આઠ તલનો પહેલો એક પ્રાસાદ; દશ તલનો બીજો અને ત્રીજો એ બે; બાર તલના ચોથો પાંચમો અને છઠ્ઠો એ ત્રણ; ચૌદ તલના સાતમો, આઠમો અને નવમો એ ત્રણ; સોલ તલના દશમો, અગ્યારમો અને બારમો

એ ત્રણ; અઢાર તલના તેરમો, ચૌદમો, પંદરમો અને સોલમો એ ચાર પ્રાસાદ; વીશ તલના સત્તરમો; અઢારમો, ઓગણીશમો અને વીશમો એ ચાર પ્રાસાદ; બાવીશ તલના એકવીશથી પચીસ સુધીના પાંચ પ્રાસાદ છે; એવો કોઈનો (ક્ષીરાર્ણવનો) મત છે ॥૧૪॥

**शिखरं त्वेकवेदैकं षट्त्रिवेदयुगद्वयम् ।**
**तलेषु क्रमतः प्रोक्तो मूलसूत्रेऽपराजिते ॥१५॥**

કેસરી પ્રાસાદોમાં પ્રથમ પ્રાસાદ આઠ તલનો, બે થી પાંચ એ ચાર પ્રાસાદ દશતલનાં, છઠો એક પ્રાસાદ બાર તલનો; સાતથી બાર એ છ પ્રાસાદ ચૌદ તલનાં, તેરથી પંદર એ ત્રણ પ્રાસાદ સોલ તલનાં, સોલથી ઓગણીસ, એ ચાર પ્રાસાદ અઢાર તલનાં, વીશથી તેવીશ એ ચાર પ્રાસાદ વીશ તલનાં, ચોવીસ અને પચીસમાં એ બે પ્રાસાદ બાવીશ તલનાં છે, એમ મૂલસૂત્ર અપરાજિતપૃચ્છામાં કહ્યું છે ॥ ૧૫ ॥

**तलेष्वष्टासु विहिताः प्रासादाः पञ्चविंशतिः ।**
**त्रयस्त्रयः क्रमेणैव चत्वारस्त्वष्टमे तले ॥१६॥**

કેસરી આદિ પચીસ પ્રાસાદોની જે આઠ તલ વિભક્તિ છે, તેમાં પ્રથમ સાત વિભક્તિનાં પ્રત્યેકનાં ત્રણ ત્રણ પ્રાસાદ છે અને આઠમી બાવીસ વિભાગીય તલવિભક્તિનાં ચાર પ્રાસાદ છે ॥ ૧૬ ॥

**त्रीणि त्रीणि स्वकीयानि द्वे द्वे परः परस्य च ।**
**शिखराणि विधेयानि विश्वकर्मवचो यथा ॥१७॥**

ઉપર શ્લોક ૧૬ માં જે પ્રત્યેક તલનાં ત્રણ ત્રણ પ્રાસાદ બનાવવા કહ્યું છે, તે મારો પોતાનો મત છે. અને નીચે શ્લોક ૧૮માં બે બે આદિ પ્રાસાદો લખ્યા છે. તે બીજાનો મત છે, એ પચીસ પ્રાસાદ વિશ્વકર્માનાં વચનને અનુસારે બનાવ્યાં છે ॥૧૭॥

**[1]द्विद्वयेकषट्त्रयोऽष्टादि-तलेषु पञ्चसु क्रमात् ।**
**सप्तैव सप्तमे षष्ठे शिरांसि त्रीणि चाष्टमे ॥१८॥**

આઠ તલ વિભક્તિઓમાં પહેલી પાંચ તલ વિભક્તિનાં અનુક્રમે બે, બે, એક, છ અને ત્રણ પ્રાસાદ છે, છઠ્ઠી વિભક્તિનો એક પ્રાસાદ, સાતમી વિભક્તિનાં સાત અને આઠમી તલવિભક્તિનાં ત્રણ પ્રાસાદ છે ॥ ૧૮ ॥

**भेदाः पञ्चाशदेकैकं प्रोक्ताः श्रीविश्वकर्मणा ।**
**तेनैकस्मिंस्तलेऽपि स्युः शिखराणि बहून्यपि ॥१९॥**

१ 'द्विन्येक' । 'त्रिद्व्येका' ।

કેસરી આદિ પ્રત્યેક પ્રાસાદનાં પચાસ પચાસ ભેદ શ્રીવિશ્વકર્માએ કહ્યાં છે, એક જ પ્રાસાદ તલની ઉપર અનેક પ્રકારનાં શિખરો હોય છે ॥ ૧૯ ॥

रथिकां सिंहकर्णं च भद्रे कुर्याद् गवाक्षकान् ।
प्रत्यङ्गैस्तिलकाद्यैश्च शोभितं सुरमन्दिरम् ॥२०॥

રથિકા, સિંહકર્ણ, ભદ્રમાં ગવાક્ષ, પ્રત્યંગ અને તિલક આદિ આભૂષણોથી દેવાલયને સુશોભિત બનાવવું ॥ ૨૦ ॥

प्रासादाः केसरीमुख्याः सर्वदेवेषु पूजिताः ।
पुरराज्ञः प्रजादीनां कर्त्तुः कल्याणकारकाः ॥२१॥

इति केसर्यादिप्रासादाः पञ्चविंशतिः ।

કેસરી આદિ મુખ્ય પચીસ પ્રાસાદ છે, તે બધાં દેવોને માટે પૂજનીય છે. તેથી કરાવનારને માટે તથા નગરના રાજા અને પ્રજાને માટે કલ્યાણ કરનારાં છે ॥ ૨૧ ॥

**નિરંધાર પ્રાસાદ--**

षट्त्रिंशत्करतोऽधस्ताद् यावद्धस्तचतुष्टयम् ।
विना भ्रमैर्निरन्धाराः कर्त्तव्याः शान्तिमिच्छता ॥२२॥

શાંતિને ઈચ્છવાવાલા શિલ્પિ છત્રીશ હાથથી ઓછા ચાર હાથ સુધી અર્થાત્ ચાર હાથથી છત્રીશ હાથ સુધીનાં વિસ્તારવાળાં પ્રાસાદ ભ્રમ (પરિક્રમા) વગરના નિરંધાર (પ્રકાશવાળાં) પણ બની શકે છે.[1] ॥૨૨॥

**પ્રાસાદતલની આકૃતિઓ—**

वास्तोः पञ्चविधं क्षेत्रं चतुरस्रं तथायतम् ।
वृत्तं वृत्तायतं चैवाष्टास्रं देवालयादिषु ॥२३॥

ચોરસ, લંબચોરસ, ગોળ, લંબગોળ અને આઠ કોણવાળા એ પાંચ પ્રકારનાં વાસ્તુક્ષેત્ર છે. ॥૨૩॥

**લંબચોરસ પ્રાસાદ—**

विस्तारे तु चतुर्भाग-मायामे पञ्चभागिकम् ।
ऊर्ध्वं त्रिकलशान् कुर्यात् पृष्ठाग्रे सिंहकर्णकम् ॥२४॥

લંબચોરસ પ્રાસાદ વિસ્તારમાં ચાર ભાગ અને લંબાઈમાં પાંચ ભાગ રાખવો, તેની છજાની ઉપર ત્રણ કલશ કરવાં, તથા આગળ પાછળનાં ચારો કોણા ઉપર સિંહ મુકવાં ॥૨૪॥

૧ સમરાંગણસૂત્રધાર અધ્યાય ૫૬માં કેસરીઆદિ પ્રાસાદો સાંધાર (ભ્રમવાળા)જ બનાવવાનું જણાવે છે.



तिरुवण्णाम् (दक्षिण) के मंदिर का एक गोपुर मंडप



मीनाक्षाजी देवी के मंदिर की जगती के द्वार ऊपर का
गोपुर मंडप - मदुरा ( दक्षिण )

ગોળ, લંબગોળ અને અષ્ટાસ્ર પ્રાસાદ—

वृत्तायतं प्रकर्त्तव्यं व्यासार्धं वामदक्षिणे ।
कर्णान्तं भ्रमयेद् वृत्तं भद्राणि चाष्टकोणिका ॥२५॥
प्रासादो वर्त्तुलोऽष्टास्रः प्रायेणैकाण्डकः शुभः ।
कर्णे वा श्रेणयोऽण्डानां मण्डपं तत्स्वरूपकम् ॥२६॥

इति पञ्चक्षेत्राणि ।

ગોળપ્રાસાદના વ્યાસનો અરધો ભાગ ગોળની બંને બાજુ વધારે તો લંબગોળ પ્રાસાદ થાય છે. તલના મધ્યબિંદુથી કોણુા સુધી વ્યાસાર્ધ માનીને એક ગોળ બનાવે તો ગોળ પ્રાસાદનું તલ થાય છે. આ ગોળ પ્રાસાદને ભદ્ર કરવાથી અષ્ટાસ્રપ્રાસાદ થાય છે. ગોળ અને અષ્ટાસ્ર પ્રાસાદ ઘણું કરીને એક શિખરવાળા બનાવવાં શુભ છે. અથવા શિખરના કોણે શંગોની પંક્તિ કરવી. આ પ્રાસાદોના મંડપો પણ પ્રાસાદનાં સ્વરૂપમાં કરવાં ાાર૫ાા ાાર૬ાા

નાગર પ્રાસાદ—

विचित्रै रूपसङ्घाटै-र्भद्रैर्गवाक्षभूषितैः ।
वितानफालनाशृङ्गै-रनेकैर्नागरा मताः ॥२७॥

અનેક પ્રકારની તલની આકૃતિવાળા, ગવાક્ષયુક્ત ભદ્રોવાળા, ઘૂમટોવાળા, અનેક ફાલનાવાળા અને અનેક શૃંગોવાળા એવાં શોભાયમ પ્રાસાદ થાય છે. ાાર૭ાા

म् ॥३७॥

અને અઢીસો શૃંગ-
એક ભાગ, પ્રતિરથ
માણે તલવિભક્તિ બાર

દ્રાવિડ પ્રાસાદ—

पीठोपरि भवेद् वेदी पीठानि त्रीणि
पीठतो द्राविडे रेखा लताशृङ्गादि

દ્રાવિડ પ્રાસાદને પાદબંધનાદિ ત્રણ અથવા પાંચ પીઠ
વેદી હોય છે. તથા તેના કોણાઓ લતાઓવાળા અથવા

ङकानि हि ।
मण्डनः ॥३८॥

ભૂમિજ પ્રાસાદ—

भूमिकोपरिभूमिश्च ह्रस्वा[1] ह्रस्व,द्राघमेव च ।
विभक्तिदलसंयुक्ता मूर्ध्नि शृङ्गविभाजिते ॥३९॥

१ "ह्रस्वावर्कमवान्तकम्" ।

અપરાજિતપૃચ્છા સૂત્ર ૧૮૦

ભૂમિજ જાતિના પ્રાસાદો એકની ઉપર એક એમ નવ માળ સુધીનાં બને છે. તેમાં નીચેના માળથી ઉપરનો માળ નાનો નાનો બને છે. આ પ્રમાણે પદવિભક્તિવાળા અને ઉપર શૃંગોવાળા ભૂમિજજાતિનાં પ્રાસાદો છે. ॥૨૯॥

## લતિન, શ્રીવત્સ અને નાગરજાતિના પ્રાસાદ—

शृङ्गेणैकेन लतिनाः श्रीवत्सा वारिसंयुताः[१] ।
नागरा भ्रमसंयुक्ताः सान्धारास्ते प्रकीर्तिताः ॥३०॥

इति प्रासादजातयः ।

લતિનજાતિના પ્રાસાદ એક શૃંગવાળા છે. શ્રીવત્સજાતિના પ્રાસાદ જલાન્તરવાળા છે અને નાગરજાતિના પ્રાસાદ ભ્રમ (પરિક્રમા)વાળા છે, તેને સાંધાર પ્રાસાદ કહે છે ॥૩૦॥

## ેરૂ પ્રાસાદ—

पञ्चहस्तो भवेन्मेरु-रेकोत्तरशताण्डकः ।
भेदाः पञ्चोनपञ्चाशत् करवृद्धया भवन्ति ते ॥३१॥

हस्ते हस्ते भवेद् वृद्धि-स्त्वण्डकानां च विंशतिः ।
एकोत्तरसहस्रं स्या-च्छृङ्गाणां च शतार्धके ॥३२॥



થી કમ માનનો મેરૂ પ્રાસાદ બનાવવો નહિ. પાંચ હાથના વિસ્તાર- ઉપર એકસો એક શૃંગ ચઢાવવાં. પછી પાંચ હાથથી એક એક ધારે તો પિસ્તાલીશ ભેદ થાય છે. તે દરેકની ઉપર અનુક્રમે વીશ પચાસ હાથના વિસ્તારવાળા મેરૂપ્રાસાદની ઉપર એક હજાર એક ાંચ હાથના મેરૂપ્રાસાદ ઉપર એક સો એક, છ હાથના પ્રાસાદ ાત હાથના પ્રાસાદ ઉપર એકસો એકતાલીશ, આ પ્રમાણે

मीनाक्षाजी देव २॥

गोपुर

त्राः कर्णे विमानमुरुशृङ्गकम् ।
ारवरं पञ्चभूमिविमानकम् ॥३३॥

---

ચઢાવવાનું સમજવું.

विमाननागरजाति-स्तदा प्राज्ञैरुदाहृता ।
एवं शृङ्गेषुशृङ्गाणि सम्भवन्ति बहून्यपि ॥३४॥

કેસરી આદિ જે પ્રાસાદ છે, તેનાં કોણા ઉપર વિમાનશૃંગ અને ભદ્રની ઉપર ઉરૂશૃંગ ચઢાવવાં. તથા મૂલશિખર પાંચ ભૂમિ(માળ)વાળું વિમાનના આકારનું બનાવવું. તેને વિદ્વાન શિલ્પિઓ વિમાનનાગર જાતિનો પ્રાસાદ કહે છે. તેનાં શૃંગોની ઉપર શૃંગ એવાં અનેક શૃંગ ચઢાવાય છે. ॥૩૩॥, ॥૩૪॥

*१ श्रीमेरुप्रासाद अने २. हेमशीर्षमेरुप्रासाद—

श्रीमेरुरष्टभागः स्या-देकोत्तरशताण्डकः ।
हेमशीर्षो दशांशश्च युतः सार्धशताण्डकैः ॥३५॥

પહેલો શ્રીમેરૂ નામનો પ્રાસાદ આઠ તલ વિભક્તિવાળો અને એક સો એક શૃંગવાળો છે. બીજો હેમશીર્ષ નામનો પ્રાસાદ દશતલ વિભક્તિવાળો અને દોઢસો શૃંગવાળો છે. ॥૩૫॥

૩-સુરવલ્લભમેરૂપ્રાસાદ—

भागैर्द्वादशभिर्युक्तः सार्धद्विशतसंयुतः ।
सुरवल्लभनामा तु प्रोक्तः श्रीविश्वकर्मणा ॥३६॥
कर्णो द्विभाग एकांशा कोणी सार्धः प्रतिरथः ।
अर्धांशा नन्दिका भद्र-मर्धं भागेन सम्मितम् ॥३७॥

ત્રીજો સુરવલ્લભ નામનો મેરૂ પ્રાસાદ બાર તલવિભક્તિવાળો અને અઢીસો શૃંગવાળો છે, એવું શ્રી વિશ્વકર્માજીએ કહ્યું છે. કોણ બે ભાગ, કોણી એક ભાગ, પ્રતિરથ દોઢ ભાગ, કોણી અરધો ભાગ અને ભદ્રાર્ધ એક ભાગ, આ પ્રમાણે તલવિભક્તિ બાર ભાગની જાણવી ॥૩૬॥, ॥૩૭॥

૪ ભુવનમંડન મેરૂ પ્રાસાદ—

त्रिशतं पञ्चसप्तत्या-धिकं यस्याण्डकानि हि ।
भक्तश्चतुर्दशांशैस्तु नाम्ना भुवनमण्डनः ॥३८॥
कोणः कोणी प्रतिरथो नन्दी भद्रार्धमेव च ।
द्वयेकद्वयर्धांश सार्धांशैश्चतुर्दशविभाजिते ॥३९॥

*આ નવ મેરૂ પ્રાસાદનું સવિસ્તર વર્ણન જાણવા માટે જુઓ અપરાજિતપૃચ્છા સૂત્ર ૧૮૦

ચોથા ભુવન મંડન નામનો મેરૂ પ્રાસાદ ત્રણસો પંચોતેર શૃંગવાળો અને ચૌદ તલ વિભક્તિવાળો છે. કોણુ બે ભાગ, કોણી એક ભાગ, પ્રતિરથ બે ભાગ, કોણી અરધો ભાગ અને ભદ્રાર્ધ દોઢ ભાગ, આ પ્રમાણે ચૌદ વિભાગીય તલ છે. ॥ ૩૮ ૩૯ ॥

૫ રત્નશીર્ષ મેરુ પ્રાસાદ—

बाणैकवेदयुग्मांशा वेदाः कर्णादिभागतः ।
रत्नशीर्षो भवेन्मेरुः पञ्चशतैकशृङ्गकैः ॥४०॥

પાંચમો રત્નશીર્ષ મેરૂ પ્રાસાદ છે. તેના તલનાં બત્રીશ ભાગ કરવા, તેમાં પાંચ ભાગનો કોણુ, એક ભાગની કોણી ચાર ભાગનો પ્રતિરથ (પઢરો), બે ભાગની નંદી અને ચાર ભાગનું ભદ્રાર્ધ કરવું. આ પ્રાસાદની ઉપર પાંચસો એક શૃંગ છે. ॥ ૪૦ ॥

૬ કિરણોદ્દ્ભવ મેરુ પ્રાસાદ—

गुणैकयुग्मचन्द्रद्वौ पुराणांशैर्विभाजिते ।
किरणोद्भवमेरुश्च सपादषट्शताण्डकः ॥४१॥

છઠ્ઠા કિરણોદ્દ્ભવ મેરૂ પ્રાસાદના તલના અઢાર ભાગ કરવા, તેમાં ત્રણ ભાગનો કોણુ, એક ભાગની કોણી, બે ભાગનો પઢરો, એક ભાગની નંદી અને બે ભાગનું ભદ્રાર્ધ કરવું. આ પ્રાસાદની ઉપર છસો પચીસ શૃંગ ચઢાવવાં. ॥ ૪૧ ॥

૭ કમલહંસ મેરૂ પ્રાસાદ—

रामचन्द्रद्वियुग्मांशैर्नेत्रैर्विंशतिभाजिते ।
नाम्ना कमलहंसः स्यात सार्धसप्तशताण्डकः ॥४२॥

સાતમા કમલ હંસ નામના મેરૂ પ્રાસાદના તલના વીશ ભાગ કરવાં, તેમાં ત્રણ ભાગનો કોણુ, એક ભાગની કોણી, બે ભાગનો પઢરો, બે ભાગની નંદી અને બે ભાગનું અર્ધ ભદ્ર કરવું. આ પ્રાસાદની ઉપર સાતસો પચાસ શૃંગ ચઢાવવાં. ॥ ૪૨ ॥

૮ સ્વર્ણકેતુ મેરૂ પ્રાસાદ—

भागः कर्णादिगर्भान्तं वेदार्धसार्धत्र्येकांशैः[1] ।
द्वाभ्यां च स्वर्णकेतुः स्यात् पञ्चसप्ताष्टशृङ्गकैः ॥४३॥

આઠમો સ્વર્ણકેતુ નામનો મેરૂ પ્રાસાદ બાવીશ તલ વિભક્તિવાળો છે, તેમાં ચાર ભાગનો કોણુ, અરધા ભાગની કોણી, સાડા ત્રણ ભાગનો પઢરો, એક ભાગની નંદી અને બે ભાગનું ભદ્રાર્ધ કરવું. આ પ્રાસાદની ઉપર આઠસો પંચોત્તર શૃંગ છે. ॥ ૪૩ ॥

१ 'वेदसार्द्धत्रिसार्द्धकैः ।'

९ वृषभध्वज मेरु प्रासाद—

वेदैकरामयुग्मांशै-र्नन्दैर्जिनविभाजिते ।
वृषभध्वजमेरुश्च सैकाण्डकसहस्रवान् ॥४४॥

નવમો વૃષભધ્વજ નામનો મેરૂ પ્રાસાદ ચોવીશ તલ વિભક્તિવાળો છે. તેમાં ચાર ભાગનો કોણ, એક ભાગની કોણી, ત્રણ ભાગનો પઢરો, બે ભાગની નંદી અને બે ભાગનું ભદ્રાર્ધ કરવું. આ પ્રાસાદની ઉપર એક હજારને એક શૃંગ ચઢાવાય છે. ॥ ૪૪ ॥

सभ्रमो भ्रमहीनश्च महामेरुर्भ्रमद्वयम् ।
सान्धारेषु प्रकर्त्तव्यं भद्रे चन्द्रावलोकनम् ॥४५॥

ઉપર જે નવ મહામેરૂ પ્રાસાદ કહ્યાં, તે ભ્રમણીવાળા અથવા વગર ભ્રમણીવાળા તથા બે ભ્રમણીવાળા બને છે. સાંધાર મેરૂ પ્રાસાદના ભદ્રમાં પ્રકાશને માટે ચંદ્રાવલોકન (જાળી અથવા ગવાક્ષ) કરવો. ॥ ૪૫ ॥

राज्ञः स्यात् प्रथमो मेरु-स्ततो हीनो द्विजादिषु ।
विना राज्ञोऽन्यवर्णेन कृते मेरौ महद्भयम् ॥४६॥

इति नवमेरुलक्षणम् ।

इतिश्री सूत्रधारमण्डनविरचिते प्रासादमण्डने वास्तुशास्त्रे
केसर्यादिप्रासादजातिलक्षणे पञ्चचत्वारिंशन्मेरुलक्षणे षष्ठोऽध्यायः ॥ ६ ॥

મેરૂ પ્રાસાદ રાજાઓ બનાવે. ચતુર્વર્ણના ધનવાન લોક મેરુ પ્રાસાદ બનાવે નહિ. બનાવવો હોય તો રાજાની સાથે બનાવે, જો રાજાની વિના એકલા ધનવાન મેરૂ પ્રાસાદ બનાવે તો મહા ભયકારક છે. ॥ ૪૬ ॥

ઇતિશ્રી પંડિત ભગવાનદાસ જૈન વિરચિત પ્રાસાદ મંડનનાં કેસરી આદિ પ્રાસાદ અને પિસ્તાલીશ મેરૂ પ્રાસાદ નામના છઠ્ઠા અધ્યાયની સુબોધિની નામની ભાષા ટીકા સમાપ્ત ॥૬॥

# अथ प्रासादमण्डने सप्तमोऽध्यायः ।

**मण्डपविधान—**

**रत्नगर्भाङ्कितं सूर्य-चन्द्रतारावितानकम् ।**
**विचित्रं मण्डपं येन कृतं तस्मै नमः सदा ॥१॥**

અનેક પ્રકારનાં રત્નો વડે જડેલાં તથા સૂર્ય, ચંદ્ર અને તારાના જેવાં તેજસ્વી ઘુમટનાં ચંદ્રવાવાળા, એવાં અનેક પ્રકારના મંડપોની રચના જેણે કરી છે, તેને હમેશા નમસ્કાર થાઓ. ॥ ૧ ॥

**ગર્ભાગ્રમંડપ—**

**कर्णगूढा विलोक्याश्च एकत्रिद्वारसंयुताः ।**
**प्रासादाग्रे प्रकर्त्तव्याः सर्वदेवेषु मण्डपाः ॥२॥**

ગુપ્ત કોણવાળો અર્થાત્ દિવાલવાળો અથવા ખુલો, તથા એક અથવા ત્રણ દ્વારવાળો, એવો મંડપ સર્વ દેવોને માટે ગભારાની આગળ કરવો જોઈએ. ॥ ૨ ॥

**જિન પ્રાસાદના મંડપો—**

**गूढस्त्रिकस्तथा नृत्यः क्रमेण मण्डपास्त्रयः ।**
**जिनस्याग्रे प्रकर्त्तव्याः सर्वेषां तु बलाणकम् ॥३॥**

જિન પ્રાસાદના ગભારાની આગળ ગૂઢમંડપ, તેની આગળ ચોકીમંડપ અને તેની આગળ નૃત્યમંડપ, આ પ્રમાણે ત્રણ મંડપો કરવાં. બાકી બધાં દેવોના ગભારાની આગળ બલાણક (કક્ષાસનવાળો મંડપ) બનાવવો. ॥ ૩ ॥

**પાંચ પ્રકારના મંડપનું માન—**

**समं सपादं प्रासादात् सार्धं पादोनतद्द्वयम् ।**
**द्विगुणं वा प्रकर्त्तव्या मण्डपाः पञ्चधा मताः ॥४॥**

પ્રાસાદથી મંડપનું માન પ્રાસાદની બરાબર સવાયું, દોઢું, પોણા બે ગણું અથવા બમણું કરવું. આ પ્રમાણે પાંચ પ્રકારે મંડપનું માન થાય છે. ॥ ૪ ॥*

* અપરાજિત પૃચ્છા સૂત્ર ૧૮૫માં સવા બે ગણા અઢી ગુણા મંડપો કરવાનું કહ્યું છે. જેથી સાત પ્રકારનાં માન થાય છે.




પ્રાસાદ અને મંડપોનું તલદર્શન

પ્રાસાદમાને મંડપનું માન વિશેષ પ્રકારે કહે છે—

**समं सपादं पञ्चाशत्पर्यन्तं दशहस्तकात् ।**
**दशान्तं पञ्चतः सार्धं द्विपादोनं चतुष्करे ॥५॥**

**त्रिहस्ते द्विगुणं द्व्येक-हस्ते कुर्याच्चतुष्किकाम् ।**
**प्रायेण मण्डपं सार्धं द्विगुणं प्रत्यलिन्दकैः ॥६॥**

દશથી પચાસ હાથ સુધીના પ્રાસાદોને બરાબરના અથવા સવાયા મંડપો કરવાં. પાંચ હાથથી દશ હાથ સુધીના પ્રાસાદોને દોઢો, ચાર હાથના પ્રાસાદને પોણા બે ગણો, ત્રણ હાથના પ્રાસાદને બમણો મંડપ કરવો. બે અને એક હાથનાં પ્રાસાદને મંડપને ઠેકાણે ચોકી કરવી. ઘણું કરી મંડપ દોઢો અથવા બમણો કરવો, તે અલિંદના માને જાણવો. ॥ ૫૬ ॥

ઘૂમટના કલશની ઊંચાઈ—

**मण्डपे स्तम्भपट्टादि-र्मध्यपट्टानुसारतः ।**
**शुकनाससमा घण्टा न्यूना श्रेष्ठा न चाधिका ॥७॥**

મંડપમાં થાંભલા અને પાટ આદિ સર્વ ગભારાના પાટ આદિના માનાનુસાર રાખવાં જોઈએ, ઘુમટના કલશની ઊંચાઈ શુકનાસની બરાબર રાખે. તથા કમ રાખે તો શ્રેષ્ઠ છે, પણ અધિક નહિ રાખવી. ॥ ૭ ॥

અપરાજિત પૃચ્છા સૂત્ર ૧૮૫માં શ્લોક ૧૦માં લખ્યું છે કે—

'शुकनाससमा घण्टा न न्यूना न ततोऽधिका ।'

અર્થાત્ ઘુમટના કલશની ઊંચાઇ શુકનાસની બરાબર રાખવી, ઓછી વધતી રાખવી નહિ.

મંડપના સમવિષમ તલ—

**मुखमण्डपसङ्घाटो यदा भित्त्यन्तरे भवेत् ।**
**न दोषः स्तम्भपट्टाद्यैः समं च विषमं तलम् ॥८॥**

ગભારો અને મંડપની વચમાં જો ભીંતનું અંતર હોય તો મંડપમાં સ્તંભ પાટ અને તલ વિભાગ, એ સમ અથવા વિષમ (ઓછા વધતાં માનના) કરવામાં આવે તો દોષ નથી. ॥ ૮ ॥

❀ મુખ મંડપ—

नवाष्टदशभागेषु त्रिभिश्चन्द्रावलोकनम् ।
हस्तैकं त्र्यङ्गुलोनं वा तदूर्ध्वं मत्तवारणम् ॥९॥

ગભારાની આગળ જે મુખ મંડપ છે. તેનાં ઉદયનાં સાડા તેર, સાડા ચૌદ અથવા સાડા પંદર ભાગ કરવાં. તેમાંથી આઠ, નવ અથવા દશ ભાગનો ચંદ્રાવલોકન (ખુલો ભાગ) કરવો, તથા આસન પટની ઉપર એક હાથનો અથવા એકવીશ આંગળનો મત્તવારણ (કઠોડો) કરવો. ॥ ९ ॥

सार्धपञ्चांशकैर्भक्तैः सपादं राजसेनकम् ।
सपादत्र्यंशका वेदि-र्भागेनासनपट्टकम् ॥१०॥



ખુલા ભાગની નીચેથી મંડપના તલ સુધીનાં સાડા પાંચ ભાગ કરવાં, તેમાં નીચેથી સવા ભાગનું રાજસેન, સવા ત્રણ ભાગની વેદી અને એક ભાગનો આસન પટ્ટ કરવો. ॥૧૦॥

तदूर्ध्वं सार्धसप्तांशो यावत्पट्टस्य पेटकम् ।
सार्धपञ्चांशकैः स्तम्भः पादोनं भरणं भवेत् ॥११॥
भागार्धं भरणं चापि सपादं सार्धतः शिरः ।

આસનપટ્ટના ઉપરથી પાટના તલિયા સુધી સાડા સાત ભાગ કરવાં, તેમાંથી સાડા પાંચ ભાગનો સ્તંભ, પોણા અથવા અરધા ભાગનું ભરણું અને સવા અથવા દોઢ ભાગની શિરાવટી કરવી. ॥ ૧૧ ॥

पट्टो द्विभागस्तस्योर्ध्वे कर्त्तव्यश्छाद्यकोदयः ॥१२॥
१ २
त्रिभागं ललितं छाद्यं तत्पेटं पट्टपेटके ।
अर्धांशोर्ध्वा कपोतालि—र्द्विभागः पट्टविस्तरः ॥१३॥

શિરાવટીની ઉપર બે ભાગનો પાટ કરવો, તેની ઉપર ઉદયમાં ત્રણ ભાગનું પાટના પેટા ભાગ સુધી નમતું સુંદર છાજું કરવું. તેની ઉપર અરધા ભાગનો કેવાલ રાખવો, પાટનો વિસ્તાર બે ભાગ રાખવો. ॥૧૨–૧૩॥

* વિશેષ જાણવા માટે જુઓ અપરાજિતપૃચ્છા સૂત્ર ૧૮૪ શ્લોક ૫ થી ૧૩.

१. 'त्रिभागेन ललच्छाद्यं'। २. 'तलतः'।

स्तंभनुं विस्तार मान अने तेनां भेद—

प्रासाद-दशरुद्रार्क-भागेन स्तम्भविस्तरः ।
वेदाष्टरविविंशत्यः[1] कर्णा वृत्तस्तु पञ्चधा ॥१४॥

પ્રાસાદના દશમા, અગ્યારમા અથવા બારમા ભાગનો સ્તંભનો વિસ્તાર ( જાડાઈ) કરવો, તથા ચાર, આઠ, બાર અને વીશ કોણવાળા તથા ગોળ, એ પાંચ પ્રકારના સ્તંભો જાણવાં. ॥ १४ ॥

અપરાજિત પૃચ્છા સૂત્ર ૧૮૪ શ્લોક ૩૫માં તેરમા અને ચૌદમા ભાગે પણ સ્તંભ જાડો કરવાનું લખે છે.

ક્ષીરાર્ણવના મતે સ્તંભનું વિસ્તાર માન—

" एकहस्ते तु प्रासादे स्तम्भः स्याच्चतुरङ्गुलः ।
द्वौ हस्ते चाङ्गुलं सप्त त्रिहस्ते च नवाङ्गुलः ॥
तस्योर्ध्वं दशहस्तानां हस्ते हस्ते च द्वयङ्गुला ।
सपादाङ्गुला वृद्धिः स्यात् त्रिशद्धस्ते यदा भवेत् ॥
अङ्गुलैका ततो वृद्धि-श्चत्वारिंशश्च हस्तके ।
तस्योर्ध्वे च शतार्द्धं च पादोनमङ्गुलं भवेत् ॥ "

એક હાથના વિસ્તારવાળા પ્રાસાદનો સ્તંભ ચાર આંગળ, બે હાથના પ્રાસાદનો સાત આંગળ, ત્રણ હાથના પ્રાસાદનો સ્તંભ નવ આંગળ, ચારથી દશ હાથ સુધીના પ્રાસાદનો સ્તંભ બે બે આંગળ વધારીને, અગ્યારથી ત્રીશ હાથ સુધીના પ્રાસાદનો સ્તંભ સવા સવા આંગળ વધારીને, એકત્રીશથી ચાલીશ હાથ સુધીના પ્રાસાદનો સ્તંભ એક એક આંગળ વધારીને, અને એકતાલીશથી પચાસ હાથ સુધીના પ્રાસાદનો સ્તંભ પોણો પોણો આંગળ વધારીને જાડો કરવો.

જ્ઞાન પ્રકાશ દીપાર્ણવના મતે સ્તંભનું વિસ્તાર માન—

" एकहस्ते तु प्रासादे स्तम्भः स्याचतुरङ्गुलः ।
सप्ताङ्गुलश्च द्विहस्ते त्रिहस्ते तु नवाङ्गुलः ॥
द्वादशाङ्गुलविस्तारः प्रासादे चतुर्हस्तके ।
चतुर्हस्तादितः कृत्वा यावद् द्वादशहस्तकम् ॥

[1] ' वेदाष्टार्कनखैः कर्णा वृत्तस्तम्भश्च पञ्चधा ।'



लूणवसही जैन मंदिर आबू के मंडप का दृश्य
अनुपम कोतरणी वाला स्तंभ



आबू जैन मंदिर के मंडप के स्तंभ और हल्लिका तोरण



स्तंभोनां नमूना

सार्धाङ्गुला भवेद् वृद्धिः प्रतिहस्ते विवर्धयेत ।
द्वादशहस्तस्योर्ध्वं तु यावत् त्रिंशद्धस्तकम् ॥
अङ्गुलैका ततो वृद्धि-र्हस्ते हस्ते प्रदापयेत् ।
अत उर्ध्वं ततः कुर्याद् यावत्पञ्चाशद्धस्तकम् ॥
अर्धाङ्गुला भवेद् वृद्धिः कर्त्तव्या शिल्पिभिः सदा ।
उच्छ्रयं चतुर्गुणं प्रोक्त-मेतत्स्तम्भस्य लक्षणम् ॥ "

સ્તંભનો વિસ્તાર એક હાથના પ્રાસાદને ચાર આંગળનો, બે હાથના પ્રાસાદને સાત આંગળ, ત્રણ હાથના પ્રાસાદને નવ આંગળ અને ચાર હાથના પ્રાસાદને બાર આંગળનો સ્તંભનો વિસ્તાર ( જાડાઈ ) કરવો. પછી પાંચથી બાર હાથ સુધીના પ્રાસાદને પ્રત્યેક હાથ દોઢ દોઢ આંગળ વધારીને, તેરથી ત્રીશ હાથ સુધીના પ્રાસાદને એક એક આંગળ વધારીને અનેએ કત્રીશથી પચાસહાથ સુધીના પ્રાસાદને પ્રત્યેક હાથ અરધો અરધો આંગળ વધારીને સ્તંભની જાડાઈ કરવી, તથા વિસ્તારથી ચાર ગુણી સ્તંભની ઊંચાઈ કરવી.

### આકૃતિ પ્રમાણે સ્તંભોનાં નામ—

" चतुरस्राश्च रुचका भद्रका भद्रसंयुताः ।
वर्धमानाः प्रतिरथैस्तथाष्टांशैश्चाष्टास्रकाः ॥
आसनोर्ध्वे भवेद् भद्र-मष्टकर्णैस्तु स्वस्तिकाः ।
प्रकर्त्तव्याः पञ्चविधाः स्तम्भाः प्रासादरूपिणः ॥ "

अप० सू० १८४

ચાર કોણાવાળા ચતુરસ્ર, ભદ્રવાળા ભદ્રક, પ્રતિરથવાળા વર્ધમાન, આઠ કોણાવાળા અષ્ટાસ્ર અને આસન ઉપરથી ભદ્રવાળા અને તેની ઉપર આઠ કોણાવાળા સ્વસ્તિક નામના સ્તંભો કહેવાય છે, એ પાંચ પ્રકારના સ્તંભો પ્રાસાદના આકારવાળા કરવાં.

### પ્રાગ્ગ્રીવ મંડપ—

द्वाराग्रे स्तम्भवेद्याद्या प्राग्ग्रीवो मण्डपो भवेत् ।
द्विद्विस्तम्भविवृद्धया च षोडशैव प्रकीर्त्तिताः ॥१५॥

પ્રાસાદના દ્વારની આગળ બે સ્તંભવાળી જે પહેલી વેદી ( ચોકી ) છે. તે પ્રાગ્ગ્રીવ મંડપ કહેવાય છે. તેને બે બે સ્તંભ વધારવાથી સોળ પ્રકારના પ્રાગ્ગ્રીવ મંડપ થાય છે. ॥ ૧૫ ॥

* વિશેષ જાણવા માટે જુઓ અપરાજિત પૃચ્છા સૂત્ર ૧૮૮.




सर्वाङ्ग पूर्ण सांगोपांग वाला प्राचीन देवालय
आमेर - जयपुर (राजस्थान)



जगतशरणजी का प्राचीन मेरु मंडोवर वाला देवालय
आमेर - जयपुर (राजस्थान)

આઠ જાતિના ગૂઢ મંડપ—

> भित्तिः प्रासादवद्गूढे मण्डपेऽष्टविधेषु च ।
> चतुरस्रः सुभद्रश्च तथा प्रतिरथान्वितः ॥१६॥
> मुखभद्रयुतो वापि द्वित्रिप्रतिरथैर्युतः ।
> कर्णोदकान्तरेणाथ भद्रोदकविभूषितः ॥१७॥

આઠ પ્રકારના ગૂઢ મંડપોને પણ પ્રાસાદના જેવી દીવાલ બનાવવી. તે સમચોરસ, સુભદ્ર અને પ્રતિરથવાળા, સુખભદ્રવાળા, બે અથવા ત્રણ પ્રતિરથવાળા, કોણે અથવા ભદ્રે જલાન્તરવાળા, એ પ્રમાણે આઠ પ્રકારના ગૂઢમંડપો છે. ॥૧૬ ૧૭॥



મંડપની ફાલનાઓ—

कर्णतो द्विगुणं भद्रं पादोनप्रतिकर्णकः ।
भद्रार्धे मुखभद्रं च शेषं षड्वसुभाजितम् ॥१८॥

કોણાથી બમણું ભદ્ર કરવું, અને કોણાથી પોણા ભાગનો પઢરો કરવો. ભદ્રથી અરધું મુખભદ્ર કરવું. અને બાકી નંદી આદિ છઠ્ઠા અથવા આઠમા ભાગની કરવી. ॥ ૧૮ ॥

दलेनार्धेन पादेन दलस्य निर्गमो भवेत् ।
मूलप्रासादवद् बाह्ये पीठजङ्घादिमेखला ॥१९॥

એ ફાલનાઓનો નીકાળો પોતાના ચોથા અથવા અરધા ભાગનો કરવો, તથા પીઠ અને જંઘા આદિની મેખલાઓ (ખાંચાઓ) મુખ્ય પ્રાસાદના જેવી બહાર નીકળતી બનાવવી. ॥ ૧૯ ॥

गवाक्षेणान्वितं भद्र-मथ जालकसंयुतम् ।
गूढोऽथ कर्णगूढो वा भद्रे चन्द्रावलोकनम् ॥२०॥

ગૂઢ મંડપના ભદ્રમાં ગવાક્ષ કરવાં, અથવા જાળીઓ બનાવવી. કોણાઓ ગુપ્ત રાખવા અર્થાત્ મંડપ દીવાલવાળો કરવો, અથવા ભદ્રે ચંદ્રાવલોકન (ખુલો ભાગ) કરવો. ॥ ૨૦ ॥

त्रिद्वारे चैकवक्त्रेऽथ मुखे कार्या चतुष्किका ।
गूढे प्राकाशके वृत्त-मर्धोदयकरोटकम् ॥२१॥

इत्यष्टगूढमण्डपाः ।

ગૂઢ મંડપને ત્રણ અથવા એક દ્વાર કરવાં, અને દ્વારની આગળ ચોકી મંડપ કરવો, ગૂઢ અથવા પ્રકાશવાળા મંડપના વિસ્તારથી અરધા માનનો [1] ઉદયવાળો કરોટક (ઘૂમટ) કરવો. ॥ ૨૧ ॥ *

૧ જ્ઞાનરત્નકોશમાં ઉદય ત્રણ પ્રકારનો જણાવ્યો છે—

“ अर्धोदयं च यत्प्रोक्तं वामनं उदयं भवेत् ।
कृते चैव भवेच्छान्तिः सर्वयज्ञफलं लभेत् ॥
अर्धोदयं च नवधा द्वौ भागौ परिवर्जयेत् ।
अनन्तमुदयं नाम सर्वलोकसुखावहम् ॥
अर्धोदयं च नवधा त्रीणि भागानि संत्यजेत् ।
वाराहमुदयं नाम अनन्तफलदायकम् ॥ ”

* વિશેષ જાણવા માટે જુઓ અપરાજિત પૃચ્છા સૂત્ર ૧૮૭ વર્ધમાનાદિ આઠ મંડપ.

ઘુમટનો ઉદય વિસ્તારથી અરધા માનનો કરવો. તે વામન નામનો ઉદય કહેવાય છે. તે સવ યજ્ઞનું ફ્લ આપે છે, અને શાંતિદાયક છે, ઉદયના નવ ભાગ કરી, તેમાંથી બે ભાગ છોડીને સાત ભાગ સુધી ઉદય રાખવો, તેને અનંત નામનો ઉદય કહે છે, તે સર્વ લોકોને સુખકારક છે, તથા નવ ભાગમાંથી ત્રણ ભાગ છોડીને ૭ ભાગનો ઉદય કરવો. તે વારાહ નામનો ઉદય છે. તે અનંત ફ્લનો દેવાવાળો છે.

## બાર પ્રકારનાં ચોકી મંડપ—



एकत्रिवेदषट्सप्ता-ङ्कचतुष्कयस्त्रिकत्रये ।
अग्रे भद्रं विना पार्श्वे पार्श्वयोरग्रतस्तथा ॥२२॥
अग्रतस्त्रिचतुष्कयश्च तथा पार्श्वद्वयेऽपि च ।
मुक्तकोणे चतुष्कयौ[2] चेदिति द्वादश मण्डपाः ॥२३॥

ગૂઢ મંડપની આગળ એક, તીન, ચાર, છ, સાત અને નવ ચોકી, એ છ પ્રકારનાં ચોકી મંડપ થયાં. નવ ચોકીવાળા મંડપની આગળ એક ચોકી હોય ૭, તથા આગળ ચોકી ન હોય પણ બન્ને તરફ પડખામાં એક એક ચોકી હોય ૮, તથા બન્ને પડખે અને આગળ એક એક ચોકી હોય ૯, અથવા આગળ ત્રણ ચોકી હોય અર્થાત ત્રણ ત્રણ ચોકીવાળી ચાર લાઈન હોય ૧૦, તેની બન્ને પડખે એક એક ચોકી હોય ૧૧, અથવા પડખે અને આગળ એક એક ચોકી હોય ૧૨, આ પ્રમાણે બાર પ્રકારના ચોકી મંડપ છે. ॥ ૨૨ ૨૩ ॥

અપરાજિત પૃચ્છા સૂત્ર ૧૮૭માં લખે છે કે—ગૂઢમંડપની આગળ એક ચોકીવાળા મંડપનું નામ સુભદ્ર ૧, ત્રણ ચોકીવાળાનું નામ કિરીટી ૨, ત્રણ ચોકીની આગળ એક ચોકી હોય તેનું નામ દુંદુભી ૩, ત્રણ ત્રણ ચોકીની બે લાઈન, એટલે છ ચોકીવાળાનું નામ પ્રાંત ૪, છ ચોકીની આગળ એક ચોકી હોય એવાં મંડપનું નામ કામદ ૫, ત્રણ ત્રણ ચોકીની ત્રણ લાઈન, એટલે નવ ચોકીવાળા મંડપનું નામ શાન્ત ૬, આ શાંત મંડપની આગળ એક ચોકી હોય તેનું નામ નંદ ૭, શાંત મંડપની આગળ ચોકી ન હોય, પણ બન્ને પડખે એક એક ચોકી હોય તેનું નામ સુદર્શન ૮, શાંત મંડપની આગળ અને બન્ને પડખે એક એક ચોકી હોય તેનું નામ રમ્યક ૯, તીન તીન ચોકી-વાળી ચાર લાઈન હોય તેનું નામ સુનાભ ૧૦, સુનાભ મંડપની બન્ને પડખે એક એક ચોકી હોય તેનું નામ સિંહ ૧૧, અને સિંહમંડપની આગળ એક ચોકી હોય તેનું નામ સૂર્યાત્મક મંડપ છે. આ મંડપોની ઉપર ઘુમટ અથવા સંવરણા કરવી જોઈએ.

गूढस्याग्रे प्रकर्त्तव्या नानाचतुष्किकान्विताः ।
चतुरस्रादिभेदेन वितानैर्बहुभिर्युताः ॥२४॥

इति द्वादशत्रिकमण्डपाः ।

ઉપરોક્ત બાર પ્રકારનાં ચોકી મંડપ ગૂઢ મંડપની આગળ અનેક પ્રકારની ચોકીવાળા કરવા જોઇએ. એ મંડપો સમચોરસ આદિ આકૃતિવાળા અને અનેક પ્રકારના વિતાન (ચંદ્રવા)વાળા બનાવવા જોઈએ. ॥ ૨૪ ॥

२ 'चतुष्के द्वे इति।'

**નૃત્ય મંડપ—**

**त्रिकाग्रे रङ्गभूमिर्या तत्रैव नृत्यमण्डपः ।**
**प्रासादाग्रेऽथ सर्वत्र प्रकुर्याच्च विधानतः ॥२५॥**

ચોકી મંડપની આગળની જે રંગભૂમી છે, તે નૃત્ય મંડપ છે. તે દરેક પ્રાસાદની આગળ બનાવવાનું વિધાન છે. ॥ ૨૫ ॥

**સત્યાવીશ મંડપ—**

**सप्तविंशतिरुक्ता ये मण्डपा विश्वकर्मणा ।**
**तलैस्तु विषमैस्तुल्यैः क्षणैः स्तम्भैः समैस्तथा ॥२६॥**



प्रथमो द्वादशस्तम्भो द्विद्विस्तम्भविवर्धनात् ।
यावत्षष्टिश्चतुर्युक्ताः सप्तविंशतिमण्डपाः ॥२७॥




पुष्पकादि मण्डपो.

શ્રી વિશ્વકર્માએ જે સત્યાવીશ પ્રકારના મંડપો કહ્યાં છે, તેનાં તલ સમ અથવા વિષમ કરી શકાય છે. પણ ખંડ અને સ્તંભ એ સમસંખ્યામાં જ રાખવા જોઈએ. પ્રથમ મંડપ બાર સ્તંભનો છે. પછી બે બે સ્તંભની વૃદ્ધિ ચોસઠ સ્તંભ સુધી વધારવાથી સત્યાવીશ મંડપ* થાય છે. ॥ ૨૬ ૨૭ ॥

* વિશેષ જાણવા માટે જુઓ સમરાંગણસૂત્રધાર અધ્યાય ૬૭ અને અપરાજિતપૃચ્છા સૂત્ર ૧૮૬. આ બન્ને ગ્રંથમાં પ્રથમ મંડપ ચોસઠ થાંભલાનો કરવો લખે છે. અને પછી બે બે સ્તંભ ઘટાવતાં સત્યાવીશમો મંડપ બાર થાંભલાનો કરવાનું લખ્યું છે.




**આઠ અને સોલ કોણાની રચના–**

**क्षेत्रार्धं स्वषडंशोन–मेकास्रेऽष्टास्रमुच्यते ।**
**कलास्रः क्षेत्रषड्भागा–स्तत्षडंशेन संयुतः ॥२८॥**

ક્ષેત્રના વિસ્તારના બે ભાગ કરી, તેમાંના એક ભાગના છ ભાગ કરવાં. તેમાંથી એક ભાગ ઓછો કરવો, બાકી પાંચભાગ રહ્યાં, તેમાંની અષ્ટાસ્રની એક ભૂજા જાણવી, જો ષોડશાસ્ર બનાવવો હોય તો વિસ્તારના છઠા ભાગમાં, છઠાનો છઠોભાગ જોડવાથી સોલ હાંશની એક ભુજાનું માન થાય છે. ॥ ૨૮ ॥

**વિતાન (ઘુમટ) રચના–**

**अष्टास्रं षोडशास्रं च वृत्तं कुर्यात् तदूर्ध्वतः ।**
**उदयं विस्तरार्धेन षट्पञ्चसप्त[1] वा भवेत् ॥२९॥**

ઘૂમટ બનાવવાની રચના આ પ્રમાણે છે–પ્રથમ પાટની ઉપર અઠહાંશ બનાવવી પછી તેની ઉપર સોલહાંશ કરવી, તેની ઉપર ગોળાઈ કરવી. મંડપના વિસ્તાર માનથી અરધા માનનો ઘૂમટનો ઉદય કરવો. તેમાં પાંચ છ અથવા સાત થર બનાવવાં. ॥ ૨૯ ॥

1. 'तं षट्पंचांशाद्भाजिते ।'

वितान (धुमट) नां थरो–

कर्णदर्दरिका सप्त-भागेन निर्गमोन्नता ।
रूपकण्ठस्तु पञ्चांशो[1] द्विभागोन्नतनिर्गमः ॥३०॥

कर्णुदर्दरिकानो थर सातभाग उदयमां अने सातभाग निर्गममां करवो । रूपकंठनो थर पांचभाग उदयमां अने बे भाग निर्गममां राखवो. ॥ ३० ॥

विद्याधरैः समायुक्तं षोडशाष्टदिवाकरैः ।
जिनसंख्यामितैर्वापि दन्ततुल्यैर्विराजितम् ॥३१॥

आठ, बार,सोल, चोवीश अथवा बत्रीश विद्याधरोथी युक्त शोभायमान घूमट करवो.३१

विद्याधरः पृथुत्वेन सप्तांशो निर्गमो दश ।
तदूर्ध्व चित्ररूपाश्च[2] नर्त्तक्यः शालभञ्जिकाः ॥३२॥

विद्याधर विस्तारमां सात भाग अने निर्गममां दशभाग राखवां. तेनी उपर अनेक प्रकारे नाच करनारी अने अनेक रूपवाळी पुतलीओ करवी ॥ ३२ ॥




१. 'स्तस्य ।' २ 'सुशोभिताः ।'



सभा मंडप के उत्क्षिप्त वितान का भीतरी कलामय दृश्य
जैन मंदिर - आबू



क्षिप्त वितान का दृश्य – जैन मंदिर-आबू

गजतालुस्तु षट्साधीं[1] प्रथमा द्वितीया तु षट् ।
तृतीया सार्धपञ्चांशा कोलानि त्रीणि पञ्च वा ॥३३॥

પહેલું ગજતાલુ (ગલાળુ) સાડા છભાગ, બીજું છભાગ અને ત્રીજું સાડા પાંચભાગનું કરવું. તથા ત્રણ અથવા પાંચ કોલના થરો કરવાં. ॥ ૩૩ ॥

मध्ये वितानं कर्त्तव्यं चित्रवर्णविराजितम् ।
नाटकादिकथारुपै-[2]र्नानाकारैर्विराजितम् । ३४॥

ઘૂમટની મધ્યમાં અનેક પ્રકારનાં ચિત્રોથી શોભાયમાન વિતાન (ચંદ્રવો) બનાવવો। તે સંગીત અને નાચ કરતી એવી દેવાંગનાઓથી, તથા પુરાણાદિકનાં અનેક પ્રકારના કથા રૂપોથી શોભાયમાન કરવો ॥ ૩૪ ॥

વિતાન સંખ્યા–

एकादशशतान्येव वितानानां त्रयोदश ।
शुद्धसंघाटमिश्राणि क्षिप्तोत्क्षिप्तानि यानि च ॥३५॥

વિતાનોની સંખ્યા એક હજાર એકસો તેર (૧૧૧૩)ની છે. તે શુદ્ધ સંઘાટ (સમતલ-વાળા) ૧. મિશ્ર સંઘાટ (ઊંચા નીચાતલવાળા) ૨. ક્ષિપ્ત (લટકતાં થરો વાળા) ૩. અને ઉત્ક્ષિપ્ત (ઊંચા થરો વાળા) ૪ એવાં ચાર પ્રકારનાં વિતાનો છે. ॥ ૩૫ ॥

અપરાજિત પૃચ્છા સૂત્ર ૧૮૯ માં શ્લોક ૪ માં વિતાનના મુખ્ય ત્રણ પ્રકાર લખ્યા છે.

" वितानानि विचित्राणि क्षिप्तान्युत्क्षिप्तकानि च ।
समतलानि ज्ञेयानि उदितानि त्रिधा क्रमात् ॥ "

અનેક પ્રકારના વિતાનોનાં ત્રણ મુખ્ય ભેદ છે. ક્ષિપ્ત, ઉત્ક્ષિપ્ત અને સમતલ એ ત્રણ પ્રકાર છે।

વર્ણ અને જાતિના ભેદે ચાર પ્રકારના વિતાન–

" पद्मको नाभिच्छन्दश्च सभामार्गस्तृतीयकः ।
मन्दारक इति प्रोक्तो वितानाश्च चतुर्विधाः ॥

अप० सू० १८९ श्लो. ६

પદ્મક ૧, નાભિછંદ ૨, સભામાર્ગ ૩ અને મંદારક, એ ચાર પ્રકારનાં વિતાનો છે।

---

१. 'गजतालुः सार्धषड्भिःपदा षड्भिर्द्वितीयका।' २. 'पुराणादि।'

" पद्मको विप्रजातिः स्यात् क्षत्रियो नाभिच्छंदकः ।
सभामार्गो भवेद् वैश्यः शूद्रो मन्दारकस्तथा ॥ "

श्लोक. ७

પદ્મકની બ્રાહ્મણ જાતિ, નાભિછંદની ક્ષત્રિયજાતિ, સભામાર્ગની વૈશ્યજાતિ અને મંદારકની શૂદ્રજાતિ છે.

" पद्मकः श्वेतवर्णः स्यात् क्षत्रियो रक्तवर्णकः ।
सभामार्गो भवेत् पीतो मन्दारः सर्ववर्णकः ॥ "

श्लोक ८

ધોળાવર્ણનો પદ્મક, લાલવર્ણનો નાભિછંદ, પીળાવર્ણનો સભામાર્ગ અને અનેક વર્ણનો મંદારક નામનો વિતાન છે.

અપરાજિત પૃચ્છા સૂત્ર ૧૯૦માં ચાર પ્રકારનાં વિતાનો લખે છે કે–

" वितानांश्च प्रवक्ष्यामि भेदैस्तच्च चतुर्विधम् ।
पद्मकं नाभिच्छन्दं च सभा मन्दारकं तथा ॥१॥
शुद्धश्च छन्दसंघाटो भिन्न उद्भिन्न एव च ।
एतेषां सन्ति ये भेदाः कथये तान् समासतः ॥२॥

ચાર પ્રકારના વિતાનો કહે છે– પદ્મક, નાભિછંદ, સભામાર્ગ અને મંદારક એ ચાર પ્રકારના વિતાનો છે, તેનાં શુદ્ધ, છંદસંઘાટ, ભિન્ન અને ઉદ્‌ભિન્ન એ ચાર ભેદ છે, તે સંક્ષેપમાં કહું છું.

" एकत्वे च भवेच्छुद्धः संघाटश्च द्विमिश्रणात ।
त्रिमिश्राश्च तथा भिन्ना उद्भिन्नाश्चतुरन्विताः " ॥३॥

એક જાતની આકૃતિવાલા શુદ્ધ, બે જાતની આકૃતિવાળા મિશ્ર, ત્રણજાતની આકૃતિવાળા ભિન્ન અને ચાર પ્રકારની આકૃતિવાળા ઉદ્‌ભિન્ન નામના વિતાન છે,

" पद्मनाभं सभापद्मं सभामन्दारकं तथा ।
कमलोद्भवमाख्यातं मिश्रकाणां चतुष्टयम् " ॥४॥

પદ્મનાભ, સભાપદ્મ, સભામંદારક અને કમલોદ્‌ભવ, એ ચાર મિશ્રજાતિનાં વિતાન છે,

वितानानि विचित्राणि वस्त्रचित्रादिभेदतः ।
शिल्पिलोके प्रवर्त्तन्ते तस्माद् ज्ञानि लोकतः ॥३६॥



अनुपम कोतरणी वाला एक गवाक्ष
जैन मंदिर - आबू



समतल वितान में कोतरी हुई कलामय नरसिंहावतार की मूर्ति
जैन मंदिर – आबू

જેમ અનેક પ્રકારનાં ભાતભાતનાં વસ્ત્રો હોય છે, તેમ શિલાનો પણ અનેક પ્રકારના હોય છે, તે શિલ્પિઓ જાણે છે. જેથી તેઓની પાસેથી તે જાણવાં ॥ ૩૬ ॥

**રંગભૂમિ–**

मण्डपेषु च सर्वेषु पीठान्ते रङ्गभूमिका ।
कुर्यादुत्तानपट्टेन चित्रपाषाणजेन च ॥३७॥

इति मंडपाः ।

બધાં મંડપોની પીઠના તલની જે ભૂમિ છે, તે રંગભૂમિ કહેવાય છે, તે મોટા લાંબા પહોળા પત્થરોથી તથા અનેક પ્રકારના ચિત્ર વિચિત્ર પાષાણોથી બનાવવી ॥ ૩૭ ॥

**બલાણકનું સ્થાન–**

बलाणं देवगेहाग्रे राजद्वारे गृहे पुरे ।
जलाश्रयेऽथ कर्त्तव्यं सर्वेषां मुखमण्डपम् ॥३८॥

દેવાલયની આગળના પ્રવેશ દ્વારની ઉપર, રાજમહેલ, ઘર, નગર અને જલાશ્રય (કુવા, વાવ, તલાવ આદિ) એ બધાંના દ્વારની આગળ મુખમંડપ (બલાણક) કરવો જોઈએ ॥ ૩૮ ॥

**બલાણકનું માન–**

जगतीपादविस्तीर्णं पादपादेन वर्जितम् ।
शालालिन्देन गर्भेण प्रासादेन समं भवेत् ॥३९॥

બલાણકનો વિસ્તાર જગતીના ચોથા ભાગ જેટલો રાખવો, અથવા ચતુર્થાંશનો ચતુર્થાંશ કમ રાખવો, તે શાલા અને અલિંદાના માને, ગભારાના માને અથવા પ્રાસાદના માને કરવો. ॥૩૯॥

**પ્રાસાદમાં બલાણકનું સ્થાન—**

उत्तमे कन्यसं मध्ये मध्यं ज्येष्ठं तु कन्यसे ।
एकद्वित्रिचतुःपञ्च–रससप्तपदान्तरे ॥४०॥

જ્યેષ્ઠમાનના પ્રાસાદને કનિષ્ઠમાનનો, મધ્યમ માનના પ્રાસાદને મધ્યમમાનનો અને કનિષ્ઠ માનના પ્રાસાદને જ્યેષ્ઠ માનનો બલાણક કરવો, અને પ્રાસાદથી એક, બે, ત્રણ, ચાર, પાંચ છ અથવા સાત પદના અંતરે (દૂર) કરવો ॥ ૪૦ ॥ *

* અપરાજિત પૃચ્છા સૂત્ર ૧૨૨માં એકથી આઠપદના આંતરે બનાવવાનું લખ્યું છે.

मूलप्रासादवद्द्वारं मण्डपे च बलाणके ।
न्यूनाधिकं न कर्त्तव्यं दैर्घ्ये हस्ताङ्गुलाधिकम् ॥४१॥

મંડપ અને બલાણકનું દ્વાર મુખ્ય પ્રાસાદના દ્વાર પ્રમાણે કરવું, નાનું મોટું કરવું નહિ. જો વધારવાની આવશ્યકતા હોય તો દ્વારની ઊંચાઈમાં હસ્તાંગુલ (એક હાથે એક આંગળ, બેહાથે બે આંગળ આ પ્રમાણે) વધારી શકાય છે, 'ઓતરંગ તો બધાં સમસૂત્રમાં રાખવાં ॥ ૪૧ ॥

બધાં ઓતરંગનાં પેટા ભાગ—

पेटकं चोत्तरङ्गानां सर्वेषां समसूत्रतः ।
अङ्गणेन समं पेटं जगत्याश्चोत्तरङ्गजम् ॥४२॥

બધાં ઓતરંગના પેટાભાગ સમસૂત્રમાં રાખવાં અને જગતીના દ્વારના ઓતરંગના પેટાભાગ પ્રાસાદના આંગળાનાં બરોબર રાખવો ॥ ૪૨ ॥

પાંચ પ્રકારના બલાણક—

जगत्यग्रे चतुष्किका[1] वामनं तद् बलाणकम् ।
वामे च दक्षिणे द्वारे वेदिकामत्तवारणम् ॥४३॥

જગતીની આગળની ચોકી ઉપર જે બલાણક કરવામાં આવે છે તેને વામન બલાણક કહે છે, તેની જમણી અને ડાબી બાજુના દ્વારના ઠેકાણે વેદિકા અને મત્તવારણ (કઠેડો) કરવામાં આવે છે ॥ ૪૩ ॥

ऊर्ध्वा भूमिः प्रकर्त्तव्या नृत्यमण्डपसूत्रतः ।
मत्तवारणं वेदी च वितानं तोरणैर्युता ॥४४॥

બલાણકની ઉપરની ભૂમિ નૃત્યમંડપનાં સમસૂત્રમાં રાખવી જોઈએ, તથા મત્તવારણ વેદી. વિતાન અને તોરણોથી શોભાયમાન બનાવવી ॥ ૪૪ ॥

राजद्वारे बलाणे च पञ्च वा सप्तभूमिका ।
तद्विमानं बुधैः प्रोक्तं पुष्करं वारिमध्यतः ॥४५॥

રાજદ્વારની આગળ જો પાંચ અથવા સાત મજલાવાળું જે બલાણક કરવામાં આવે છે તેને વિદ્વાન શિલ્પી વિમાન અથવા ઉત્તુંગ નામનું બલાણક કહે છે, તથા જલાશયના બલાણકને પુષ્કર નામનું બલાણક કહે છે ॥ ૪૫ ॥

---

[1] 'चतुष्की वा'

हर्म्यशालो गृहे वापि कर्त्तव्यो गोपुराकृतिः ।
एकभूम्यास्त्रिभूम्यन्तं गृहाग्रद्वारमस्तके ॥४६॥

इति पञ्चविधवलाणकम् ।

ઘરની આગળનાં દ્વાર ઉપર એક, બે અથવા ત્રણ મજલાવાળું બલાણક કરવામાં આવે છે તેને હર્મ્યશાલ નામનું બલાણક કહે છે, આ ગોપુરાકૃતિવાળું બનાવવું. કિલ્લાના દ્વાર ઉપર જે બલાણક કરવામાં આવે છે, તેને ગોપુર નામનું બલાણક કહે છે.

**કયા કયા દેવોની આગળ બલાણક કરવું—**

" शिवसूर्यौ ब्रह्मविष्णू चण्डिका जिन एव च ।
एतेषां च सुराणां च कुर्यादग्रे बलाणकम् ॥ "

अप० सू० १२२




पुष्पिकानाम संवर्णा (१) घंटिका ५ कूट १६. सिंह ८. आम्र ८.



પુષ્પિકા નામની પ્રથમ સંવરણા.

શિવ, સૂર્ય, બ્રહ્મા, વિષ્ણુ, ચંડિકા અને જિનદેવ, આ દેવોની આગળ બલાણક કરવું જોઈએ ॥

સંવરણા—

संवरणा प्रकर्तव्या प्रथमा पञ्चघण्टिका ।
चतुर्घण्टाभिवृद्धया च यावदेकोत्तरं शतम् ॥४७॥

મંડપ આદિની ઉપર ઘૂમટના સ્થાને સંવરણા બનાવી શકાય છે, પ્રથમ સંવરણા પાંચ ઘંટિકાની છે. તે પછી એથી અધિક સંવરણામાં ચાર ચાર ઘંટિકા વધારતાં એકસો એક ઘંટિકા સુધી વધારી શકાય છે ॥ ૪૭ ॥



नन्दिनी नाम संवर्णा (२) घंटा ३२. घण्टिका ९. कूट ६८, सिंह ३२.



નંદિની નામની બીજી સંવરણા.

पञ्चविंशतिरित्युक्ताः प्रथमा वसुभागिका ।
वेदोत्तरघातं यावद् वेदांशा वृद्धिरिष्यते ॥४८॥

ઉપર જે ઘંટિકાની સંખ્યા લખી છે. તેની અનુસાર સંવરણા પચીસ પ્રકારની છે, તેમાં પ્રથમ સંવરણાની ભૂમિના આઠ ભાગ કરવા, પછી બીજી સંવરણાઓમાં ચાર ચાર ભાગ વધારતાં જવું, તે એકસો ચારભાગ સુધી વધારવાં ॥ ૪૮ ॥

પચીસ સંવરણાનાં નામ—

" पुष्पिका नन्दिनी चैव दशाक्षा देवसुन्दरी ।
कुलतिलका रम्या च उद्भिन्ना च नारायणी ॥
नलिका चम्पका चैव पद्माख्या च समुद्भवा ।
त्रिदशा देवगान्धारी रत्नगर्भा चूडामणिः ॥
हेमकूटा चित्रकूटा हिमाख्या गन्धमादिनी ।
मंदरा मालिनीख्याता कैलासा रत्नसम्भवा ॥
मेरुकूटोद्भवा ख्याताः संख्यया पञ्चविंशतिः । "

अपराजित सू. १९१

પુષ્પિકા, નંદિની, દશાક્ષા, દેવસુંદરી, કુલતિલકા, રમ્યા, ઉદ્ભિન્ના, નારાયણી, નલિકા, ચંપકા, પદ્મા, સમુદ્ભવા, ત્રિદશા, દેવગાંધારી, રત્નગર્ભા, ચુડામણી, હેમકૂટા, ચિત્રકૂટા, હિમા, ગંધમાદિની, મંદરા, માલિની, કૈલાસ, રત્નસંભવા અને મેરૂકૂટા, એ પચીસ સંવરણાનાં નામો છે.

જ્ઞાનરત્નકોશમાં બત્રીશ સંવરણા લખી છે. તેનાં નામ પણ બીજી જાતનાં છે. તેમાં ઘંટિકાની સંખ્યા પ્રાસાદના હાથના માનથી જણાવી છે. જેમકે-એક બે હાથના પ્રાસાદને પાંચ ઘંટિકા, ત્રણ હાથના પ્રાસાદને નવ અને ચાર હાથના પ્રાસાદને તેર એ પ્રમાણે લખેલ છે, તથા સંવરણાનાં નામાનુસાર પણ ઘંટિકાની સંખ્યા લખી છે. જેમકે-પ્રથમ સંવરણા પદ્મિની પાંચ ઘંટાવાળી, બીજી ચેદની સંવરણા નવ ઘંટાવાળી, એ પ્રમાણે ચાર ચાર ઘંટિકા વધારતાં બત્રીશમી રાજ્યવર્ધિની સંવરણાને એકસો ઓગણત્રીશ (૧૨૯) ઘંટિકાઓ થાય છે.

भद्रार्धे रथिकार्धे च तवङ्ग वामदक्षिणे ।
अर्धोदयेन रथिका घण्टा कूटं तवङ्गम् ॥४९॥

ભદ્રાર્ધ અને રથિકાર્ધના માનના બન્ને તરફ તવંગા કરવા, રથિકા, ઘંટા, કૂટ અને તવંગા, એ વિસ્તારનાં માનથી અરધા માનના ઉદયમાં કરવાં. ॥ ૪૯ ॥

पहेली संवरणा—

कलकूटान्विता पूर्वा पञ्चभिः कलशैर्युता ।
भागतुल्यैस्तथा सिंहै-रेवमन्याश्च लक्षिताः ॥५०॥

इति मण्डपोर्ध्वसंवरणाः ।

इतिश्री सूत्रधारमण्डनविरचिते प्रासादमण्डने मण्डपबलाणक संवरणाधिकारे सप्तमोऽध्यायः ॥ ७ ॥


१८ वीं शताब्दी से वर्तमान कालकी संवरणा शैली. प्रभाशंकर ओ. स्थपति

પહેલી સંવરણા સોલ કૂટ અને પાંચ ઘંટા કલશવાળી છે. મંડપના તલ ભાગ તુલ્ય સિંહ રાખવા. અર્થાત્ તલ ભાગ આઠ હોય તો આઠ સિંહ, બાર હોય તો બાર સિંહ, આવી રીતે તલ વિભાગ સંખ્યા પ્રમાણે સિંહ રાખવાં, આ પ્રમાણે બીજી સંવરણાઓ બનાવવી. ॥ ૫૦ ॥

અપરાજિતપૃચ્છા સુત્ર ૧૯૩માં લખે છે કે—

"चतुरस्रीकृते क्षेत्रे अष्टधा प्रतिभाजिते ।
उच्छ्रयः स्याच्चतुर्भागैः सर्वासामर्धार्धोदयः ॥
मूलकूटोद्भवाः कर्णा द्विभागैः पृथग्विस्तराः ।
भागोदया विधातव्याः कूटा वै सर्वकामदाः ॥"

પહેલી સંવરણાની સમચોરસ ભૂમિના આઠ ભાગ કરવાં, તેમાંના ચાર ભાગ સંવરણાનો ઉદય કરવો, અર્થાત્ બધી સંવરણાઓ વિસ્તારથી અરધી ઉદયમાં કરવી. કોણાની ઉપર મૂલઘંટા બે ભાગના વિસ્તારવાળી અને એક ભાગના ઉદયવાળી કરવી, તે પ્રમાણે કૂટાઓ પણ વિસ્તારથી અરધી ઉદયમાં કરવી.

" .... .... .... .... .... .... .... .... ।
छाद्योद्गमास्तदर्धे च कर्णे कर्णे च घण्टिका ॥



जैसलमेर जैन मंदिर के मंडप की संवरणा



कीर्त्ति स्तंभ – चित्तौड़गढ़

तद्रूपा भद्रकूटाश्च शृङ्गकूटास्तदर्धतः ।
सिंहस्थाना कर्णघण्टी बृहद्घण्टो तदूर्ध्वतः ॥
संवरणागर्भमूले रथिका द्व्यंशविस्तरा ।
भागैका चोदये कार्या भागा पक्षतवङ्गिका ॥
तदूर्ध्वे उद्गमो भाग-स्तवङ्गोर्ध्वे च कूटकः ।
सिंहं वै उद्गमोर्ध्वे तु उरोर्घण्टा भागोपरि ॥
तदुपरि सिंहस्थानं भागैकं च विनिर्गलम् ।
तस्योपरि मूलघण्टा द्विभागा च भागोच्छ्रया ॥
अष्टसिंहैः पञ्चघण्टैः कूटैरेवं द्विरष्टभिः ।
चतुर्भिर्मूलकूटश्च पुष्पिका नाम ज्ञामतः ॥ ”

...........છજાના દોઢીઆના અરધામાં કોણા કોણાની ઉપર ઘંટિકાઓ રાખવી, તેનાં જેવા ભદ્રના કૂટો કરવાં, તેનાથી અરધા ભાગના શિખરના કૂટો કરવા, કોણાની ઘંટિઓ ઉપર સિંહો રાખવાં, તેની ઉપર વચમાં મુખ્ય ઘંટી રાખવી, સંવરણાના ગર્ભના મૂલમાં બે ભાગના વિસ્તારવાળી અને એક ભાગના ઉદયવાળી રથિકા કરવી, તેની બન્ને તરફ તવંગાઓ કરવી, ભદ્રની ઉપર એક ભાગના ઉદયવાળો દોઢીઓ કરવો, તવંગાની ઉપર કૂટો કરવા, દોઢીઆની ઉપર અને કર્ણઘંટીની ઉપર સિંહ રાખવાં, તેનો નીકાળો એક ભાગનો રાખવો. તેની ઉપર વચમાં બે ભાગના વિસ્તારવાળી અને એક ભાગના ઉદયવાળી મૂલઘંટા રાખવી, આઠ સિંહ (ચાર કોણા ઉપર અને ચાર ભદ્રની ઉપર), પાંચ મોટી ઘંટિકાઓ, સોલ કૂટ અને ચાર મૂલકૂટવાળી પહેલી પુષ્પિકા નામની સંવરણા જાણવી.

બીજી નંદિની નામની સંવરણા—

“ तवङ्गकूटयोर्मध्ये तिलकं द्व्यंशविस्तरम् ।
भागोदयं विधातव्यं रूपसंघाटभूषितम् ॥
तवङ्गरथिकाश्चैव द्विभागोदयिनः स्मृताः ।
अष्टचत्वारिंशत्कूटा मूले स्युः पूर्ववत्तथा ॥
नवघण्टा समायुक्ता स्याद्वै द्वादशसिंहतः ।
नन्दिनीनामविख्याता कर्त्तव्या शान्तिमिच्छता ॥
कार्या तिलकवृद्धिश्च यावत्क्षेत्रं वेदास्रकम् ।
मण्डपदलनिष्कासै-र्भक्तिभागैस्तु कल्पना ॥

वृहद्धैर्भिन्नोद्भिन्ना मण्डपक्रमभागतः ।
आसां युक्तिर्विधातव्या मेरुकूटान्तकल्पना ॥ "



તવંગા અને કૂટની વચમાં બે ભાગના વિસ્તારવાળું અને એક ભાગના ઉદયવાળું તલના ભૂષણ રૂપ તિલક કરવું, તવંગા અને રથિકા બે ભાગના ઉદયવાળા કરવાં. અડતાલીશ કૂટ; નવ ઘંટા અને બાર સિંહવાળી નંદિની નામની સંવરણા તે શાંતિની ઇચ્છા કરનારા એ કરવી, સમચોરસ ક્ષેત્રમાં તિલકની વૃદ્ધિ કરવી જોઈએ, મંડપ વિસ્તારથી અરધો ઉદયમાં કરવો, ભૂમિના બાર ભાગ કલ્પના કરવી, મંડપના ભાગનું ક્રમથી ભિન્ન અને ઉદ્‌ભિન્ન સંવરણાઓ થાય છે. પચીસમી મેરૂકૂટા નામની સંવરણા સુધી આવી યુક્તિઓથી સંવરણાઓ બનાવવી.

ઇતિશ્રી સૂત્રધાર મંડનવિરચિત પ્રાસાદ મંડનના મંડપબલાણક સંવરણા લક્ષણવાળા સાતમા અધ્યાયની પંડિત ભગવાનદાસ જૈને સુબોધિની નામની ભાષા ટીકા રચી. ॥ ७ ॥

# अथ प्रासादमण्डनेऽष्टमः साधारणोऽध्यायः ।

अथ साधारणोऽध्यायः सर्वलक्षणसंयुतः ।
विश्वकर्मप्रसादेन विशेषेण प्रकथ्यते ॥१॥

શ્રી વિશ્વકર્માના પ્રસાદથી સર્વ લક્ષણવાળો સાધારણ નામનો આ આઠમો અધ્યાય કંઈક વિશેષ પ્રકારે કહેવાય છે. ॥ ૧ ॥

**શિવલિંગનું ન્યૂનાધિક માન—**

[१] मानं न्यूनाधिकं वापि स्वयम्भूबाणरत्नजे ।
घटितेषु विधातव्य-मर्चालिङ्गेषु शास्त्रतः ॥२॥

સ્વયંભૂલિંગ, બાણલિંગ અને રત્નલિંગ, એ માનમાં ઓછા વધતાં હોય તો દોષ નથી. પણ ઘડેલું શિવલિંગ અને ઘડેલી મૂર્તિ, એ શાસ્ત્રાનુસાર માન પ્રમાણે જ કરવા જોઈએ. ॥ ૨ ॥

**વાસ્તુ દોષ—**

बहुलेपाल्पलेपं च समसन्धिः शिरोगुरुः ।
सशल्यं पादहीनं तु तच्च वास्तु विनश्यति ॥३॥

અધિક લેપવાળું, કમ લેપવાળું, સાંધાની ઉપર સાંધાવાળું, ઉપર જાડું, નીચે પાતળું, શલ્યવાળું અને ઓછા પાયાવાળું, એવા પ્રકારનું વાસ્તુ જલદી નાશ પામે છે. ॥૩॥

**અશુભ વાસ્તુ દ્રવ્ય—**

[२] अन्यवास्तुच्युतं द्रव्य-मन्यवास्तुनि योजयेत् [३] ।
प्रासादे न भवेत् पूजा गृहे तु न वसेद् गृही [४] ॥४॥

---

૧ અપરાજિત પૃચ્છા સૂત્ર ૧૦૯ શ્લોક ૧૧ માં 'मानं' શબ્દની જગ્યાએ 'वृषं' પાઠ છે. જુઓ 'वृषं न्यूनाधिकं बाणे रत्नजे च स्वयम्भुवि' ' અર્થાત્ બાણલિંગ, રત્નલિંગ અને સ્વયંભૂલિંગનો નંદી ઓછા વધતા માનનો હોય તો દોષ નથી.

૨ 'अन्यवास्तुचिते द्रव्ये ।' ૩ 'निवेशिते' ૪ 'पतिः ।'

કોઇ મકાન આદિનું પડી ગએલ ઇંટ, ચુનો, પાષાણુ અને લાકડાં આદિ વાસ્તુ-દ્રવ્ય, બીજા મકાન આદિમાં લગાડવું નહિ, જો મંદિરમાં લગાડે તો દેવ અપૂજિત રહે અને ઘરમાં લગાડે તો માલિકનો વાસ થાય નહિ અર્થાત્ ઘર શૂન્ય રહે. ॥ ૪ ॥

અચલ શિવાલય ઉઠાવવાનો દોષ—

स्वस्थाने संस्थितं यच्च विप्रवास्तुशिवालयम् ।
अचाल्यं सर्वदेशेषु[1] चालिते राष्ट्रविभ्रमः ॥५॥

પોતાના સ્થાનમાં યથાસ્થિત રહેલ વિપ્રવાસ્તુ શિવાલયને ચલાયમાન કરવું નહિ, જો ચલાયમાન ન હોય તેને ચલાયમાન કરવાથી દેશમાં વિભ્રમ પેદા થાય. ॥ ૫ ॥

જીર્ણોદ્ધારનું પુણ્ય—

वापीकूपतडागानि प्रासादभवनानि च ।
जोर्णान्युद्धरते यस्तु पुण्यमष्टगुणं लभेत् ॥६॥

વાવ, કુવો, તલાવ, પ્રાસાદ ( મંદિર) અને ભવન, એ જીર્ણ થઇ ગયા હોય, તો તેનો ઉદ્ધાર કરવો જોઇએ, જીર્ણોદ્ધાર કરવાથી આઠ ગણું ફલ મળે છે. ॥ ૬ ॥

જીર્ણોદ્ધારનું વાસ્તુસ્વરૂપ—

तद्रूपं तत्प्रमाणं स्यात् पूर्वसूत्रं न चालयेत् ।
हीने तु जायते हानि-रधिके स्वजनक्षयः[2] ॥७॥

જીર્ણોદ્ધાર કરવામાં પ્રાચીન વાસ્તુ જે આકારનું અને જે માનનું હોય, તેજ આકારનું અને તેજ માનનું કરવું, જો પહેલાનાં વાસ્તુમાં માનથી હીન કરે તો હાનિ થાય અને અધિક કરે તો સ્વજનની હાનિ થાય. ॥ ૭ ॥

वास्तुद्रव्याधिकं कुर्यान्मृत्काष्ठे शैलजं हि वा ।
शैलजे धातुजं वापि धातुजे रत्नजं तथा ॥८॥

જીર્ણોદ્ધાર કરતી વખતે પ્રથમનું વાસ્તુ અલ્પદ્રવ્યનું હોય તો તે અધિક દ્રવ્યનું બનાવવું. જેમકે-પ્રથમનું વાસ્તુ માટી અથવા લાકડાનું હોય તો પાષાણનું કરવું. પાષાણનું હોય તો ધાતુનું અને ધાતુનું હોય તો રત્નનું કરવું. ॥ ૮ ॥

---

१ 'सर्वदेवेषु ।' २. 'तु धनक्षयः ।'

દિઙ્મૂઢ દોષ—

पूर्वोत्तरदिशामूढं मूढं पश्चिमदक्षिणे ।
तत्र मूढममूढं वा यत्र तीर्थं समाहितम् ॥९॥

પૂર્વોત્તર દિશા ( ઇશાન કોણ ). અથવા પશ્ચિમદક્ષિણ દિશા ( નૈઋત્ય કોણ ) તરફ પ્રાસાદ વાંકો હોય તો દિઙ્મૂઢ દોષ માનવામાં આવતો નથી, જેમ તીર્થસ્થાનમાં પ્રાસાદ મૂઢ અમૂઢનો દોષ માનવામાં આવતો નથી. ॥ ૯ ॥

" पूर्वपश्चिमदिङ्मूढं वास्तु स्त्रीनाशकं स्मृतम् ।
दक्षिणोत्तरदिङ्मूढं सर्वनाशकरं भवेत् ॥ "

अप० सू० ५२

પૂર્વ અને પશ્ચિમ દિશાનું વાસ્તુ અગ્નિ અને વાયુકોણ તરફ દિઙ્મૂઢ હોય તો સ્ત્રીનો નાશ થાય, દક્ષિણ ઉત્તર દિશાનું વાસ્તુ પણ અગ્નિ અને વાયુ કોણમાં દિઙ્મૂઢ હોય તો સર્વ વિનાશકારક છે.

દિઙ્મૂઢનો પરિહાર—

सिद्धायतनतीर्थेषु नदीनां सङ्गमेषु च ।
स्वयम्भूबाणलिङ्गेषु तत्र दोषो न विद्यते ॥१०॥

સિદ્ધાયતન અર્થાત્ સિદ્ધપુરૂષોનું નિર્વાણ, અગ્નિસંસ્કાર, જલસંસ્કાર અથવા ભૂમિ-સંસ્કાર થયેલ હોય, એવું પવિત્રસ્થાન, તથા ચ્યવન, જન્મ, દીક્ષા, જ્ઞાન અને મોક્ષ સંસ્કાર થયેલ હોય એવું તીર્થસ્થાન, નદીનો સંગમસ્થાન, ઇત્યાદિ સ્થાન પર પ્રાસાદ દિઙ્મૂઢ હોય, તથા સ્વયંભૂ અને બાણલિંગના પ્રાસાદ દિઙ્મૂઢ હોય તો તેનો દોષ માનવામાં આવતો નથી. ॥ ૧૦ ॥

અવ્યક્ત પ્રાસાદનું પાડવું—

अव्यक्तं मृण्मयं चाल्यं त्रिहस्तान्तं तु शैलजम् ।
दारुजं पुरुषार्धं च अत ऊर्ध्वं न चालयेत् ॥११॥

જો અવ્યક્ત જીર્ણપ્રાસાદ માટીનો હોય તો તે પાડીને નવો કરવો. પાષાણનો ત્રણ હાથ સુધી અને લાકડાનો અરધા પુરૂષ જેટલો ઊંચો રહ્યો હોય તો તે પાડીને નવો કરવો, પરંતુ ઉપર કહેલ પ્રમાણથી વધારે ઊંચો હોય તો પાડવો નહિ. ॥ ૧૧ ॥

**મહાપુરુષ સ્થાપિત દેવ—**

**विषमस्थानमाश्रित्य भग्नं यत्स्थापितं पुरा ।**
**तत्र स्थाने स्थिता देवा भग्नाः पूजाफलप्रदाः ॥१२॥**

પ્રાચીન મહાપુરૂષોએ જે દેવ સ્થાપિત કરેલાં હોય, તે જો વિષમસ્થાનમાં રહ્યા હોય અથવા ખંડિત હોય તો પણ તે પૂજનીય છે, કેમકે તે સ્થાને દેવોનો નિવાસ છે, તેથી તે પૂજાના ફલને આપનાર છે. ॥ ૧૨ ॥

**यद्यथा स्थापितं वास्तु तत्तथैव हि कारयेत् ।**
**अव्यङ्गं चालितं वास्तु दारुणं कुरुते भयम् ॥१३॥**

પ્રાચીન મહાપુરૂષોએ જે વાસ્તુ સ્થાપન કરેલ હોય, તેનો જીર્ણોદ્ધાર કરવામાં આવે તો તે વાસ્તુ પ્રથમના જેવું જ કરવું જોઈએ. જીર્ણ વાસ્તુ જો અંગહીન ન થયું હોય તો તે પાડવું નહિ, પાડે તો ભયંકર ભય કરનારૂં છે. ॥ ૧૩ ॥

**अथ तच्चालयेत् प्राज्ञो-जीर्णं व्यङ्गं च दूषितम् ।**
**आचार्यशिल्पिभिः प्राज्ञैः शास्त्रदृष्टया समुद्धरेत् ॥१४॥**

પ્રાચીન વાસ્તુ જીર્ણ થઈ ગયું હોય અથવા અંગહીન થઈ દોષવાળું થયું હોય તો તેને વિદ્વાન્ આચાર્ય અને શિલ્પિઓની સલાહ લઈ શાસ્ત્રાનુસાર ઉદ્ધાર કરવો. ॥ ૧૪ ॥

**જીર્ણવાસ્તુ પાડવાની વિધિ—**

**स्वर्णजं रौप्यजं वापि कुर्यान्नागमथो वृषम् ।**
**तस्य शृङ्गेण दन्तेन पतितं पातयेत् सुधीः ॥१५॥**

इति जीर्णोद्धारविधिः ।

જીર્ણોદ્ધારની શરૂઆતમાં પ્રથમ સોના અથવા રૂપાનો હાથી અથવા વૃષભ (નંદી) બનાવવો. પછી તે હાથીનાં દાંતથી અથવા નંદીના શિંગડાથી જીર્ણ થયેલ વાસ્તુને પાડવો, તે પછી બુદ્ધિમાન શિલ્પી બધું પાડી નાંખે. ॥ ૧૫ ॥

**મહાદોષ—**

**मण्डलं जालकं चैव कीलकं सुशिरं[1] तथा ।**
**छिद्रं सन्धिश्च काराश्च महादोषा इति स्मृताः ॥१६॥**

1 'सुषिरं ।'

દેવાલયમાં ચૂનો ખરતો હોય જેથી મંડલ જેવાં ચગદા પડેલ હોય, કરોલિઆના જાળા લાગેલાં હોય, લોઢાની ખીલીઓ ઠોકેલી હોય, ચૂનામાં પોલાણ થઈ ગયું હોય, છેદ પડી ગયા હોય, સાંધાઓ દેખાતા હોય, અને જેલખાનું બની ગયું હોય, એ મહા દોષ માનવામાં આવે છે. ॥૧૬॥

શિલ્પીકૃત મહાદોષ—

" दिङ्मूढो नष्टच्छन्दश्च आयहीनः शिरोगुरुः ।
ज्ञेया दोषास्तु चत्वारः प्रासादाः कर्मदारुणाः ॥ "

अप० सू० ११०

પ્રાસાદ દિઙ્મૂઢ (વાંકો) થઈ જાય, યથાસ્થાન પ્રાસાદના અંગોપાંગ ન હોય, આય આદિ બરાબર ન હોય અને ઉપરનો ભાગ જાડો અને નીચેનો પાતળો હોય, એ ચાર મહાદોષ શિલ્પીએ કરેલાં હોય છે.

ભિન્ન દોષ—

भिन्नदोषकरं यस्मात् प्रासादमठमन्दिरम् ।
मूषाभिर्जालकैर्द्वारै रश्मिवातैः प्रभेदितम् ॥१७॥

દેવાલય, મઠ (આશ્રમ) અને ઘર, તેનો ગભારો જો લાંબા અલિંદ, કરોળીયાના જાળા અથવા જાલીદાર બારી અને સૂર્યના કિરણો, તથા વાયુ એથી ભેદિત થતો હોય તો ભિન્ન દોષ જાણવો. ॥ ૧૭॥

અપરાજિતપૃચ્છા સૂત્ર ૧૧૦ શ્લોક ૪ માં લખ્યું છે કે—

" मूषाभिर्जालकैर्द्वारै-र्गर्भो यत्र न भिद्यते ।
अभिन्नं कथ्यते तच्च प्रासादो वेश्म वा मठः ॥ "

લાંબા અલિંદ, જાળીઓ અને દ્વાર વડે જેનો ગભારો વેધિત થતો ન હોય તો તે પ્રાસાદ, ઘર અને મઠ અભિન્ન કહેવાય છે.

દેવપ્રાસાદના ભિન્ન દોષ વિશેષ પ્રકારે કહે છે—

ब्रह्मविष्णुशिवार्काणां भिन्नं दोषकरं नहि ।
जिनगौरीगणेशानां गृहं भिन्नं विवर्जयेत् ॥१८॥

બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને સૂર્ય-એઓનાં પ્રાસાદમાં ભિન્ન દોષ હોય તો તે દોષ કારક નથી, પરંતુ જિનદેવ, ગૌરી અને ગણેશ, તેઓનાં પ્રાસાદોમાં ભિન્ન દોષ દોષકારક છે. તેથી તેઓનાં પ્રાસાદ ભિન્ન દોષવાળા બનાવવાં નહિ. ॥ ૧૮ ॥

અપરાજિતપૃચ્છા સૂત્ર ૧૧૦ માં બીજી રીતે લખે છે કે—

" ब्रह्मविष्णुरवीनां(णां) च शम्भोः कार्या यदृच्छया ।
गिरिजाया जिनादीनां मन्वन्तरभुवां तथा ॥
एतेषां च सुराणां च प्रासादा भिन्नवर्जिताः ।
प्रासादमठवेश्मान्यभिन्नानि शुभदानि हि ॥ "

બ્રહ્મા, વિષ્ણુ, સૂર્ય અને શિવ, આ દેવોનાં પ્રાસાદ ભિન્ન અથવા અભિન્ન પોતાની ઈચ્છાનુસાર બનાવી શકાય છે, પણ ગૌરીદેવી, જિનદેવ અને મન્વંતરમાં ઉત્પન્ન થનાર દેવોના પ્રાસાદો તો ભિન્નદોષ રહિત બનાવવાં, પ્રાસાદ, મઠ અને ઘર, એ ભિન્ન દોષ રહિત હોય તો શુભદાયક છે.

વ્યક્તાવ્યક્ત પ્રાસાદ—

व्यक्ताव्यक्तं गृहं कुर्यादभिन्नभिन्नमूर्तिकम् ।
यथा स्वामिशरीरं स्यात् प्रासादमपि तादृशम् ॥१९॥

इति भिन्नदोषाः ।

ઉપર કહેલ અભિન્ન અને દોષવાળી દેવમૂર્ત્તિઓ માટે વ્યક્ત અને અવ્યક્ત પ્રાસાદ બનાવે. અર્થાત્ ભિન્ન દોષ રહિત બ્રહ્મા આદિ દેવમૂર્ત્તિઓ માટે પ્રકાશવાળા અને ભિન્નદોષવાળી ગૌરી આદિ દેવમૂર્ત્તિઓ માટે અંધકારમય પ્રાસાદ બનાવવાં, જેમ સ્વામી પોતાના શરીરને અનુકૂલ ઘર બનાવે છે, તેમ દેવોને અનુકૂલ પ્રાસાદ બનાવવો. ॥ ૧૯ ॥

અપરાજિતપૃચ્છા સૂત્ર ૧૧૦ માં કહ્યું છે કે—

" व्यक्ताव्यक्तं लयं कुर्यादभिन्नभिन्नमूर्त्तयोः ।
मूर्तिलक्षणजं स्वामी प्रासादं तस्य तादृशम् ॥ "

અભિન્ન મૂર્ત્તિઓ માટે વ્યક્ત (પ્રકાશવાળા) પ્રાસાદ, અને ભિન્ન મૂર્ત્તિઓ માટે અવ્યક્ત (અંધકારમય) પ્રાસાદ બનાવવો.

મહામર્મ દોષ—

भिन्नं[1] चतुर्विधं ज्ञेय-मष्टधा मिश्रकं मतम् ।
मिश्रकं पूजितं तत्र भिन्नं वै दोषकारकम् ॥२०॥
छन्दभेदो न कर्त्तव्यो जातिभेदोऽपि वा पुनः ।
उत्पद्यते महामर्म जातिभेदकृते सति ॥२१॥

[1] ભિન્નદોષ માટે જુઓ અપ૦ સૂ૦ ૧૧૦ અને મિશ્રદોષ માટે જુઓ અપ૦ સૂ૦ ૧૧૪

ભિન્ન દોષ ચાર પ્રકારના છે અને મિશ્ર દોષ આઠ પ્રકારના છે. તેમાં મિશ્રદોષ પૂજિત (શુભ) છે અને ભિન્નદોષ દોષકારક છે, છંદભેદ–જેમ છંદોમાં ગુરૂલઘુ યથાસ્થાન ન હોવાથી છંદ દોષિત થાય છે, તેમ પ્રાસાદની અંગવિભક્તિ નિયમાનુસાર ન હોવાથી પ્રાસાદ દોષવાળો થાય છે. જાતિભેદ–પ્રાસાદની અનેક જાતિઓમાંથી પીઠ મંડોવર આદિ એક જાતિની અને શિખર આદિ બીજી જાતિનું બનાવાય તો જાતિભેદ થાય છે. આમ જાતિભેદ કરવાથી મહામર્મ દોષ ઉત્પન્ન થાય છે. ॥ ૨૦-૨૧ ॥

**બીજા દોષો અને તેનું ફલ—**

**द्वारहीने हनेच्चक्षु[1]-र्नालीहीने धनक्षयम् ।**
**अपदे स्थापिते स्तम्भे महारोगं विनिर्दिशेत् ॥२२॥**

માપમાં દ્વાર હીન હોય તો નેત્રની હાનિ કરે, નાલી હીન હોય તો ધનનો ક્ષય થાય, અને થાંભલાઓ બરાબર પદમાં ન હોય તો મહારોગ ઉત્પન્ન થાય. ॥ ૨૨ ॥

**स्तम्भव्यासोदये हीने कर्त्ता तत्र विनश्यति ।**
**प्रासादे पीठहीने तु नश्यन्ति गजवाजिनः ॥२३॥**

સ્તંભનું માન વિસ્તારમાં અથવા ઉદયમાં ઓછું હોય તો કર્ત્તાનો નાશ થાય, પ્રાસાદની પીઠ માનમાં ઓછી હોય તો હાથી ઘોડા આદિ વાહનોની હાનિ થાય. ॥ ૨૩ ॥

**रथोपरथहीने तु प्रजापीडां विनिर्दिशेत् ।**
**कर्णहीने सुरागारे फलं क्वापि न लभ्यते[2] ॥२४॥**

પ્રાસાદનાં રથ અને ઉપરથ આદિ અંગ માનમાં ઓછા હોય તો પ્રજાને પીડા થાય, જો કોણ માનમાં હીન હોય તો પૂજાનું ફલ કયારે પણ મળે નહિ. ॥ ૨૪ ॥

**जङ्घाहीने हरेद् बन्धुं कर्त्तृकान् कारकादिकान् ।**
**शिखरे हीनमाने तु पुत्रपौत्रधनक्षयः ॥२५॥**

પ્રાસાદની જંઘા પ્રમાણમાં ઓછી હોય તો બાંધવની તથા કરનાર, કરાવનાર અને બીજાઓની હાનિ થાય. શિખર પ્રમાણમાં ઓછું હોય તો પુત્ર, પૌત્ર અને ધનનો ક્ષય થાય. ॥ ૨૫ ॥

---

१ 'ऽक्षिहानिः स्याद्'। २ 'विद्यते।'

अतिदीर्घे कुलच्छेदो ह्रस्वे व्याधिर्विनिर्दिशेत्[1] ।
तस्माच्छास्त्रोक्तमानेन सुखदं सर्वकामदम् ॥२६॥

શિખર માનમાં અધિક લાંબું હોય તો કુલની હાનિ થાય, અને માનમાં ઓછું હોય તો રોગ ઉત્પન્ન થાય, તે માટે શાસ્ત્રમાં કહેલ માન પ્રમાણે બનાવે તો સર્વ ઇચ્છિત ફલને આપે છે. ॥ ૨૬ ॥

जगत्यां लोपयेच्छालां शालायां चैव मण्डपम् ।
मण्डपेन च प्रासादो ग्रस्तो वै दोषकारकः ॥२७॥

इति दोषाः ।

જગતીમાં શાલા, શાલામાં મંડપ અને મંડપમાં પ્રાસાદ ગ્રસ્ત (ગળતો) હોય તો દોષકારક છે. ॥ ૨૭ ॥

છાયાભેદ—

प्रासादोच्छ्रायविस्तारा-ज्जगती वामदक्षिणे ।
छायाभेदा न कर्त्तव्या यथा लिङ्गस्य पीठिका ॥२८॥

પ્રાસાદના ઉદય અને વિસ્તારના માન પ્રમાણે ડાબી અને જમણી બાજુ જગતી શાસ્ત્રમાં કહેલ માન પ્રમાણે કરવી, એમ ન કરે તો છાયાભેદ થાય છે, જેમ શિવલિંગને પીઠિકા રૂપ જગતી છે. તેમ પ્રાસાદને જગતીરૂપ પીઠિકા છે. ॥ ૨૮ ॥

દેવપુર, રાજમહેલ અને નગરનું માન—

जगत्यास्त्रिचतुःपञ्च-गुणं देवपुरं त्रिधा ।
एकद्विवेदसाहस्रै-र्हस्तैः स्याद् राजमन्दिरम् ॥२९॥

कलाष्टवेदसाहस्रै-र्हस्तै राजपुरं समम् ।
दैर्घ्ये तुल्यं सपादांशं सार्धांशेनाधिकं शुभम् ॥३०॥

જગતીથી ત્રણ, ચાર અથવા પાંચ ગુણું દેવપુરનું માન છે. એક, બે અથવા ચાર હજાર હાથનું રાજમહેલનું માન છે. અને સોલ, આઠ અથવા ચાર હજાર હાથનું રાજપુર (રાજધાનીવાળું નગર)નું માન છે, એ દરેકનું ત્રણ ત્રણ પ્રકારનું માન જાણવું, તે લંબાઈમાં વિસ્તારની બરાબર, સવાયા અથવા દોઢામાનનાં રાખવા શુભદાયક છે. ॥ ૨૯–૩૦ ॥

[1] 'समुद्भवः ।'

राजपुरमां देवस्थान—

द्वादश त्रिपुराणि स्यु-र्देवस्थानानि चत्वरे ।
षट्त्रिंशत् षड्भिर्वृद्ध्या यावदष्टोत्तरं शतम् ॥३१॥
पुरं प्रासादगृहैः स्यात् सौधैर्जालगवाक्षकैः ।
कीर्त्तिस्तम्भैर्जलारामै-र्गढैर्मण्डपैश्च शोभितम् ॥३२॥[1]

इति देवपुर-राजपुराणि ।

રાજનગરના બાર ચોરાઓમાં બાર ત્રિપુર (છત્રીશ) દેવસ્થાન છે. તેમાં છ છ વધારતાં એકસો આઠ સુધી વધારે, એટલાં દેવસ્થાન રાજનગરમાં હોય છે, આ નગર દેવ પ્રાસાદોથી, જાલી અને ગવાક્ષવાળે મકાન તથા રાજમહેલોથી, કીર્ત્તિસ્તંભોથી, કુવા, વાવ આદિ જલાશયોથી, કિલા અને મંડપોથી શોભાયમાન હોય છે. ॥ ૩૧ ૩૨ ॥

આશ્રમ–મઠ—

प्रासादस्योत्तरे याम्ये तथाग्नौ पश्चिमेऽपि च ।
यतीनामाश्रमं कुर्यान्मठं तद्द्वित्रिभूमिकम् ॥३३॥

પ્રાસાદની ઉત્તર અથવા દક્ષિણ દિશામાં, તથા અગ્નિ કોણ અથવા પશ્ચિમ દિશામાં યતિઓના આશ્રમ તથા ઋષિઓના મઠ બે ત્રણ મજલાવાળા બનાવવા. ॥ ૩૩ ॥

द्विशालमध्ये षड्दारु पट्टशालाग्रे शोभिता ।
मत्तवारणमग्रे च तदूर्ध्वे पट्टभूमिका ॥३४॥

આશ્રમની બેશાલાની મધ્યમાં ષડ્દારુ (ચાર સ્તંભ અને તે ઉપર એક એક પાટને ષડ્દારુ કહે છે) રાખે. દ્વિશાલાની આગળ સુશોભિત પટ્ટશાલા (ઓસરી) બનાવે અને આગળ કઠોડો બનાવે. અને તેની ઉપર પટ્ટભૂમિકા (ચંદ્રશાલા–ખૂલી છત) રાખે. ॥ ૩૪ ॥

સ્થાન વિભાગ—

कोष्ठागारं च वायव्ये वह्निकोणे महानसम् ।
पुष्पगेहं तथैशाने नैऋत्ये पात्रमायुधम् ॥३५॥
सत्रागारं च पुरतो वारुण्यां च जलाश्रयम् ।
मठस्य पुरतः कुर्याद्[2] विद्याव्याख्यानमण्डपम् ॥३६॥

इति मठः ।

---

१ 'गंढै ।' २ 'मठस्योपरितः ।'

મઠની વાયુદિશામાં ધાન્યનો કોઠાર, અગ્નિકોણમાં રસોઈ ઘર, ઇશાનકોણમાં પુષ્પગૃહ (પૂજાનો ઉપગરણ), નૈઋત્ય કોણમાં પાત્ર અને આયુધનું સ્થાન, આગળ યજ્ઞશાલા, અને પશ્ચિમમાં જલસ્થાન બનાવે. મઠની આગે પાઠશાલા અને વ્યાખ્યાન મંડપ બનાવવો. ॥ ૩૫ ૩૬ ॥

**પ્રતિષ્ઠા મુહૂર્ત—**

**पूर्वोक्ता सप्तपुण्याह-प्रतिष्ठा सर्वसिद्धिदा ।**
**रवौ[1] सौम्यायने कुर्याद् देवानां स्थापनादिकम् ॥३७॥**

પહેલા અધ્યાયના શ્લોક ૩૬ માં જે સાત પુણ્યદિન લખ્યા છે. તેની પ્રતિષ્ઠા કરવાથી સર્વ સિદ્ધિ થાય છે, જ્યારે સૂર્ય ઉત્તરાયનમાં હોય ત્યારે દેવોની પ્રતિષ્ઠા આદિ શુભ કાર્ય કરવું જોઈએ. ॥ ૩૭ ॥

**પ્રતિષ્ઠાના નક્ષત્ર—**

**प्रतिष्ठा चोत्तरामूल आर्द्रायां च पुनर्वसौ ।**
**पुष्ये हस्ते मृगे स्वातौ रोहिण्यां श्रुतिमैत्रभे ॥३८॥**

ત્રણે ઉત્તરાનક્ષત્ર (ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા અને ઉત્તરાભાદ્રપદ), મૂલ, આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, હસ્ત, મૃગશીર, સ્વાતિ, રોહિણી. શ્રવણ અને અનુરાધા, એ નક્ષત્ર દેવોની પ્રતિષ્ઠા કરવા માટે શુભ છે. ॥ ૩૮ ॥

**પ્રતિષ્ઠામાં વર્જનીય તિથિ આદિ—**

**तिथिरिक्तां कुजं धिष्ण्यं क्रूरविद्धं विधुं[2] तथा ।**
**दग्धातिथिं च गण्डान्तं चरभोपग्रहं त्यजेत् ॥३९॥**

રિક્તાતિથિ, મંગલવાર, ક્રૂરગ્રહથી વેધેલું અથવા યુક્ત નક્ષત્ર અને ચંદ્રમા, દગ્ધા તિથિ, નક્ષત્ર માસ તિથિ અને લગ્ન આદિનો ગંડાંતયોગ, ચરરાશિ અને ઉપગ્રહ, એ બધાં પ્રતિષ્ઠા આદિ શુભ કાર્યમાં વર્જનીય છે. ॥ ૩૯ ॥

**सुदिने सुमुहूर्त्ते च लग्ने सौम्ययुतेक्षिते ।**
**अभिषेकः प्रतिष्ठा च प्रवेशादिकमिष्यते ॥४०॥**

શુભ દિન અને શુભ મુહૂર્ત્તમાં, શુભ ગ્રહ લગ્નમાં હોય અથવા લગ્નને જોતા હોય એવાં શુભ લગ્નમાં રાજ્યાભિષેક, દેવપ્રતિષ્ઠા અને ગૃહપ્રવેશ આદિ શુભકાર્ય કરવું જોઈએ. ॥ ૪૦ ॥

---

૧. 'रवे.' । ૨ 'युतं ।'

प्रतिष्ठा मंडप—

प्रासादाग्रे तथैशान्ये उत्तरे मण्डपं शुभम् ।
त्रिपञ्चसप्तनन्दैका–दशविश्वकरान्तरे ॥४१॥
मण्डपः स्यात् करैरष्ट–दशसूर्यकलाभितैः ।
षोडशहस्ततः कुण्ड-वशादधिक इष्यते ॥४२॥
स्तम्भैः षोडशभिर्युक्तं तोरणादिविराजितम् ।
मण्डपे वेदिका मध्ये पञ्चाष्टनवकुण्डकम् ॥४३॥

પ્રાસાદની સામે, તથા ઈશાન કોણમાં અથવા ઉત્તર દિશામાં પ્રતિષ્ઠાનો મંડપ કરવો શુભ છે. આ મંડપ પ્રાસાદથી ત્રણ, પાંચ, સાત, નવ, અગ્યાર અથવા તેર હાથ દૂર રાખવો જોઈએ. તથા આઠ, દશ, બાર અથવા સોલ હાથના માનનો સમચોરસ કરવો જોઈએ, કુંડોની અધિકતા હોય તો સોલ હાથથી મોટો પણ કરી શકાય છે. આ મંડપ સોલ થાંભલાવાળો અને તોરણોથી શોભાયમાન કરવો. મંડપની મધ્યમાં વેદિકા અને પાંચ, આઠ અથવા નવ કુંડ બનાવવાં. ॥૪૧ થી ૪૩॥

યજ્ઞકુંડનું માન—

हस्तमात्रं भवेत् कुण्डं मेखलायोनिसंयुतम् ।
आगमैर्वेदमन्त्रैश्च होमं कुर्याद् विधानतः ॥४४॥

ત્રણ મેખલાવાળો અને યોનિવાળો એવો એક હાથના માનનો સમચોરસ યજ્ઞકુંડ બનાવવો. તેમાં આગમ અને વેદોના મંત્રો વડે વિધિપૂર્વક હોમ કરવો. ॥૪૪॥

આહુતિ સંખ્યાનુસાર કુંડમાન—

अयुते हस्तमात्रं स्याद् लक्षार्धे तु द्विहस्तकम् ।
त्रिहस्तं लक्षहोमे तु दशलक्षे चतुष्करम् ॥४५॥
त्रिंशल्लक्षे[1] पञ्चहस्तं कोटयर्धे षट्करं मतम् ।
अशीतिलक्षेऽद्रिकरं कोटिहोमे कराष्टकम्[2] ॥४६॥
ग्रहपूजाविधानेन कुण्डमेककरं भवेत् ।
मेखलात्रितयं वेद–रामयुग्माङ्गुलैः क्रमात् ॥४७॥*

१ 'विंशल्लक्षे ।' २ 'ऽष्टहस्तकम्' * વિશેષ જાણવા માટે જુઓ અપરાજીત પૃચ્છા સૂત્ર ૧૪૭

દશ હજાર આહુતિ માટે એક હાથનો, પચાસ હજાર આહુતિ માટે બે હાથનો, એક લાખ આહુતિ માટે ત્રણ હાથનો, દશ લાખ આહુતિ માટે ચાર હાથનો, ત્રીશ લાખ આહુતિ માટે પાંચ હાથનો, પચાસ લાખ આહુતિ માટે છ હાથનો, એંસી લાખ આહુતિ માટે સાત હાથનો, અને એક કરોડ આહુતિ માટે આઠ હાથનો યજ્ઞકુંડ બનાવવો. ગ્રહપૂજા આદિના વિધાન માટે એક હાથનો કુંડ બનાવવો. કુંડની ત્રણ મેખલાઓ અનુક્રમે ચાર, ત્રણ અને બે આંગળની રાખવી. ૪૫ થી ૪૭ ॥

## દિશાના અનુસારે કુંડોની આકૃતિઓ—

" प्राच्याश्चतुष्कोणभगेन्दुखण्ड–त्रिकोणवृत्ताङ्गभुजाम्बुजानि ।
अष्टास्त्रिशक्रेश्वरयोस्तु मध्ये, वेदास्त्रि वा वृत्तमुशन्ति कुण्डम् ॥ "

પૂર્વ દિશામાં સમચોરસ, અગ્નિકોણમાં યોનિ આકારવાળો, દક્ષિણ દિશામાં અર્ધચંદ્ર, નૈઋત્ય કોણમાં ત્રિકોણ, પશ્ચિમ દિશામાં ગોળ, વાયુકોણમાં ષટ્કોણ, ઉત્તરમાં આઠ પાંખડીવાળો પદ્માકાર અને ઈશાનકોણમાં આઠ કોણાવાળો કુંડ બનાવવો. પૂર્વ અને ઈશાનની વચમાં આચાર્યનો કુંડ ગોળ અથવા સમચોરસ બનાવવો.

વિશેષ જાણવા માટે જુઓ મંડપસિદ્ધિ આદિ ગ્રંથ

## મંડલ—

एकद्वित्रिकरं कुर्याद् वेदिकोपरिमण्डलम् ।
ब्रह्मविष्णुरवीणां तु सर्वतोभद्रमिष्यते ॥४८

વેદીની ઉપર એક, બે અથવા ત્રણ હાથનું મંડલ બનાવવું. બ્રહ્મા, વિષ્ણુ અને સૂર્યની પ્રતિષ્ઠામાં સર્વતોભદ્ર નામનું મંડલ બનાવવું. ॥ ૪૮ ॥

भद्रं तु सर्वदेवानां नवनाभिस्तथा त्रयम् ।
लिङ्गोद्भवं शिवस्यापि लतालिङ्गोद्भवं तथा ॥४९॥

બધાં દેવોની પ્રતિષ્ઠામાં ભદ્ર નામનું મંડલ, તથા નવનાભિ અથવા ત્રણ નાભિ વાળું લિંગોદ્ભવ મંડલ બનાવવું. શિવની પ્રતિષ્ઠામાં લિંગોદ્ભવ તથા લતાલિંગોદ્ભવ નામનું મંડલ બનાવવું. ॥ ૪૯ ॥

भद्रं गौरीतिलकं च देवीनां पूजने हितम् ।
अर्धचन्द्रं तडागेषु चापाकारं तथैव च ॥५०॥

દરેક દેવીની પૂજા પ્રતિષ્ઠામાં ભદ્ર અને ગૌરી તિલક નામના મંડલ બનાવવાં. તલાવની પ્રતિષ્ઠામાં અર્ધચંદ્ર મંડલ ધનુષાકાર બનાવવું. ॥ ૫૦ ॥

टङ्काभं स्वस्तिकं चैव वापीकूपेषु पूजयेत् ।
पीठिकाजलपट्टेषु योन्याकारं तु कामदम् ॥५१॥

વાવડી અને કુવાની પ્રતિષ્ઠામાં ટંકાભ અને સ્વસ્તિક મંડલને પૂજવું, પીઠિકા અને જલવટની પ્રતિષ્ઠામાં યોનિના આકારનું મંડલ પૂજવું, તે સર્વ કામને આપનારું છે. ॥ ૫૧ ॥

गजदन्तं महादुर्गे प्रशस्तं मण्डलं यजेत् ।
टङ्काभं चतुरस्रं च गजदन्तं महायतम् ॥५२॥

મોટા ગઢોની પ્રતિષ્ઠામાં ગજદંત નામનું મંડલ પૂજવું, એ શ્રેયસ્કર છે. ટંકાભ મંડલનો આકાર ચોરસ છે, અને ગજદંત મંડલનો આકાર લાંબો છે. ॥ ૫૨ ॥

विख्यातं सर्वतोभद्रं ज्ञेयमन्योऽन्यलोकतः ।
पूर्वादितोरणं प्लक्ष-यज्ञाङ्गवटपिप्पलैः ॥५३॥

બધાં મંડલોમાં સર્વતોભદ્ર નામનું મંડલ પ્રસિદ્ધ છે. તેનું તથા અન્ય મંડલોનું સ્વરૂપ અન્યશાસ્ત્ર અપરાજિત પૃચ્છા સૂત્ર ૧૪૮ આદિથી જાણવું. યજ્ઞમંડપને પૂર્વાદિ દિશાનાં અનુક્રમે પીપલો, ઉમરો, વડ અને પીપલ એ વૃક્ષોના પાંદડાનાં તોરણ બાંધવા. ॥ ૫૩ ॥

ઋત્વિજ સંખ્યા—

द्वात्रिंशत् षोडशाष्टौ च ऋत्विजो वेदपारगान् ।
कुलीनानङ्गसम्पूर्णान् यज्ञार्थमभिमन्त्रयेत् ॥५४॥

વેદના પારગામી, કુલવાન, કોઇ અંગ. હીન ન હોય એવાં સર્વાંગ સુંદર યજ્ઞ કરવાવાળા બત્રીશ, સોલ અથવા આઠ ઋત્વિજોને આમંત્રિત કરવા જોઈએ. ॥ ૫૪ ॥

દેવસ્નાન વિધિ—

मण्डपस्य त्रिभागेन चोत्तने स्नानमण्डपम् ।
स्थण्डिलं वालुकं कृत्वा शय्यायां स्थापयेत् सुरम् ॥५५॥
पञ्चगव्यैः कषायैश्च वल्कलैः क्षीरवृक्षजः ।
स्नापयेत् पञ्चकलशैः शतवारं जलेन च ॥५६॥

મંડપની ચારે દિશામાં ત્રણ ત્રણ ભાગ કરવા અર્થાત્ મંડપના નવ ભાગ કરવા, આઠ દિશાના આઠ અને એક મધ્ય વેદીનો ભાગ જાણવો. તેમાં ઉત્તર દિશાના ભાગમાં સ્નાન મંડપ કરવો, ત્યાં રેતીનું શુદ્ધ સ્થંડિલ (ભૂમી) બનાવી, તેની ઉપર શય્યામાં

દેવને સ્થાપવા, પછી પંચગવ્યથી, કષાયવર્ગની ઔષધિઓથી અને ક્ષીર વૃક્ષોની છાલના ચૂર્ણથી સ્નાનજલ તૈયાર કરે, અને તેનાં પાંચ પાંચ કલશ એકસો વાર ભરી ભરીને દેવને સ્નાન કરાવે. ॥ ૫૫ ૫૬ ॥

**वेदमन्त्रैश्च वादित्र-गीतमङ्गलानिः स्वनैः ।**
**वस्त्रेणाच्छादयेद् देवं वेद्यन्ते मण्डपे न्यसेत् ॥५७॥**

સ્નાન ક્રિયાના સમયે વેદમંત્રોના ઉચ્ચારણોથી અને વાજીંત્રની ધ્વનિઓથી તથા તથા માંગલિક ગીતોથી આકાશ શબ્દાય માન કરે. સ્નાન કર્યા પછી દેવને વસ્ત્રવડે ઢાંકીને ઈશાન કોણની વેદી ઉપર તેને સ્થાપન કરે. ॥ ૫૭ ॥

**દેવ શયન—**

**तल्पमारोपयेद् वेद्या-मुत्तराङ्घ्री न्यसेत् ततः ।**
**कलशं तु शिरोदेशे पादस्थाने कमण्डलुम् ॥५८॥**

ઇશાન કોણની વેદી ઉપર દેવને શય્યામાં શયન કરાવવું. તેના ચરણ ઉત્તર દિશામાં રાખવાં, મસ્તક દક્ષિણમાં રાખવું, માથાની પાસે કલશ અને ચરણની પાસે કમંડલું રાખવું. ॥ ૫૮ ॥

**व्यजनं दक्षिणे देशे दर्पणं वामतः शुभम् ।**
**रत्नन्यासं ततः कुर्याद् दिक्पालादिक पूजनम् ॥५९॥**

દેવની જમણી બાજુએ પંખો રાખવો. અને ડાબી બાજુએ દર્પણ રાખવું. પછી આઠ દિશાઓમાં રત્નોને રાખીને પછી દિક્પાલો આદિની પૂજા કરવી. ॥ ૫૯ ॥

**आग्नेयां गणेशं विद्या-दीशाने ग्रहमण्डलम् ।**
**नैर्ऋत्ये वास्तुपूजा च वायव्ये मातरः स्मृताः ॥६०॥**

અગ્નિ કોણમાં ગણેશ, ઇશાન કોણમાં નવગ્રહ મંડલ, નૈઋત્ય કોણમાં વાસ્તુપૂજા અને વાયુ કોણમાં માતૃદેવીઓની સ્થાપના કરવી. ॥ ૬૦ ॥

**રત્નન્યાસ—**

**वज्रं वैडूर्यकं मुक्ता-मिन्द्रनीलं सुनीलकम् ।**
**पुष्परागं च गोमेदं प्रवालं पूर्वतः[1] क्रमात् ॥६१॥**

હીરો, વૈડુર્ય, મોતી, ઇન્દ્રનીલ, સુનીલ, પુષ્પરાગ, ગોમેદ અને પરવાળા, એ આઠ રત્નો પૂર્વાદિ દિશાના સૃષ્ટિ ક્રમે રાખવા. ॥ ૬૧ ॥

१ 'चंद्र पूर्वादितः ।'

ધાતુન્યાસ—

सुवर्णं रजतं ताम्रं कांस्यं रीतिं च सीसकम् ।
वज्रं लोहं च पूर्वादौ सृष्ट्या धातूनिह न्यसेत् ।।६२।।

સોનું, રૂપું, તાંબુ, કાંસુ, પીત્તલ, શીશું, કલઈ અને લોઢું એ આઠ ધાતુઓ પૂર્વાદિ દિશાના સૃષ્ટિ ક્રમે રાખવી. ।। ૬૨ ।।

ઔષધિન્યાસ—

वज्रो वह्निः सहदेवी विष्णुक्रान्तेन्द्रवारुणी ।
शंखिनी ज्योतिष्मती चैवेश्वरी तान् क्रमान् न्यसेत् ।।६३।।

વજ્ર, ચિત્રક, સહદેવી, વિષ્ણુક્રાંતા. ઇંદ્રવારણી, શંખાવલી, જ્યોતિષમતી (માલકાંગની) અને શિવલિંગી, એ આઠ ઔષધિઓ પૂર્વાદિ દિશાના સૃષ્ટિક્રમે રાખવી. ૬૩ ।।

ધાન્યન્યાસ—

यवो व्रीहिस्तथा कङ्गु-र्जूर्णाह्वा च तिलैर्युताः ।
शाली मुद्गाः समाख्याता गोधूमाश्च क्रमेण तु ।।६४।।

જવ, વ્રીહિ, કાંગ, જુવાર, તિલ, ડાંગર, મગ અને ઘઉં એ આઠ ધાન્ય પૂર્વાદિ દિશાના સૃષ્ટિ ક્રમે રાખવાં. ।। ૬૪ ।।

આચાર્ય અને શિલ્પિઓને સન્માન—

यद्देवाभरणं पूजा वस्त्रालङ्कारभूषणम् ।
तत्सर्वं शिल्पिने देयमाचार्याय तु याज्ञिकम् ।।६५।।

દેવ સંસ્કારને માટે જે વસ્ત્ર અને અલંકાર આદિ આભૂષણ ચઢાવેલાં હોય તે બધાં શિલ્પિઓને ભેટ કરવા અને યજ્ઞ સંબંધી બધી વસ્તુઓ આચાર્યને ભેટ કરવી. ।। ૬૫ ।।

ततो महोत्सवं कुर्यान्नृत्यगीतैरनेकशः ।
नैवेद्यारात्रिकं पूजा-मङ्गन्यासादिकं तथा ।।६६।।

પછી અનેક પ્રકારે નાચ અને ગીત પૂર્વક મહોત્સવ કરવો. નૈવેદ્ય ચઢાવવું, આરતી કરવી અને અંગન્યાસ (મુદ્રા) આદિ કરવો. ।। ૬૬ ।।

क्षीरं क्षौद्रं खण्डं पक्वान्नानि बहून्यपि ।
षड्रसस्वादुभक्ष्याणि समन्तात् परिकल्पयेत् ।।६७।।

દૂધ, મધ, ઘી, ખાંડ અને અનેક જાતની મીઠાઇ, તથા ષડ્રસના સ્વાદવાળા ભોજન પદાર્થ, એ ચારો તરફ સન્માનપૂર્વક દેવની આગળ ધરવા જોઇએ. ॥ ૬૭ ॥

विप्राणां सम्प्रदायाच्च वेदमन्त्रैस्तथागमैः ।
सकलीकरणं[1] जीवन्यासं कृत्वा प्रतिष्ठयेत् ॥६८॥

પછી બ્રાહ્મણ પોતાના સમ્પ્રદાય અનુસાર વેદમંત્રો વડે અને આગમમંત્રો વડે સકલીકરણ કરે અને દેવમાં જીવન્યાસ (પ્રાણપ્રતિષ્ઠા) કરીને પછી પ્રતિષ્ઠિત કરે. ॥ ६८ ॥

**પ્રાસાદ દેવન્યાસ—**

प्रासादे देवतान्यासं स्थावरेषु पृथक् पृथक् ।
खरशिलायां वाराहं पीठ्यां नागकुलानि च ॥६९॥

પ્રાસાદના થરો અને તેના અંગોપાંગોમાં જુદા જુદા દેવોનો ન્યાસ કરીને પૂજા કરવી. ખરશિલામાં વારાહદેવ અને ભીટમાં નાગદેવોનો ન્યાસ કરીને પૂજા કરવી. ॥ ૬૯ ॥

प्रकुम्भे जलदेवांश्च पुष्पके किंसुरांस्तथा ।
नन्दिनं[2] जाड्यकुम्भे च कर्णाभ्यां स्थापयेद्धरिम् ॥७०॥

કુંભાના થરમાં જલદેવ. પુષ્પકંઠના થરમાં કિન્નરદેવ, જાડ્યકુંભમાં નંદીદેવ, અને કર્ણિકામાં હરિદેવનો ન્યાસ કરીને પૂજા કરવી. ॥ ૭૦ ॥

गणेशं गजपीठे स्या-दश्वपीठे तथाश्विनौ ।
नरपीठे नरांश्चैव क्षमां च खुरके यजेत् ॥७१॥

ગજપીઠમાં ગણેશદેવ, અશ્વપીઠમાં બન્ને અશ્વિનીકુમારદેવ, નરપીઠમાં નરદેવ અને ખુરાના થરમાં પૃથ્વીદેવીનો ન્યાસ કરીને પૂજન કરવી. ॥ ૭૧ ॥

भद्रे सन्ध्यात्रयं कुम्भे पार्वतीं कलशे स्थिताम् ।
कपोताल्यां च गान्धर्वान् मञ्चीकायां सरस्वतीम् ॥७२॥

ત્રણે ભદ્રોનાં કુંભામાં ત્રણ સંધ્યાદેવી, કલશના થરમાં પાર્વતી, કેવાળના થરોમાં ગાંધર્વદેવ અને માંચીના થરમાં સરસ્વતીદેવીનો ન્યાસ કરીને પૂજા કરવી. ॥ ૭૨ ॥

जङ्घायां च दिशापाला-निन्द्रमुद्गमे संस्थितम् ।
सावित्रीं भरणीदेशे शिरावट्यां च देविकाम् ॥७३

१ 'देव' । २ 'नन्दिनी' । 'रसष्टारं कुम्भके' અપ. સૂ. ૧૫૦ શ્લોક–૮.

જંઘાના થરમાં દિક્પાલો, દોઢીઆના થરમાં ઇંદ્ર, ભરણીના થરમાં સાવિત્રી અને શિરાવટીના થરમાં ભારાધાર નામની દેવીનો ન્યાસ કરીને પૂજા કરવી. ॥ ૭૩ ॥

विद्याधरान् कपोताल्या-मन्तराले सुरांस्तथा ।
पर्जन्यं कूटच्छाद्ये च ततो मध्ये प्रतिष्ठयेत् ॥७४॥

કેવાળના થરમાં વિદ્યાધર, અંતરપત્રના થરમાં કિન્નર આદિ સુર (દેવ), અને છજ્જાના થરમાં પર્જન્ય (મેઘ) દેવ, તેનો ન્યાસ કરીને પૂજન કરવું. હવે મધ્ય અંદરના ભાગમાં દેવોનો ન્યાસ કરવાનું કહેવાય છે. ॥ ૭૪ ॥

शाखयोश्चन्द्रसूर्यौ च त्रिमूर्तिश्चोत्तरङ्गके ।
उदुम्बरे स्थितं यक्ष-मश्विनावर्धचन्द्रके ॥७५॥

દ્વારશાખામાં ચંદ્ર અને સૂર્ય, ઓતરંગમાં ત્રિમૂર્તિ (બ્રહ્મા, વિષ્ણુ અને શિવ), ઉંબરામાં યક્ષને અને અર્ધચંદ્ર (શંખાવટી)માં બન્ને અશ્વિનીકુમારનો ન્યાસ કરીને પૂજા કરવી. ॥ ૭૫ ॥

कौलिकायां धराधारं क्षितिं चोत्तानपट्टके ।
स्तम्भेषु पर्वतांश्चैव-माकाशं च करोटके ॥७६॥

કોળીમાં ધરાધારદેવ, પાટડાઓમાં ક્ષિતિદેવ, સ્તંભોમાં પર્વતદેવ અને ઘૂમટમાં આકાશદેવનો ન્યાસ કરીને પૂજવા. ॥ ૭૬ ॥

मध्ये प्रतिष्ठयेद् देवं मकरे जाह्नवीं तथा ।
शिखरस्योरुश्रृङ्गेषु पञ्च पञ्च प्रतिष्ठयेत् ॥७७॥
ब्रह्मा विष्णुस्तथा सूर्य ईश्वरश्च सदाशिवः ।
शिखरे चेश्वरं देवं शिखायां तु सुराधिपम् ॥७८॥

ગભારામાં સ્વદેવ, મઘર મુખવાળી નાલીમાં ગંગાજી, શિખરના ઉરૂશૃંગોમાં બ્રહ્મા, વિષ્ણુ, સૂર્ય, ઇશ્વર અને સદાશિવ એ પાંચ પાંચ દેવોનો ન્યાસ કરીને પૂજન કરવું. શિખરમાં ઈશ્વરનો અને શિખામાં ઇંદ્રનો ન્યાસ કરીને પૂજન કરવું. ॥ ૭૭ ૭૮ ॥

ग्रीवायामम्बरं देव-मण्डके च निशाकरम् ।
पद्माक्षं पद्मपत्रे च कलशे च सदाशिवम् ॥७९॥

શિખરની ગ્રીવામાં અંબરદેવ, આમલસારમાં નિશાકર (ચંદ્રમા), પદ્મપત્ર (પદ્મશિલા)માં પદ્માક્ષદેવ અને કલશમાં સદાશિવનો ન્યાસ કરીને પૂજા કરવી. ॥ ૭૯ ॥

सद्यो वामस्तथाघोर–स्तत्पुरुष ईश एव च ।
कर्णादिभद्रपर्यन्तं पञ्चाङ्गे तान् प्रतिष्ठयेत् ॥८०॥

इति स्थावरप्रतिष्ठा

સદ્ય, વામન, અઘોર, તત્પુરૂષ અને ઈશ, એ પાંચ દેવોનો કોણથી લઈ ભદ્ર સુધીના પાંચ અંગોમાં (કોણ, પઢરો, રથ, ઉપરથ અને નંદીમાં) ન્યાસ કરી પૂજા કરવી. ॥ ૮૦ ॥

પ્રતિષ્ઠિતદેવનું પ્રથમ દર્શન—

प्रथमं देवताद्दृष्टे–र्दर्शयेदन्तर्धाहितम् ।
विप्रकुमारिकां वास्तु ततो लोकान् प्रदर्शयेत् ॥८१॥

પ્રતિષ્ઠાના દિવસે દેવાલય બંધ થયા પછી પ્રાતઃકાલ ઉઘાડવાના સમયે દેવનું પ્રથમ દર્શન બ્રાહ્મણ કુમારી કરે, પછી બીજા લોક દર્શન કરે. ॥ ૮૧ ॥

સૂત્રધાર પૂજન—

इत्यनन्तरतः कुर्यात् सूत्रधारस्य पूजनम् ।
भूवित्तवस्त्रालङ्कारै-र्गोमहिष्यश्ववाहनैः ॥८२॥
अन्येषां शिल्पिनां पूजा कर्त्तव्या कर्मकारिणाम् ।
स्वाधिकारानुसारेण वस्त्रताम्बूलभोजनैः ॥८३॥

વિધિપૂર્વક દેવપ્રતિષ્ઠા થયા પછી ભૂમિ, ધન, વસ્ત્ર અને અલંકારો વડે તથા ગાય, ભેંસ, ઘોડા આદિ વાહનો વડે સૂત્રધારની સન્માનપૂર્વક પૂજા કરવી, તથા કામ કરનાર બીજા શિલ્પિઓની પણ તેની યોગ્યતાનુસાર વસ્ત્ર, ભોજન પાન આદિથી સન્માનપૂર્વક પૂજા કરવી. ॥ ૮૨–૮૩ ॥

દેવાલય બનાવવાનું ફલ—

काष्ठपाषाणनिर्माण–कारिणो यत्र मन्दिरे ।
भुङ्क्तेऽसौ तत्र सौख्यं शङ्करत्रिदशैः सह ॥८४॥

લાકડાનો અથવા પાષાણ આદિનો પ્રાસાદ જે મનુષ્ય કરાવે છે, તે દેવલોકમાં મહાદેવ તથા અન્ય દેવોની સાથે સુખ ભોગવે છે. ॥ ૮૪ ॥

સુત્રધારનો આશિર્વાદ—

पुण्यं प्रासादजं स्वामी प्रार्थयेत् सूत्रधारतः ।
सूत्रधारो वदेत् स्वामिन् अक्षयं भवतात् तव ॥८५॥

इति सूत्रधारपूजा ।

દેવાલય કરાવનાર સ્વામી સૂત્રધાર પાસે પ્રાસાદ બંધાવવાના પુણ્યની પ્રાર્થના કરે, ત્યારે સૂત્રધાર આશિર્વાદ આપે કે–' હે સ્વામિન્ દેવાલય બંધાવવાનું તારૂં પુણ્ય અક્ષય થાય.' ॥ ૮૫ ॥

**આચાર્ય પૂજન—**

**आचार्यपूजनं कृत्वा वस्त्रस्वर्णधनैः सह ।**
**दानं दद्याद् द्विजातिभ्यो दीनान्धदुर्बलेषु च ॥८६॥**
**सर्वेषां धनमाधारः प्राणीनां जीवनं परम् ।**
**वित्ते दत्ते प्रतुष्यन्ति मनुष्याः पितरः सुराः ॥८७॥**

इति प्रतिष्ठाविधिः ।

પ્રતિષ્ઠાનું કાર્ય સમાપ્ત થયા પછી વસ્ત્ર અને સુવર્ણ આદિ ધન વડે આચાર્યની પૂજા કરવી, પછી બ્રાહ્મણોને તથા ગરીબ, આંધળા અને દુર્બલ મનુષ્યોને દાન આપવું, કેમકે બધાં પ્રાણિઓનો આધાર ધન છે અને પ્રાણીઓનું શ્રેષ્ઠ જીવન છે. તેથી ધન આપવાથી મનુષ્ય, પિતૃદેવ અને બીજા દેવો, એ બધાં સંતુષ્ટ થાય છે. ॥ ૮૭ ॥

**જિનદેવ પ્રતિષ્ઠા—**

**प्रतिष्ठा वीतरागस्य जिनशासनमार्गतः ।**
**नवकारैः सूरिमन्त्रैश्च सिद्धकेवलिभाषितैः ॥८८॥**

વીતરાગ દેવની પ્રતિષ્ઠા જૈનશાસનમાં બતાવેલ વિધિ પ્રમાણે, સિદ્ધ થયેલા કેવલ જ્ઞાનિઓએ કહેલા નવકારમંત્ર અને સૂરિમંત્રોના ઉચ્ચારણપૂર્વક કરવી જોઈએ. ॥ ૮૮ ॥

**ग्रहाः सर्वज्ञदेवस्य पादपीठे प्रतिष्ठिताः ।**
**येनानन्तविभेदेन मुक्तिमार्गं उदाहृताः ॥८९॥**

સર્વજ્ઞદેવના પબાસનમાં નવગ્રહની સ્થાપના કરવી, જે જિનદેવ અનંતભેદ વડે મુક્તિમાર્ગના અનુગામી કહેલા છે. ॥ ૮૯ ॥

**जिनानां मातरो यक्षा यक्षिण्यो गौतमादयः ।**
**सिद्धाः कालत्रये जाताश्चतुर्विंशतिमूर्त्तयः ॥९०॥**

જિનદેવની માતાઓ તથા તેનાં શાસનદેવ યક્ષ અને યક્ષિણીઓ તથા ગૌતમ આદિ ગણધરની મૂર્તિઓ, ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાલમાં સિદ્ધ થવાવાળા ચોવીસ ચોવીસ જિનદેવની મૂર્તિઓ સ્થાપવામાં આવે છે. ॥ ૯૦ ॥

इति स्थाप्या जिनावासे त्रिप्राकारं गृहं तथा ।
सांवर्णं शिखरं मन्दा-रकं[1] त्वष्टापदादिकम् ॥९१॥

ઉપર જે મૂર્ત્તિઓ કહી છે, તે જિનાલયમાં સ્થાપન કરવી, તે જિનાલય સમવસરણુ-વાળા, સંવરણુવાળા, શિખરવાળા, ઘૂમટવાળા અને અષ્ટાપદવાળા થાય છે. ॥ ૯૧ ॥

प्रासादो वीतरागस्य पुरमध्ये सुखावहः ।
नृणां कल्याणकारी स्या-च्चतुर्दिक्षु प्रकल्पयेत् ॥९२॥

इति जिनप्रतिष्ठा ।

વીતરાગદેવના પ્રાસાદો નગરમાં હોય તો સુખકારક થાય છે અને તે મનુષ્યોના કલ્યાણ કરનારા છે, તે માટે તેને ચારે દિશામાં બનાવવાં. ॥ ૯૨ ॥

### જલાશય પ્રતિષ્ઠા—

माघादिपञ्चमासेषु वापीकूपादिसंस्कृतम् ।
तडागस्य चतुर्मास्यां कुर्यादाषाढमार्गयोः ॥९३॥
असंस्कृतं जलं देवाः पितरो न पिबन्ति तत् ।
संस्कृते तृप्तिमायाति तस्मात् संस्कारमाचरेत ॥९४॥

વાવ અને કૂવા આદિની પ્રતિષ્ઠા મીનસંક્રાંતિ માસને છોડીને માઘ આદિ પાંચ માસમાં કરવી, તલાવની પ્રતિષ્ઠા ચોમાસાના ચાર માસ તથા આષાઢ અને માગશિર, એ છ માસમાં કરવી. જલાશયના પાણીનો સંસ્કાર ન કરે તો તેનું પાણી પિતરદેવ પીતા નથી, સંસ્કાર કરેલા પાણીથી જ પિતૃદેવ તૃપ્ત થાય છે. તે માટે જલાશયના પાણીનો સંસ્કાર અવશ્ય કરવો જોઈએ. ॥ ૯૩ ૯૪ ॥

### જલાશય કરાવવાનું પુણ્ય—

जीवनं वृक्षजन्तूनां करोति यो जलाशयम् ।
दत्ते वा स लभेत् सौख्य-मुर्व्यां स्वर्गे च मानवः ॥९५॥

વૃક્ષ અને દરેક પ્રાણીઓનું જીવન પાણી છે, તેથી જે મનુષ્ય જલાશય બંધાવે છે, તે મનુષ્ય જગતમાં ધન ધાન્યથી પૂર્ણ સાંસારિક સુખોને તથા સ્વર્ગના સુખોને પામે છે. ॥ ૯૫ ॥

---

१ 'नन्दीश्वरं' ।

वास्तु पुरुषनी ઉत्पत्ति—

पुरान्धकवधे रुद्र-ललाटात् पतितः क्षितौ ।
स्वेदस्तमात् समुद्भूतं भूतमत्यन्तं दुस्सहम् ॥९६॥
गृहीत्वा सहसा देवै-र्न्यस्तं भूमावधोमुखम् ।
जानुनी कोणयोः पादौ रक्षोदिशि शिवे शिरः ॥९७॥

પ્રાચીન સમયમાં જ્યારે મહાદેવે અંધક નામના દૈત્યનો વિનાશ કર્યો, તે સમયમાં પરિશ્રમના લીધે મહાદેવના કપાળમાંથી પરસેવાનું બિન્દુ પૃથ્વી ઉપર પડ્યું, તે બિંદુથી મહા ભયંકર એક ભૂત ઉત્પન્ન થયો, તેને દેવોએ જલદીથી પકડીને પૃથ્વી ઉપર ઊંધો પાડી દીધો, તેની બન્ને જાનુ (ગોઠણ) અને હાથની બન્ને કોણીઓ અનુક્રમે વાયુકોણ અને અગ્નિકોણમાં, બન્ને ચરણ નૈઋર્ત્યકોણમાં અને મુખ ઈશાનકોણમાં રહે, તે પ્રમાણે ઊંધો પાડી દીધો. ॥ ૯૬ ૯૭ ॥

चत्वारिंशाधिकाः पञ्च वास्तुदेहे स्थिताः सुराः ।
देव्योऽष्टौ बाह्यगास्तेषां वसनाद् वास्तुरुच्यते ॥९८॥

તે ઊંધા પડેલા વાસ્તુ પુરૂષના શરીર ઉપર પીસ્તાલીશ દેવ બેસી ગયા અને તેના ચારે કોણે આઠ દેવીઓ પણ બેસી ગઈ, આ પ્રમાણે ત્રેપન દેવ વાસ્તુ પુરૂષમાં નિવાસ કરે છે, તે માટે તેને વાસ્તુ કહે છે. ॥ ૯૮ ॥

अधोमुखेन विज्ञप्तै-स्त्रिदशैर्विहितो बलिः ।
तेनैव बलिना शान्तिं करोति हानिमन्यथा ॥९९॥
प्रासादभवनादीनां प्रारम्भे परिवर्त्तने ।
वास्तुकर्मसु सर्वेषु पूजितः सौख्यदो भवेत् ॥१००॥

ઊંધો પડેલો વાસ્તુપુરૂષ દેવોને વિનતિ કરે છે કે-જે મનુષ્ય મારા શરીર ઉપર બેઠેલા દેવોને વિધિપૂર્વક બલિ (પૂજા સામગ્રી) આપશે, તે બલિના પ્રભાવથી હું તે મનુષ્યને શાંતિ આપીશ, અને જે બલી નહિ આપે તેને હું હાનિ કરીશ, તે માટે પ્રાસાદ અને ભવન આદિના વાસ્તુકર્મના પ્રારંભમાં અને સંપૂર્ણ થાય ત્યાં સુધી બધાં વાસ્તુ-કર્મમાં વાસ્તુ પૂજન કરવાથી સુખશાંતિ થાય છે. ॥ ૯૯ ૧૦૦ ॥

एकपदादितो वास्तु-र्यावत्पदसहस्रकम् ।
द्वात्रिंशन्मण्डलानि स्युः क्षेत्रतुल्याकृतीनि च ॥१०१॥

એક પદથી લઈને એક હજાર પદ સુધીનું વાસ્તુ બનાવવાનું વિધાન છે, વાસ્તુ પૂજનમાં બત્રીશ મંડલ છે, તે ક્ષેત્રની આકૃતિ પ્રમાણે આકૃતિવાળા છે. ॥ ૧૦૧ ॥

વિશેષ સવિસ્તર વર્ણન જાણવા માટે જુઓ અપરાજિત પૃચ્છા સૂત્ર ૫૭ અને ૫૮

एकाशीतिपदो वास्तु-श्चतुः षष्ठिपदोऽथवा ।
सर्ववास्तुविभागेषु पूजयेन्मण्डलद्वयम् ॥१०२॥

વાસ્તુપૂજનમાં બત્રીશ મંડળોમાંથી એકયાસી પદનો અને ચોસઠપદનો, એ બે વાસ્તુ મંડલનું પૂજન કરવું જોઈએ. ॥ ૧૦૨ ॥

**વાસ્તુપુરૂષના ૪૫ દેવ—**

ईशो मूर्धनि पर्जन्यो दक्षिणं कर्णमाश्रितः ।
जयः स्कन्धे महेन्द्राद्याः पञ्च दक्षिणबाहुगाः ॥१०३॥
महेन्द्रादित्यसत्याश्च भृश आकाशमेव च ।

વાસ્તુપુરુષના માથા ઉપર ઈશદેવ, જમણા કાન ઉપર પર્જન્યદેવ, જમણા સ્કંધ ઉપર જયદેવ અને જમણી ભૂજા ઉપર ઈંદ્ર આદિ પાંચ-ઈંદ્ર, સૂર્ય, સત્ય, ભૃશ અને આકાશદેવ બેઠેલા છે. ॥ ૧૦૩ ॥

वह्निर्जानुनि पुषाद्याः सप्त पादनलीस्थिताः ॥१०४॥
पुषाथ वितथश्चैव गृहक्षतो यमस्तथा ।
गन्धर्वो भृङ्गराजश्च मृगः सप्त सुरा इति ॥१०५॥

અગ્નિકોણમાં જાનુની ઉપર અગ્નિદેવ અને જમણા પગની નળી ઉપર પુષા આદિ સાતદેવ—પુષા, વિતથ, ગૃહક્ષત, યમ, ગાંધર્વ, ભૃંગરાજ અને મૃગ, એ સાતદેવ બેઠેલા છે. ॥ ૧૦૪ ૧૦૫ ॥

पादयोः पितरस्तस्मात् सप्त पादनलीस्थिताः ।
दौवारिकोऽथ सुग्रीवः पुष्पदन्तो जलाधिपः ॥१०६॥
असुरशोषयक्ष्मा[1] च रोगो जानुनि संस्थितः ।
नागो मुख्यश्च भल्लाटः सोमो गिरिश्च बाहुगाः ॥१०७॥

બન્ને પગ ઉપર પિતૃદેવ. ડાબા પગની નળી ઉપર દૌવારિક, સુગ્રીવ, પુષ્પદંત, વરૂણ, અસુર, શોષ અને પાપયક્ષ્મા એ સાતદેવ બેઠેલા છે, નાગ, મુખ્ય, ભલ્લાટ, કુબેર અને ગિરિ, એ પાંચદેવ ડાબી ભૂજા ઉપર બેઠેલા છે. ॥ ૧૦૬ ૧૦૭ ॥

* વિશેષ જાણવા માટે જુઓ રાજયવલ્લભમંડન અધ્યાય—૨જો

[1] 'शोष' ।

अदितिः स्कन्धदेशे च वामे कर्णे दितिः स्थितः
द्वात्रिंशद्‌बाह्यगा देवा नाभिपृष्ठे स्थितो विधिः ॥१०८॥

ડાબા ખભા ઉપર અદિતિદેવ અને ડાબા કાન ઉપર દિતિદેવ બેઠેલા છે, આ પ્રમાણે બત્રીશદેવ વાસ્તુપુરૂષના બહારના અંગો ઉપર બેઠેલા છે. મધ્ય નાભીની પૂંઠ ઉપર બ્રહ્મા બેઠેલા છે. ॥ ૧૦૮ ॥

अर्यमा दक्षिणे वामे स्तने तु पृथिवीधरः ।
विवस्वानथ मित्रश्च दक्षवामोरुगावुभौ ॥ १०९ ॥

જમણા સ્તન ઉપર અર્યમા અને ડાબા સ્તન ઉપર પૃથ્વીધરદેવ બેઠેલા છે, જમણી જંઘા ઉપર વિવસ્વાન્ અને ડાબી જંઘા ઉપર મિત્રદેવ બેઠેલા છે. ॥ ૧૦૯ ॥

आयस्तु गलके वास्तो-रापवत्सो हृदि स्थितः ।
सावित्रः[1] सविता तद्वत् करं दक्षिणमाश्रितौ ॥ ११० ॥

વાસ્તુપુરુષના ગળા ઉપર આપદેવ અને હૃદય ઉપર આપવત્સદેવ બેઠેલા છે, જમણા હાથ ઉપર સાવિત્રી અને સવિતા એ બે દેવી બેઠેલી છે. ॥ ૧૧૦ ॥

इन्द्र इन्द्रजयो मेढ्रे रुद्रोऽसौ वामहस्तके
रुद्रदासोऽपि तत्रैव इति देवमयं वपुः ॥ १११ ॥

લિંગના સ્થાન ઉપર ઈંદ્ર અને ઈંદ્રજયદેવ બેઠેલા છે, ડાબા હાથ ઉપર રુદ્ર અને રુદ્રદાસ દેવ બેઠેલા છે. આ પ્રમાણે કુલ પિસ્તાલીશ દેવમય વાસ્તુપુરુષનું શરીર છે. ॥ ૧૧૧ ॥

**વાસ્તુમંડલના બહારની આઠ દેવિઓ—**

ईशाने चरकी प्राच्ये पीलोपोछा च पूर्वदिक् ।
विदारिकाग्निकोणे च जम्मा याम्यादिशाश्रिता ॥ ११२ ॥
नैऋत्ये पूतना स्कन्दा पश्चिमे वायुकोणके ।
पापराक्षसिका सौम्येऽर्यमैवं सर्वतोऽर्चयेत् ॥ ११३ ॥

વાસ્તુમંડલની બહાર ઇશાન કોણમાં ચરકી અને પૂર્વમાં પીલીપીછા, અગ્નિ કોણમાં વિદારિકા અને દક્ષિણમાં જમ્માદેવી, નૈઋત્ય કોણમાં પૂતના અને પશ્ચિમમાં સ્કંદા વાયુકોણમાં પાપરાક્ષિસાકા અને ઉત્તરમાં અર્યમાદેવી રહેલી છે, તેની પૂજા કરવી. ॥ ૧૧૨ ૧૧૩ ॥

---

१ 'सावित्री'।

देवीः क्रूरान् यमादींश्च माषान्नैः सुरयामिषैः ।
अपरान् घृतपक्वान्नैः सर्वान् स्वर्णसुगन्धिभिः ॥ ११४ ॥

इति वास्तुपुरुषविन्यासः ।

દેવીઓને અને યમ આદિ ક્રૂર દેવોને અડદના વડા, મદિરા અને માંસ આદિથી અને બીજાં બધાં દેવોને ઘી, માલપુડા આદિ પકવાન, સોના અને સુગંધિત પદાર્થોથી પૂજવા જોઈએ. ॥ ૧૧૪ ॥

શાસ્ત્ર પ્રશંસા—

एकेन शास्त्रेण गुणाधिकेन,
विना द्वितीयेन पदार्थसिद्धिः ।
तस्मात् प्रकारान्तरतो विलोक्य,
मणिर्गुणाढ्योऽपि सहायकाङ्क्षी ॥ ११५ ॥

આ ગ્રંથના કરનાર શ્રીમંડનસૂત્રધાર કહે છે કે–શિલ્પશાસ્ત્ર અનેક છે, તેમાં આ અધિક ગુણવાળા શિલ્પશાસ્ત્ર હોવા છતાં પણ બીજાં શિલ્પશાસ્ત્ર જાણ્યા વિના વાસ્તવિક પદાર્થ સિદ્ધિ થતી નથી. તે માટે પ્રકારાન્તરે બીજા શિલ્પશાસ્ત્ર પણ જોવા જોઈએ. જેમકે મણી અધિક ગુણવાળી હોવા છતાં પણ એકલી શોભા આપતી નથી, પણ સોના આદિ પદાર્થની સાથે અધિક શોભાયમાન થાય છે, તેવી રીતે શિલ્પના અનેક શાસ્ત્ર જોવાથી શિલ્પી શિલ્પશાસ્ત્રના વિદ્વાન થાય છે. ॥ ૧૧૫ ॥

અંતિમ મંગલ—

श्रीविश्वकर्मगणनाथमहेशचण्डी–,
श्रीविश्वरूपजगदीश्वरसुप्रसादात् ।
प्रासादमण्डनमिदं रुचिरं चकार,
श्रीमण्डनो गुणवतां भुवि सूत्रधारः ॥ ११६ ॥

इतिश्री सूत्रधारमण्डनविरचिते वास्तुशास्त्रे
प्रासादमण्डनेऽष्टमोऽध्यायः समाप्तः ॥ ८ ॥

सम्पूर्णोऽयं ग्रंथः ।

શ્રીવિશ્વકર્મા, ગણપતિ, મહાદેવ, ચંડીદેવી અને વિશ્વસ્વરૂપ શ્રીજગદીશ્વરની કૃપાથી, જગતમાં ગુણવાન અને વિદ્વાનોમાં સુપ્રસિદ્ધ મંડન નામનો સૂત્રધાર છે. તેણે પ્રાસાદ નિર્માણ વિધિનો આ પ્રાસાદમંડન નામનો ગ્રંથ આનંદપૂર્વક બનાવ્યો.

ઇતિશ્રી પંડિત ભગવાનદાસ જૈને આ પ્રાસાદમંડનના આઠમા અધ્યાયની સુબોધિની નામની ભાષા ટીકા સમાપ્ત કરી. શ્રીરસ્તુ.

# परिशिष्ट नं.–१

### કેસરી આદિ ૨૫ પ્રાસાદ।

(અપરાજિતપૃચ્છા સૂત્ર ૧૫૯)

**विश्वकर्मोवाच—**

**सान्धारांश्च ततो वक्ष्ये प्रासादान् पर्वतोपमान् ।**
**शिखरैर्विविधाकारै-र्नैकाण्डैश्च[1] विभूषितान् ॥१॥**

પર્વતની જેમ શોભાયમાન, અનેક શિખરવાળા અને અનેક શૃંગોવડે વિભૂષિત, એવાં સાંધાર જાતિના પ્રાસાદોને હું કહીશ એમ વિશ્વકર્મા કહે છે. ॥ ૧ ॥

**आद्यः पञ्चाण्डको ज्ञेयः केसरी नाम नामतः ।**
**तावदन्तं चतुर्वृद्धि-र्यावदेकोत्तरं शतम् ॥ २ ॥**

પહેલો કેસરી નામનો પ્રાસાદ પાંચ શૃંગોવાળો છે. પછી આગળના પ્રત્યેક પ્રાસાદની ઉપર ચાર ચાર શૃંગ વધારવાં, જેથી છેલ્લા પચીસમાં મેરૂપ્રાસાદની ઉપર એકસો એક શૃંગ થાય છે. ॥ ૨ ॥

**પચીસ પ્રાસાદોનાં નામ—**

**केसरी सर्वतोभद्रो नन्दनो नन्दशालिकः ।**
**नन्दीशो मन्दरश्चैव श्रीवत्सश्चामृतोद्भवः ॥ ३ ॥**
**हिमवान् हेमकूटश्च कैलासः पृथिवीजयः ।**
**इन्द्रनीलो महानीलो भूधरो रत्नकूटकः ॥ ४ ॥**

---

१ रण्डकैर्नैकैर्भूषितान् ।

वडूर्यः पद्मरागश्च वज्रको मुकुटोज्ज्वलः ।
ऐरावतो राजहंसो गरुडो वृषभस्तथा ॥ ५ ॥
मेरुः प्रासादराजः स्याद् देवानामालयो हि सः ।
संयोगेन च सान्धारान् कथयामि यथार्थतः ॥ ६ ॥

કેસરી, સર્વતોભદ્ર, નન્દન, નંદશાલિક, નંદીશ, મંદર, શ્રીવત્સ, અમૃતોદ્ભવ, હિમવાન, હેમકૂટ, કૈલાસ, પૃથિવીજય, ઇંદ્રનીલ, મહાનીલ, ભૂધર, રત્નકૂટક, વૈડૂર્ય, પદ્મરાગ, વજ્રક, મુકુટોજ્જ્વલ, ઐરાવત, રાજહંસ, ગરૂડ, વૃષભ, અને મેરૂ, એ પચીસ પ્રાસાદ સાંધાર જાતિનાં છે, તેનું અનુક્રમે યથાર્થ વર્ણન કહું છું. ॥ ૩ થી ૬ ॥

दशहस्तादधस्तान्न[1] प्रासादो भ्रमसंयुतः ।
षट्त्रिंशान्तं निरन्धारा घाट्ये वेदादिहस्ततः ॥ ७ ॥

જે સાન્ધાર પ્રાસાદનો વિસ્તાર દશ હાથથી ઓછો ન હોય તો તે પ્રાસાદ ભ્રમવાળો બનાવી શકાય છે. અર્થાત્ દશ હાથથી ઓછા વિસ્તારવાળા પ્રાસાદને ભ્રમ (પરિક્રમા) બનાવવો નહિ. તથા ચાર હાથથી છત્રીશ હાથ સુધીના વિસ્તારવાળા પ્રાસાદ ભ્રમ વગરના નિરંધાર પણ બની શકે છે. ॥ ૭ ॥

पञ्चविंशतिः सान्धाराः प्रयुक्ता वास्तुवेदिभिः ।
भ्रमहीनास्तु ये कार्याः शुद्धच्छन्देषु नागराः ॥ ८ ॥

વાસ્તુશાસ્ત્રના વિદ્વાનોએ એ પચીસ પ્રાસાદ સાંધાર જાતિનાં કહ્યાં છે. પરંતુ તે ભ્રમરહિત શુદ્ધ નાગરજાતિનાં નિરંધાર પણ કરી શકાય છે. ॥ ૮ ॥

### ૧ કેસરી પ્રાસાદ—

चतुरस्रीकृते क्षेत्रे अष्टाष्टकविभाजिते ।
भागभागं भ्रमभित्ति-र्द्विभागो देवतालयः ॥ ९ ॥

સમચોરસ સાંધાર પ્રાસાદની ભૂમિનાં આઠ આઠ ભાગ કરવાં. તેમાં એક ભાગની ભ્રમણી, એક એક ભાગની બે દીવાલ અને બે ભાગનો ગભારો કરવો. ॥ ૯ ॥

निरन्धारे पदा भित्ति-रर्धं गर्भं प्रकल्पयेत् ।
मध्यच्छन्दश्च वेदास्रो बाह्ये कुम्भागतं शृणु ॥ १० ॥

---

[1] 'दशहस्तावधौ नास्ति'।



જો કેશરી આદિ પ્રાસાદ નિરંધાર બનાવવા હોય તો પ્રાસાદમાનનાં ચોથા ભાગની દીવાલ અને અરધા માનનો ગભારો બનાવવો. અર્થાત્ આઠ ભાગનો પ્રાસાદ તલ હોય તો બે બે ભાગની દીવાલ અને ચાર ભાગનો ગભારો કરવો. મધ્યમાં ગભારો સમચોરસ કરવો. હવે બાહ્ય કુંભાની તરફનું માન કહું છું. ॥ ૧૦ ॥

**क्षेत्रार्धे च भवेद् भद्रं भद्रार्धं कर्णविस्तरः ।**
**कर्णस्यार्धप्रमाणेन कर्त्तव्यो भद्रनिर्गमः ॥ ११ ॥**

પ્રાસાદની ભૂમિના માનથી અરધું માન ભદ્રનું જાણવું, અને ભદ્રથી અરધું માન કોણાનું જાણવું. ભદ્રનો નીકાળો કોણાથી અરધા માનનો કરવો. ॥ ૧૧ ॥

**चतुष्कर्णेषु ख्यातानि श्रीवत्सशिखराणि च ।**
**रथिकोद्गमे च पञ्चैव केसरी गिरिजाप्रियः ॥ १२ ॥**

इति केशरी ॥ १ ॥

ચારે કોણાની ઉપર એક એક શ્રીવત્સ શૃંગ ચઢાવવું, ભદ્રની ઉપર રથિકા અને દોઢીઓ કરવો. આવો કેશરી પ્રાસાદ છે તે પાર્વતીદેવીને પ્રિય છે. શૃંગસંખ્યા–ચાર કોણે ૪ અને એક શિખર એમ કુલ પાંચ. ॥ ૧૨ ॥

**૨ સર્વતોભદ્રપ્રાસાદ—**

**क्षेत्रे विभक्ते दशधा गर्भः षोडशकोष्ठकैः[1] ।**
**भित्तिं[2] भ्रमं च भित्तिं च भागभागं प्रकल्पयेत् ॥ १३ ॥**

પ્રાસાદની સમચોરસ ભૂમિનાં દશ દશ ભાગ કરવાં, તેમાં ગભારો ચાર ભાગનો એટલે સમચોરસ સોલ કોઠાનો કરવો. એક ભાગની ભીંત, એક ભાગની પરિક્રમા અને એક ભાગની બીજી ભીંત કરવી. ॥ ૧૩ ॥

**द्विभागः कर्ण इत्युक्तो भद्रं षड्भागिकं तथा ।**
**निर्गमं चैकभागेन भागिका पार्श्वशोभणा ॥ १४ ॥**

१ ' द्विरष्ट । ' २ ' द्वौ भित्ती भ्रममित्युक्तं भागभागेषु कारयेत् । '



બે બે ભાગનો કોણો અને છ ભાગનો ભદ્રનો વિસ્તાર કરવો, ભદ્રનો નીકાળો એક ભાગનો રાખવો, અને ભદ્રની બન્ને બાજુ એક એક ભાગની શોભણા (કોણીઓ) કરવી. ॥ ૧૪ ॥

**कर्णिका चार्धभागेन भागार्धं भद्रनिर्गमम् ।**
**भागत्रयं च विस्तारे मुखभद्रं विधीयते ॥ १५ ॥**

ભદ્રની બન્ને બાજુની કોણીઓનો નીકાળો અરધો અરધો ભાગ અને ભદ્રનો નીકાળો અરધો ભાગ, આ પ્રમાણે કુલ એક ભાગ ભદ્રનો નીકાળો જાણવો. ભદ્રનો વિસ્તાર છ ભાગનો કરવો લખ્યો છે, તેમાં એક એક ભાગની બે કોણી અને બે કર્ણિકાઓ અરધા અરધા ભાગની એવં ત્રણ ભાગ બાદ કરતાં બાકી ત્રણ ભાગ રહે તે મુખ ભદ્રનોવિસ્તાર જાણવો. ॥ ૧૫ ॥

**भद्रे वै तूद्गमाः पञ्च कर्णेऽष्टशृङ्गकानि च ।**
**श्रीवत्सशिखरं कार्यं घण्टाकलशसंयुतम् ॥ १६ ॥**

इति सर्वतोभद्रः ॥ २ ॥

પ્રત્યેક ભદ્રની ઉપર પાંચ દોઢીઆ કરવાં, અને પ્રત્યેક કોણાની ઉપર બે બે શૃંગ ચઢાવવાં, તે શૃંગો બધા આમલસાર અને કલશવાળા શ્રીવત્સ શિખર કરવાં. ॥ ૧૬ ॥

શૃંગ સંખ્યા-પ્રત્યેક કોણે ૨-૨, અને એક શિખર એવં કુલ નવ.

**૩ નંદનપ્રાસાદ—**

**श्रीवत्सं भद्रमारूढं रथिकोद्गमभूषिते ।**
**नन्दने नन्दति स्वामी दुरितं हरति ध्रुवम् ॥ १७ ॥**

इति नन्दनः ॥ ३ ॥

નંદન પ્રાસાદનું માન અને સ્વરૂપ સર્વતોભદ્રપ્રાસાદ પ્રમાણે જાણવું. ફેર એટલો કે-ભદ્રના ગવાક્ષ અને દોઢીઆની ઉપર એક એક ઉરૂશૃંગ ચઢાવવું. જેથી કુલ તેર શૃંગવાળો નંદન પ્રાસાદ જાણવો. આ બનાવનાર સ્વામી આનંદમાં રહે છે અને બધાં પાપોને નાશ કરનાર છે. ॥ ૧૭ ॥

શૃંગસંખ્યા-કોણે ૮, ભદ્રે ૪ અને એક શિખર. એવં કુલ-૧૩.

४ नंदिशाल प्रासाद—

तस्योर्ध्वे भद्रोर्ध्वे शृङ्गं भद्रं तस्यानुरूपतः ।
नन्दिशालो गुणैर्युक्तः स्वरूपो लक्षणान्वितः ॥ १८ ॥

इति नन्दिशालः ॥ ४ ॥

નંદિશાલ પ્રાસાદનું તલમાન અને તેનું સ્વરૂપ નંદનપ્રાસાદ પ્રમાણે જાણવું. વિશેષ એટલું કે-ભદ્રની ઉપર એક ઉરૂશૃંગ વધારે ચઢાવવું, આ સત્તર શૃંગવાળો નંદિશાલ પ્રાસાદ ગુણયુક્ત સુંદર લક્ષણોવાળો બનાવવો. ॥ ૧૮ ॥

શૃંગસંખ્યા-કોણે ૮, ભદ્રે ૮, અને એક શિખર. એવં કુલ-૧૭ શૃંગ.

૫ નંદીશ પ્રાસાદ—

त्रिभागं च भवेद् भद्रं भद्रार्धे प्ररथस्तथा ।
कर्णे शृङ्गद्वयं भद्रे एकैकं प्ररथे तथा ॥ १९ ॥

इति नन्दीशप्रासादः ॥ ५ ॥

નંદીશ પ્રાસાદનું માન અને સ્વરૂપ સર્વતોભદ્ર પ્રમાણે જાણવું. ફેર એટલો કે છ ભાગનું ભદ્ર છે, તેને બદલે ત્રણ ભાગનું ભદ્ર અને દોઢ દોઢ ભાગનો પઢરો કરવો. કોણા ઉપર બે બે શૃંગ, ભદ્રની ઉપર એક એક અને પઢરા ઉપર એક એક ંગ ચઢાવવું. આ પ્રમાણે કુલ એકવીશ ૃંગોવાળો નંદીશ પ્રાસાદ છે. ॥ ૧૯ ॥

શૃંગસંખ્યા-કોણે ૮, પઢરે ૮, ભદ્રે ૪ અને એક શિખર એવં કુલ ૨૧ શૃંગ.

૬ મંદર પ્રાસાદ—

द्वादशांशस्तु विस्तारो मूलगर्भस्तदर्धतः ।
भागभागं तु कर्त्तव्या द्वे भित्ती चान्धकारिका ॥ २० ॥

कर्णप्ररथभद्रार्धं कारयेद् द्वि द्वि[1] भागतः ।
प्ररथः समनिष्कासो भद्रं भागेन निर्गमम् ॥ २१ ॥
कर्णे द्वे भद्रके द्वे च चैकं प्रतिरथे तथा ।
सघण्टाकलशा रेखा रथिकोद्गमभूषिताः ॥ २२ ॥

इति मन्दरः ॥ ६ ॥

---

१ 'द्वौ द्वौ भागौ तु कारयेत् ।'



પ્રાસાદની સમચોરસ ભૂમિના બાર ભાગ કરવાં. તેમાં છ ભાગનો ગભારો કરવો, અને એક એક ભાગની દીવાલ અને પરિક્રમા કરવી. ગભારાની બહારના ભાગમાં કોણ, પઢરો અને ભદ્રાર્ધ, એ બધાં બે બે ભાગના કરવાં. તેઓનો નીકાળો સમદલ રાખવો, તથા ભદ્રનો નીકાળો એક ભાગનો રાખવો. કોણા ઉપર બે શૃંગ, ભદ્રની ઉપર બે ઉરૂશૃંગ અને પ્રતિરથ ઉપર એક એક શૃંગ, ચઢાવવું આમલસાર, કલશ, રેખા, ગવાક્ષ અને દોઢીઓ એ બધાં શોભાયમાન રાખવાં, આ મંદર પ્રાસાદની ઉપર કુલ પચીસ શૃંગો છે. ॥ ૨૦ થી ૨૨ ॥

શૃંગસંખ્યા–કોણે ૮, પઢરે ૮, ભદ્રે ૮ અને એક શિખર કુલ ૨૫ શૃંગ.

**૭ શ્રીવત્સપ્રાસાદ—**

**चतुर्दशांशविस्तारे गर्भश्चाष्टांशविस्तरः ।**
**भागभागं भ्रमो भित्ति-र्बाह्यभित्तिस्तु भागिका ॥२३॥**
**कर्ण शृङ्गद्वयं कुर्याच्छिखरं चाष्टविस्तरम् ।**
**प्ररथः कर्णमानेन तिलकं शृङ्गकोपरि ॥ २४ ॥**

**नन्दिकायां च तिलकं भद्रे शृङ्गत्रयं भवेत् ।**
**श्रीवृक्षस्तु समाख्यातः कर्त्तव्यस्तु श्रियः पतेः ॥ २५ ॥**

इति श्रीवृक्षः ॥ ७ ॥

સમચોરસ પ્રાસાદની ભૂમિના ચૌદ ભાગ કરવા, તેમાં આઠ ભાગનો ગભારો, એક ભાગની ભીંત, એક ભાગની ભ્રમણી અને એક ભાગની બહારની ભીંત, એ પ્રમાણે અંદરનું માન કહ્યું, બહારનું માન મંદર પ્રાસાદ પ્રમાણે જાણવું, ફક્ત ફેર એટલો જ કે એક ભાગની ભદ્ર નંદી વધારે કરવી. એટલે બે ભાગનો કોણ, બે ભાગનો પ્રતિરથ, એક એક ભાગની નંદી, અને બે ભાગનું ભદ્રાર્ધ કરવું. કોણા ઉપર બે શૃંગ, પઢરા ઉપર એક[1] શૃંગ અને એક તિલક ચઢાવવું. શિખરનો વિસ્તાર આઠ ભાગનો કરવો. નંદીની ઉપર એક તિલક મુકવું અને ભદ્રની ઉપર ત્રણ ઉરૂશૃંગ ચઢાવવાં, આ શ્રીવૃક્ષ નામના પ્રાસાદનું સ્વરૂપ કહ્યું, તે વિષ્ણુને માટે કરવો, આની ઉપર ઓગણત્રીશ શૃંગ અને સોલ તિલક છે. ॥ ૨૩ થી ૨૫ ॥

---

૧ મૂલ શ્લોકમાં 'कर्णमानेन' પાઠ છે, તેનો અર્થ બે શૃંગ કરવામાં આવે તો શૃંગ સંખ્યામા પરિવર્તન થાય છે. જેથી ભાષાન્તરમાં મેં એક શૃંગ એવો અર્થ કર્યો છે.

શૃંગસંખ્યા–કોણે ૮, પઢરે ૮, ભદ્રે ૧૨, એક શિખર કુલ ૨૯ શૃંગ. તિલક પઢરે ૮, નંદીએ ૮ એવં ૧૬ તિલક.

### ૮ અમૃતોદ્ભવ પ્રાસાદ—

कर्णे शृङ्गत्रयं कुर्यात् प्रत्यः पूर्वकल्पितः ।
अमृतोद्भवनामोऽसौ प्रासादः सुरपूजितः ॥ २६ ॥

इति अमृतोद्भवः ॥ ८ ॥

પ્રાસાદનું તલમાન અને સ્વરૂપ શ્રીવૃક્ષ પ્રાસાદની પ્રમાણે જાણવું. ફેર એટલો કે કોણા ઉપર ત્રણ શૃંગ ચઢાવવાં, બાકી પ્રતિરથ આદિની ઉપર શ્રીવૃક્ષ પ્રાસાદની મુજબ સમજવું. આ અમૃતોદ્ભવ પ્રાસાદ દેવોથી પૂજિત છે, આની ઉપર તેત્રીશ શૃંગ અને અને સોલ તિલક છે. ॥ ૨૬ ॥

શૃંગસંખ્યા કોણે ૧૨ બાકી પૂર્વવત્ કુલ–૩૩ શૃંગ અને તિલક ૧૬, પઢરે ૮ અને નંદીએ ૮.

### ૯ હિમવાન પ્રાસાદ—

द्वे द्वे शृङ्गे प्रतिरथे त्वमृतोद्भवसंस्थितौ ।
हिमवान् द्वे उरःशृङ्गे पूज्यः सुरनरोरगैः ॥२७॥

इति हिमवानप्रासादः ॥९॥

આ પ્રાસાદનું તલમાન અને સ્વરૂપ અમૃતોદ્ભવ પ્રાસાદ પ્રમાણે જાણવું, વિશેષ એટલું કે–પઢરાની ઉપર તિલકને બદલે બે બે શૃંગ અને ભદ્રની ઉપર બે ઉરૂશૃંગ ચઢાવવાં. (અર્થાત્ ભદ્રની ઉપર ત્રણ ઉરૂશૃંગ છે તેમાંથી એક કમ કરવું), જેથી આ હિમવાન્ પ્રાસાદની ઉપર કુલ સાડત્રીશ શૃંગ અને આઠ તિલક રહેશે, આ પ્રાસાદ દેવ, મનુષ્ય અને નાગકુમાર દેવોથી પૂજિત છે. ॥ ૨૭ ॥ શૃંગસંખ્યા–કોણે ૧૨, પઢરે ૧૬, ભદ્રે ૮ એક શિખર મળી કુલ ૩૭ શૃંગ અને તિલક ૮ ભદ્ર નંદીએ.

### ૧૦ હેમકૂટ પ્રાસાદ—

उरुशृङ्गत्रयं भद्रे नन्दिका तिलकान्विता ।
हेमकूटस्तदा नाम प्रकर्त्तव्यस्त्रिमूर्त्तिके ॥२८॥

इति हेमकूटप्रासादः ॥१०॥

આ પ્રાસાદનું માન અને સ્વરૂપ હિમવાન પ્રાસાદની માફક જાણવું. વિશેષ ફેર એટલો કે–ભદ્રની ઉપર ત્રણ ઉરૂશૃંગ ચઢાવવાં અને નંદી ઉપર બીજું તિલક કરવું, આ

હેમકૂટ પ્રાસાદ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રિમૂર્ત્તિને માટે શ્રેષ્ઠ છે, આ પ્રાસાદની ઉપર એકતાલીશ શૃંગ અને સોલ તિલક છે. ॥ ૨૮ ॥ શૃંગસંખ્યા–કોણે ૧૨ પઢરે ૧૬ ભદ્રે ૧૨ એક શિખર કુલ ૪૧ શૃંગ અને ૧૬ તિલક ભદ્ર નંદીએ.

## ૧૧ કૈલાસ પ્રાસાદ—

नन्दिकाप्रान्ततः शृङ्गं रेखाग्रं तिलकोत्तमाः ।
कैलासश्च तदा नाम ईश्वरस्य सदा प्रियः ॥२९॥

इति कैलासः ॥११॥

આ પ્રાસાદનું માન અને સ્વરૂપ હેમકૂટ પ્રાસાદની માફક જાણવું, વિશેષ ફેર એટલો કે–નંદીની ઉપર એક એક તિલક કમ કરવું અને તેના બદલે એક એક શૃંગ ચઢાવવું અને કોણાની ઉપર ત્રણ શૃંગમાંથી એક શૃંગ કમ કરી તેને બદલે તિલક ચઢાવવું. આવો કૈલાસ નામનો પ્રાસાદ ઇશ્વરને હમેશા પ્રિય છે, આની ઉપર પિસ્તાલીશ શૃંગો છે, અને અને આઠ તિલક છે. ॥ ૨૯ ॥ શૃંગસંખ્યા–કોણે ૮, પઢરે ૧૬, ભદ્રે ૧૨, નંદીએ ૮ એક શિખર કુલ ૪૫ શૃંગ અને ૮ તિલક નંદીએ.

## ૧૨ પૃથ્વીજય પ્રાસાદ—

रेखोर्ध्वे तिलकं त्यक्त्वा शृङ्गं तत्रैव कारयेत् ।
पृथ्वीजयस्तदा नाम कर्त्तव्यः सर्वदैवते ॥३०॥

इति पृथ्वीजयः ॥१२॥

આ પ્રાસાદનું માન અને સ્વરૂપ કૈલાસ પ્રાસાદની માફક જાણવું, ફેર એટલો કે–કોણા ઉપરનું તિલક કાઢી નાંખવું અને તેને બદલે શૃંગ ચઢાવવું એટલે ત્રણ શૃંગ કોણા ઉપર થાશે, આ પૃથ્વીજય નામનો પ્રાસાદ બધાં દેવોને માટે કરવો, આ પ્રાસાદની ઉપર ઓગણપચાસ શૃંગ અને આઠ તિલક છે. ॥ ૩૦ ॥ શૃંગસંખ્યા કોણે ૧૨, પઢરે ૧૬, ભદ્રે ૧૨, નંદીએ ૮ એક શિખર કુલ ૪૯ અને તિલક ૮ નંદીએ.

## ૧૩ ઈંદ્રનીલ પ્રાસાદ—

षोडशांशकविस्तारे द्विभागः कर्णविस्तरः ।
नन्दिका चैकभागेन द्व्यंशः प्रतिरथस्तथा ॥३१॥
पुनर्नन्दी भवेद् भागं भद्रं वेदांशविस्तरम् ।
समस्तं समनिष्कासं भद्रे भागो विनिर्गमः ॥३२॥



ઈંદ્રનીલ પ્રાસાદની સમચોરસ ભૂમિના સોળ ભાગ કરવાં, તેમાંના બે ભાગનો કોણ, એક ભાગની નંદી, બે ભાગનો પઢરો, બીજી નંદી એક ભાગ અને ભદ્રાર્ધ બે ભાગ (પુરું ભદ્ર ચાર ભાગ) કરવું, બધાં અંગો સમદલ કરવાં અને ભદ્ર નીકળતું એક ભાગનું કરવું. ।। ૩૧-૩૨ ।।

**चतुःषष्ट्यंशको गर्भो वेष्टितो भित्तिभागतः ।**
**बाह्यभित्तिर्भवेद् भागा द्विभागा च भ्रमन्तिका ।।३३।।**

ગભારાનો વિસ્તાર આઠ ભાગ (સમચોરસ ૬૪ ભાગ) કરવો, ગભારાની દિવાલ એક ભાગ, ભ્રમણી બે ભાગ અને બહારની દિવાલ એક ભાગ રાખવી. ।। ૩૩ ।।

**कर्णे शृङ्गद्वयं कार्यं शिखरं सूर्यविस्तरम् ।**
**नन्दिकायां तु तिलकं प्रत्यङ्गं च द्विभागिकम् ।।३४।।**
**शृङ्गद्वयं प्रतिरथे उरः शृङ्गं षडंशकम् ।**
**[1]शृङ्गद्वयं नन्दिकाया-मुरःशृङ्गं युगांशकम् ।।३५।।**
**द्विभागं भद्रशृङ्गं तु शृङ्गार्द्धे चैव निर्गमः ।**
**कर्णे प्रतिरथे चैव ह्युदकान्तरभूषितम् ।।३६।।**

**इन्द्रनीलस्तदा नाम इन्द्रादिसुरपूजितः ।**
**वल्लभः सर्वदेवानां शिवस्यापि विशेषतः ।।३७।।**

इतीन्द्रनीलः ।।१३।।

કોણા ઉપર બે શૃંગ ચઢાવવાં, શિખરનો વિસ્તાર બાર ભાગનો કરવો, નંદીએ એક એક તિલક ચઢાવવું, કોણાની બન્ને બાજુ બે ભાગના વિસ્તારવાળા પ્રત્યંગ (ચોથગરાસીયાં) ચઢાવવાં, પઢરા ઉપર બે બે શૃંગ ચઢાવવાં, પહેલું ઉરૂશૃંગ વિસ્તારમાં છ ભાગનું કરવું, નંદીની ઉપર એક એક શૃંગ મૂકવું, બીજું ઉરૂશૃંગ વિસ્તારમાં ચાર ભાગનું અને ત્રીજું ઉરૂશૃંગ વિસ્તારમાં બે ભાગનું કરવું, કોણ અને પઢરો ઉદકાન્તર-

૧ 'शृङ्गद्वयं' આ પાઠ અશુદ્ધ જણાય છે, તે સ્થળે 'शृङ्गमेकं' એવો પાઠ હોવો જોઈએ. જેથી શૃંગોની સંખ્યા મળી રહે છે.

વાળા કરવાં, ઉરૂશૃંગોનો નીકાળો વિસ્તારથી અરધા માનનો રાખવો, આ પ્રાસાદ ઈંદ્ર આદિ દેવોથી પૂજિત હોવાથી ઇંદ્રનીલ નામ આપેલું છે, તે સર્વ દેવોને પ્રિય છે, તેમાં વિશેષ કરી મહાદેવને અધિક પ્રિય છે, આ પ્રાસાદની ઉપર ૫૩ શૃંગ અને આઠ તિલક છે. ॥ ૩૪ થી ૩૭ ॥

શૃંગસંખ્યા–કોણે ૮, પઢરે ૧૬, ભદ્રનંદીએ ૮, ભદ્રે ૧૨, પ્રત્યંગ ૮, એક શિખર કુલ ૫૩ શૃંગ અને આઠ તિલક કોણીએ.

### ૧૪ મહાનીલ પ્રાસાદ—

कर्णे नन्दी ( कर्णनन्द्यां ? ) तथा शृङ्गं रेखोर्ध्वे तिलकं तथा।
महानीलस्तदा नाम कर्त्तव्यः सर्वदैवते ॥३८॥

इति महानीलः ॥१४॥

મહાનીલ પ્રાસાદનું માન અને સ્વરૂપ ઈંદ્રનીલ પ્રાસાદની પ્રમાણે જાણવું, ફેર એટલો કે–કોણાની નંદી ઉપર તિલકના બદલે શૃંગ મૂકવું અને કોણા ઉપરથી એક શૃંગ ઉતારીને તે ઠેકાણે તિલક મૂકવું, આવો મહાનીલ પ્રાસાદ સર્વ દેવોને માટે કરવો. શૃંગસંખ્યા–કોણે ૪, પ્રત્યંગ ૮, નંદીએ ૮, પઢરે ૧૬, નંદીએ ૮ ભદ્રે ૧૨ અને શિખર ૧ એવં કુલ ૫૭ શૃંગ અને તિલક ૪ કોણે.

### ૧૫ ભૂધર પ્રાસાદ—

कार्यं शृङ्गं च तिलकं रेखामध्ये प्रशस्यते ।
भूधरस्य समाख्यातः प्रासादो देवतालयः ॥३९॥

इति भूधरः ॥१५॥

આ પ્રાસાદનું માન અને સ્વરૂપ મહાનીલ પ્રાસાદની માફક જાણવું, ફેર એટલો કે–કોણા ઉપર એક શૃંગ વધારે ચઢાવવું, જે ભૂધર નામનો પ્રાસાદ દેવોના સ્થાનરૂપ થાય છે, શૃંગસંખ્યા–કોણે ૮, પ્રત્યંગ ૮, નંદીએ ૮, પઢરે ૧૬, નંદીએ ૮, ભદ્રે ૧૨ અને શિખર ૧ એવં કુલ ૬૧ શૃંગ અને તિલક ૪ કોણે.

### ૧૬ રત્નકૂટ પ્રાસાદ—

भूधरस्य यथा प्रोक्तं द्विभागं वर्धयेत् पुनः ।
पूर्ववद् दलसंख्यायां भद्रपार्श्वे द्विनन्दिके ॥४०॥
द्विभागं बाह्यभित्तिश्च शेषं पूर्वप्रकल्पितम् ।
तलच्छन्दमिति ख्यात–मूर्ध्वमानमतः शृणु ॥४१॥



આ રત્નકૂટ પ્રાસાદનું માન અને સ્વરૂપ ભૂધર પ્રાસાદની માફક જાણવું, વિશેષ એ કે-તલમાનમાં બે ભાગ વધારવાં અર્થાત્ અઢાર ભાગ કરવાં અને ભદ્રની બન્ને બાજુ એક એક ભાગની બીજી નંદી વધારે કરવી, તથા બહારની ભીંત બે ભાગની કરવી, બાકી બધું પહેલાની માફક જાણવું, હવે ઉર્ધ્વમાન કહે છે. ॥ ૪૦ ૪૧ ॥

**कर्णे द्विशृङ्गं तिलकं शिखरं सूर्यविस्तरम् ।**
**तिलके द्वे नन्दिकायां प्रत्यङ्गं तु द्विभागिकम् ॥४२॥**
**शृङ्गत्रयं प्रतिरथे षड्भागा चोरुमञ्जरी ।**
**तिलके द्वे पुनर्नन्द्या-मुरःशृङ्गं युगांशकम् ॥४३॥**
**नन्द्यां च शृङ्गतिलके त्रिभागा चोरुमञ्जरी ।**
**द्विभागं भद्रशृङ्गं च अर्द्धं चार्द्धं च निर्गमः ॥४४॥**



કોણાની ઉપર બે શૃંગ અને એક તિલક ચઢાવવું, શિખરનો વિસ્તાર બાર ભાગનો કરવો, કર્ણ નંદીએ બે તિલક મૂકવાં, બે ભાગના વિસ્તારવાળાં પ્રત્યંગ ચઢાવવાં, પ્રતિરથની ઉપર ત્રણ શૃંગ અને તેની નંદી ઉપર બે તિલક મૂકવાં, ભદ્રનંદીઉપર એક શૃંગ અને એક તિલક કરવા, ભદ્રની ઉપર ચાર ઉરૂશૃંગ કરવાં, તેમાં પહેલું ઉરૂશૃંગ છ ભાગનું, બીજું ચાર ભાગનું, ત્રીજું ત્રણ ભાગનું અને ચોથું બે ભાગનું કરવું, એ ઉરૂશૃંગોનો નીકાળો વિસ્તારથી અરધા ભાગનો કરવો, આ પ્રાસાદની ઉપર શૃંગસંખ્યા-કોણે ૮, પ્રત્યંગ ૮, પઢરે ૨૪, ભદ્રનંદીએ ૮, ભદ્ર ઉપર ૧૬ અને એક શિખર કુલ ૬૫. તિલકસંખ્યા-કોણે ૪, કર્ણનંદીએ ૧૬, પ્રતિરથની નંદીએ ૧૬, ભદ્ર નંદીએ ૮ એવં કુલ ૪૪,

**रत्नकूटस्तदा नाम शिवलिङ्गेषु कामदः ।**
**प्रशस्तः सर्वदेवेषु राज्ञां तु जयकारणम् ॥४५॥**

इति रत्नकूटप्रासादः ॥१६॥

ઉપર પ્રમાણેના સ્વરૂપવાળો રત્નકૂટ પ્રાસાદ શિવલિંગને માટે બનાવે તો ઈચ્છિત ફલને આપનારો છે, બધાં દેવોને માટે બનાવે તો પ્રશંસનીય છે અને રાજાઓનો વિજય કરવાવાળો છે. ॥ ૪૫ ॥

१७ वैडूर्य प्रासाद—

शृङ्गं तृतीयं रेखोर्ध्वे कर्त्तव्यं सर्वशोभनम् ।
वैडूर्यश्च तदा नाम कर्त्तव्यः सर्वदैवते ॥४६॥

इति वैडूर्यप्रासादः ॥१७॥

વૈડૂર્ય પ્રાસાદનું માન અને સ્વરૂપ રત્નકૂટ પ્રાસાદની માફક જાણવું ફેર એટલો કે-કોણા ઉપરનું તિલક કાઢી નાંખીને ત્રીજું શૃંગ ચઢાવવું તે બધાં શોભાયમાન કરવાં, તે બધાં દેવોને માટે કરવો શુભ છે, આ પ્રાસાદની શૃંગ સંખ્યા- કોણે ૧૨, પ્રત્યંગ ૮, પઢરે ૨૪, ભદ્રનંદીએ ૮, ભદ્રે ૧૬ અને એક શિખર એવં કુલ ૬૯, તિલકસંખ્યા-કર્ણ નંદીએ ૧૬, પઢરાનીનંદીએ ૧૬ અને ભદ્રનંદીએ ૮ એવં કુલ ૪૦ તિલક ॥ ૪૬॥

૧૮ પદ્મરાગ પ્રાસાદ—

तथैव तिलकं नन्द्यां शृङ्गयुग्मं तु संस्थितम् ।
पद्मरागस्तदा नाम सर्वदेवसुखावहः ॥४७॥

इति पद्मरागः ॥१८॥

આ પદ્મરાગ પ્રાસાદનું સ્વરૂપ અને માન વૈડૂર્ય પ્રાસાદની માફક જાણવું, ફેર એટલો કે- કોણા ઉપરથી ત્રીજું શૃંગ ઉતારીને તિલક કરવું, અને ભદ્રનંદીએ બે શૃંગ ચઢાવવાં, આવો પદ્મરાગ નામનો પ્રાસાદ સર્વ દેવોને સુખકારક છે, શૃંગસંખ્યા–કોણે ૮, પ્રત્યંગ ૮, પઢરે ૨૪, ભદ્રનંદીએ ૧૬, ભદ્રે ૧૬ અને એક શિખર એવં કુલ ૭૩, તિલકસંખ્યા–કોણે ૪, કર્ણનંદીએ ૧૬, પઢરાની નંદીએ ૧૬ એવં કુલ ૩૬ તિલક ॥૪૭॥

૧૯ વજ્રક પ્રાસાદ—

रेखोर्ध्वे च ततः शृङ्गं कर्त्तव्यं सर्वशोभनम् ।
वज्रकश्चेति नामासौ शक्रादिसुरवल्लभः ॥४८॥

इति वज्रकप्रासादः ॥१९॥

આ વજ્રક પ્રાસાદનું માન અને સ્વરૂપ પદ્મરાગ પ્રાસાદની માફક જાણવું. ફેર એટલો કે-કોણા ઉપરથી તિલક કાઢી નાંખીને ત્રીજું શૃંગ ચઢાવવું, બધું શોભાયમાન કરવું, આ પ્રાસાદ ઇંદ્ર આદિ દેવોને પ્રિય છે, શૃંગસંખ્યા–કોણે ૧૨, પ્રત્યંગ ૮, પઢરે ૨૪, ભદ્રનંદીએ ૧૬, ભદ્રે ૧૬ અને એક શિખર કુલ ૭૭ શૃંગ તિલકસંખ્યા-કર્ણનંદીએ ૧૬, પ્રતિરથનંદીએ ૧૬ એવં કુલ ૩૨ તિલક છે. ॥ ૪૮ ॥

૨૦ મુકુટોજ્જ્વલ પ્રાસાદ—

भक्ते विंशतिधा क्षेत्रे द्विभागः कर्णविस्तरः ।
सार्धभागं भवेन्नन्दी कर्णवत्प्ररथस्तथा ॥४९॥
पुनर्नन्दी सार्धभागा भागा वै भद्रनन्दिका ।
वेदांशो भद्रविस्तार एकभागस्तु निर्गमः ॥ ५० ॥
द्विभागा बाह्यभित्तिश्च द्विभागा च भ्रमन्तिका ।
तत्समा मध्यभित्तिश्च गर्भोऽष्टांशैः प्रकल्पितः ॥ ५१ ॥



મુકુટોજ્જ્વલ પ્રાસાદની સમચોરસ ભૂમિના વીશ ભાગ કરવાં, તેમાં બે ભાગનો કોણ, દોઢ ભાગની નંદી, બે ભાગનો પઢરો, દોઢ ભાગની નંદી એક ભાગની ભદ્રનંદી અને ચાર ભાગનો ભદ્રનો વિસ્તાર કરવો, અને નીકાળો એક ભાગનો કરવો, બે ભાગની બહારની દીવાલ, બે ભાગની ભ્રમણી (પરિક્રમા), બે ભાગની ગભારાની દિવાલ અને આઠ ભાગનો ગભારો કરવો. ॥ ૪૯ થી ૫૧ ॥

कर्णे द्विशृङ्गं तिलकं रेखा द्विसप्तविस्तरा ।
नन्द्यां शृङ्गं च तिलकं प्रत्यङ्गं तु तदूर्ध्वतः ॥ ५२ ॥
शृङ्गत्रयं प्रतिकर्णे सप्तांशा चोरुमंजरी ।
नन्द्यां शृङ्गं च तिलक–मुरुशृङ्गं षडंशकम् ॥ ५३ ॥
भद्रनन्द्यां तथा शृङ्ग–मिषुभागोरुमञ्जरी ।
भद्रशृङ्गं द्विभागं स मुकुटोज्ज्वल उच्यते ॥ ५४ ॥

इति मुकुटोज्ज्वलः ॥२०॥

રેખાનો વિસ્તાર ચૌદ ભાગનો કરવો, કોણા ઉપર બે શૃંગ અને એક તિલક, નંદીની ઉપર એક શૃંગ અને એક તિલક, તેની ઉપર પ્રત્યંગ, પઢરા ઉપર ત્રણ શૃંગ, નંદીએ એક શૃંગ અને એક તિલક, ભદ્ર નંદીએ એક શૃંગ અને ભદ્રે ચાર શૃંગ ચઢાવવાં, પહેલું ઉરૂશૃંગ સાત ભાગનું, બીજું છ ભાગનું ત્રીજું પાંચ ભાગનું અને ચોથું ઉરૂશૃંગ

બે ભાગનું કરવું, આ પ્રમાણે મુકુટોજ્જ્વલ પ્રાસાદ બને છે. ૫૨ થી ૫૪ ॥ શૃંગસંખ્યા-કર્ણે ૮, પ્રત્યંગ ૮, નંદીએ ૮, પઢરે ૨૪, નંદીએ ૮, ભદ્રનંદીએ ૮, ભદ્રે ૧૬ અને એક શિખર એવં કુલ ૮૧, તિલકસંખ્યા-કોણે ૪, કર્ણનંદીએ ૮, બીજી નંદીએ ૮, એવં કુલ ૨૦.

२१ ઐરાવત પ્રાસાદ—

रेखोर्ध्वे च ततः शृङ्गं कर्त्तव्यं सर्वकामदम् ।
ऐरावतस्तदा नाम शक्रादिसुरवल्लभः ॥५५ ॥

इत्यैरावतः ॥२१॥

આ ઐરાવત પ્રાસાદનું તલ અને માન મુકુટોજ્જ્વલ પ્રાસાદ પ્રમાણે જાણવું, ફેર એટલો કે-કોણા ઉપરનું તિલક કાઢીને તે ઠેકાણે શૃંગ મૂકવું, અર્થાત્ કોણા ઉપર ત્રણ શૃંગ કરવા, આ સર્વ કામને આપનારૂં છે, આ ઐરાવત પ્રાસાદ ઇંદ્રાદિ દેવોને પ્રિય છે. ॥ ૫૫ ॥

શૃંગસંખ્યા-કોણે ૧૨, નંદીએ ૮, પ્રત્યંગ ૮, પઢરે ૨૪, નંદીએ ૮, ભદ્રનંદીએ ૮, ભદ્રે ૧૬ અને એક શિખર, એવં કુલ ૮૫, તિલકસંખ્યા-કર્ણનંદીએ ૮, પ્રતિનંદીએ ૮, એવં કુલ ૧૬ તિલક.

२२ રાજહંસ પ્રાસાદ—

तथैव तिलकं कुर्याद् भद्रकर्णे तु शृङ्गकम् ।
राजहंसः समाख्यातः कर्त्तव्यो ब्रह्ममन्दिरे ॥ ५६ ॥

इति राजहंस. ॥२२॥

રાજહંસ પ્રાસાદનું માન અને સ્વરૂપ ઐરાવત પ્રાસાદની માફક જાણવું, ફેર એટલો કે-કોણા ઉપરના ત્રીજા શૃંગને બદલે તિલક કરવું, એટલે બે શૃંગ અને એક તિલક ચઢાવવું, તથા ભદ્રની નંદીએ એક શૃંગ વધારવું, આ પ્રમાણે રાજહંસ પ્રાસાદનું સ્વરૂપ જાણવું, તે બ્રહ્માને માટે કરવો. ॥ ૫૬ ॥

શૃંગસંખ્યા-કોણે ૮, પ્રત્યંગ ૮, કર્ણ નંદીએ ૮, પઢરે ૨૪, પ્રતિનંદીએ ૮, ભદ્રનંદીએ ૧૬, ભદ્રે ૧૬ અને એક શિખર એવં કુલ ૮૯ શૃંગ. તિલકસંખ્યા-કોણે ૪, નંદીએ ૮, પ્રતિનંદીએ ૮, એવં કુલ ૨૦ તિલક.

२३ પક્ષિરાજ ( ગરુડ ) પ્રાસાદ—

रेखोर्ध्वे च ततः शृङ्गं कर्त्तव्यं सर्वकामदम् ।
पक्षिराजस्तदा नाम कर्त्तव्यः स श्रियः पतेः ॥ ५७ ॥

इति पक्षिराजः ॥२३॥

આ પક્ષિરાજ પ્રાસાદનું માન અને સ્વરૂપ રાજહંસ પ્રાસાદની માફક જાણવું, ફેર એટલો કે-કોણા ઉપરનું તિલક કાઢી નાંખીને તેને બદલે શૃંગ કરવું, એટલે કોણા ઉપર ત્રણ શૃંગ થશે, તે સર્વ કામને આપનારૂં છે, આ પક્ષિરાજ નામનો પ્રાસાદ વિષ્ણુને માટે બનાવવો. ॥ ૫૭ ॥ શૃંગસંખ્યા-કોણે ૧૨, પ્રત્યંગ ૮, નંદીએ ૮, પઢરે ૨૪, પ્રતિનંદીએ ૮, ભદ્રનંદીએ ૧૬, ભદ્રે ૧૬ અને એક શિખર, એવં કુલ ૯૩ શૃંગ તિલકસંખ્યા-કર્ણનંદીએ ૮ અને પ્રતિનંદીએ આઠ, એવં કુલ ૧૬ તિલક.

## ૨૪ વૃષભ પ્રાસાદ—

द्वाविंशत्या विभक्ते च द्विभागा भित्तिका भवेत् ।
भ्रमणी तत्समा चैव पुनर्भित्तिश्च तत्समा ॥ ५८ ॥
शतमूलपदैर्गर्भः कर्त्तव्यो लक्षणान्वितः ।
कर्णप्रतिरथरथो-परथा द्वि द्वि विस्तराः ॥ ५९ ॥
भद्रनन्दी भवेद् भागं वेदांशो भद्रविस्तरः ।
भागो भद्रे निर्गमः स्याच्छेषा वै पूर्वकल्पिताः ॥ ६० ॥

વૃષભ પ્રાસાદની સમચોરસ ભૂમિના બાવીશ ભાગ કરવાં, તેમાં બે ભાગની બહારની દીવાલ, બે ભાગની ભ્રમણી, બે ભાગની ગભારાની ભીંત અને દશ ભાગનો ગભારો કરવો, બહારના માનમાં કોણ, પઢરો, રથ અને ઉપરથ, એ પ્રત્યેક બે બે ભાગના વિસ્તારવાળાં કરવાં, ભદ્રનંદી એક ભાગની અને આખું ભદ્ર ચાર ભાગનું કરવું, ભદ્રનો નીકાળો એક ભાગનો કરવો, બાકીના બધાં અંગો સમદલ કરવાં. ॥ ૫૮ થી ૬૦ ॥

कर्णे द्विशृङ्गं तिलकं शिखरं षोडशांशकम् ।
शृङ्गद्वयं प्रतिरथे प्रत्यङ्गं च त्रिभागिकम् ॥ ६१ ॥
रथे शृङ्गत्रयं कुर्या-च्छृङ्गोर्ध्वे चोरुमञ्जरी ।
द्वे द्वे शृङ्गे उपरथे उरःशृङ्गं षडंशकम् ॥ ६२ ॥
भद्रनन्द्यां भवेच्छृङ्गं वेदांशा चोरुमञ्जरी ।
द्विभागं भद्रशृङ्गं च कर्त्तव्यं च मनोरमम् ॥ ६३ ॥
सप्तऽनवत्यण्डकयुक् कर्त्तव्यो लक्षणान्वितः ।
वृषभो नाम विख्यात ईश्वरस्य सदा प्रियः ॥ ६४ ॥

इति वृषभः ॥२४॥

શિખર સોલ ભાગના વિસ્તારનું કરવું, કોણા ઉપર બે શૃંગ અને એક તિલક, પઢરા ઉપર બે શૃંગ, ઉપર ત્રણ ભાગના પ્રત્યંગ, રથની ઉપર ત્રણ શૃંગ, ઉપરથની ઉપર બે બે શૃંગ, ભદ્રનંદીએ એક એક શૃંગ, અને ભદ્રની ઉપર ચાર ઉરૂશૃંગ ચઢાવવાં, પહેલું ઉરૂશૃંગ આઠ ભાગનું, બીજું છ ભાગનું, ત્રીજું ચાર ભાગનું અને ચોથું બે ભાગનું કરવું, સત્તાણું શૃંગોવાળો અને સર્વ લક્ષણો વડે યુક્ત એવો વૃષભ નામનો પ્રાસાદ ઈશ્વરને હમેશાં પ્રિય છે. ॥ ६१ થી ६४ ॥

શૃંગસંખ્યા–કોણે ૮, પ્રત્યંગ ૮, પઢરે ૧૬, રથ ઉપર ૨૪, ઉપરથે ૧૬, ભદ્રનંદીએ ૮, ભદ્રે ૧૬ અને એક શિખર, એવં કુલ ૯૭ શૃંગ તિલકસંખ્યા–૪ કોણે.

## ૨૫ મેરૂ પ્રાસાદ—



**कर्णे शृङ्गत्रयं चैव एकोत्तरशताण्डकः ।**
**मेरुश्चापि समाख्यातः कर्त्तव्यश्च त्रिमूर्त्तिके ॥ ६५ ॥**

इति मेरुप्रासादः ॥२९॥

મેરૂ પ્રાસાદનું માન અને સ્વરૂપ વૃષભ પ્રાસાદની માફક જાણવું, ફેર એટલો કે– કોણા ઉપર બે શૃંગ અને એક તિલક છે. તેના બદલે ત્રણ શૃંગ ચઢાવવાં, એટલે એકસો એક શૃંગવાળો મેરૂ પ્રાસાદ થાય છે. તે બ્રહ્મા, વિષ્ણુ અને શિવજીને માટે બનાવવો જોઈએ. ॥ ६५ ॥

શૃંગસંખ્યા–કોણે ૧૨, પ્રત્યંગ ૮, પઢરે ૧૬. રથે ૨૪, ઉપરથે ૧૬, ભદ્રનંદીએ ૮, ભદ્રે ૧૬ અને એક શિખર, એવં કુલ ૧૦૧.

### મેરૂ પ્રદક્ષિણાનું ફલ—

**सर्वस्य हेममेरोश्च यत्पुण्यं त्रिप्रदक्षिणैः ।**
**कृते शैलेष्टकाभिश्च तत्पुण्याल्लभतेऽधिकम् ॥ ६६ ॥**

સંપૂર્ણ સુવર્ણમય મેરૂની ત્રણ પ્રદક્ષિણા કરવાથી જે પુણ્ય થાય છે, તે પુણ્યથી પણ અધિક પુણ્ય પાષાણ અથવા ઈંટના બનેલા મેરૂપ્રાસાદની પ્રદક્ષિણા કરવાથી થાય છે. ॥ ६६ ॥

हरो हिरण्यगर्भश्च हरिर्दिनकरस्तथा ।
एते देवाः स्थिता मेरौ नान्येषां स कदाचन ॥ ॥

इतिश्री सूत्रसंतानगुणकीर्त्तिप्रकाशप्रद्योतकारे श्रीभुवनदेवाचार्योक्तापराजितपृच्छायां केसर्यादिसान्धारप्रासादनिर्णयाधिकारोन ामेकोनषष्ट्युत्तरशततमं सूत्रम् ।

શિવ, બ્રહ્મા, વિષ્ણુ અને સૂર્ય એ દેવોને મેરૂપ્રાસાદમાં પ્રતિષ્ઠિત કરવા, બાકી દેવોને ક્યારે પણ તેમાં પ્રતિષ્ઠિત કરવાં નહિ. ॥ ૧૭ ॥

ઇતિ પંડિત ભગવાનદાસ જૈન વિરચિત કેસર્યાદિ સાંધાર પ્રાસાદ નિર્ણયાધિકારની સુબોધિની નામની ભાષા ટીકા સમાપ્ત.

# परिशिष्ट नं. २

## अथ जिनेन्द्रप्रासादाध्यायः ।

**जय उवाच—**

**शृणु तात ! महादेव ! यन्मया परिपृच्छयते ।**
**प्रासादांश्च जिनेन्द्राणां कथयसि किं मां प्रभो ? ॥१॥**

હે પિતા મહાદેવ! મેં આપને જિનેન્દ્રનાં પ્રાસાદોનું વર્ણન કરવા પૂછ્યું હતું, તો હે ભગવન્! આપ તે સવિસ્તર કહેશો ? ॥ ૧ ॥

**क्किं तलं किञ्च शिखरं किं द्विपञ्चाशदुत्तमाः ।**
**समोसरणं किं तात ! किं स्यादष्टापदं हि तत् ॥२॥**
**महीधरो मुनिवरो द्विधारिणी सुशोभिता ।**

હે તાત! ઉત્તમ બાવન જિનાલય કેવાં પ્રકારનાં છે? તથા તેનાં તલ અને શિખરોની રચના કેવી છે? સમવસરણ, અષ્ટાપદ, મહીધર, મુનિવર અને શોભાયમાન દ્વિધારિણી પ્રાસાદોની રચના કેવી છે? તેનું આપ વર્ણન કરો. ॥ ૨ ॥

**શ્રી વિશ્વકર્મોવાચ—**

**शृणु वत्स ! महाप्राज्ञ ! यत्त्वया परिपृच्छयते ।**
**प्रासादान् तु जिनेन्द्राणां कथयाम्यहं तच्छृणु ॥३॥**

શ્રીવિશ્વકર્મા પોતાના જય નામના પુત્રને સંબોધન કરીને કહે છે કે–હે મહાબુદ્ધિમાન્ પુત્ર! તેં જિનેન્દ્રોના પ્રાસાદોનું વર્ણન પૂછ્યું, તેને વિસ્તારપૂર્વક કહું છું, તે સાંભળો. ॥ ૩ ॥

**प्रासादमध्ये मेरवो भद्रप्रासादनागराः ।**
**अन्तका द्राविडाश्चैव महीधरा लतिनास्तथा ॥४॥**

ઉત્તમ જાતિના પ્રાસાદોમાં મેરૂ પ્રાસાદ, નાગર જાતિનાં ભદ્ર પ્રાસાદ, અંતક પ્રાસાદ, દ્રાવિડ જાતિના પ્રાસાદ, મહીધર પ્રાસાદ અને લતિન જાતિનો પ્રાસાદ એટલા ઉત્તમ છે. ॥ ૪ ॥

तलनिर्माण—

प्रासाददीर्घतो व्यासो भित्तिबाह्ये सुरालये ।
षोडशांशैर्हरेद् भागं शेषं च द्विगुणं भवेत् ॥५॥
प्रथमे नवमे चैव द्वितीये चतुरो भवेत् ।
अयं विधिः प्रकर्त्तव्यो भागं च द्विव्यंशं भवेत् ॥६॥
तत्र युक्तिः प्रकर्त्तव्यो प्रासादे सर्वनामतः ।
शिवमुखे मया श्रुतं भाषितं विश्वकर्मणा ॥७॥

મંડોવરની બહારના ભાગ સુધી પ્રાસાદની લંબાઈ પહોળાઈનો ગુણાકાર કરીને તેને સોળથી ભાગ દેવો, જે શેષ વધે તેને બમણો કરવો, (અહીંથી અર્થ બરાબર સમજાતો નથી)........

૧ કમલ ભૂષણ (ઋષભજિનવલ્લભ) પ્રાસાદ—વિભક્તિ પ્રથમા—

चतुरस्त्रीकृते क्षेत्रे द्वात्रिंशत्पदभाजिते ।
कर्णौ भागत्रयं कार्यः प्रतिकर्णस्तथैव च ॥८॥
उपरथस्त्रिभागश्च भद्रार्धे वेदभागिकम् ।
नन्दिका कर्णिका चैव चैकभागा व्यवस्थिता ॥९॥

પ્રાસાદની સમચોરસ ભૂમિના બત્રીશ ભાગ કરવાં, તેમાં ત્રણ ભાગનો કોણ, ત્રણ ભાગનો પઢરો, ત્રણ ભાગનો ઉપરથ અને ચાર ભાગનું અરધું ભદ્ર કરવું, કોણીઓ અને નંદીઓ એક એક ભાગની કરવી. ॥ ૯ ॥

कर्णे च क्रमचत्वारि प्रतिकर्णे क्रमत्रयम् ।
उपरथे द्वयं ज्ञेयं कर्णिकायां क्रमद्वयम् ॥१०॥
विंशतिरुरुशृङ्गाणि प्रत्यङ्गानि च षोडश ।
कर्णे च केसरीं दद्यान्नन्दनं नन्दशालिकम् ॥११॥
प्रथमक्रमो नन्दीश ऊर्ध्वे तिलकशोभनम् ।
कमलभूषणनामोऽयं ऋषभजिनवल्लभः ॥१२॥

इति ऋषभजिनवल्लभः कमलभूषणप्रासादः ॥१॥

કોણાની ઉપર ચાર [1]ક્રમ, પઢરા ઉપર ત્રણ ક્રમ, ઉપરથ ઉપર બે ક્રમ અને દરેક

૧. આ પ્રકરણમાં કોઈ જગ્યાએ 'કર્મ' અને કોઈ જગ્યાએ 'ક્રમ' એમ બે જાતના શબ્દોનો પ્રયોગ પ્રાચીન પ્રતિઓમાં જોવામાં આવે છે, પરંતુ મેં દરેક સ્થળે ક્રમ શબ્દનો જ પ્રયોગ કરવો ઠીક

કોણીઓ ઉપર બે બે ક્રમ ચઢાવવાં, ચારે દિશાના ભદ્રો ઉપર કુલ વીશ ઉરૂશૃંગ અને સોળ પ્રત્યંગો ચઢાવવાં, કોણાની ઉપર પહેલું ક્રમ નંદીશ, બીજું નંદશાલિક, ત્રીજું નંદન અને ચોથું કેસરી ચઢાવવું અને તેની ઉપર એક શોભાયમાન તિલક કરવું, આવો ઋષભજિનને વલ્લભ કમળભૂષણ નામનો પ્રાસાદ છે. ॥ ૧૦ થી ૧૨ ॥

શૃંગોની સંખ્યા-કોણે ૨૨૪, પઢરે ૨૮૦, ઉપરથે ૧૪૪, કોણીએ ૪૩૨, ભદ્રે ૨૦, પ્રત્યંગ ૧૬ અને એક શિખર કુલ-૧૧૧૭ શૃંગ અને ચાર તિલક કોણે.

## ૨ અજિતજિન વલ્લભ-કામદાયક પ્રાસાદ—વિભક્તિ બીજી—

चतुरस्रीकृते क्षेत्रे द्वादशपदभाजिते ।
कर्णोभागद्वयं कार्यः प्रतिकर्णस्तथैव च ॥१३॥
भद्रार्धं[1] च द्विभागेन चतुर्दिक्षु व्यवस्थितम् ।
कर्णे क्रमत्रयं कार्यं प्रतिकर्णे क्रमद्वयम् ॥१४॥
अष्टौ चैवोरुशृङ्गाणि ह्यष्टौ प्रत्यङ्गानि च ।
कर्णे च केसरीं दद्यात् सर्वतोभद्रमेव च ॥१५॥
नन्दनमजिते देयं चतुष्कर्णेषु शोभितम् ।
कामदायकप्रासादो ह्यजितजिनवल्लभः ॥१६॥

इति अजितजिनवल्लभः कामदायकप्रासादः ॥२॥

પ્રાસાદની સમચોરસ ભૂમિનાં બાર ભાગ કરવાં, તેમાં બે ભાગનો કોણ, બે ભાગનો પઢરો અને બે ભાગનું ભદ્રાર્ધ કરવું, આ પ્રમાણે ચારે દિશામાં વ્યવસ્થા કરવી, કોણાની ઉપર ત્રણ ક્રમ, પઢરા ઉપર બે ક્રમ, આઠ ઉરૂશૃંગ અને આઠ પ્રત્યંગ ચઢાવવાં, કોણા ઉપર કેસરી, સર્વતોભદ્ર અને નંદન, એ ત્રણ ક્રમ ચઢાવવાં, આ અજિત જિનને વલ્લભ એવો કામદાયક નામનો પ્રાસાદ છે. ॥ ૧૩ થી ૧૬ ॥

શૃંગસંખ્યા-કોણે ૧૦૮, પ્રતિકોણે ૧૧૨, આઠ ઉરૂશૃંગ, આઠ પ્રત્યંગ અને એક શિખર મળી કુલ ૨૩૭ શૃંગ.

સમજવાથી બધે ઠેકાણે ક્રમ શબ્દ લખ્યો છે, કારણ કે ક્રમનો અર્થ-અનુક્રમે શૃંગોની સંખ્યા થાય છે. જેમકે-કેસરી ક્રમ કહેવાથી પાંચ શૃંગોનો સમૂહ સમજવો, સર્વતોભદ્ર ક્રમ કહેવાથી નવ શૃંગોનો, નંદનક્રમ તેર શૃંગોનો ઇત્યાદિ, આ પ્રમાણે શૃંગોનો સમૂહ ક્રમ કહેવાય છે.

કર્મ (કામ) શબ્દ પણ સમૂહવાચક છે. સોના ચાંદીના વરગ બનાવનાર ૧૬૦ વરગના સમૂહને એક કામ કહે છે. જેથી કર્મ શબ્દ પણ પ્રયોગ કરી શકાય છે.

૧. 'भद्रार्धं सार्धभागेन नन्दी तु चार्धभागिका ।' पाठान्तरे ।

३ संभवजिन वल्लभ-रत्नकोटी प्रासाद—विभक्ति त्रीजी.

चतुरस्त्रीकृते क्षेत्रे नवभागविभाजिते ।
भद्रार्धं सार्धभागेन चैकभागः प्रतिरथः ॥१७
कर्णिका नन्दिका पादा सार्धकर्णौ विचक्षण ! ।
कर्णे क्रमद्वयं कार्यं प्रतिकर्णे तथैव च ॥१८॥
केसरी सर्वतोभद्र-क्रमद्वयं[2] व्यवस्थितम् ।
कर्णिकानन्दिकयोश्च शृङ्गमेकैकं[3] कारयेत् ॥१९॥
षोडश उरुशृङ्गाणि चाष्टौ प्रत्यङ्गानि च ।
रत्नकोटिश्च नामायं प्रासादः संभवजिने ॥२०॥

इति संभवजिनवल्लभो रत्नकोटिप्रासादः ॥३॥

પ્રાસાદની સમચોરસ ભૂમિના નવ ભાગ કરવાં, તેમાં ભદ્રાર્ધ દોઢ ભાગનું, પ્રતિરથ એક ભાગનો, કણી અને નંદી પા પા ભાગની અને કોણો દોઢ ભાગનો કરવો, કોણાની ઉપર બે ક્રમ, પ્રતિરથની ઉપર બે ક્રમ, કણી (ખૂણી) અને નંદીની ઉપર એક એક શૃંગ ચઢાવવાં, ચારે દિશાના સોળ ઉરૂશૃંગ અને આઠ પ્રત્યંગ ચઢાવવાં, આ સંભવજિન વલ્લભ એવો રત્નકોટી નામનો પ્રાસાદ છે. ॥ ૧૭ થી ૨૦ ॥

શૃંગસંખ્યા–કોણે ૫૬, પ્રતિકર્ણે ૧૧૨, બન્ને નંદીએ ૧૬, ઉરૂશૃંગ ૧૬, પ્રત્યંગ ૮, અને એક શિખર મળી કુલ ૨૦૯ શૃંગ.

૪ અમૃતોદ્દ્ભવ પ્રાસાદ—

तद्रूपे तत्प्रमाणे च रथे कर्णे तिलकं न्यसेत् ।
अमृतोद्भवनामोऽयं सर्वदेवेभ्यः कारयेत् ॥२१॥

इत्यमृतोद्भवप्रासादः ॥४॥

રત્નકોટી પ્રાસાદ પ્રમાણે તલ અને સ્વરૂપ જાણવું, ફેર એટલો કે કોણા ઉપર અને પઢરા ઉપર એક એક તિલક વધારવું, જેથી અમૃતોદ્ભવ નામનો પ્રાસાદ થાય છે, તે સર્વ દેવોને માટે કરવો. ॥ ૨૧ ॥

શૃંગસંખ્યા પૂર્વવત્ ૨૦૯ અને તિલક ૧૨–કોણે ૪–પઢરે ૮.

२. 'प्रथमक्रमं केसरीं च द्वितीय च श्रीवत्सकम् ।'

३. 'शृङ्गद्वयं च ।'

## ૫ અભિનંદન જિન વલ્લભ-ક્ષિતિભૂષણપ્રાસાદ—વિભક્તિ-ચોથી.

चतुरस्रीकृते क्षेत्रे षोडशपदभाजिते ।
कर्णो भागद्वयं कार्यः प्रतिकर्णस्तथैव च ॥२२॥
उपरथो द्विभागश्च भद्रार्धं द्वयमेव च ।
कर्णे च क्रमचत्वारि प्रतिकर्णे क्रमत्रयम् ।
उपरथे क्रमद्वौ च ऊर्ध्वे तिलकशोभितम् ।
द्वादश उरुशृङ्गाणि प्रत्यङ्गानि च षोडश ॥२४॥
क्षितिभूषणनामोऽयं प्रासादश्चाभिनन्दनः ।

इत्यभिनन्दनजिनवल्लभः क्षितिभूषणप्रासादः ॥५॥

પ્રાસાદની સમચોરસ ભૂમિના સોળ ભાગ કરવાં, તેમાં બે ભાગનો કોણ, બે ભાગનો પ્રતિરથ, બે ભાગનો ઉપરથ અને બે ભાગનું ભદ્રાર્ધ કરવું, કોણે ચાર ક્રમ, પ્રતિકર્ણે ત્રણ ક્રમ, ઉપરથે બે ક્રમ અને એક તિલક ચઢાવવું, ચારે તરફના કુલ બાર ઉરૂશૃંગ અને સોળ પ્રત્યંગ ચઢાવવાં, આવો અભિનંદન જિનને વલ્લભ ક્ષિતિભૂષણ નામનો પ્રાસાદ જાણવો. ॥ ૨૨ થી ૨૪ ॥

શૃંગસંખ્યા-કોણે ૧૭૬, પઢરે ૨૧૬, ઉપરથે ૧૧૨, ઉરૂશૃંગ ૧૨, પ્રત્યંગ ૧૬ અને એક શિખર કુલ ૫૩૩ શૃંગ અને તિલક ૮ ઉપરથે.

## ૬ સુમતિજિન પ્રાસાદ—ત્રિભક્તિ-૫મી.

चतुरस्रीकृते क्षेत्रे चतुर्दशविभाजिते ॥२५॥
कर्णो द्विभागिको ज्ञेयः प्रतिकर्णस्तथैव च ।
निर्गमस्तत्समो ज्ञेयो नन्दिका भागविश्रुता ॥२६॥
भद्रार्धं च द्विभागेन कर्त्तव्यं च चतुर्दिशि ।
कर्णे क्रमद्वयं कार्यं प्रतिकर्णे तथैव च ॥२७॥
भद्रे चैवोरुचत्वारि तथाष्टौ प्रत्यङ्गानि च ।
नन्दिकायां शृङ्गकूटं सुमतिजिननामतः ॥२८॥

इति सुमतिजिनप्रासादः ॥६॥

સમચોરસ ભૂમિના ચોદ ભાગ કરવાં, તેમાં બે ભાગનો કોણ, બે ભાગનો પઢરો, એક ભાગની નંદી, અને બે ભાગનું ભદ્રાર્ધ કરવું, ખૂણો અને પઢરાનો નીકાળો સમદલ કરવો, ખૂણા ઉપર બે ક્રમ અને પઢરા ઉપર પણ બે ક્રમ પ્રત્યેક ભદ્રની ઉપર ચાર ઉરૂશૃંગ,

આઠ પ્રત્યંગ અને નંદીની ઉપર એક શૃંગ એને એક કૂલ ચઢાવવાં, આ સુમતિજિન નામનો પ્રાસાદ થાય છે. ॥ ૨૫ થી ૨૮ ॥

શૃંગસંખ્યા-કોણે ૫૬, પઢરે ૧૧૨, ભદ્રે ૧૬, પ્રત્યંગ ૮, નંદીએ ૮ અને એક શિખર કુલ ૨૦૧ શૃંગ.

## ૭ પદ્મપ્રભજિન પ્રાસાદ— વિભક્તિ ૬-ઠી



चतुरस्त्रीकृते क्षेत्रे विंशधा प्रतिभाजिते ।
कर्णौ भागद्वयं कार्यः प्रतिकर्णस्तथैव च ॥२९॥
कर्णिका नन्दिका भागा भद्रार्धं चतुर्भागकम् ।
कर्णे क्रमद्वयं कार्यं प्रतिकर्णे तथैव च ॥३०॥
केसरी सर्वतोभद्रं क्रमद्वयं व्यवस्थितम् ।
कर्णिकायां शृङ्गकूटं नन्दिकायां तथैव च ॥३१॥
भद्रे चैवोरुचत्वारि प्रत्यङ्गानि ततोऽष्टभिः ।
पद्मवल्लभनामोऽयं जिनेन्द्रे पद्मनायके ॥३२॥

इति पद्मप्रभजिनप्रासादः ॥७॥

પ્રાસાદની સમચોરસ ભૂમિના વીશ ભાગ કરવા. તેમાં બે ભાગનો કોણો, બે ભાગનો પઢરો, કર્ણિકા અને નંદી એક એક ભાગની તથા ભદ્રાર્ધ ચાર ભાગનું કરવું, ખૂણા અને પઢરા ઉપર કેસરી અને સર્વતોભદ્ર એ બે ક્રમ ચઢાવવાં. કર્ણિકા અને નંદીની ઉપર એક શૃંગ અને એક કૂટ ચઢાવવું. ભદ્રની ઉપર દરેક દિશામાં ચાર ચાર ઉરૂશૃંગ ચઢાવવા અને આઠ પ્રત્યંગ ચઢાવવાં. આ પદ્મપ્રભ જિનદેવને વલ્લભ એવો પદ્મવલ્લભ નામનો પ્રાસાદ થાય છે. ॥ ૨૯ થી ૩૨ ॥

## ૮ પદ્મરાગ પ્રાસાદ—

पद्मवल्लभसंस्थाने कर्त्तव्यः पद्मरागकः ।
कर्णोर्ध्वे तिलकं दद्यात् स्वरूपो लक्षणान्वितः ॥३३॥

इति पद्मरागप्रासादः ॥८॥

ગ્રહવલ્લભ પ્રાસાદના કોણા ઉપર એક એક તિલક ચઢાવવાથી પદ્મરાગ નામનો પ્રાસાદ થાય છે. ॥ ૩૩ ॥

૯ પુષ્ટિવર્દ્ધનપ્રાસાદ—

तद्रूपे च प्रकर्त्तव्यः रथोर्ध्वे तिलकं न्यसेत् ।
पुष्टिवर्द्धननामोऽयं तुष्टिं पुष्टिं विवर्द्धयेत् ॥३४॥

इति पुष्टिवर्द्धनप्रासादः ।९॥

પદ્મરાગ પ્રાસાદના પઢરા ઉપર એક તિલક પણ ચઢાવે તો પુષ્ટિવર્દ્ધન નામનો પ્રાસાદ થાય છે, તે તુષ્ટિ અને પુષ્ટિને વધારે છે. ॥ ૩૪ ॥

૧૦ સુપાર્શ્વજિન વલ્લભપ્રાસાદ—વિભકિત ૭ મી

दशभागीकृते क्षेत्रे कर्णोऽस्य च द्विभागिकः ।
प्रतिकर्णः सार्धभागो निर्गमे तत्समं भवेत् ।३५॥
भद्रार्धं च सार्धभागं कपिले भद्रमानयोः ।
निर्गमं पद्मानेन चतुर्दिक्षु च योजयेत् ॥३६॥
कर्णे क्रमद्वयं कार्यं रथे भद्रे तथोद्गमः ।
सुपार्श्वनामो विज्ञेयो गृहराजसुखावहः ॥३७॥

इति सुपार्श्वजिनवल्लभप्रासादः ॥१०॥

પ્રાસાદની સમચોરસ ભૂમિના દશ ભાગ કરવાં, તેમાં બે ભાગનો કોણ, દોઢ ભાગનો પ્રતિકર્ણ કરવો, તે બધાં સમચોરસ નીકળતાં કરવાં, ભદ્ર અરધું દોઢ ભાગનું કરવું, તેની ઉપર બન્ને પડખે એક એક કપિલા ભદ્રાર્ધમાનની કરવી, કોણા ઉપર બે ક્રમ ચઢાવવાં, પ્રતિકર્ણ અને ભદ્રની ઉપર દોઢિયો કરવો, ભદ્રનો નિકાળો એક ભાગનો રાખવો. આ પ્રાસાદરાજ સુપાર્શ્વનામનો છે તે સુખ દેવાવાળો છે. ॥ ૩૦ ॥

શૃંગસંખ્યા—કોણે ૫૬ અને એક શિખર કુલ ૫૭ શૃંગ.

૧૧ શ્રીવલ્લભ પ્રાસાદ—

रथोर्ध्वे शृङ्गमेकं तु भद्रे चैवं चतुर्दिशि ।
श्रीवल्लभस्तदा नाम प्रासादो जिनवल्लभः ।।६८॥

इतिश्रीवल्लभप्रासादः ॥११॥

સુપાર્શ્વજિનવલ્લભ પ્રાસાદના પ્રતિકર્ણની ઉપર એક શૃંગ અને ભદ્રની ઉપર એક ઉરૂશૃંગ ચઢાવવું, આ શ્રીવલ્લભ નામનો પ્રાસાદ જિનદેવને વલ્લભ છે.

શૃંગસંખ્યા—કોણે ૫૬, પ્રતિકોણે ૮, ભદ્રે ૪ અને એક શિખર કુલ ૬૯ શૃંગ.

१२ ચંદ્રપ્રભ વલ્લભ શીતલ પ્રાસાદ—વિભક્તિ ૮મી

चतुरस्रीकृते क्षेत्रे द्वात्रिंशत्पदभाजिते ।
पञ्चभागो भवेत् कर्णः प्रतिकर्णस्तथैव च ॥३९॥
भद्रार्धं च चतुर्भागं नन्दिका कर्णिका पदा ।
समदलं च कर्त्तव्यं चतुर्दिक्षु व्यवस्थितम् ॥४०॥
श्रीवत्सं केसरीं चैव सर्वतोभद्रमेव च ।
कर्णे चैवं प्रदातव्यं रथे चैवं तु तत्समम् ॥४१॥
नन्दिका कर्णिकायां च द्वे द्वे शृङ्गे च विन्यसेत् ।
भद्रे चैवोरश्चत्वारि प्रत्यङ्गं जिनमेव च ॥४२॥
शीतलो नाम विज्ञेयः सुश्रियं च विवर्धनः ।
चन्द्रप्रभस्य प्रासादो विज्ञेयश्च सुखावहः ॥४३॥

इति चन्द्रप्रभवल्लभः शीतलप्रासादः ॥१२॥

પ્રાસાદની સમચોરસ ભૂમિના બત્રીશ ભાગ કરવાં, તેમાં પાંચ ભાગનો કોણ, પ્રતિકર્ણ પાંચ ભાગ, ભદ્રાર્ધ ચાર ભાગ, નંદી અને કોણી એક એક ભાગ કરવી, એ બધાં અંગો સમચોરસ કરવાં, કોણ અને પ્રતિકોણ ઉપર શ્રીવત્સ. કેસરી અને સર્વતોભદ્ર શૃંગો ચઢાવવાં, કોણી અને નંદી ઉપર બે બે શ્રીવત્સ શૃંગ ચઢાવવાં, પ્રત્યેક ભદ્રની ઉપર ચાર ચાર ઉરૂશૃંગ અને ચોવીસ પ્રત્યંગ ચઢાવવાં, એવો શીતલ નામનો પ્રાસાદ લક્ષ્મીને વધારનારો છે. અને શ્રી ચંદ્રપ્રભ જિનને પ્રિય છે, તે સુખ આપનાર છે. ॥ ૪૧ થી ૪૩ ॥

શૃંગસંખ્યા–કોણે ૬૦, પઢરે ૧૨૦, કોણીએ ૧૬, નંદીએ ૧૬, ભદ્રે ૧૬, પ્રત્યંગ ૨૪ અને એક શિખર, કુલ ૨૫૩ શૃંગ.

૧૩ શ્રી ચંદ્રપ્રાસાદ—

तद्रूपे च प्रकर्तव्यो रथोर्ध्वे तिलकं न्यसेत् ।
श्रीचन्द्रो नाम विज्ञेयः सुरराजसुखावहः ॥४४॥

इति श्रीचन्द्रप्रासादः ॥१३॥

શીતલ પ્રાસાદની પ્રમાણે તલમાન અને સ્વરૂપ જાણવું, ફેર એટલો કે તેનાં પઢરા ઉપર એક એક તિલક ચઢાવવું, આ શ્રી ચંદ્ર નામનો પ્રાસાદ સુરરાજ (ઇંદ્ર) ને સુખકારક છે. ॥ ૪૪ ॥

શૃંગસંખ્યા પૂર્વવત્ ૨૫૩ અને તિલક–૮ પઢરે.

૧૪ હિતુરાજ પ્રાસાદ—

नन्दिका कर्णिकायां च ऊर्ध्वे तिलकं शोभनम् ।
हितुराजस्तदा नाम प्रासादो जिनवल्लभः ॥४५॥

इति हितुराजप्रासादः ॥१४॥

ઉપરના શ્રીચંદ્ર પ્રાસાદની કોણી અને નંદીની ઉપર એક એક તિલક ચઢાવે તો હિતુરાજ નામનો પ્રાસાદ થાય છે. ॥ ૪૫ ॥

શૃંગસંખ્યા પૂર્વવત્ ૨૫૩ અને તિલક ૨૪, કોણીએ ૮, નંદીએ ૮, પઢરે ૮.

૧૫ પુષ્પદંત પ્રાસાદ—વિભક્તિ-૯મી

चतुरस्त्रीकृते क्षेत्रे चतुर्विंशतिभाजिते ।
भद्रार्धे त्रिपदं वत्स ! रथौ कर्णश्च तत्समः ॥४६॥
निर्गमं तत्प्रमाणेन सर्वशोभासमन्वितम् ।
रथे कर्णे तथा भद्रे द्वे शृङ्गे तिलकं न्यसेत् ॥४७॥
पुष्पदन्तस्तदा नाम सुविधिजिनवल्लभः ।
कार्यः सुविधिनाथाय धर्मार्थकाममोक्षदः ॥४८॥

इति पुष्पदन्तप्रासादः ॥१५॥

પ્રાસાદની સમચોરસ ભૂમિના ચોવીશ ભાગ કરવાં. તેમાં કોણ, પઢરો, ઉપરથ અને ભદ્રાર્ધ એ બધાં ત્રણ ત્રણ ભાગના કરવાં, તે નિર્ગમમાં સમદલ કરવાં. કોણ, પઢરા અને ઉપરથ ઉપર બે બે શૃંગ અને એક એક તિલક ચઢાવવું. તથા ભદ્રની ઉપર બે બે ઉરૂશૃંગ ચઢાવવાં. આ પુષ્પદંત નામનો પ્રાસાદ છે તે સુવિધિ જિનને વલ્લભ છે. તે સુવિધિનાથ માટે કરવાથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. ॥ ૪૬ થી ૪૮ ॥

શૃંગસંખ્યા-કોણે ૮, પઢરે ૧૬, ઉપરથે ૧૬, ભદ્રે ૮ એક શિખર કુલ ૪૯ શૃંગ અને વીશ તિલક.

૧૬ શીતલજિન પ્રાસાદ—વિભક્તિ-૧૦ મી

चतुरस्त्रीकृते क्षेत्रे चतुर्विंशतिभाजिते ।
कर्णश्चैव समाख्यातश्चतुर्भागश्च विस्तृतः ॥४९॥
प्रतिरथस्त्रयभागो भद्रार्धं भूतभागिकम् ।
रथे कर्णे च शृङ्गैकं तदूर्ध्वं तिलकं द्वयम् ॥५०॥
द्वादश उरःशृङ्गाणि प्रत्यङ्गानि ततोऽष्टभिः ।
शीतलश्च तदा नाम प्रासादो जिनवल्लभः ॥५१॥

इति शीतलजिनप्रासादः ॥१६॥

પ્રાસાદની સમચોરસ ભૂમિના ચોવીશ ભાગ કરવાં, તેમાં ચાર ભાગનો કોણ, ત્રણ ભાગનો પ્રતિરથ અને પાંચ ભાગનું ભદ્રાર્ધ કરવું, કોણા અને પઢરા ઉપર એક એક શૃંગ અને બે બે તિલક ચઢાવવાં, બાર ઉરૂશૃંગ અને આઠ પ્રત્યંગ ચઢાવવા, આ શીતલ નામનો પ્રાસાદ શીતલજિનને વલ્લભ છે. ॥ ૪૯ થી ૫૧ ॥

શૃંગસંખ્યા–કોણે ૪, પઢરે, ૮, ભદ્રે ૧૨, પ્રત્યંગ ૮ અને એક શિખર કુલ શૃંગ ૩૩, તિલક ૨૪ છે–કોણે ૮ અને પઢરે ૧૬.

### ૧૭ કીર્ત્તિદાયક પ્રાસાદ—

**तद्रूपे तत्प्रमाणे च कर्त्तव्यः पूर्वमानतः ।**
**कर्णोर्ध्वे च द्वयं शृङ्गं प्रासादः कीर्तिदायकः ॥५२॥**

इति कीर्त्तिदायकप्रासादः ॥१७॥

ઉપરના પ્રાસાદ પ્રમાણે માન અને સ્વરૂપ જાણવું, ફેર એટલો કે કોણા ઉપરનું એક તિલક ઘટાડીને તેના બદલે શૃંગ કરવું. આવો કીર્ત્તિદાયક પ્રાસાદ છે. ॥ ૫૨ ॥

શૃંગસંખ્યા–કોણે ૮, પઢરે ૮, ભદ્રે ૧૨, પ્રત્યંગ ૮ અને એક શિખર કુલ ૩૭ શૃંગ અને ૨૦ તિલક–કોણે ૪ અને પઢરે ૧૬.

### ૧૮ મનોહર પ્રાસાદ—

**कर्णे[१] सप्त प्रतिकर्णे पञ्च मनोहरदायकः ।**
**तन्मानं च प्रकर्त्तव्यः स्वरूपो लक्षणान्वितः ॥५३॥**

इति मनोहरप्रासादः ॥१८॥

ઉપરના પ્રાસાદ પ્રમાણે માન અને સ્વરૂપ જાણવું, વિશેષ એકે કોણા ઉપર એક કેસરીક્રમ અને બે શ્રીવત્સ શૃંગ, તથા પઢરા ઉપર એક કેસરીક્રમ ચઢાવવાથી મનોહર નામનો પ્રાસાદ થાય છે. ॥ ૫૩ ॥

શૃંગસંખ્યા કોણે ૨૮, પઢરે ૪૦, ઉરૂશૃંગ ૧૨, પ્રત્યંગ ૮ એક શિખર કુલ શૃંગ ૮૯, તિલકસંખ્યા ૧૬ પઢરા ઉપર.

---

૧ 'कर्णसदृशं प्रतिकर्णे प्रासादश्च मनोहरः ।' પાઠાન્તરે। કીર્ત્તિદાયક પ્રાસાદના કોણા પ્રમાણે પ્રતિકર્ણ ઉપર પણ એક શૃંગ અને તિલક કરવાથી મનોહર નામનો પ્રાસાદ બને છે. શૃંગ સંખ્યા–૪૫ અને તિલક–૪ કોણે, ૮ પઢરે કુલ ૧૨.

१९ श्रेयांसजिन वल्लभ प्रासाद--विभक्ति-११मी

षोडशांशः[1] प्रकर्त्तव्यः कर्णत्रयं रथत्रयम् ।
भद्रार्धे द्विपदं[2] वत्स ! चतुर्दिक्षु नियोजयेत् ॥५४॥
निर्गमं पदमानेन स्वहस्ताङ्गुलमानतः ।
शृङ्गं च तिलकं कर्णे रथे भद्रे चैवोद्गमः ॥५५॥
श्रेयांसवल्लभो नाम प्रासादश्च मनोहरः ।

इति श्रेयांसवल्लभप्रासादः ॥१९॥

પ્રાસાદની સમચોરસ ભૂમિના સોળ ભાગ કરવાં. તેમાં ત્રણ ભાગનો કોણ, ત્રણ ભાગનો પ્રતિરથ અને બે ભાગનું ભદ્રાર્ધ કરવું, આ અંગોનો નીકાળો પદને અનુસારે હસ્તાંગુલ માનનો કરવો, કોણા અને પઢરા ઉપર એક એક શૃંગ અને એક એક તિલક ચઢાવવું. તથા ભદ્રની ઉપર દોઢીઓ કરવો, આવો શ્રેયાંસનાથજિનવલ્લભ નામનો મનોહર પ્રાસાદ છે. ॥ ૫૪ ૫૫ ॥

શૃંગસંખ્યા-કર્ણે ૪, પઢરે ૮ અને એક શિખર કુલ ૧૩ શૃંગ અને ૧૨ તિલક.

૨૦ સુકુલ પ્રાસાદ—

तद्रूपे तत्प्रमाणे च शृङ्गचत्वारि भद्रके ॥५६॥
सुकुलो नाम विज्ञेयः प्रासादो जिनवल्लभः ।

इति सुकुलप्रासादः ॥२०॥

ઉપરના પ્રાસાદ પ્રમાણે આકાર અને માન જાણવું. ફેર એટલો કે ભદ્રની ઉપર એક એક ઉરૂશૃંગ ચઢાવવું, જેથી સુકુલ નામનો પ્રાસાદ થાય છે, તે જિનદેવને વલ્લભ છે. ॥ ૫૬ ॥ શૃંગ ૧૭, તિલક ૧૨.

૨૧ કુલનંદન પ્રાસાદ—

उरःशृङ्गाष्टकं कुर्यात् प्रासादः कुलनन्दनः ॥५७॥

શ્રેયાંસજિન વલ્લભ પ્રાસાદના ભદ્રની ઉપર કુલ આઠ શૃંગ ચઢાવવાથી કુલનંદન નામનો પ્રાસાદ થાય છે. ॥ ૫૭ ॥

શૃંગસંખ્યા-૨૧, તિલક ૧૨.

---

१ 'अष्टादशांशः क्षेत्रे च' । २ 'त्रिपदं' ।

૨૨ વાસુપુજ્ય જિનપ્રાસાદ—વિભક્તિ-૧૨મી

चतुरस्रीकृते क्षेत्रे द्वाविंशपदभाजिते ।
पदानां तु चतुर्भागाः कर्णे चैवं तु कारयेत् ॥५८॥
कोणिका पद्‌मानेन प्रतिरथस्त्रिभागकः ।
नन्दिका भागमानेन भद्रार्धं च द्विभागिकम् ॥५९॥
कर्णे क्रमत्रयं कार्यं प्रतिकर्णे क्रमद्वयम् ।
त्रिकूटं नन्दीकर्ण्योश्च तिलकमूर्ध्वे शोभनम् ॥६०॥
भद्रे शृङ्गत्रयं कार्य-मष्टौ प्रत्यङ्गानि च ।
वासुपूज्यस्तदा नाम वासुपूज्यस्य वल्लभः ॥६१॥

इति वासुपूज्यप्रासादः ॥२२॥

સમચોરસ ભૂમિના બાવીશ ભાગ કરવાં, તેમાં ચાર ભાગનો કોણુ, એક ભાગની કોણી, ત્રણ ભાગનો પઢરો, એક ભાગની નંદી અને બે ભાગનું ભદ્રાર્ધ કરવું. કોણા ઉપર ત્રણ ક્રમ, પઢરા ઉપર બે ક્રમ; નંદી અને કોણી ઉપર એક એક ત્રિકૂટ શૃંગ અને એક એક તિલક, ભદ્રની ઉપર ત્રણ ઉરૂશૃંગ અને કુલ આઠ પ્રત્યંગ ચઢાવવાં, આવો વાસુપૂજ્ય નામનો પ્રાસાદ વાસુપૂજ્યજિનને પ્રિય છે. ॥ ૫૮ થી ૬૧ ॥

શૃંગસંખ્યા-કોણે ૧૦૮, પઢરે ૧૧૨, નંદીએ ૮, કોણીએ ૮, ભદ્રે ૧૨, પ્રત્યંગ ૮ અને એક શિખર કુલ ૨૫૭ શૃગ અને ૧૬ તિલક, બન્ને નંદીઓ ઉપર.

૨૩ રત્નસંજય પ્રાસાદ—

तद्रूपे च प्रकर्त्तव्यः कर्णोर्ध्वे तिलकं न्यसेत् ।
रत्नसंजयनामोऽयं गृहराजसुखावहः ॥६२॥

इति रत्नसंजयप्रासादः ॥२३॥

વાસુપૂજ્ય પ્રાસાદના કોણાના ક્રમો ઉપર એક તિલક ચઢાવે તો રત્નસંજય નામનો પ્રાસાદ થાય છે, આ પ્રાસાદરાજ સુખકારક છે. ॥ ૬૨ ॥

શૃંગસંખ્યા પૂર્વવત્ અને તિલક ૨૦ કોણે ૪ અને બન્ને નંદીએ ૧૬.

૨૪ ધર્મદ પ્રાસાદ—

तद्रूपे तत्प्रमाणे च चतुर्थमुरुशृङ्गकम् ।
धर्मदस्तस्य नामायं पुरे वै धर्मवर्धनः ॥६३॥

इति धर्मदप्रासादः ॥२४॥

રત્નસંજય પ્રાસાદના ભદ્રની ઉપર ચોથું એક એક ઉરૂશૃંગ વધારે ચઢાવે તો ધર્મદ નામનો પ્રાસાદ થાય છે, તે નગરમાં ધર્મને વધારનારો છે. ॥ ६३ ॥

શૃંગસંખ્યા-કોણે १०८, પઢરે ११२, નંદીએ ८, કોણીએ ८, ભદ્રે १६ પ્રત્યંગ ८, અને એક શિખર કુલ २६१ શૃંગ છે, તિલકસંખ્યા २० પૂર્વવત્.

## વિમલવલ્લભ પ્રાસાદ—વિભક્તિ-१३મી

चतुरस्रीकृते क्षेत्रे चतुर्विंशति भाजिते ।
पदेन त्रयभागेन कर्णस्तत्र विधीयते ॥६४॥
तद्वद्ज्ञेयः प्रतिकर्णः कोणिका नन्दिका पदे ।
भद्रार्धे तु चतुर्भागं निर्गमं भागमेव च ॥६५॥
समनिर्गमं रथं ज्ञेयं कर्त्तव्यं चतुरो दिशि ।
कर्णे शृङ्गत्रयं कार्यं प्रतिकर्णे[1] तथैव च ॥६६॥
नन्दिका कोणिकायां च शृङ्गकूटं सुशोभितम् ।
भद्रं चैवोरुचत्वारि चाष्टौ प्रत्यङ्गानि च ॥६७॥
विमलवल्लभनामोऽयं प्रासादो विमलप्रियः ।

इति विमलजिनवल्लभप्रासादः ॥२५॥

પ્રાસાદની સમચોરસ ભૂમિના ચોવીશ ભાગ કરવાં, તેમાં ત્રણ ભાગનો કોણ, ત્રણ ભાગનો પઢરો, કોણી અને નંદી એક એક ભાગ અને ભદ્રાર્ધ ચાર ભાગ એ પ્રમાણે તલ વિભક્તિ જાણવી, ભદ્રનો નિર્ગમ એક ભાગ, કોણ અને પઢરાનો નિર્ગમ સમદલ રાખવો, કોણા ઉપર ત્રણ શૃંગ, પઢરા ઉપર ત્રણ શૃંગ, કોણી ઉપર અને નંદીની ઉપર એક એક શૃંગ, અને એક એક કૂટ ચઢાવવું, પ્રત્યેક ભદ્રની ઉપર ચાર ઉરૂશૃંગ અને આઠ પ્રત્યંગો ચઢાવવાં, આ વિમલજિન વલ્લભ નામનો પ્રાસાદ વિમલજિનને પ્રિય છે. ॥ ६४ થી ६७ ॥

શૃંગસંખ્યા કોણે १२, પઢરે २४, નંદીએ ८, કોણીએ ८, ભદ્રે १६, પ્રત્યંગ ८ અને એક શિખર એવં કુલ ७७ શૃંગ

## २६ મુક્તિદ પ્રાસાદ—

तद्रूपे च प्रकर्त्तव्यो रथे तिलकं दापयेत् ॥६८॥
कर्णिकायां च द्वे शृङ्गे प्रासादो जिनवल्लभः ।
मुक्तिदो नाम विज्ञेयो भुक्तिमुक्तिप्रदायकः ॥६९॥

इति मुक्तिदप्रासादः ॥२६॥

१ 'द्वयं च द्वि' ।

વિમલજિન વલ્લભ નામના પ્રાસાદના પઢરા ઉપર એક એક તિલક ચઢાવવું અને કોણીની ઉપર કૂટને બદલે શૃંગ ચઢાવવું અર્થાત્ બે શૃંગ કરવાં, જેથી મુક્તિદ નામનો પ્રાસાદ થાય છે, આ બધાં જિનદેવને વલ્લભ છે અને ભોગ સામગ્રી વૈભવાદિને અને મુક્તિને આપનારો છે. ॥ ૬૯ ॥

શૃંગસંખ્યા–કોણે ૧૨, પઢરે ૨૪, નંદીએ ૮, કોણીએ ૧૬, ભદ્રે ૧૬, પ્રત્યંગ ૮ અને એક શિખર કુલ ૮૫ શૃંગ, અને ૮ તિલક પ્રતિરથે.

## ૨૭ અનંતજિન પ્રાસાદ—વિભક્તિ–૧૪મી

चतुरस्रीकृते क्षेत्रे विंशतिपदभाजिते ।
त्रीणि त्रीणि ततस्त्रीणि नन्दीपदेति भद्रके ॥७०॥
निर्गमं पदमानेन त्रिषु स्थानेषु भद्रके ।
कर्णे क्रमत्रयं कार्यं रथोर्ध्वे तत्समं भवेत् ॥७१॥
भद्रे चैवोरुचत्वारि नन्दिकायां क्रमद्वयम् ।
अनन्तजिनप्रासादो धनपुण्यश्रियं भवेत् ॥७२॥

इति अनन्तजिनप्रासादः ॥२७॥

પ્રાસાદની સમચોરસ ભૂમિના વીશ ભાગ કરવાં, તેમાં ત્રણ ભાગનો કોણ, ત્રણ ભાગનો પઢરો, ત્રણ ભાગનું ભદ્રાર્ધ અને એક ભાગની ભદ્ર નંદી કરવી, એ અંગોનો નીકાળો એક ભાગનો કરવો. કોણા ઉપર અને પઢરા ઉપર ત્રણ ક્રમ, ભદ્રની ઉપર ચાર ઉરૂશૃંગ, અને નંદીની ઉપર બે ક્રમ ચઢાવવાં, આવો અનંતજિન નામનો પ્રાસાદ છે, તે ધન અને પુણ્યરૂપી લક્ષ્મીને આપનારો છે. ॥ ૭૦ થી ૭૨ ॥

શૃંગસંખ્યા–કોણે ૧૦૮, પઢરે ૨૧૬, નંદીએ ૧૧૨, ભદ્રે ૧૬ અને એક શિખર કુલ ૪૫૩ શૃંગ.

## ૨૮ સુરેન્દ્ર પ્રાસાદ—

अनन्तस्य संस्थाने रथोर्ध्वे तिलकं न्यसेत् ।
सुरेन्द्रो नाम विज्ञेयः सर्वदेवेषु वल्लभः ॥७३॥

इति सुरेन्द्रनामप्रासादः ॥२८॥

અનંતજિન પ્રાસાદના પઢરા ઉપર એક એક તિલક ચઢાવે તો સુરેન્દ્ર નામનો પ્રાસાદ થાય છે, આ સર્વે દેવોને વલ્લભ છે. ॥ ૭૩ ॥

શૃંગસંખ્યા–પૂર્વવત્ ૪૫૩ અને તિલક ૮ પ્રરથે.

२९ ધર્મનાથજિન પ્રાસાદ—વિભક્તિ ૧૫મી.

चतुरस्रीकृते क्षेत्रे चाष्टाविंशतिभाजिते ।
कर्णं रथं च भद्रार्धं युगभागं विधीयते ॥७४॥
निर्गमं तत्प्रमाणेन द्विभागा नन्दीकोणिका ।
केसरीं सर्वतोभद्रं रथे कर्णे च दापयेत् ॥७५॥
तदूर्ध्वे तिलकं देयं सर्वशोभान्वितं कृतम् ।
नन्दिकाः-कर्णिकायां च शृङ्गोर्ध्वे शृङ्गमुत्तमम् ॥७६॥
भद्रे चैवोरुचत्वारि चाष्टौ प्रत्यङ्गानि च ।
धर्मदो नाम विख्यातः पुरे धर्मविवर्धनः ॥७७॥

इति धर्मनाथजिनप्रासादः ॥२९॥

પ્રાસાદની સમચોરસ ભૂમિના અઠ્ઠાવીશ ભાગ કરવાં, તેમાં ચાર ભાગનો કોણ, ચાર ભાગનો પ્રતિરથ, ચાર ભાગનું ભદ્રાર્ધ, એક ભાગની કોણી અને એક ભાગની નંદી, એ પ્રમાણે તલ વિભક્તિ કરવી, એ બધાં અંગો સમદલ રાખવાં, કોણે અને પઢરે કેસરી અને સર્વતોભદ્ર એ બે ક્રમ ચઢાવવાં અને તેની ઉપર શોભાયમાન એક એક તિલક ચઢાવવું, કોણી અને નંદી ઉપર બે બે શૃંગ ચઢાવવાં, ભદ્રની ઉપર ચાર ચાર ઉરૂશૃંગ કરવાં. અને આઠ પ્રત્યંગ ચઢાવવાં, આવો ધર્મને દેવાવાળો ધર્મદ નામનો પ્રાસાદ નગરમાં ધર્મની વૃદ્ધિ કરનારો છે, તે ધર્મનાથજિન દેવને માટે કરવો. ॥ ૭૪ થી ૭૭ ॥

શૃંગસંખ્યા–કોણે ૫૬, પઢરે ૧૧૨, કોણીએ ૧૬, નંદીએ ૧૬, ભદ્રે ૧૬, પ્રત્યંગ-૮ અને એક શિખર કુલ ૨૨૫ શૃંગ અને ૧૨ તિલક-૪ કોણે, ૮ પઢરે.

૩૦ ધર્મવૃક્ષ પ્રાસાદ—

तद्रूपे तत्प्रमाणे च कर्त्तव्यः सर्वकामदः ।
रथोर्ध्वे च कृते शृङ्गे धर्मवृक्षोऽयं नामतः ॥७८॥

इति धर्मवृक्षनामप्रासादः

ઉપરના ધર્મદ નામના પ્રાસાદના પઢરા ઉપર તિલકના બદલે એક શૃંગ ચઢાવવાથી ધર્મવૃક્ષ નામનો પ્રાસાદ થાય છે. ॥ ૭૮ ॥

શૃંગસંખ્યા–પૂર્વવત્ ફક્ત પઢરે ૧૨૦ શૃંગ કુલ ૨૩૩ જાણવા, તિલક-૪ કોણે, ૮ પઢરે.

## ૩૧ શાંતિનાથ અથવા શ્રીલિંગ પ્રાસાદ—વિભક્તિ ૧૬મી.



चतुरस्रीकृते क्षेत्रे द्वादशांशविभाजिते ।
कर्णो भागद्वयं कार्यः प्रतिकर्णस्तथैव च ॥७९॥
भद्रार्धं सार्धभागेन नन्दिका चार्धभागिका ।
कर्णे क्रमद्वयं कार्यं प्रतिकर्णे तथैव च ॥८०॥
नन्दिकायां श्रृङ्गकूट-मुरुश्रृङ्गाणि द्वादश ।
शान्तिनामश्च विज्ञेयः सर्वदेवेभ्यः कारयेत् ॥८१॥
श्रीलिङ्गश्च तदा नाम श्रीपतिषु सुखावहः ।

इति शान्तिवल्लभश्रीलिङ्गप्रासादः ॥३१॥

પ્રાસાદની સમચોરસ ભૂમિના બાર ભાગ કરવાં, તેમાં બે ભાગનો કોણો, બે ભાગનો પઢરો, દોઢ ભાગનું ભદ્રાર્ધ અને અરધા ભાગની ભદ્રનંદી, એ પ્રમાણે તલ વિભક્તિ જાણવી, કોણા ઉપર અને પઢરા ઉપર બે બે ક્રમ ચઢાવવાં, ભદ્રની નંદી ઉપર એક શૃંગ અને એક કૂટ કરવું, ભદ્રની ચારે બાજુના મળી ૧૨ ઉરૂશૃંગો ચઢાવવાં, આવો શાંતિ નામનો પ્રાસાદ સર્વ દેવોને માટે કરવો, આ પ્રાસાદનું બીજું નામ શ્રીલિંગ પ્રાસાદછે, તે વિષ્ણુને સુખદાયક છે. ॥ ૭૯ થી ૮૧ ॥

શૃંગસંખ્યા-કોણે ૫૬, પઢરે ૧૧૨, નંદીએ ૮, ભદ્રે ૧૨ અને એક શિખર કુલ ૧૮૯ શૃંગ અને ૮ કૂટ નંદી ઉપર.

## ૩૨ કામદાયક પ્રાસાદ—

उरुश्रृङ्गं पुनर्दद्यात् प्रासादः कामदायकः ॥८२॥

इति कामदायकप्रासादः ॥३२॥

ઉપરના શાંતિ પ્રાસાદના ભદ્રની ઉપર એક એક ઉરૂશૃંગ અધિક વધારવાથી કામદાયક નામનો પ્રાસાદ થાય છે. ॥ ૮૨ ॥ શૃંગસંખ્યા—૧૯૩.

### ૩૩ કુંથુનાથ વલ્લભ કુમુદ પ્રાસાદ—વિભકિત ૧૭મી.

चतुरस्रीकृते क्षेत्रे चाष्टभागविभाजिते ।
कर्णः स्यादेकभागश्च प्रतिकर्णस्तथैव च ॥८३॥
नन्दिका चैव भागार्धा त्रिपदं भद्रविस्तरम् ।
निर्गमं पदमानेन स्थापयेच्च चतुर्दिशि ॥८४॥
कर्णे च केसरीं दद्यात् तदूर्ध्वे तिलकं न्यसेत् ।
तत्सदृशं प्रतिकर्णे नन्द्यां तु तिलकं न्यसेत् ॥८५॥
भद्रे[1] च शृङ्गमेकं तु कुमुदो नाम नामतः ।
वल्लभः सर्वदेवानां जिनेन्द्रकुंथुवल्लभः ॥८६॥

इति कुंथुनाथवल्लभः कुमुदप्रासादः ॥३३॥

પ્રાસાદની સમચોરસ ભૂમિના આઠ ભાગ કરવાં, તેમાં એક ભાગનો કોણ, એક ભાગનો પઢરો, અર્ધા ભાગની ભદ્રનંદી અને દોઢ ભાગનું ભદ્રાર્ધ કરવું, તેનો નીકાળો એક ભાગનો કરવો, આ પ્રમાણે ચારે દિશામાં વ્યવસ્થા કરવી, કોણા ઉપર અને પઢરા ઉપર એક એક કેસરી શૃંગ અને તેની ઉપર એક એક તિલક ચઢાવવું, ભદ્રનંદીની ઉપર એક તિલક કરવું, અને ભદ્રની ઉપર એક ઉરૂશૃંગ ચઢાવવું, આ કુમુદ નામનો પ્રાસાદ સર્વ દેવોને પ્રિય છે, તેમાં કુંથુનાથ જિનદેવને વિશેષ પ્રિય છે. ॥ ૮૫ થી ૮૬ ॥

શૃંગસંખ્યા-કોણે ૨૦, પઢરે ૪૦, ભદ્રે ૪ અને એક શિખર કુલ ૬૫ શૃંગ અને કોણે ૪, પઢરે ૮ અને નંદીએ ૮ એ પ્રમાણે કુલ ૨૦ તિલક

### ૩૪ શકિતદ પ્રાસાદ--

तद्रूपं च प्रकर्त्तव्यं रथे तिलकं दापयेत् ।
शक्तिदो नाम विज्ञेयः श्रीदेवीषु सुखावहः ॥८७॥

इति शक्तिदप्रासादः ॥३४॥

ઉપરના કુમુદ પ્રાસાદના પઢરા ઉપર એક તિલક ફરી ચઢાવે તો શક્તિદ નામનો પ્રાસાદ થાય છે, તે લક્ષ્મીદેવીને સુખકારક છે. ॥ ૮૭ ॥

શૃંગસંખ્યા-પૂર્વવત્ ૬૫ અને ૨૮ તિલક.

---

[1] 'भद्रे शृङ्गद्वयं कार्यं' ।

३५ હર્ષણ પ્રાસાદ—

कर्णोर्ध्वे शृङ्गं दातव्यं प्रासादो हर्षणस्तथा ।

इति हर्षणप्रासादः ॥३५॥

શક્તિદ પ્રાસાદના કોણા ઉપર એક શૃંગ વધારે ચઢાવે તો હર્ષણ નામનો પ્રાસાદ થાય છે.

શૃંગસંખ્યા-કર્ણે ૨૪ બાકી પૂર્વવત્ કુલ ૬૯ શૃંગ અને તિલક ૨૮ પૂર્વવત્.

૩૬ ભૂષણ પ્રાસાદ—

कर्णोर्ध्वे तिलकं दद्यात् प्रासादो भूषणस्तथा ॥८८॥

इति भूषणप्रासादः ॥३६॥

હર્ષણ પ્રાસાદના કોણા ઉપર એક તિલક અધિક ચઢાવે તો ભૂષણ નામનો પ્રાસાદ થાય છે. ॥ ૮૮ ॥ શૃંગસંખ્યા-પૂર્વવત્ ૬૯ અને તિલક ૩૨.

૩૭ અરનાથજિન વલ્લભ-કમલકંદ પ્રાસાદ—વિભક્તિ ૧૮મી.

चतुरस्रीकृते क्षेत्रे चाष्टभागविभाजिते ।
कर्णो द्विभागिको ज्ञेयो भद्रार्धं च द्विभागिकम् ॥८९॥
कर्णे च शृङ्गमेकं तु केसरी च विधीयते ।
भद्रे चैवोद्गमः कार्यो जिनेन्द्रे चारनाथके ॥९०॥
इति त्वं विद्धि भो वत्स ! प्रासादो जिनवल्लभः ।
कमलकन्दनामोऽयं जिनशासनमार्गतः ॥९१॥

इति अरिनाथजिनवल्लभः कमलकन्दप्रासादः ॥३७॥

પ્રાસાદની સમચોરસ ભૂમિના આઠ ભાગ કરવાં, તેમાં બે ભાગનો ખૂણો અને બે ભાગનું ભદ્રાર્ધ કરવું, કોણા ઉપર એક કેસરી શૃંગ ચઢાવવું અને ભદ્રની ઉપર દોઢીઓ કરવો, એવો અરનાથ જિનવલ્લભ કમલકંદ નામનો પ્રાસાદ છે. ॥ ૮૯ થી ૯૧ ॥

શૃંગસંખ્યા-કોણે ૨૦ એક શિખર કુલ-૨૧ શૃંગ.

૩૮ શ્રીશૈલ પ્રાસાદ—

कर्णे च तिलकं ज्ञेयं श्रीशैल ईश्वरप्रियः ।

इति श्रीशैलप्रासादः ॥३८॥

કમલકંદ પ્રાસાદના કોણા ઉપર એક તિલક વધારવું, તો શ્રીશૈલ નામનો પ્રાસાદ થાય છે; તે ઈશ્વરને પ્રિય છે.

શૃંગસંખ્યા-પૂર્વવત્ ૨૧ અને તિલક ૪ કોણે.

### ૩૯ અરિનાશન પ્રાસાદ—

भद्रे चैवोरुचत्वारि प्रासादस्त्वरिनाशनः ॥९२॥

इति अरिनाशनप्रासादः ॥३९॥

શ્રીશૈલ પ્રાસાદના ભદ્રની ઉપર એક એક ઉરૂશૃંગ ચારે દિશામાં ચઢાવે તો અરિનાશન નામનો પ્રાસાદ થાય છે. ॥ ૯૨ ॥

શૃંગસંખ્યા–કોણે ૨૦, ભદ્રે ૪ અને એક શિખર કુલ ૨૫ શૃંગ અને તિલક ૪ કોણે.

### ૪૦ શ્રી મલ્લિજિન વલ્લભ-મહેન્દ્ર પ્રાસાદ—વિભક્તિ ૧૯મી.

चतुरस्त्रीकृते क्षेत्रे द्वादशपदभाजिते ।
कर्णो भागद्वयं कार्यः प्रतिरथश्च सार्धकः ॥९३॥

सार्धभागकं भद्रार्धे चार्धा नन्दीद्वयं भवेत् ।
कर्णे क्रमद्वयं कार्यं प्रतिरथे तथैव च ॥९४॥

द्वादश उरुशृङ्गाणि स्थापयेच्च चतुर्दिशि ।
महेन्द्रनामः प्रासादो जिनेन्द्रमल्लिवल्लभः ॥९५॥

इति मल्लिजिनवल्लभो महेन्द्रप्रासादः ॥४०॥

પ્રાસાદની સમચોરસ ભૂમિના બાર ભાગ કરવાં, તેમાં બે ભાગનો કોણ, દોઢ ભાગનો પ્રતિરથ, દોઢ ભાગનું ભદ્રાર્ધ, અને બે ભદ્રનંદી અરધો અરધો ભાગ, આ પ્રમાણે તલ વિભક્તિ જાણવી, કોણા ઉપર અને પઢરા ઉપર કેસરી અને સર્વતોભદ્ર, એ બે ક્રમ ચઢાવવાં, ભદ્રની ઉપર કુલ બાર ઉરૂશૃંગ ચઢાવવાં. આવી જાતનો મહેન્દ્ર નામનો પ્રાસાદ છે, તે મલ્લિજિનેન્દ્રને પ્રિય છે. ॥ ૯૩ થી ૯૫ ॥

શૃંગસંખ્યા–કોણે ૫૬, પઢરે ૧૧૨, ભદ્રે ૧૨ અને એક શિખર કુલ ૧૮૧ શૃંગ.

### ૪૧ માનવેન્દ્ર પ્રાસાદ—

रथोर्ध्वे तिलकं दद्यात् मानवेन्द्रोऽथ नामतः ।

इति मानवेन्द्रप्रासादः ॥४१॥

ઉપરના મહેન્દ્ર પ્રાસાદના પ્રતિરથ ઉપર એક એક તિલક પણ ચઢાવે તો માનવેન્દ્ર નામનો પ્રાસાદ થાય છે. શૃંગસંખ્યા પૂર્વવત્ ૧૮૧ અને તિલક ૮ પઢરે.

४२ પાપનાશન પ્રાસાદ—

कर्णोर्ध्वे तिलकं दद्यात् प्रासादः पापनाशनः ॥९६॥

इति पापनाशनप्रासादः ॥४२॥

ઉપરના માનવેન્દ્ર પ્રાસાદના કોણા ઉપર એક એક તિલક ચઢાવે તો પાપનાશન નામનો પ્રાસાદ થાય છે. ॥ ૯૬ ॥ શૃંગસંખ્યા પૂર્વવત્ ૧૮૧ અને તિલક ૧૨, કોણે ૪ પઢરે ૮.

૪૩ માનસતુષ્ટિનામના મુનિસુવ્રત પ્રાસાદ—વિભકિત ૨૦મી.

चतुरस्रीकृते क्षेत्रे चतुर्दशविभाजिते ।
बाहुद्वयं रथकर्णौ भद्रार्धं त्रयभागिकम् ॥९७॥
श्रीवत्सं केसरीं देयं कर्णे रथे क्रमद्वयम् ।
द्वादशैवोरुशृङ्गाणि स्थापयेच्च चतुर्दिशि ॥९८॥
मानसतुष्टिनामोऽयं प्रासादो मुनिसुव्रतः ।

इति मानसतुष्टिनाममुनिसुव्रतप्रासादः ॥४३॥

પ્રાસાદની સમચોરસ ભૂમિના ચૌદ ભાગ કરવાં, તેમાં બે ભાગનો કોણ, બે ભાગનો પઢરો અને ત્રણ ભાગનું ભદ્રાર્ધ કરવું, કોણા અને પઢરા ઉપર કેસરી ક્રમ અને શ્રીવત્સ શૃંગ ચઢાવવું, ભદ્રની ઉપર ચારે દિશાના મળી કુલ બાર ઉરૂશૃંગ ચઢાવવાં, આ માનસતુષ્ટિ નામનો મુનિસુવ્રત પ્રાસાદ છે. ॥ ૯૭ ૯૮ ॥ શૃંગસંખ્યા-કોણે ૨૪, પઢરે ૪૮, ભદ્રે ૧૨ અને એક શિખર કુલ ૮૫ શૃંગ.

૪૪ મનોલ્યાચંદ્ર પ્રાસાદ—

तद्रूपे रथे तिलकं मनोल्याचन्द्र[1]नामतः ॥९९॥

इति मनोल्याचन्द्रप्रासादः ॥४४॥

ઉપરના માનસતુષ્ટિ પ્રાસાદના પ્રતિરથ ઉપર એક એક તિલક ચઢાવે તો મનોલ્યાચંદ્ર નામનો પ્રાસાદ થાય છે. ॥ ૯૯ ॥ શૃંગસંખ્યા પૂર્વવત્ ૮૫ અને તિલક ૮ પઢરે.

---

1 'मनोह्लासदो ।'

### ૪૫ શ્રીભવ પ્રાસાદ—

मनोल्याचन्द्रसंस्थाने कर्णे न्यसेद् द्विकेसरीम् ।
श्रीभवनामो विज्ञेयः कर्त्तव्यश्च त्रिमूर्त्तये ॥१००॥

इति श्रीभवनामप्रासादः ॥४५॥

મનોલ્યાચંદ્ર પ્રાસાદના કોણા ઉપર શ્રીવત્સ શૃંગના બદલે કેસરી ક્રમ ચઢાવવું, અર્થાત્ બે કેસરી ક્રમ હોય તો શ્રીભવ નામનો પ્રાસાદ થાય છે, તે ત્રિમૂર્ત્તિ (બ્રહ્મા, વિષ્ણુ અને શિવ)ને માટે બનાવવો. ॥ ૧૦૦ ॥

શૃંગસંખ્યા–કર્ણે ૪૦, બાકી પૂર્વવત્ કુલ ૧૦૧ શૃંગ અને તિલક ૮ પઢરે.

### ૪૬ નમિનાથજિન પ્રાસાદ—વિભક્તિ ૨૧મી. ૧.

चतुरस्त्रीकृते क्षेत्रे षोडशपदभाजिते ।
कर्णौ भागत्रयं कार्यः प्रतिकर्णौ द्विभागिकः ॥१०१॥
भद्रार्धं त्रिभागं ज्ञेयं चतुर्दिक्षु व्यवस्थितम् ।
क्रमद्वयं रथे कर्णे ऊर्ध्वं तिलकशोभनम् ॥१०२॥
भद्रे चैवोरुचत्वारि स्थापयेच्च चतुर्दिशि ।
नमिशृङ्गश्च नामायं प्रासादो नमिवल्लभः ॥१०३॥

इति नमिजिनवल्लभप्रासादः ॥४६॥

પ્રાસાદની સમચોરસ ભૂમિના સોળ ભાગ કરવાં, તેમાં ત્રણ ભાગનો કોણ, બે ભાગનો પ્રતિરથ, અને ત્રણ ભાગનું ભદ્રાર્ધ કરવું, કોણા ઉપર અને પઢરા ઉપર કેસરી અને સર્વતોભદ્ર એ બે ક્રમ ચઢાવવાં અને તેની ઉપર એક તિલક ચઢાવવું, ભદ્રની ઉપર ચારે દિશામાં ચાર ઉરૂશૃંગ ચઢાવવાં, આવી જાતનો નમિશૃંગ નામનો પ્રાસાદ શ્રીનમિનાથજિનને વલ્લભ છે. ॥ ૧૦૧ થી ૧૦૩ ॥

શૃંગસંખ્યા–કોણે ૫૬, પઢરે ૧૧૨, ભદ્રે ૪ અથવા ૧૬ અને એક શિખર કુલ ૧૭૩ અથવા ૧૮૫ શૃંગ અને તિલકે–કોણે ૪ પઢરે ૮ કુલ ૧૨ તિલક.

### ૪૭ સુમતિકીર્ત્તિ પ્રાસાદ—વિભક્તિ ૨૧મી. ૨.

चतुरस्त्रीकृते क्षेत्रे षड्विंशपदभाजिते ।
कर्णो भागाश्च चत्वारः प्रतिकर्णस्तथैव च ॥१०४॥
भद्रं दिग्भागिकं ज्ञेयं चतुर्दिक्षु व्यवस्थितम् ।
कर्णे क्रमत्रयं कार्यं प्रतिकर्णे क्रमद्वयम् ॥१०५॥

द्वादशैवोरुशृङ्गाणि प्रत्यङ्गानि द्वात्रिंशकम् ।
मन्दिरं प्रथमं कर्म सर्वतोभद्रमेव च ॥१०६॥
केसरीं तृतीयं कर्म ऊर्ध्वे मञ्जरी शोभिता ।
सुमतिकीर्त्तिनामोऽयं नमिनाथस्य वल्लभः ॥१०७॥

इति नमिजिनवल्लभः सुमतिकीर्त्तिप्रासादः ॥४७॥

પ્રાસાદની સમચોરસ ભૂમિના છવ્વીશ ભાગ કરવાં, તેમાં ચાર ભાગનો કોણ, ચાર ભાગનો પ્રતિરથ અને પાંચ ભાગનું ભદ્રાર્ધ કરવું, કોણાની ઉપર ત્રણ ક્રમ, પઢરા ઉપર બે ક્રમ, ભદ્રની ઉપર કુલ બાર ઉરૂશૃંગ અને બત્રીશ પ્રત્યંગો કરવાં, કોણા ઉપર પ્રથમ મંદિર, બીજું સર્વતોભદ્ર અને ત્રીજું કેસરી કર્મ કરવું, તેની ઉપર મંજરી (શિખર) કરવી, આ સુમતિકીર્ત્તિ નામનો પ્રાસાદ નમિનાથજિનને વલ્લભ છે. ॥ ૧૦૪ થી ૧૦૭ ॥

શૃંગસંખ્યા-કોણે ૧૫૬, પઢરે ૧૧૨, ભદ્રે ૧૨, પ્રત્યંગ ૩૨ અને એક શિખર એવં કુલ ૩૧૩ શૃંગ છે. જો પઢરા ઉપર મંદિર અને સર્વતોભદ્ર યે બે ક્રમ રાખવામાં આવે તો શૃંગસંખ્યા-કોણે ૧૫૬, પઢરે ૨૭૨, ભદ્રે ૧૨ પ્રત્યંગ ૩૨, એક શિખર કુલ ૪૭૩ શૃંગ જાણવાં.

### ૪૮ સુરેન્દ્ર પ્રાસાદ—

तद्रूपं च प्रकर्त्तव्यं रथे शृङ्गं च दापयेत् ।
सुरेन्द्र इति नामायं प्रासादः सुरवल्लभः ॥१०८॥

इति सुरेन्द्रनामप्रासादः ॥४८॥

ઉપરના સુમતિકીર્ત્તિ પ્રાસાદના પઢરા ઉપર એક શૃંગ વધારે ચઢાવવાથી સુરેન્દ્ર નામનો પ્રાસાદ થાય છે, તે દેવોને પ્રિય છે. ॥ ૧૦૮ ॥ શૃંગસંખ્યા-કોણે ૧૫૬, પઢરે ૧૨૦, ભદ્રે ૧૨ પ્રત્યંગ ૩૨ એક શિખર કુલ ૩૨૧ શૃંગ.

### ૪૯ રાજેન્દ્ર પ્રાસાદ—

तद्रूपं च प्रकर्त्तव्यमुरःशृङ्गाणि[1] षोडश ।
पूजनाल्लभते राज्यं स्वर्गे चैवं महीतले ॥१०९॥

इति राजेन्द्रप्रासादः ॥४९॥

1 'शुकशृंगं च पञ्चमम्' । પાઠાન્તરે ।

સુરેન્દ્ર પ્રાસાદના ભદ્રની ઊપર કુલ સોળ ઉરૂશૃંગ ચઢાવવાથી રાજેન્દ્ર નામને પ્રાસાદ થાય છે, તેને પૂજવાથી સ્વર્ગમાં અને પૃથ્વી ઉપર રાજ્ય મળે છે. ॥ ૧૦૯ ॥

શૃંગસંખ્યા–ભદ્રે ૧૬ બાકી પૂર્વવત્ કુલ ૩૨૫ શૃંગ.

## ૫૦ નેમિનાથ જિનવલ્લભ નેમેન્દ્રેશ્વર પ્રાસાદ—વિભક્તિ ૨૨મી.

चतुरस्रीकृते क्षेत्रे द्वाविंशपदभाजिते ।
बाहुरिन्दुर्युग्मरूप–द्वीन्दुभागाः क्रमेण च ॥११०॥

भद्रार्धं च द्वयं भागं स्थापयेत्तु चतुर्दिशि ।
केसरीं सर्वतोभद्रं कर्णे चैवं क्रमद्वयम् ॥१११॥

केसरीं तिलकं चैव रथोर्ध्वं तु प्रकीर्त्तितम् ।
कर्णिका नन्दिकायां च शृङ्गं च तिलकं न्यसेत् ॥११२॥

भद्रे चैवोरुचत्वारि प्रत्यङ्गानि च षोडश ।
नेमेन्द्रेश्वरनामोऽयं प्रासादो नेमिवल्लभः ॥११३॥

इति नेमेन्द्रेश्वरप्रासादः ॥५०॥

પ્રાસાદની સમચોરસ ભૂમિના બાવીશ ભાગ કરવાં, તેમાં બે ભાગનો કોણ, એક ભાગની કોણી, બે ભાગનો પ્રતિરથ, એક ભાગની કોણી, બે ભાગનો ઉપરથ, એક ભાગની નંદી અને બે ભાગનું ભદ્રાર્ધ કરવું, કોણાની ઉપર કેસરી અને સર્વતોભદ્ર એ બે ક્રમ ચડાવવાં, પ્રતિરથ અને ઉપરથ ઉપર એક કેસરીક્રમ અને એક તિલક ચઢાવવું, કોણી અને નંદીએ ઉપર એક એક શૃંગ અને એક એક તિલક ચઢાવવું, ભદ્રની ઉપર ચાર ઉરૂશૃંગ, અને સોળ પ્રત્યંગ ચઢાવવાં, આવો સુંદર નેમેન્દ્રેશ્વર નામનો પ્રાસાદ શ્રીનેમિનાથજિનને પ્રિય છે. ॥ ૧૧૦ થી ૧૧૩ ॥

શૃંગસંખ્યા–કર્ણે ૫૬, કર્ણિકાએ ૮, પઢરે ૪૦, કોણી ૮, ઉપરથે ૪૦, નંદીએ ૮, ભદ્રે ૧૬, પ્રત્યંગ ૧૬, એક શિખર કુલ ૧૯૩ શૃંગ, તિલક–રથે ઉપરથે ૧૬, ત્રણે નંદીએ ૨૪ કુલ ૪૦ તિલક.

## ૫૧ યતિભૂષણ પ્રાસાદ—

तत्तुल्यं तत्प्रमाणं च रथे शृङ्गं च दापयेत् ।
वल्लभः सर्वदेवानां प्रासादो यतिभूषणः ॥११४॥

इति यतिभूषणप्रासादः ॥५१॥

નેમેન્દ્રેશ્વર પ્રાસાદના પ્રતિરથ અને ઉપરથ ઉપરથી તિલક કાઢી નાંખીને તેને બદલે એક એક શૃંગ ચઢાવવું, જેથી યતિભૂષણ નામનો પ્રાસાદ થાય છે. તે સર્વ દેવોને પ્રિય છે. ॥ ૧૧૪ ॥

શૃંગસંખ્યા—ઉપરથે ૪૮, પ્રતિરથે ૪૮ બાકી પૂર્વવત્ કુલ ૨૦૯ શૃંગ, તિલક ત્રણે નંદીએ ૨૪.

## ૫૨ સુપુષ્પ પ્રાસાદ—



**तद्रूपं तत्प्रमाणं च रथे दद्याच्च केसरीम् ।**
**सुपुष्पो नाम विज्ञेयः प्रासादः सुरवल्लभः ॥११५॥**

इति सुपुष्पनामप्रासादः ॥५२॥

નેમેન્દ્રેશ્વવર પ્રાસાદના પ્રતિરથ અને ઉપરથ ઉપર તિલકને બદલે એક એક કેસરીક્રમ ચઢાવવાથી સુપુષ્પનામનો પ્રાસાદ થાય છે, તે દેવોને પ્રિય છે. ॥ ૧૧૫ ॥

શૃંગસંખ્યા—પઢરે ૮૦, ઉપરથે ૮૦ બાકી પૂર્વવત્ કુલ ૨૭૩ શૃંગ અને ત્રણે નંદીએ કુલ ૨૪ તિલક.

## ૫૩ પાર્શ્વવલ્લભ પ્રાસાદ—વિભક્તિ ૨૩મી.

**चतुरस्रीकृते क्षेत्रे षड्विंशतिविभाजिते[1] ।**
**कर्णास्तु गर्भपर्यन्तं विभागानां तु लक्षणम् ॥११६॥**

**वेदरूपगुणेन्दवो[2] भद्रार्धं तु चतुष्पदम् ।**
**श्रीवत्सं केसरीं चैव रथे कर्णे च दापयेत् ॥११७॥**
**कर्णिकायां ततः शृङ्ग-मष्टौ प्रत्यङ्गानि च ।**
**भद्रे चैवोरुचत्वारि प्रासादः पार्श्ववल्लभः ॥११८॥**

इति पार्श्ववल्लभप्रासादः ॥५३॥

પ્રાસાદની સમચોરસ ભૂમિના છવ્વીશ ભાગ કરવાં, તેમાં ચાર ભાગનો કોણ, એક ભાગની કોણી, ત્રણ ભાગનો પ્રતિરથ, એક ભાગની નંદી અને ભદ્રાર્ધ ચાર ભાગ, એ

१ 'अष्टाविंशति' । પાઠાન્તરે । २ 'द्वय' ।

પ્રમાણે તલ વિભક્તિ જાણવી, કોણા અને પઢરાની ઉપર એક એક કેસરીક્રમ અને એક એક શ્રીવત્સશૃંગ ચઢાવવું, કોણી અને નંદીની ઉપર એક એક શૃંગ ચઢાવવું, આઠ પ્રત્યંગ અને ભદ્રની ઉપર ચાર ચાર ઉરૂશૃંગ ચઢાવવાં, એવો પાર્શ્વનાથ વલ્લભ નામનો પ્રાસાદ છે. ॥ ૧૧૬ થી ૧૧૮ ॥

શૃંગસંખ્યા–કોણે ૨૪, પઢરે ૪૮, ભદ્રે ૧૬, કોણીએ ૮, નંદીએ ૮, પ્રત્યંગ ૮ અને એક શિખર કુલ ૧૧૩ શૃંગ.

**૫૪ પદ્માવતી પ્રાસાદ—**

**कर्णे च तिलकं दद्यात् प्रासादस्तत्स्वरूपकः ।**
**पद्मावती च नामेति प्रासादो देवीवल्लभः ॥११९॥**

इति पद्मावतीप्रासादः ॥५४॥

પાર્શ્વવલ્લભ પ્રાસાદના કોણાની ઉપર એક એક તિલક પણ ચઢાવે તો પદ્માવતી નામનો પ્રાસાદ થાય છે, તે દેવીને વલ્લભ છે. ॥ ૧૧૯ ॥

શૃંગસંખ્યા પૂર્વવત્ ૧૧૩ અને તિલક ૪ કોણે.

**૫૫ રૂપવલ્લભ પ્રાસાદ—**

**तद्रूपं च प्रकर्त्तव्यं प्रतिकर्णे कर्णसादृशम् ।**
**जिनेन्द्रायतनं चैव प्रासादो रूपवल्लभः ॥१२०॥**

इति रूपवल्लभप्रासादः ॥५५॥

પદ્માવતી પ્રાસાદના પ્રતિકર્ણ ઉપર એક એક તિલક ચઢાવવાથી રૂપવલ્લભ નામનો જિનેન્દ્ર પ્રાસાદ થાય છે. ॥ ૧૨૦ ॥

શૃંગસંખ્યા–પૂર્વવત્ ૧૧૩ અને તિલક ૧૨, કોણે ૪, પઢરે ૮.

**૫૬ વીરવિક્રમ–મહીધર પ્રાસાદ–વિભક્તિ ૨૪મી.**

**चतुरस्त्रीकृते क्षेत्रे चतुर्विंशतिभाजिते ।**
**कर्णस्त्रीभागिको ज्ञेयः प्रतिकर्णश्च तत्समः ॥१२१॥**
**श्रीवत्सं केसरीं चैव सर्वतोभद्रमेव च ॥१२२॥**

**रथे कर्णे च दातव्य–मष्टौ प्रत्यङ्गानि च ।**
**भद्रे चैवोरुचत्वारि कर्णिकायां शृङ्गोत्तमम् ॥१२३॥**
**वीरविक्रमनामोऽयं प्रासादो जिनवल्लभः ।**
**महीधरश्च नामायं पूजिते फलदायकः ॥१२४॥**

इति श्री महावीरजिनवल्लभो वीरविक्रमप्रासादः ॥५६॥



પ્રાસાદની સમચોરસ ભૂમિના ચોવીશ ભાગ કરવાં, તેમાં કર્ણ અને પ્રતિકર્ણ ત્રણ ત્રણ ભાગના, કોણી અને નંદી એક એક ભાગની અને ભદ્રાર્ધ ચાર ભાગનું એ પ્રમાણે તલ વિભકિત જાણવી, કોણા અને પઢરાની ઉપર સર્વતોભદ્ર અને કેસરી એ બે ક્રમ ચઢાવવાં. અને તેની ઉપર શ્રીવત્સશૃંગ ચઢાવવું, આઠ પ્રત્યંગ ચઢાવવાં, ભદ્રની ઉપર ચાર ચાર ઉરૂશૃંગ ચઢાવવાં તથા નંદિકા અને કર્ણિકાની ઉપર એક એક ઉત્તમ શૃંગ કરવું, આવો વીર વિક્રમ નામનો પ્રાસાદ જિનદેવને વલ્લભ છે. આને મહીધર પ્રાસાદ પણ કહે છે. તેની પૂજા આદિ કરવાથી ફલદાયક થાય છે. ।। ૧૨૧ થી ૧૨૪ ।।

શૃંગસંખ્યા–કોણે ૬૦, પઢરે ૧૨૦, પ્રત્યંગ ૮, ભદ્રે ૧૬, કર્ણિએ ૮, નંદીએ ૮, અને એક શિખર મળી કુલ ૨૨૧ શૃંગ.

### ૫૭ અષ્ટાપદ પ્રાસાદ—

तद्रूपे च प्रकर्त्तव्ये कर्णोर्ध्वे तिलकं न्यसेत् ।
अष्टापदश्च नामायं प्रासादो जिनवल्लभः ॥१२५॥

इति अष्टापदप्रासादः ॥५७॥

ઉપરના વીરવિક્રમ પ્રાસાદના કોણા ઉપર એક તિલક વધારે ચઢાવે તો અષ્ટાપદ નામનો પ્રાસાદ થાય છે, તે જિનદેવને વલ્લભ છે. ।। ૧૧૫ ।। શૃંગસંખ્યા–પૂર્વવત્ ૨૨૧ અને તિલક ૪ કોણે.

### ૫૮ તુષ્ટિપુષ્ટિદ પ્રાસાદ—

तद्रूपं च प्रकर्त्तव्य–मुरुशृङ्गं च पञ्चमम् ।
तुष्टिपुष्टिदनामोऽयं प्रासादो जिनवल्लभः ॥१२६॥

इति तुष्टिपुष्टिदप्रासादः ॥५८॥

ઉપરના અષ્ટાપદ પ્રાસાદના ભદ્રની ઉપર એક પાંચમું ઉરૂશૃંગ ચઢાવે તો તુષ્ટિ-પુષ્ટિદ નામનો પ્રાસાદ થાય છે, તે જિનદેવને પ્રિય છે. ।। ૧૨૧ ।।

શૃંગસંખ્યા–પૂર્વવત્ ભદ્રે ૨૦ થવાથી કુલ ૨૨૫ શૃંગ તિલક ૪ કોણે.

जिनप्रासादप्रशंसा—

प्रासादाः पूजिता लोके विश्वकर्मणा भाषिताः ।
चतुर्विंशविभक्तीनां जिनेन्द्राणां विशेषतः ॥१२७॥

ઉપરોક્ત વિશ્વકર્મા એ કહેલાં ચોવીશ વિભક્તિનાં જિનેન્દ્ર દેવોનાં પ્રાસાદો લોકમાં વિશેષ પ્રકારે પૂજનીય છે. ॥ ૧૨૭ ॥

चतुर्दिशि चतुर्द्वाराः पुरमध्ये सुखावहाः ।
भ्रमाश्च विभ्रमाश्चैव प्रशस्ताः सर्वकामदाः ॥१२८॥

ચારો દિશામાં દ્વારવાળાં અર્થાત્ ચાર દ્વારવાળાં, ભ્રમવાળા અથવા ભ્રમ વગરનાં જિનેન્દ્ર પ્રાસાદો નગરમાં હોય તો પ્રજાને સુખ દેવાવાળાં છે, તથા પ્રશસ્ત છે અને બધાં ઇચ્છિત ફલને આપનાર છે. ॥ ૧૨૮ ॥

शान्तिदाः पुष्टिदाश्चैव प्रजाराज्यसुखावहाः ।
अश्वैर्गजैर्बलियानै-र्महिषीनन्दीभिस्तथा ॥१२९॥
सर्वश्रियमाप्नुवति स्थापिताश्च महीतले ।

જિનેન્દ્ર દેવોનાં પ્રાસાદ શાંતિ દેવાવાળાં, પુષ્ટિ દેવાવાળાં, તથા રાજા પ્રજાને સુખ આપનારાં છે. આ પૃથ્વી ઉપર જિનદેવોનાં પ્રાસાદો સ્થાપવાથી ઘોડા, હાથી, બલદ, રથ આ. ભેંસ અને ગાય આદિની સર્વ સમ્પત્તિને આપનાર છે. ॥ ૧૨૯ ॥

[illegible] ग्रामे पुरे च प्रासादा ऋषभाद्यः ॥१३०॥
जगत्या मण्डपैर्युक्ताः क्रीयन्ते वसुधातले ।
सुलभं दीयते राज्यं स्वर्गे चैवं महीतले ॥१३१॥

નગર, ગામ અને પુરની મધ્યમાં ઋષભ આદિ જિન પ્રાસાદો જગતી અને મંડપવાળાં પૃથ્વી તલમાં કરવામાં આવે છે, જેથી સ્વર્ગ અને પૃથ્વીમાં રાજ્ય પ્રાપ્તિ સુલભ થાય છે. ॥ ૧૩૦ થી ૧૩૧॥

दक्षिणोत्तरमुखाश्च प्राचीपश्चिमदिङ्मुखाः ।
वीतरागस्य प्रासादाः पुरमध्ये सुखावहाः ॥१३२॥

इतिश्री विश्वकर्मकृत ज्ञानप्रकाशदीपार्णवे वास्तुविद्यायां
जयपृच्छता जिनप्रासादाधिकारो समाप्तः ॥

દક્ષિણ, ઉત્તર, પૂર્વ અને પશ્ચિમ એ ચારે દિશાનાં મુખવાળાં વીતરાગ દેવના પ્રાસાદો નગરમાં હોય તો સુખને આપનારાં છે. ॥ ૧૩૨ ॥

ઇતિશ્રી પંડિત ભગવાનદાસ જૈન કૃત જ્ઞાન પ્રકાશ દીપાર્ણવના વાસ્તુ વિદ્યાના જિન પ્રાસાદાધિકારની સુબોધિની નામની ભાષાટીકા સમાપ્ત.

# આ ગ્રંથમાં આવેલા શબ્દોની સાર્થ અકારાદિ સૂચી


વિભાગ, ખંડ.

ઉપરનો ભાગ.

ઉપરથ થરના દેવ

નવની સંખ્યા.

વિ. ચિહ્ન કરેલું.

ન. આંગળ.

घ्र ન. ચરણ.

ता સ્ત્રી. પાંચમી શિલાનું નામ.

ता સ્ત્રી. પ્રાસાદના ¼ ભાગની કોળીનું નામ.

क ન. શ્રૃંગ, શિખર, આમલસાર, કલશનું મટ, ઈંડું.

ति પું. વાસ્તુદેવ.

પું. સાતની સંખ્યા પર્વત.

ष्ठान ન. આધાર.

न्त ન. વ્યાસાર્દ્ધના ½ ભાગનો ઉદયવાળો ઘૂમટ.

ल પું. વાયુ.

रपत्र ન. બે થરોની વચમાં જે અંતર રાખવામાં આવે છે તે, બહાર નીકળતું ન હોય તે.

राल ન. જુઓ અંતરપત્ર, અંતરકલશ અને વાળ થરની વચ્ચેનો ભાગ.

प्रकारिका સ્ત્રી. પરિક્રમા, પ્રદક્ષિણા.

राजित ન. વાસ્તુશિલ્પનો મોટો ગ્રંથ.

राजिता સ્ત્રી. છઠ્ઠી શિલાનું નામ.

तोद्भव પું. ગૌરી જાતિનો આઠમો પ્રાસાદ.

रंध्व પું. પ્રાસાદની ગ્રીવાના દેવ.

ન. દશ હજારની સંખ્યા.

. બાર અંકની સંખ્યા, સૂર્ય.

સ્ત્રી. યમુનાદેવી.

ન. પૂજા.

સ્ત્રી. દેવમૂર્તિ.

न्द्र પું. ઉંબરાની આગળના ભાગમાં અર્ધ ગોળ આકૃતિવાળી શં[illegible] મંડલવિશેષ.

मन પું. વાસ્તુદેવ.

न्द પું. ઘરની આગળની ઓસરી.

अवलम्ब પું. ઓલંબો, જે મકાન બાંધતી વખતે તેનું સીધાપણું જોવા માટે શિલ્પીઓ સૂતરની દોરીથી લટકાવી રાખે છે.

अव्यक्त વિ. અંધકારવાળું, અઘટિત શિવલિંગ.

अश्वमेध પું. યજ્ઞવિશેષ.

अश्विन् પું. અશ્વિનીકુમાર દેવ, અર્ધચંદ્રના દેવ.

अष्टादश વિ. અઢારની સંખ્યા.

अष्टापद પું. ચારે દિશામાં આઠ આઠ સીડીવાળા પર્વતનું નામ.

असुर પું. વાસ્તુદેવ.

अस्र પું. કોણ, હદ.

**आ**

आकाश પું. વાસ્તુદેવ, ઘૂમટના દેવ.

आगार પું. મંદિર–ઘર.

आदित्य પું. વાસ્તુદેવ, સૂર્ય.

आद्यसूत्रधार પું. વિશ્વકર્મા

आप પું. વાસ્તુદેવ.

आपवत्स પું. વાસ્તુચક્રના દેવ.

आमलसार પું. શિખરના સ્કંધ ઉપર જે કુંભારના ચાક જેવી આકૃતિવાળો ગોળ કલશ.

आमलसारिका સ્ત્રી. કલશની ચંદ્રિકાની ઉપરની ગોળ આકૃતિ.

आय પું. સંજ્ઞાવિશેષ, જે ગૃહાદિકનું શુભાશુભ જાણવા માટે જોવાય છે, લાભ, આઠની સંખ્યા.

आयत વિ. લંબાઈ.

आयतन ન. મંદિર, દેવોની પંચાયતન.

आयाम વિ. લંબાઈ.

आरात्रिक ન. આરતી.

आर्द्रा સ્ત્રી. નક્ષત્રનું નામ.

आलय પું. ઘર, મંદિર, નિવાસસ્થાન.

आसनपट्ट પું. બેસવાનો તકિયો.

**इ ई**

इन्दु પું. ચંદ્રમા, એક વાચક સંખ્યા.

इन्द्र પું. પૂર્વ દિશાના સ્વામી, દિક્‌પાલ, વાસ્તુદેવ, ઉદ્‌ગમ થરના દેવ.

इन्द्रकील ન. સ્તંભિકા, જે ધ્વજાદંડને મજબૂત કરવા માટે સાથે રાખવામાં આવે છે.

इन्द्रजय પું. વાસ્તુચક્રનો દેવ.

इन्द्रनील પું. કેસરીજાતિનો તેરમો પ્રાસાદ, રત્નવિશેષ.

इन्द्रवारुणी સ્રી. ઇંદ્રવરણા, ઔષધિવિશેષ.

इन्द्रांश પું. સંજ્ઞાવિશેષ, મંદિર, મૂર્તિ, લિંગ, મંડપ, વેદી, કુંડ, મકાન અને ધ્વજા આદિ શુભ ફલદાયક બનાવવા માટે જોવાય છે.

इषु પું. પાંચની સંખ્યા, બાણ.

इष्टका } સ્રી. ઈંટ.
इष्टिका }

ईश પું. વાસ્તુચક્રના દેવ, દિક્‌પાલ, નંદીથરના દેવ.

ईश्वर પું. શિખરના દેવ.

ईश्वरी સ્રી. ઔષધિવિશેષ, શિવલિંગી.

उ ऊ

उत्क्षिप्त ન. ઊંચી ઊઠેલી છત.

उत्तरङ्ग ન. દ્વારની ઉપરનું મથાળું.

उत्तरा સ્રી. ઉત્તરાફાલ્ગુની, ઉત્તરાષાઢા અને ઉત્તરાભાદ્રપદ નક્ષત્ર.

उत्सेध વિ. ઊંચાઈ.

उदक् અ. ઉત્તર દિશા.

उदक ન. પાણી.

उदुम्बर ન. ઊંબરો.

उद्‌गम પું. જંઘાની ઉપરનો થર, જે સીડીના આકારનો હોય છે.

उद्‌भिन्न પું. ચાર પ્રકારની જાતિવાળી છત, વિતાન.

उद्‌भिन्ना સ્રી. સાતમી સંવરણા.

उपग्रह પું. નક્ષત્રોની સંજ્ઞાવિશેષ.

उपरथ પું. પઢરાની આગળનો બીજો પઢરો.

उरुशृङ्ग } ન. ભદ્રની ઉપરના શૃંગો.
उरःशृङ्ग }

ऊर्ध्व વિ. ઉપર, ઊંચાઈ.

ऋ

ऋक्ष ન. નક્ષત્ર, સત્તાવીશની સંખ્યા.

ऋत्विज પું. યજ્ઞ કરનાર દીક્ષિત.

ए. ऐ.

एकादश વિ. અગિયારની સંખ્યા.

ऐरावत પું. કેસરી જાતિનો એકવીસમો પ્રાસાદ.

क.

कङ्गु ન. કાંગ, ધાન્યવિશેષ.

कटि સ્રી. કમર.

कणक ન. કણી, જડંબાની ઉપરનો થર.

कणपीठ ન. જાડંબો અને કણી એ બે થરવાળી પીઠ.

कणाली સ્રી. કસુઓ કણક.

कदाचन અ. કયારે.

कनीयस् વિ. નાનું.

कन्या સ્રી. છઠ્ઠી રાશિ.

कपिली સ્રી. શિખરની સામે શુકનાસની બંને તરફ શિખરના આકારવાળો મંડપ, કવલી, કોલી.

कपोताली } સ્રી. કેવાળનો થર
कपोतिका }

कर પુ. હસ્ત નક્ષત્ર, હાથ

करोटक પુ. ઘૂમટ

कर्ण ન. ખૂણો, પટ્ટી, સિંહકર્ણ

कर्णक ન. કણીનો થર

कर्णदर्दरिका સ્રી. ઘૂમટના ઉદયમાં નીચેનો થર.

कर्णसिंह પુ. ખૂણા ઉપરના સિંહ.

कर्णाली સ્રી. કણીનો થર.

कर्णिका સ્રી. કણીનો થર, ખૂણીઓ.

कलश પુ. કુંભાની ઉપરનો થર; શિખરની મથાળેનું શૃંગ.

कला સ્રી. શિખરના ખંડોની રેખા, સોલની સંખ્યા.

कलाम्र પુ. સોલ ખૂણા

कषाय પું. ઔષધિવિશેષ.

कांस्य ન. કાંસું

कामदपीठ ન. ગજ આદિ રૂપ થર વિનાની પીઠ.

कारा સ્રી. જેલ.

काल પું. યમ, સમય.

कालन्दी સ્રી. યમુના,

काष्ठ ન. લાકડાં.

किंपुर પું. પુષ્પકંઠના દેવ, કિન્નર દેવ.

कीर्तिवक्त्र ન. ગ્રાસમુખ.

कीर्तिस्तंभ પું. વિજયસ્તંભ. તોરણવાળા સ્તંભ.

कीलक ન. ખૂંટી.

कुज પું. મંગલવાર.

कुञ्चिता સ્ત્રી. પ્રાસાદના ⅛ ભાગનાં માનની કોળીનું નામ.

कुण्ड ન. હવનકુંડ.

कुबेर પું. ઉત્તરદિશાના દિક્‌પાલ,

कुंभ પું. પ્રાસાદના મંડોવર (ભીંત)નો બીજો થર.

कुम्भिका સ્ત્રી. સ્તંભની નીચેની કુંભી.

कुलतिलका સ્ત્રી. પાંચમી સંવરણા.

कूटच्छाद્ય ન. છજું.

कूर्म પું. કાચબો, જે સોના અથવા ચાંદીનો બનાવી પાયાની મધ્યમાં રખાય છે.

कूर्मशिला સ્ત્રી. કાચબાના ચિહ્નવાળી ધરણી શિલા.

केसरी પું. પાંચ શ્રૃંગનો પ્રાસાદ.

कैलास પું. કેસરી જાતિનો અગિયારમો પ્રાસાદ, વૈરાજ્યાદિ અઢારમો પ્રાસાદ.

कैलासा સ્ત્રી. તેવીસમી સંવરણા.

कोटर પું. ન. પોલાણ.

कोटि સ્ત્રી. કરોડ, રેખાક્ષેત્રની એક ભુજા.

कोट्ट પું. કિલ્લો, દુર્ગ.

कोल ન. ઘૂમટના ઉદયમાં ગવાળુના ઉપરનો થર.

कोविद પું. પંડિત, વિદ્વાન્, જ્ઞાની.

कोष्ठागार ન. કોઠાર.

क्षण ન. ખંડ.

क्षिति સ્ત્રી. પૃથ્વી, પાટના દેવ.

क्षितिवल्लभ પું. વૈરાજ્યાદિ સોળમો પ્રાસાદ.

क्षिप्त ન. નીચે તરફ લટકતી છત.

क्षीर ન. દૂધ.

क्षीरार्णव પું. સમુદ્ર, વાસ્તુગ્રંથવિશેષ.

क्षेत्र ન. પ્રાસાદતલ.

क्षेत्रपाल પું. અમુક મર્યાદિત ભૂમિના દેવ.

क्षोभणा સ્ત્રી. કોણી.

**ख.**

खण्ड પું. માળ, મેડી, વિભાગ, ખંડ.

खर પું. છઠી આય.

खरशिला સ્ત્રી. પ્રાસાદને ધારણ કરનારી શિલા, જે જગતીના દાસા ઉપર અને ભીટની નીચે મજબૂત થર બનાવવામાં આવે છે.

खल्वशाखा સ્ત્રી. નવ શાખાઓમાં ચોથી અને આઠમી શાખા.

खात ન. મકાનનો પાયો ખોદવો, ખોદવું.

खुर / खुरक પું. મંદિરના મંડોવરનો પ્રથમ થર.

**ग.**

गगारक ન. શંખાવટી અને પાટલીના અર્ધચંદ્રની પડખે ફૂલપત્તિની આકૃતિ.

गज પું. સાતમી આય. ગજથર,

गजतालु ન. ઘૂમટના ઉદયમાં રૂપકુંડની ઉપરનો થર.

गजदंत ન. મંડલવિશેષ, હાથીદાંતની આકૃતિવાળું મંડલ.

गजधर પું. શિલ્પી.

गणेश પું. ગણપતિ.

गण्डान्त પું. તિથિ, નક્ષત્ર આદિની સંધિનો સમય.

गन्धमादन પું. વૈરાજ્યાદિ વીસમો પ્રાસાદ.

गन्धमादिनी સ્ત્રી. વીસમી સંવરણા

गन्धर्व પું. વાસ્તુદેવ.

गन्धर्वा સ્ત્રી. નવ શાખાઓમાં બીજી અને પાંચમી શાખાનું નામ.

गरुड પું. કેસરી જાતિનો તેત્રીસમો પ્રાસાદ.

गर्भ પું. ગભારો.

गह्वर ન. ગુફા.

गान्धर्व પું. કપોતાલીના દેવ.

गान्धारी સ્ત્રી. ચાર શાખાવાળાં દ્વાર.

गिरि પું. વાસ્તુદેવ, પર્વત.

गुप्त વિ. ગુપ્ત, ઢંકાયેલું.

गुण પું. ત્રણની સંખ્યા, રસ્સી, દોરી.

गुरु પું. બૃહસ્પતિ, પાંચમો ગ્રહ.

गुह પું. કાર્તિકસ્વામી.

गुहा સ્ત્રી. ગુફા, બીલ.

गूढ પું. ગૂઢમંડપ, ભીંતવાળો મંડપ.

गृह ન. ઘર, મકાન.

गृहक्षत પું. વાસ્તુદેવ.
गृहिन् પું. ઘરધણી, ઘરનો માલિક.
गेह ન. ઘર.
गोधूम પું. ઘઉં.
गोपुर ન. કિલ્લાના દ્વારની ઉપરનું બલાનક.
गोमेद ન. રત્નવિશેષ.
गौरीतिलक ન. મંડલવિશેષ.
ग्रन्थि સ્ત્રી. ગાંઠ.
ग्रह પું. નવની સંખ્યા.
ग्राह પું. જલચર પ્રાણી વિશેષ.
ग्रासपट्टी સ્ત્રી. ગ્રાસના મુખવાળા હાસા.
ग्रीवा સ્ત્રી. શિખરનો સ્કંધ, આમલસારની નીચેનો ભાગ.
ग्रीवापीठ ન. કલશના પેટની નીચેનો ભાગ.

### घ.

घट પું. કલશ.
घण्टा સ્ત્રી. કલશ, આમલસાર.
घण्टिका સ્ત્રી. નાનો આમલસાર, સંવરણા કલશ.
घृत ન. ઘી.

### च.

चण्ड પું. મહાદેવનો ગણદેવ, તે શિવલિંગની જલાધારી નીચે સ્થાપન કરવામાં આવે છે, તેથી સ્નાત્રજલ તેના મુખમાં થઈને બહાર પડે છે, તે સ્નાત્રજલ પછી દોષકર્તા રહેતું નથી.
चण्डिका સ્ત્રી. દેવીવિશેષ.
चतुरस्र વિ. સમચોરસ.
चतुर्दश વિ. ચૌદની સંખ્યા.
चतुष्किका સ્ત્રી. ચોકી.
चत्वर ન. ચોતરો, ચોક.
चन्द्र પું. શાખાના દેવ, ચંદ્રમા.
चन्द्रशाला સ્ત્રી. ખુલ્લી છત.
चन्द्रावलोकन ન. ખુલ્લો ભાગ.
चन्द्रिका સ્ત્રી. આમલસારની ઉપર કમળની ઊંધી આકૃતિવાળો ભાગ.
चम्पका સ્ત્રી. દશમી સંવરણા.
चरकी સ્ત્રી. વાસ્તુચક્રના ઈશાનખૂણાની દેવી.
चरम ન. ચરલગ્ન.
चापाकार ન. ધનુષના આકારનું મંડપ.
चार પું. ગણિતવિશેષ, જેમાં પાપાગણું સોલ સુધી વધારવામાં આવે.
चित्रकूटा સ્ત્રી. અઢારમી સંવરણા.
चित्रा સ્ત્રી. ચૌદમું નક્ષત્ર.
चिन्तात्मा પું. આઠમા વ્યયનું નામ.
चूडामणि પું. સોલમી સંવરણા.
चूर्ण ચૂનો.

### छ

छन्द ન. તલવિભાગ.
छाद्य ન. છજું.
छिन्द्र ન. છેદ.

### ज

जगती સ્ત્રી. પ્રાસાદની મર્યાદિત ભૂમિ, પીઠિકા.
जङ्घा સ્ત્રી. મંડોવરનો સાતમો થર.
जम्मा સ્ત્રી. વાસ્તુચક્રના અગ્નિખૂણાની દેવી.
जय પું. વાસ્તુદેવ.
जया સ્ત્રી. ત્રીજી શિલાનું નામ.
जलदेव પું. કુંભાના થરના દેવ.
जलाधिप પું. વાસ્તુદેવ.
जाड्यकुम्भ પું. જાડંબો, પીઠની નીચેનો ગલતાકાર થર.
जानु ન. ગોઠણ.
जाल ન. જાળીવાળી બારી.
जालक ન. કરોળિયાનાં જાળાં, જાળીવાળી બારી.
जाह्नवी સ્ત્રી. ગંગા, નાળીના દેવ.
जिन પું. જૈનધર્મના દેવ, ચોવીસની સંખ્યા.
जीर्ण ન. પુરાણું
जीवन्यास ન. દેવોની પ્રાણપ્રતિષ્ઠા.
जूर्णा સ્ત્રી. જુવાર.
ज्योतिष्मती સ્ત્રી. માલકાંગણી.

### ट

टङ्काभ ન. મંડલવિશેષ.

### त

तडाग ન. તલાવ, સરોવર.
तत्पुरुष પું. રથના દેવ.

तल न. તળિયું.
तल्प न. શય્યા.
तवङ्ग न. પ્રાસાદના થર આદિમાં નાના પ્રમાણમાં તોરણવાળાં સ્તંભયુક્ત રૂપ.
ताम्र न. તાંબું.
तिथि સ્ત્રી. પંદરની સંખ્યા.
तिलक न. તિલકના આકારનું શૃંગ.
तोरण न. બન્ને સ્તંભની વચ્ચે વલયાકારવાળી આકૃતિ, તોરણ.
त्रिक પું. ચોકીમંડપ.
त्रिदश પું. દેવ.
त्रिदशा સ્ત્રી. તેરમી સંવરણા.
त्रिधा અ. ત્રણ પ્રકાર.
त्रिपुरुष પું. બ્રહ્મા, વિષ્ણુ અને શિવ.
त्रिमूर्त्ति સ્ત્રી. ઓતરંગના દેવ (બ્રહ્મા, વિષ્ણુ અને શિવ)
त्रिंशत् સં. ત્રીશની સંખ્યા.
त्रैलोक्यभूषण પું. વૈરાજ્યાદિ નવમો પ્રાસાદ.
त्रैलोक्यविजय પું. વૈરાજ્યાદિ પંદરમો પ્રાસાદ.
त्र्यंश न. ત્રીજો ભાગ.

द

दग्धा સ્ત્રી. તિથિવિશેષ.
दन्त પું. દાંત, બત્રીશની સંખ્યા.
दर्पण न. રૂપ જોવાનો કાચ.
दशाक्षा સ્ત્રી. ત્રીજી સંવરણા.
दारु न. કાષ્ઠ, લાકડાં.
दारुण વિ. ભયંકર.
दिक् સ્ત્રી. દિશા, દશની સંખ્યા.
दिक्पाल પું. દિશાના અધિપતિદેવ.
दिङ्मुख, दिङ्मूढ વિ. પ્રાસાદ આદિનું વાંકાપણું.
दिति પું. વાસ્તુદેવ.
दिवाकर પું. સૂર્ય, બારની સંખ્યા.
दिशिपाल પું. જંઘાના થરના દેવ.
दीर्घ વિ. લંબાઈ.
दृढ વિ. મજબૂત.
दृष्टि સ્ત્રી. આંખ.
देवगान्धारी સ્ત્રી. ચૌદમી સંવરણા.
देवपुर પું. દેવનગર.
देवसुन्दरी સ્ત્રી. ચોથી સંવરણા.
दैर्घ्य વિ. લંબાઈ.
दोला સ્ત્રી, હિંડોલા.
दौवारिक પું. વાસ્તુદેવ.
द्राविड પું. પ્રાસાદની જાતિ.
द्राविडी સ્ત્રી. શૃંગોવાળી જંઘા
द्वादश સં. બારની સંખ્યા,
द्वार न. દરવાજા.
द्वारपाल પું. દરવાજાના દેવ.

ध

धनद પું. ઉત્તર દિશાના દેવ, કુબેર.
धनु न. પું. સૂર્યની નવમી સંક્રાંતિ, ધનુષ.
धरणी સ્ત્રી. નવમી શિલા, જે ગભારાની મધ્યમાં સ્થાપિત કરાય છે.
धराधर પુ. કપિલીના દેવ.
धिष्ण्य न. નક્ષત્ર, સત્તાવીશની સંખ્યા.
धुम્ર પું. બીજી આય.
ध्रुव પું. તારાવિશેષ.
ध्वज પું. પહેલી આય.
ध्वजा સ્ત્રી. પતાકા, ધજા.
ध्वजादण्ड પું. જેમાં ધ્વજા રાખવામાં આવે છે.
ध्वजाधार પું. ધ્વજાદંડ રાખવાનો કલાબો.
ध्वांक्ष પું. આઠમી આય.

न

नकुलीश પું. ઊર્ધ્વરેતા મહાદેવ.
नगर न. ગામ, શહેર.
नन्द પું. નવની સંખ્યા.
नन्दन પું. કેસરી જાતિનો ત્રીજો પ્રાસાદ, વૈરાજ્યાદિ બીજો પ્રાસાદ.
नन्दशालिक પું. કેસરી જાતિનો ચોથો પ્રાસાદ.
नन्दा સ્ત્રી. શિલાનું નામ, જે ઈશાન અથવા અગ્નિ ખૂણામાં સ્થાપવામાં આવે છે.
नन्दिन् પું. સાંઢ, બળદ.

नन्दिनी સ્ત્રી. પાંચ શાખવાળું દ્વાર, બીજી સંવરણા, જાડ્ય કુંભના દેવ.

नन्दी સ્ત્રી. ખૂણી, કોણિકા.

नन्दीश પું. કેસરીજાતિનો પાંચમો પ્રાસાદ.

नर પું. નરથર, પુરુષ.

नर्त्तकी સ્ત્રી. નાચ કરતી પૂતળી.

नलिका સ્ત્રી. નવમી સંવરણા.

नवनाभि પું. મંડલવિશેષ.

नवमङ्गल પું. વૈરાજ્યાદિ ઓગણીસમો પ્રાસાદ.

नष्टच्छन्द પું. તલવિભક્તિ બરાબર ન હોય તે.

नाग પું. વાસ્તુદેવ હાથી.

नागकुल પું. ભીટના દેવ

नागर પું. પ્રાસાદની જાતિ.

नागरी સ્ત્રી. રૂપ વિનાની સાદી જંઘા.

नागवास्तु પું. ન. શેષનાગ ચક્ર.

नाटयेश પું. નટરાજ.

नाभि સ્ત્રી. પેટનો મધ્ય ભાગ.

नाभिच्छन्द પું. બે જાતિની આકૃતિવાળી છત.

नाभिवेध પું. ગર્ભવેધ, દેવની સામે દેવ બેસાડવા.

नारायणी સ્ત્રી. આઠમી સંવરણા.

नाल } ન. નાળી, પરનાળા.
नाली } સ્ત્રી.

नासक ન. ખૂણો.

निरन्धार પું. પરિક્રમા વિનાનો પ્રકાશમય પ્રાસાદ.

निर्गम પું. બહાર નીકળતો ભાગ.

निशाकर પું. આમલસારના દેવ, ચંદ્રમા.

निःस्वन પું. શબ્દ.

नृत्य પું. નૃત્યમંડપ, રંગમંડપ.

नैर्ऋत પું. નૈઋત્ય ખૂણાના દિક્પાલ.

## प

पक्षिराज પું. કેસરીજાતિનો તેવીસમો પ્રાસાદ.

पञ्च સં. પાંચની સંખ્યા.

पञ्चगव्य ન. ગાયનું દૂધ, દહીં, ઘી, મૂત્ર અને છાણ.

पञ्चदेव પું. ઉરુશૃંગના દેવ.

पञ्चाशत् સં. પચાસની સંખ્યા.

पट्ट પું. પાષાણના પાટ.

पट्टभूमिका સ્ત્રી. ખુલ્લી છત.

पट्टशाला સ્ત્રી. ખુલ્લી શાળા.

पताका સ્ત્રી. ધ્વજા.

पत्रशाखा સ્ત્રી. નવશાખામાં પહેલી શાખાનું નામ.

पद ન. ભાગ.

पद्मपत्र ન. દાસા, પાનના આકારવાળો થર.

पद्मक પું. સમતલ છત.

पद्मकोश પું. કમળની કળીનો આકાર.

पद्मराग પું. કેસરીજાતિનો અઢારમો પ્રાસાદ.

पद्मा સ્ત્રી. પદ્મ શિલા, અગિયારમી સંવરણા.

पद्मिनी સ્ત્રી. નવશાખાવાળું દ્વાર.

पद्मासन ન. દેવને બેસવાનું સ્થાન, પીઠિકા.

पर्जन्य પું. વાસ્તુદેવ, ધ્વજાના દેવ.

पर्यङ्क ન. પલંગ.

पर्व પું. ધ્વજાદંડની બે ચૂડીનો ભાગ.

पर्वत પું. સ્તંભના દેવ.

पल्यङ्क ન. પલંગ.

पाद પું. ચરણ, ચોથો ભાગ,

पापराक्षसी સ્ત્રી. વાસ્તુચક્રના વાયવ્યખૂણાની દેવી.

पार्वती સ્ત્રી. કલશના દેવતા.

पार्श्व ન. એક તરફ.

पालव ન. છજાની ઉપર છાદ્યનો એક થર.

पिण्ड વિ. જાડાઈ.

पितामह પું. બ્રહ્મા.

पितृ પું. વાસ્તુદેવ, પૂર્વજ, પિતૃદેવ.

पितृपति પું. યમ, દક્ષિણ દિશાના અધિપતિ.

पिप्पल પું. પીંપળ, વૃક્ષવિશેષ.

पिशाच પું. આય અને વ્યય બન્ને બરાબરે જાણવાની સંજ્ઞા.

पीठ ન. પ્રાસાદની ખુરશી, આસન.

पीलीपीछा સ્ત્રી. વાસ્તુચક્રના ઈશાન ખૂણાની દેવી

पुनर्वसु પું. સાતમું નક્ષત્ર.

पुर ન. ગામ, શહેર.

पुराण ન, અઢારની સંખ્યા.

पुरुष પું. પ્રાસાદનો જીવ, જે સોનાનો પુરુષ બનાવી આમલસારમાં પલંગ ઉપર મૂકે છે.

पुषन् પું. વાસ્તુદેવ.

पुष्पकण्ठ પું. હાસા, અંતરાળ.

पुष्कर ન. જલાશયનું બલાનક.

पुष्पगेह ન. પૂજનગૃહ.

पुष्पदंत પું. વાસ્તુદેવ.

पुष्पराग ન. પુખરાજ રત્ન.

पुष्पिका સ્ત્રી. પહેલી સંવરણા.

पुष्य મ. આઠમું નક્ષત્ર.

पूतना સ્ત્રી. વાસ્તુચક્રના નૈઋત્યખૂણાની દેવી.

पृथिवीजय પું. કેસરીજાતિનો બારમો પ્રાસાદ.

पृथिवीधर પું. વાસ્તુદેવ.

पृथु વિ. વિસ્તાર.

पेट / पेटक } ન. પાટ આદિનું નીચેનું તલ.

पौष्ण ન. રેવતી નક્ષત્ર.

पौर પું. બીજા વ્યયનું નામ.

पौरुष પું. પ્રાસાદપુરુષસંબંધી વિધિ.

पौली સ્ત્રી. બીટનો થર.

प्रणाल ન. પાણી નીકળવાની નાળી.

प्रतिभद्र ન. ભદ્રની બન્ને તરફના ખાંચાઓ.

प्रतिरथ પું. ખૂણાથી આગળનો પઢરો.

प्रतिष्ठा સ્ત્રી. દેવસ્થાપન.

प्रतोली સ્ત્રી. પોળ, પ્રાસાદ આગળ તોરણવાળા સ્તંભ.

प्रत्यङ्ग ન. ચોથ ગરાસિયા.

प्रदक्षिणा સ્ત્રી. પરિક્રમા.

प्रद्योत પું. ત્રીજો વ્યય.

प्रभा સ્ત્રી. તેજ, પ્રકાશ.

प्रवाल ન. પરવાળાં, રત્નવિશેષ,

प्रवाह પું. પાણીનું વહેણ.

प्रवेश પું. થરોની અંદરનો ભાગ.

प्रहार પું. થરવિશેષ, જેની ઉપર શૃંગ રખાય છે.

प्राक् સ્ત્રી. પૂર્વદિશા.

प्राकार પું. કિલ્લો, ગઢ.

प्राग्ग्रीव પું. ગભારાની આગળનો મંડપ.

प्राची સ્ત્રી. પૂર્વદિશા.

प्रासाद પું. દેવમંદિર, રાજમહેલ.

प्लक्ष પું. પલાશ, વૃક્ષવિશેષ,

प्लव ન. પાણીનો પ્રવાહ.

फ

फणिमुख ન. શેષનાગચક્ર, જે પાયો નાખતી વખતે જોવાય છે.

फालना સ્ત્રી. પ્રાસાદની ભીંતના ખાંચા.

फांसना સ્ત્રી. પ્રાસાદની જાતિ.

ब

बङ्ग ન. કબઈ.

बलाण / बलाणक } ન. કક્ષાસનવાળો મંડપ, મુખમંડપ.

बाण પું. પાંચની સંખ્યા, શિવલિંગ.

बीजपुर ન. કલશની ઉપરનું બિજોરું,

ब्रह्मन् પું. બ્રહ્મા.

ब्राह्म ન. રોહિણી નક્ષત્ર.

भ

भद्र ન. મંડલવિશેષ, પ્રાસાદનો મધ્યભાગ.

भद्रक પું. ભદ્રવાળો સ્તંભ.

भद्रा સ્ત્રી. બીજી શિલાનું નામ, તિથિવિશેષ.

भरण ન. / भरणी સ્ત્રી. } મંડોવર અને સ્તંભના ઉપરનો થર.

भल्लाट પું. વાસ્તુદેવ.

भवन ન. પ્રાસાદ, મંદિર, મકાન, ગૃહ.

भाराधार પું. શિરાવટીના દેવ.

भिट्ट પું. પીઠની નીચેનો થર.

भित्ति સ્ત્રી. ભીંત.

भिन्न ન. સૂર્ય કિરણથી વેધિત ગર્ભગૃહ, વિતાનની એક જાતિ.

भुवनमंडन પું. વૈરાજ્યાદિ ચૌદમો પ્રાસાદ.

भूत ન. પાંચની સંખ્યા,

भूधर પું. કેસરીજાતિનો પંદરમો પ્રાસાદ, વૈરાજ્યાદિ તેરમો પ્રાસાદ.

भूमी સ્ત્રી. માળ, મેડી.

भूमिज પું. / भूमिजा સ્ત્રી. } પ્રાસાદની જાતિ.

भृङ्गराज પું. વાસ્તુદેવ.

भृश શું. વાસ્તુદેવ.

भ्रम પું. / भ्रामणी સ્ત્રી. } પરકમ્મા, ભ્રમણી.

**भ्रमन्तिका** સ્રી. પરકમ્મા.

**भ्रमा** સ્રી. પ્રાસાદના $\frac{1}{3}$ ભાગની કોળી.

## म

**मकर** પું. મગરના મુખવાળી નાળી.

**मञ्ची** સ્રી. પ્રાસાદની ભીંતની જંઘાની નીચેનો થર.

**मञ्जरी** સ્રી. શૃંગ, શિખર.

**मठ** પું. આશ્રમ, ધર્મગુરુનું સ્થાન.

**मण्डन** પું. એક સૂત્રધારનું નામ, જે મેવાડના કુંભારાણાનો આશ્રિત હતો, આભૂષણ.

**मण्डप** પું. ગભારાની આગળનો ભાગ, જેના ઉપર ઘૂમટ કરવામાં આવે છે, માંડવો.

**मण्डल** ન. ગોળ આદિ આકારવાળી પૂજનની આકૃતિ.

**मण्डूकी** સ્રી. ધ્વજાદંડના ઉપરની પાટલી, જેમાં ધ્વજા લગાડાય છે.

**मण्डोवर** પું. મંદિરની ભીંત, દીવાલ.

**मत्तवारण** પું. કઠેડો, આસનપટ ઉપરનો પથ્થરનો તકિયો.

**मत्तालम्ब** પું. ગોખલો.

**मन्त्र** ન. જાપવિશેષ.

**मध्यस्था** સ્રી. પ્રાસાદના $\frac{1}{4}$ ભાગના માપની કોળીનું નામ.

**मनु** પું. ચૌદની સંખ્યા.

**मनोहर** પું. પાંચમા વ્યયનું નામ.

**मन्दर** પું. કેસરીજાતિનો છઠ્ઠો પ્રાસાદ.

**मन्दरा** સ્રી. એકવીસમી સંવરણા.

**मन्दारक** પું. ઉંબરાની મધ્યનો ગોળ ભાગ, એક જાતનો વિતાન

**मन्दिर** પું. વૈરાજ્યાદિ પાંચમો પ્રાસાદ.

**मरुत्** પું. વાયવ્યદિશાના અધિપતિ.

**मर्कटी** સ્રી. ધ્વજાદંડના ઉપરની પાટલી, જેમાં ધ્વજા લગાડાય છે.

**मलय** પું. વૈરાજ્યાદિ છઠ્ઠો પ્રાસાદ.

**महानस** ન. રસોઈઘર, રસોડું.

**महानील** પું. કેસરીજાતિનો ચૌદમો પ્રાસાદ.

**महाभोग** પું. વૈરાજ્યાદિ ચોવીસમો પ્રાસાદ.

**महीधर** પું. વૈરાજ્યાદિ સત્તરમો પ્રાસાદ.

**महेन्द्र** પું. વાસ્તુદેવ.

**माड** પું. મંડપ, મેડી.

**मातृ** સ્રી. સપ્ત માતૃદેવતા.

**मार्कटिका** સ્રી. ધ્રુવતારાની પાસેના બે તારા સપ્તર્ષિ.

**मालिनी** સ્રી. છ શાખાવાળું દ્વાર, તેવીસમી સંવરણા

**माहेन्द्र** પું. વૈરાજ્યાદિ દશમો પ્રાસાદ.

**माहेन्द्री** સ્રી. પૂર્વદિશા.

**मित्र** પું. વાસ્તુચક્રના દેવ.

**मिश्रका** સ્રી. પ્રાસાદની એક જાતિ.

**मिश्रसंघाट** ન. ઊંચાનીચા ખાંચાવાળો ઘૂમટનો ચંદરવો.

**मीन** પું. સૂર્યની બારમી સંક્રાંતિ, બારમી રાશિ માછ

**मुकुटोज्ज्वल** પું. કેસરીજાતિનો વીસમો પ્રાસાદ.

**मुकुली** સ્રી. આઠ શાખાવાળું દ્વાર.

**मुक्ता** સ્રી. મોતી.

**मुखभद्र** ન. પ્રાસાદનો મધ્યભાગ.

**मुख्य** પું. વાસ્તુચક્રના દેવ.

**मुण्डलीक** ન. છજ્જાની ઉપરનો થર.

**मुद्ग** પું. મગ, ધાન્યવિશેષ.

**मूढ** ન. વાંકાપણું.

**मूल** ન. ક્ષેત્રફલ, મૂલરાશિ, નક્ષત્ર.

**मूलकर्ण** ન. પું. શિખરની નીચેનો કોણ.

**मूलरेखा** સ્રી. શિખરની નીચેના બન્ને ખૂણાનો વચલો ભાગ, ખૂણો.

**मूषा** સ્રી. અલિંદ, ઓસરી.

**मृग** ન. પાંચમું નક્ષત્ર, વાસ્તુચક્રના દેવ, મકરરાશિ.

**मृत्** સ્રી. માટી.

**मेखला** સ્રી. ભીંતના ખાંચાઓ.

**मेढ्र** પું. પુરુષચિહ્ન, લિંગ.

**मेरु** પું. પ્રાસાદવિશેષ.

**मेरुकुटोद्भवा** સ્રી. પચીસમી સંવરણા.

**मैत्र्य** ન. અનુરાધા નક્ષત્ર.

## य

**यक्ष** પું. આયથી ક્રમ વ્યય જાણવાની સં... ઊંબરાના દેવ.

सूत्रधार 'मंडन' विरचित

# प्रासादमंडन

[ વાસ્તુશિલ્પશાસ્ત્ર–ગુજરાતી ભાષાન્તર સહિત ]

અનુવાદક અને સંપાદક :

પંડિત ભગવાનદાસ જૈન

મુખ્ય વિક્રેતા :

સરસ્વતી પુસ્તક ભંડાર

રતનપોળ હાથીખાના અમદાવાદ-૧

ફોન. ૩૩૬૬૨૯

મૂલ્ય : ૧૦૦ રૂપિયા

૧૯૮૬

# પ્રસ્તાવના

**ભારતીય** સ્થાપત્યકલાનાં સુંદર કલામય દેવાલયો, રાજમહેલો, કિલ્લાઓ, વાવડીઓ વગેરે જલાશયો, યંત્રો અને મનુષ્યાલયો આદિની મનોહર રચનાઓને જોઈને આપણું મન ઘણું જ આનંદિત થાય છે, તે બધાને 'વાસ્તુશિલ્પ' કહેવામાં આવે છે.

વાસ્તુની ઉત્પત્તિના સંબંધમાં 'અપરાજિતપૃચ્છા'ના સૂત્ર ૫૩ થી ૫૫ સુધીમાં વિસ્તારપૂર્વક વર્ણન કરેલું છે, તેનો સારાંશ એ છે કે, પ્રાચીન સમયમાં અંધકાસુરનો નાશ કરવા માટે મહાદેવને સંગ્રામ કરવો પડ્યો. તેના પરિશ્રમને લીધે મહાદેવના કપાળમાંથી પરસેવાનું એક બિન્દુ ભૂમિ ઉપર અગ્નિકુંડમાં પડ્યું. તેના યોગથી ત્યાં એક મહાભયંકર વિશાલ ભૂત ઉત્પન્ન થયો. તેને દેવોએ ઊંધો પાડીને તેની ઉપર પિસ્તાલીશ દેવ અને આઠ દેવીઓ બેસી ગયાં. આ દેવો તેના શરીર ઉપર વસવા લાગ્યાં તેથી તે ભૂતનું નામ 'વાસ્તુપુરુષ' પાડવામાં આવ્યું.

આ વાસ્તુશિલ્પ વિષયના અનેક ગ્રંથોની રચનાઓ પ્રાચીન આચાર્યોએ સંસ્કૃત ભાષામાં કરેલી જોવામાં આવે છે. તેમાંના અપરાજિતપૃચ્છા, સમરાંગણસૂત્રધાર, મયમતમ્, શિલ્પરત્ન, વાસ્તુસાર, શિલ્પદીપક, પરિમાણમંજરી, પ્રાસાદમંડન, રૂપમંડન, દેવતામૂર્તિપ્રકરણ, રાજવલ્લભમંડન, મનુષ્યાલયચંદ્રિકા, વિશ્વકર્મપ્રકાશ, પ્રતિમાલક્ષણ આદિ ગ્રંથો પ્રકાશિત પણ થયેલા છે. તેમાં પણ સંશોધક વિદ્વાન્ મહાશયો શિલ્પીઓના સહવાસમાં ન આવવાના કારણે વાસ્તુશાસ્ત્રની પરિભાષાથી અનભિજ્ઞ હોવાથી તે તે ગ્રંથો પ્રાયઃ શુદ્ધતાપૂર્વક પ્રકાશમાં આવી શક્યા નથી. તે ગ્રંથો સંસ્કૃત ભાષામાં મૂલમાત્ર હોવાથી અને શિલ્પીઓમાં સંસ્કૃત ભાષાનો અભ્યાસ ઓછો હોવાથી તે ગ્રંથોનું વિશેષ પઠનપાઠન થઈ શક્યું નથી. એ જ કારણે આ વિષય અધિક પ્રકાશમાં આવી શક્યો નથી.

આ પ્રાસાદમંડન ગ્રંથ શિલ્પીવર્ગમાં અધિક પ્રસિદ્ધ છે, જેના આધારે આજકાલ સોમપુરા બ્રાહ્મણ-જ્ઞાતીય શિલ્પીઓ દેવાલય બાંધવાનાં કાર્યો વંશપરંપરાથી કરતા આવે છે. નાગરી શૈલીના પ્રાસાદો બાંધવા સંબંધનો આ પ્રાસાદમંડન નામનો ગ્રંથ તેના ગુણદોષ વિષયમાં પ્રકાશ પાડતો હોવાથી તેનું વિગતવાર સમજૂતીપૂર્વક ભાષાન્તર કરી તેને પ્રકાશમાં લાવવાનો વિચાર થયો અને એ માટે અનુભવી શિલ્પીઓનો સહયોગ સાધવામાં આવ્યો, સાથે અનેક શંકાઓનું સમાધાન કરી આ વિષયના અન્ય ગ્રંથોનું અવલોકન કર્યું, એટલું જ નહિ પણ પ્રાચીન દેવાલયો જોઈ તેની વિગતોનો અનુભવ મેળવીને ભાષાન્તર કરવા શક્તિમાન થયો. આમાં જે વિષયની અપૂર્ણતા જણાય તે અપરાજિતપૃચ્છા આદિ સમાન વિષયના ગ્રંથમાંથી લઈને તે તે વિષયની પૂર્ણતા કરવામાં આવી છે, અને જે વિષયના અર્થમાં શંકા જેવું રહેતું, તે વિષયની પુષ્ટિ કરવા માટે અન્ય ગ્રંથોનાં પ્રમાણ પણ આપવામાં આવેલ છે. એકંદર પ્રાસાદ વિષયનો અભ્યાસ કરનારને વિશેષ સરળતા થાય એવા આશયપૂર્વક કાળજી રાખવામાં આવી છે. છતાં કોઈ શિલ્પીને ભૂલ આદિ જણાય તો લખી જણાવવા કૃપા કરશે, તો તે સાભાર ધન્યવાદપૂર્વક બીજી આવૃત્તિમાં સુધારી દેવામાં આવશે.

**પ્રાસાદ બાંધવાનું કારણ :**

પ્રાસાદનો અર્થ દેવમંદિર અને રાજમહેલ થાય છે. તેમાં આ પ્રાસાદમંડન ગ્રંથ દેવમંદિર સંબંધી છે. તે બંધાવવા સંબંધમાં શાસ્ત્રકાર કહે છે કે–

> **'सुरालयो विभूत्यर्थं भूषणार्थं पुरस्य तु ।**
> **नराणां भुक्तिमुक्त्यर्थं सत्यार्थं चैव सर्वदा ॥**
> **लोकानां धर्महेतुश्च क्रीडाहेतुश्च स्वर्भुवाम् ।**
> **कीर्त्तिरायुर्यशोऽर्थं च राज्ञां कल्याणकारकः ॥'** ( અપ૦ સૂ૦ ૧૧૫ )

મનુષ્યોના ઐશ્વર્યને માટે, નગરના ભૂષણરૂપ શોભાને માટે, મનુષ્યોને અનેક પ્રકારની ભોગ અને મુક્તિ આપનાર હોવાથી, સત્યની સદા પૂર્ણતા માટે લોકોને ધર્મ કારણભૂત હોવાથી દેવોને ક્રીડા કરવાના હેતુભૂત હોવાથી, કીર્તિ, આયુષ્ય અને યશને ખાતર તેમજ રાજાના કલ્યાણ માટે દેવાલય બંધાવવામાં આવે છે.

ચૌદ રાજલોકના દેવોએ એકઠા મળીને શિવલિંગના આકારવાળી મહાદેવની અનેક પ્રકારે પૂજા કરી, તેથી પ્રાસાદની ચૌદ જાતિ ઉત્પન્ન થઈ. તેમાં મુખ્ય ચોરસ, લંબચોરસ, ગોળ, લંબગોળ અને અષ્ટાસ્ર ( આઠ કોણ ), એ પાંચ આકૃતિવાળા પ્રાસાદો બ્રહ્માએ શિવજીના કહેવાથી બનાવ્યા. તે ચોરસ આકૃતિવાળા પ્રાસાદની ૫૮૮, લંબચોરસ પ્રાસાદની ૩૦૦, ગોળ પ્રાસાદની ૫૦૦, લંબગોળ પ્રાસાદની ૧૫૦ અને અષ્ટાસ્રની ૩૫૦ જાતિ છે. તેમાં મિશ્રજાતિના ૧૧૨ ભેદ મેળવવાથી એ હજાર જાતિના પ્રાસાદો થાય છે. તે દરેકના પચીસ પચીસ ભેદ કરીએ તો પચાસ હજાર ભેદ થાય. આ દરેકની આઠ આઠ વિભક્તિઓ કરવાથી કુલ ચાર લાખ પ્રાસાદના પ્રકાર થાય, તેનું સવિસ્તર વર્ણન જાણનારાને 'સ્થપતિ' ( સૂત્રધાર ) કહેવામાં આવે છે.

**પ્રાસાદની શ્રેષ્ઠતા :**

ભારતીય સંસ્કૃતિમાં પ્રાસાદનો ઘણો આદર છે, એટલું નહિ પણ તેને પૂજનીય પણ માનવામાં આવે છે. તેનું કારણ એમ જણાય છે કે—'**प्रासादो लिङ्गमित्युक्तो जगती पीठमेव च**' પ્રાસાદ એ શિવલિંગનું સ્વરૂપ છે. શિવલિંગને જેમ પીઠિકા છે, તેમ પ્રાસાદને પણ જગતીરૂપ પીઠ છે. તેનો જે ચોરસ વિભાગ છે, તે બ્રહ્મભાગ અને તેની ઉપરનો અષ્ટાસ્ર વિભાગ છે તે વિષ્ણુભાગ અને તેની ઉપરનો જે ગોળ શિખરનો ભાગ છે તેને શિવલિંગ સ્વરૂપ માનવામાં આવે છે.

બીજું કારણ એ જણાય છે કે, પ્રાસાદના દરેક અંગોમાં અને ઉપાંગોમાં દેવ–દેવીઓનો વિન્યાસ કરીને પ્રતિષ્ઠા સમયમાં તેનો અભિષેક કરવામાં આવે છે. એટલે પ્રાસાદ સર્વદેવમય બની જાય છે. ત્રીજું કારણ એમ પણ માની શકાય કે, પ્રાસાદના મધ્યમાં મૂળ પાયાથી એક નાળી ( જેને શાસ્ત્રમાં યોગનાળ અથવા બ્રહ્મનાળ કહે છે ) દેવના સિંહાસન સુધી રાખવામાં આવે છે. તેનું કારણ એ મનાય છે કે, પ્રાસાદના ગર્ભગૃહના પાયાની મધ્યમાં જલચર જીવોની આકૃતિવાળી એક 'ધારણી' નામની શિલા સ્થાપન કરવામાં આવે છે, તેની ઉપર સોના અથવા રૂપાનો કૂર્મ ( કાચબો ) રાખી યોગનાળ મૂકવામાં આવે છે. આ ધારણી શિલા ઉપર જલચર જીવોની આકૃતિઓ હોવાથી તે શિલા ક્ષીરસમુદ્રમાં શેષશાયી ભગવાન સ્વરૂપ ધારણી શિલા માનવામાં આવે છે. તેના નાભિકમલમાંથી યોગનાળ સ્વરૂપ કમલદંડ ઉત્પન્ન થયેલ છે અને તેની ઉપર બ્રહ્માની ઉત્પત્તિ જે માનવામાં આવે છે તે બ્રહ્મસ્વરૂપ પ્રતિષ્ઠિત દેવ મનાય છે.

ઉપરોક્ત કારણોને લીધે પ્રાસાદનો ઘણો આદર કરવામાં આવે છે તે બાંધવાનું ફલ શાસ્ત્રકાર કહે છે કે—

"स्वशक्त्या काष्ठमृदिष्टकाशैलधातुरत्नजम् ।
देवतायतनं कुर्याद् धर्मार्थकाममोक्षदम् ॥"

—પોતાની શક્તિ પ્રમાણે કાષ્ઠ, માટી, ઈંટ, પાષાણ, ધાતુ અથવા રત્ન; એટલા પદાર્થોમાંથી કોઈ એક પદાર્થનું દેવાલય બનાવે તો ધર્મ, અર્થ, કામ, મોક્ષની પ્રાપ્તિ થાય છે.

"कोटिघ्नं तृणजे पुण्यं मृण्मये दशसंगुणम् ।
ऐष्टके शतकोटिघ्नं शैलेऽनन्तं फलं स्मृतम् ॥"

—દેવાલય ઘાસનું બનાવે તો કરોડગણું, માટીનું બનાવે તો દશ કરોડગણું, ઈંટનું બનાવે તો સો કરોડગણું અને પાષાણનું બનાવે તો અનંતગણું ફલ થાય અને જીર્ણોદ્ધાર કરવાથી આઠગણું ફલ મળે છે—

"वापीकूपतडागानि प्रासादभवनानि च ।
जीर्णान्युद्धरते यस्तु पुण्यमष्टगुणं लभेत् ॥"

વાવડી, કૂવા, તલાવ, દેવાલય અને ભવન આદિ જીર્ણ થઈ ગયાં હોય, તેનો ઉદ્ધાર કરવાથી નવીન બનાવવા કરતાં આઠગણું ફલ મળે છે.

**ગ્રંથકાર :**

આવા પવિત્ર પ્રાસાદનું નિર્માણ કરવા માટે આ પ્રાસાદમંડન નામનો ગ્રંથ પ્રખર વિદ્વાન્ 'મંડન' નામના સૂત્રધારે રચેલો છે. તે 'ખેતા' નામના સૂત્રધારના જ્યેષ્ઠ પુત્ર હતા અને મેવાડના મહારાણા કુંભકર્ણના આશ્રિત હતા.[1] તેમણે આ ગ્રંથરચનાનો સમય જણાવ્યો નથી, પણ મહારાણા કુંભકર્ણ વિક્રમ સં૦ ૧૪૯૦ થી ૧૫૨૫ સુધી રાજ્યગાદી ઉપર હતા, તેથી માની શકાય કે પંદરમી શતાબ્દીની આદિમાં તેમણે આ ગ્રંથની રચના કરી હશે.

મંડન સૂત્રધારે 'મંડન' શબ્દાંતવાળા પ્રાસાદમંડન, રાજવલ્લભમંડન, રૂપમંડન, વાસ્તુમંડન અને વાસ્તુસારે દેવતામૂર્તિપ્રકરણ આદિની રચના કરેલી ઉપલબ્ધ થાય છે.

**ગ્રંથવિષય :**

આ ગ્રંથના આઠ અધ્યાયો છે. તેના પ્રથમ અધ્યાયમાં પ્રાસાદની ચૌદ જાતિની ઉત્પત્તિ, ભૂમિપરીક્ષા, મુહૂર્ત, વત્સચક્ર, આય, વ્યય, નક્ષત્ર આદિનું ગણિત, દિક્સાધન, ખાતવિધિ, કૂર્મમાન, ધારિણી આદિ શિલાનું માન અને તેનો સ્થાપનક્રમ, દેવાલય બાંધવાનું ફલ વગેરે વિષયોનું વર્ણન છે.

**દિક્સાધન :**

આ અધ્યાયમાં દિક્સાધન રાત્રે કરવું હોય તો ધ્રુવને ઉત્તર દિશામાં માનીને કરવાનું લખ્યું છે, પણ આજકાલ દિક્સાધન યંત્રનો આવિષ્કાર થયેલ હોવાથી સ્પષ્ટ રીતે જણાયું છે કે ધ્રુવ ઠીક ઉત્તર

---

१ श्रीमेदपाटे नृपकुम्भकर्णस्तदङ्घ्रिराजीवपरागसेवी ।
स मण्डनाख्यो भुवि सूत्रधारस्तेनोद्धृतो भूपतिवल्लभोऽयम् ॥
—રાજવલ્લભમંડન, અ૦ ૧૪, શ્લોક : ૪૩

દિશામાં નથી. પણ ઉત્તર દિશાથી પશ્ચિમ દિશા તરફ લગભગ ત્રીશ ડીગ્રી સરકી ગયો છે, જેથી ધ્રુવને ઉત્તર દિશા માનીને દિક્‌સાધન કરવામાં આવે તો દિશાનું જ્ઞાન વાસ્તવિક થતું નથી અને પ્રાસાદ દિક્‌મૂઢ બની જાય છે.

દિવસે દિક્‌સાધન કરવું હોય તો શંકુની છાયા દ્વારા કરવાનું લખ્યું છે. એનાથી પણ વાસ્તવિક દિક્‌સાધન થતું નથી. કેમકે સૂર્ય હમેશાં એક જ બિન્દુ ઉપરથી ઉદય પામતો નથી, તેથી શંકુની છાયામાં પણ વિષમતા આવે છે. આ કારણે તેને પણ સંસ્કારની જરૂરત રહે છે, તેમજ શ્રવણ, કૃત્તિકા, ચિત્રા અને સ્વાતિ નક્ષત્રો પણ બરાબર પૂર્વ દિશામાં ઊગતા નથી, તેથી દિશાનું જ્ઞાન બરાબર થતું નથી.

આ દિક્‌સાધન બાબતમાં શિલ્પીઓએ જરૂર ધ્યાન આપવા જેવું છે. તેમાં વિશેષ અનુકૂલતા એ છે કે દિક્‌સાધન યંત્ર દ્વારા જ કરવું જોઈએ. શાસ્ત્રકારે જે લખેલ છે તે પ્રમાણે બરાબર તે સમયમાં હશે, પણ સેંકડો વર્ષ વ્યતીત થતાં નક્ષત્ર અને તારાઓની પૂર્વની સ્થિતિના ખાસ બિંદુથી પરિવર્તન પામી ગયાં લાગે છે.

પ્રથમ ખાતમુહૂર્ત કરવામાં શેષનાગચક્ર જોવામાં આવે છે. તેમાં પણ શાસ્ત્રોમાં ઘણો મતભેદ જણાય છે. કોઈ ઈશાન, અગ્નિ આદિ દિશાના સૃષ્ટિક્રમે ખાત કરવાનું માને છે, તો કોઈ ઈશાન, વાયવ્ય આદિ દિશાના વિલોમક્રમે ખાત કરવાનું માને છે. શેષનાગને વત્સચક્ર માને છે. જ્યોતિષશાસ્ત્રમાં અને વાસ્તુશાસ્ત્રમાં પણ મતભેદ પડે છે. આવા મતમતાંતરના ખુલાસાઓ 'રાજવલ્લભ' ગ્રંથના મારા અનુવાદમાં વિગતવાર જણાવેલા છે.

બીજા અધ્યાયમાં જગતીના સ્વરૂપનું વર્ણન છે. તેમજ દેવોના વાહનનું સ્થાન અને તેનો ઉદય, જિનપ્રાસાદના મંડપનો ક્રમ, દેવની સામે અન્ય દેવ સ્થાપન કરવા બાબત, દિશાના દેવો, શિવસ્નાનોદકનો વિચાર, દેવની પ્રદક્ષિણા, પરનાળ અને દેવોના આયતનનું વર્ણન છે.

દેવાલય નિર્માણ કરવાની જે ભૂમિ મર્યાદિત રાખવામાં આવે છે 'તેને જગતી' કહે છે. પણ કેટલાક શિલ્પીઓ જગતીનો અર્થ ઓટલો કરે છે. તેમણે જાણવું જોઈએ કે તે ઓટલો જગતીની ઊંચાઈનો સમજવો, અર્થાત્ મર્યાદિત ભૂમિ જે ઊંચી કરવામાં આવે છે, તેને ઓટલો સમજવો. જગતીના લક્ષણ સંબંધમાં 'અપરાજિતપૃચ્છા' સૂત્ર ૧૧૫ થી ૧૨૦ સુધીમાં લગભગ પોણા બસો શ્લોક પ્રમાણનું સવિસ્તર વર્ણન કરેલું છે.

શિવસ્નાનોદક બાબતમાં શાસ્ત્રકાર જણાવે છે કે—

> "शिवस्नानोदकं गूढमार्गे चण्डमुखे क्षिपेत् ।
> दृष्टं न लङ्घयेत् तत्र हन्ति पुण्यं पुराकृतम् ॥"

શિવસ્નાનોદક ગુપ્ત માર્ગે જાય તેમ કરવું જોઈએ, અથવા ચંડગણના મુખમાં જઈ વમન કરતું કરવું જોઈએ તો તેનો દોષ લાગતો નથી પણ તે જોવામાં આવે અને તેનું ઉલ્લંઘન થાય તો પૂર્વકૃત પુણ્યનો નાશ થાય છે. તેથી તેનો પરિહાર કરવા માટે શિવગણ ચંડનાથની મૂર્તિ જલધારી (પીઠિકા) પાસે એવી રીતે સ્થાપન કરવી જોઈએ કે જેથી શિવસ્નાનોદક ચંડનાથના મુખમાં જઈને બહાર આવે, તે શિવસ્નાનોદક ઉચ્છિષ્ટ થઈ જવાથી તેનું દર્શન થઈ જાય કે ઉલ્લંઘન થઈ જાય તો દોષ માનવામાં આવતો નથી.

કોઈ શિલ્પી ચંડનાથને શિવલિંગની પીઠિકા પાસે સ્થાપન કરતા નથી, પણ પ્રાસાદની બહારની નાળી પાસે સ્થાપન કરે છે તે વાસ્તવિક જણાતું નથી. કેમકે બહારની નાળી સુધી સ્નાનોદક જતાં દર્શન થઈ જવાની સંભાવના રહે છે.

**નાભિવેધ :**

એક દેવની સામે બીજા દેવ સ્થાપન કરવામાં આવે અથવા એક દેવાલયની સામે બીજું દેવાલય બાંધવામાં આવે તો શાસ્ત્રકાર તેને 'નાભિવેધ' કહે છે. તે અશુભ છે પણ સ્વજાતીય દેવ સામસામા હોય તો શાસ્ત્રકાર નાભિવેધનો દોષ માનતા નથી.

શાસ્ત્રકાર નાભિવેધ નહિ કરવા બાબત એવો નિષેધ કરે છે કે, સામસામા દેવ હોવાથી એક દેવનાં દર્શન કરતી વખતે બીજા દેવને દર્શન કરનારની પૂંઠ પડે છે અને મૂલનાયક દેવની દૃષ્ટિ રોકાઈ જવાથી મહાદોષ ઉત્પન્ન થાય છે.

જૈનોના પ્રાચીન બાવન જિનાલય આદિની રચના જોતાં જણાઈ આવે છે કે, મૂલનાયક દેવની દૃષ્ટિ બહાર પહોંચે તે માટે સામે 'બલાનક' નામનો ખુલ્લો મંડપ જ હોય છે. તેમાં કોઈ મૂર્તિ સ્થાપન કરેલી હોતી નથી, પણ આજકાલ તે ખુલ્લા મંડપની દીવાલો બંધ કરીને તેમાં મૂર્તિઓ સ્થાપન કરવાની પ્રથા થઈ પડી છે, જેથી મૂળનાયકની દૃષ્ટિ રોકાઈ જાય છે. આ પ્રથા દોષવાળી માની શકાય.

ત્રીજા અધ્યાયમાં ખરશિલા, ભિટ્ટ, પીઠ, મંડોવર (દીવાલ), ઉંબરો, દ્વારમાન અને ત્રિ, પંચ, સપ્ત અને નવ શાખા આદિનું વર્ણન છે.

ગૂજરાતના શિલ્પીઓ દેવાલયની પીઠ માનથી ઓછી કરે છે, જેથી દેવાલય દબાયેલું જણાઈ આવે છે અને પીઠ ઓછી રહેવાથી વાહનનો વિનાશ થાય છે તેમ શાસ્ત્રકાર લખે છે. પીઠને ઓછી કરવા બાબત તેઓ મુદ્રિત શિલ્પશાસ્ત્ર 'પંચરત્નચિન્તામણિ' નામની એક પુસ્તિકા ગૂજરાતી ભાષામાં છપાણી છે, જે તદ્દન અશાસ્ત્રીય છે, તેનું અને મુદ્રિત 'દીપાર્ણવ'ના પૃષ્ઠ નં. ૫૩માં શ્લોક ૨૧ નું ભાષાંતર અને તેની ટિપ્પણીનું પ્રમાણ આપે છે પણ તેના અનુવાદકે તે શ્લોકનો આશય સમજ્યા વિના 'ઉપર કહેલાં માનથી પીઠોદર ઓછું કરવાનું વિધાન' આ પ્રમાણે લખ્યું છે, તે તદ્દન મનઃકલ્પિત છે, જેથી શિલ્પજ્ઞો ભ્રમમાં પડી જાય છે. આ શ્લોકનો આશય એવો છે કે, પ્રાસાદના અર્ધભાગે અથવા ત્રીજે ભાગે પીઠનો ઉદય કરવો. જુઓ 'અપરાજિતપૃચ્છા' સૂત્ર ૧૨૩, 'સમરાંગણ સૂત્રધાર' અધ્યાય ૪૦ અને 'પ્રાસાદ-મંડન' અધ્યાય ત્રીજો ઇત્યાદિ. વાસ્તુશિલ્પ ગ્રંથોમાં સ્પષ્ટ જણાવે છે કે, પ્રાસાદના અર્ધ ભાગે, ત્રીજે ભાગે કે ચોથે ભાગે પીઠનો ઉદય કરવો. શું આ માન્યતા ગૂજરાતી શિલ્પીઓ માનતા નથી? આથી જણાય આવે છે કે તેઓ શિલ્પશાસ્ત્રમાં અનભિજ્ઞ છે.

**મેરુમંડોવર :**

પ્રાસાદની દીવાલમાં બે જંઘા ઉપર એક છજ્જું હોય તેને 'મેરુ મંડોવર' કહે છે, ક્ષીરાર્ણવમાં મેરુ મંડોવરને બાર જંઘા અને છ છજ્જાં કરવાનું લખે છે. એટલે બે બે જંઘા ઉપર એક એક છજ્જું રાખવા જણાવે છે. જેટલાં છજ્જાં તેટલા માળ હોય છે. તેથી દરેક માળના મંડોવરમાં બે બે જંઘાઓ રહે છે, પણ રાણકપુર, આબૂ આદિનાં પ્રાચીન દેવાલયોમાં પહેલે માળે તો બે જંઘા અને એક છજ્જું છે અને ઉપરના બીજા માળમાં એક જ જંઘા અને એક છજ્જું છે. આ પ્રમાણે આ ગ્રંથકાર પણ ઉપરના માળમાં એક જ જંઘાનું વર્ણન કરે છે. જયપુરના આમેરમાં જગતશરણનું મંદિર છે તેમાં પણ બે જંઘાના ઉપરના માળમાં એક જ જંઘા છે અને દરેક જંઘા ઉપર છજ્જાં બનાવેલ છે. તે કોઈ અન્ય ગ્રંથના

આધારે હોય એમ લાગે છે. 'દીપાર્ણવ'માં બે ત્રણ પ્રાચીન દેવાલયોના બ્લોકો આર્ટ પેપર ઉ છપાયેલ છે. તેને તેના અનુવાદક પીઠ અને છજા વગરનાં બતાવે છે પણ સમજપૂર્વક જોતાં તે અને છજા વગરના પ્રાસાદો બનતા નથી, અને જો બનાવવામાં આવે તો ઉદય થતો નથી કોઈ દે લયમાં છજાનો નિર્ગમન હોવાથી જોનારને છજા વગરનું જણાય છે. ત્યાં પણ છજાનો વિભાગ જે હોય છે.

### ઉંબરો :

દ્વારનો ઉંબરો મંડોવરના કુંભાની ઊંચાઈ બરોબર ઊંચો રાખવાનું શાસ્ત્રકાર લખે છે, તે કદાચ ઉંબરાની ઊંચાઈ અધિક માલુમ પડે અને જવા આવવામાં અડચણ જેવું જણાય તો ગાળવામાં (ઓછો કરવામાં) આવે છે. તે સંબંધે શિલ્પીઓમાં મતભેદ જણાય છે. કોઈ કહે છે 'ઉંબરો ગાળવામાં આવે તો તેની સાથે સ્તંભની કુંભીઓ પણ ઉંબરા બરોબર ગાળવી, અને કે ઉંબરાને ગાળે છે, પણ તેની સાથે સ્તંભની કુંભીઓ ગાળતા નથી. શાસ્ત્રમાં સ્તંભની કુંભીઓ મંડોવર કુંભાના ઉદય જેટલી રાખવાનું કહ્યું છે, તે પ્રમાણે રાખે છે.' આ બાબતમાં ઉંબરાની સાથે સ્તં કુંભીઓ ગાળવાનું જે શિલ્પીઓ માને છે, તે પ્રામાણિક હોય તેમ જણાતું નથી. કારણ 'અપરાજિ પૃચ્છા' સૂત્ર ૧૨૯ શ્લોક ૯ માં તો કુંભીઓથી ઉંબરાને નીચો ઉતારવાનું સાફ લખે છે, તો કુંભી નીચે કેવી રીતે ઊતરે? તેમજ 'ક્ષીરાર્ણવ' માં સ્પષ્ટ લખે છે કે—**उदुम्बरे हते (क्षते) कुंभीस्तु तु पूर्ववत् भवेत्**। કદાચ ઉંબરો પ્રમાણથી ઓછો કરવામાં આવે તો પણ સ્તંભ અને તેની કુંભી પહેલાંના માપ પ્રમાણે રાખવી, નીચે ઉતારવી નહિ. આથી સ્પષ્ટ જણાય છે કે જે શિલ્પીઓ ઉંબર સાથે કુંભીઓને પણ નીચે ઉતારે છે તે પ્રામાણિક નથી.

કોઈ શિલ્પી કહે છે કે, 'ક્ષીરાવર્ણવ' માં તો '**सांधारे च निरन्धारे कुम्भीकान्तमुदुम्बरम्** એવો પાઠ છે તે બરાબર છે, પણ આ સામાન્ય નિયમ બતાવેલ છે. પરંતુ જ્યારે ઉંબરો ગાળવો હ ત્યારે વિશેષ પાઠ તરીકે ક્ષીરાર્ણવકારે 'ઉંદુબરે હતે' ઈત્યાદિ પૂર્વવત્ પાઠ આપેલ છે એ યથાર્થ જણાય સામાન્ય નિયમથી વિશેષ નિયમ બલવાન હોવાને કારણે ઉંબરાની સાથે કુંભીઓ ગાળવી નહિ.

### દ્વારશાખા :

દ્વારશાખાની બાબતમાં પણ શિલ્પીઓમાં મતભેદ જણાય છે. સ્તંભશાખાની બન્ને તરફ ખૂણીઓ કરવામાં આવે છે તેને 'શિલ્પરત્નાકર'ના સંપાદક શાખા માનતા નથી. જુઓ 'શિલ્પરત્નાકર તૃતીય રત્નમાં દ્વારશાખાના ત્રિ, પંચ, સપ્ત અને નવશાખાના નકશાઓ અને તેની સાથે સંબંધવ પ્રાચીન દેવાલયના દ્વારશાખાના બ્લોકો આપેલા છે તેથી જણાઈ આવે છે, અને 'જ્ઞાનપ્રકાશ દીપાર્ણ ના સંપાદક શાખા માને છે. જુઓ દીપાર્ણવના પૃષ્ઠ નં૦ ૮૧ માં દ્વારશાખાનો નકશો છે તેમાં સ્તં બન્ને તરફની ખૂણીઓને શાખા ગણીને ત્રિશાખા દ્વારને પંચશાખા દ્વાર લખે છે. તેમજ પૃષ્ઠ નં૦ ૩ અને ૩૬૯ ની વચ્ચમાં દ્વારશાખાનો જે બ્લોક આપેલ છે તે બ્લોક 'શિલ્પરત્નાકર'નો હોવાથી વર ત્રિશાખા દ્વાર છાપેલ છે, અને નીચે તેના ખંડનરૂપે પંચશાખા દ્વાર લખે છે. આથી સ્પષ્ટ જણ આવે છે કે સ્તંભશાખાની ખૂણીઓને 'દીપાર્ણવ'ના સંપાદક શાખા માને છે, તેથી તેમના મતે પ્રા નવ શાખાવાળું દ્વાર એ રૂપસ્તંભ હોવાથી તેર શાખાવાળું દ્વાર થઈ જાય છે તે શાસ્ત્રીય નથી.

શાસ્ત્રકાર સ્તંભશાખાની બન્ને તરફ ખૂણીઓ કરવાનું સ્પષ્ટ લખે છે પણ તેને શાખા મા નથી, અર્થાત્ ખૂણીઓવાળા સ્તંભને એક જ સ્તંભશાખા માને છે. તેથી સ્તંભની બન્ને તરફની ખૂ ઓને શાખા માનનાર શિલ્પીઓનો મત અશાસ્ત્રીય હોવાથી પ્રામાણિક માની શકાય નહિ.

ચોથા અધ્યાયમાં મૂર્તિ અને સિંહાસનનું માપ, ગભારાનું માપ, દેવોની દૃષ્ટિ, દેવોનાં પદસ્થાન, ઉરુશૃંગાદિ શૃંગોનો ક્રમ, રેખાવિચાર, શિખર, આમલસાર, કલશ, શુકનાસ કોણીમંડપ આદિનું વિધાન, સુવર્ણપુરુષ અને તેનું સ્થાન, ધ્વજાદંડનું માન અને તેનું સ્થાન આદિનું વર્ણન છે.

**દેવદૃષ્ટિ સ્થાન :**

દેવોની દૃષ્ટિ વિષયમાં શિલ્પીઓમાં મતભેદ ચાલે છે. તેમાં કેટલાક શિલ્પીઓ શાસ્ત્રમાં કહેલા ભાગમાં દૃષ્ટિ રાખતા નથી, પણ કહેલો ભાગ અને તેની ઉપરનો ભાગ એ બન્ને ભાગની સંધિમાં આંખની કીકી રહે તે પ્રમાણે દૃષ્ટિ રાખે છે, જેથી તેમના હિસાબે એક ભાગમાં દૃષ્ટિ રાખવાનો મેળ આવતો નથી, તેથી શાસ્ત્રના હિસાબે દૃષ્ટિ સ્થાન ન હોવાથી તે પ્રામાણિક મનાય નહિ.

દૃષ્ટિ વિષયમાં 'અપરાજિતપૃચ્છા' સૂત્ર ૧૩૭ માં લખે છે કે—ઉંબરો અને ઓતરંગની મધ્યમાં દ્વારના ચોસઠ ભાગ કરવા; તેમાંના એક, ત્રણ, પાંચ આદિ બત્રીશ વિષમ ભાગોમાં દેવોની દૃષ્ટિ રાખવી એ શુભ છે અને બે, ચાર, ૭ આદિ બત્રીશ સમભાગોમાં કોઈ પણ દેવની દૃષ્ટિ રાખવી નહિ. આ પ્રમાણે હોવા છતાં અને શિલ્પીવર્ગ એવું જાણતા હોવા છતાં પણ જે શિલ્પી બે ભાગની મધ્યમાં દેવોની દૃષ્ટિ રાખે છે તે તેમના હઠાગ્રહ સિવાય બીજું શું કહેવાય ?

કોઈ શિલ્પી આ દૃષ્ટિ બાબતમાં શંકા કરે છે કે—'વિવેકવિલાસ' ના પ્રથમ સર્ગના શ્લોક ૧૫૮ માં '**द्वारशाखाष्टभिर्भागैरधःपक्षाद् विधीयते**' દ્વારશાખાના આઠ ભાગ કરવાનું લખે છે, જેથી ઉંબરો ગાળવામાં આવે ત્યારે દૃષ્ટિનું માપ શાખાના માને ગણવું જોઈએ. આ શંકા વ્યાજબી ગણાય. 'વિવેકવિલાસ' માં ઉંબરાને ગાળવાનું કહ્યું નથી પણ 'અપરાજિતપૃચ્છા' આદિ ગ્રંથોમાં ઉંબરાને કારણસર ગાળવાનું લખે છે. છતાં ઉંબરાના ઉપરથી ઓતરંગના પેટા ભાગ સુધીના મધ્ય ભાગમાં દૃષ્ટિસ્થાનના ભાગો કરવાનું લખે છે. જો તેમને ગાળેલા ઉંબરા ઉપરથી માપ લેવું ન હોત તો તેઓ બીજો મત પણ લખત. પણ તેમ ન કરતાં એક જ મત બતાવે છે, તેથી ઉંબરો ગાળવો હોય ત્યારે પણ ઉંબરાના ઉપરથી જ માપ લેવું જોઈએ એ વાસ્તવિક ગણાય.

દેવોના પદસ્થાન સંબંધમાં શાસ્ત્રીય મતમતાંતર ચાલે છે, પણ દરેકનો સારાંશ એ કે દીવાલથી પ્રતિમાને દૂર રાખવી, દીવાલને અડાડીને કોઈ પણ દેવની પ્રતિમા સ્થાપન કરવી નહિ. આ વિષયમાં આ ગ્રંથકાર મતમતાંતરને છોડીને ગભારાના ઉપરના પાટથી આગળના ભાગમાં દેવોને સ્થાપન કરવાનું લખે છે તે વાસ્તવિક ગણાય છે.

**રેખા :**

શિલ્પીઓ રેખા સંબંધી જ્ઞાન માટે વિસ્મરણશીલ થઈ ગયા જણાય છે. શિખરની ઊંચાઈના સલણનો નિશ્ચય કરવા માટે સૂતરની દોરી વડે જે કમળની પાંખડી જેવી પાયચાથી સ્કંધ સુધી લીટીઓ દોરવામાં આવે છે તેને 'રેખા' કહેવામાં આવે છે. રેખાઓથી શિખર નિર્દોષ બની જાય છે. આ રેખાઓને શાસ્ત્રકાર 'ચન્દ્રકલા રેખા' કહે છે. તે બસો ને છપ્પન પ્રકારે બનાવી શકાય છે, જેમકે પ્રથમ ત્રિખંડનો એક ખંડ માનવામાં આવે છે. પછી એક એક અઢાર ખંડ સુધી ધારવામાં આવે છે, જેથી કુલ સોળ ખંડ થાય છે. તે પ્રત્યેક ખંડને ચારના ભેદ વડે સોળ સોળ કળારેખા ઉત્પન્ન થાય છે. એટલે ૧૬ × ૧૬ = ૨૫૬ રેખાઓ થાય છે. તે પાયચાથી સ્કંધ સુધી, આમલસાર સુધી અથવા કલશ સુધી એમ ત્રણ પ્રકારે દોરવામાં આવે છે.

પ્રત્યેક ખંડમાં ચાર ચાર રેખાઓ વધારીને કરવામાં આવે છે. જેમકે પ્રથમ ત્રિખંડમાં ૮, ૮; બીજા ચતુઃખંડમાં ૧૨, ૧૨; ત્રીજા પંચખંડમાં ૧૬, ૧૬. એ પ્રમાણે અનુક્રમે ચાર ચાર રેખાઓ

વધારતાં સોળમા અષ્ટાદશ ખંડમાં ૬૮, ૬૮ રેખાઓ સમચારની થાય છે. તે ખંડોની જેટલી કલ રેખાનો સરવાળો થાય, તેટલી સંખ્યા સ્કંધમાં અંકિત કરવામાં આવે છે.

ખંડોમાં ચારના ભેદ વડે કળાઓની જે વૃદ્ધિ થાય છે તે જાણવા માટે આ ગ્રંથના પૃષ્ઠ નં૦ ૭૯ની એક ત્રિખંડા રેખાનું કોષ્ઠક આપેલ છે તે જોવાથી બીજા ખંડોની કલારેખા બનાવી શકાશે.

આ ચંદ્રરેખાની રચના સિવાય બીજી પણ બે પ્રકારે રેખા બનાવવામાં આવે છે. એક ઉદ ભેદોદ્‌ભવ રેખા અને બીજી કલાભેદોદ્‌ભવ રેખા. તે બન્નેના પચીસ પચીસ ભેદ થાય છે. તેમાં ઉદયભેદો દ્‌ભવ રેખા શિખરના પાયચાના બન્ને કોણાની વચમાં સ્કંધ દોરવામાં આવે છે. તેમાં ખંડો અને કળ રેખા બનાવવામાં આવતી નથી. આને શિલ્પીવર્ગ ' વાલંજર 'ના નામથી ઓળખે છે. આ પચીસ રેખાન સંખ્યાસા, શોભના આદિ પચીસ નામો ' અપરાજિતપૃચ્છા ' સૂત્ર ૧૪૧ માં આપેલાં છે.

બીજી કલાભેદોદ્‌ભવ રેખા પ્રથમ પંચખંડાથી ઓગણત્રીશ ખંડ સુધી બનાવવામાં આવે છે, તે પચીસ ભેદ થાય છે. પ્રથમ ખંડની એક કલા, બીજા ખંડની બે કલા, ત્રીજા ખંડની ત્રણ કળા, ચો ખંડની ચાર કળા; આ પ્રમાણે એક એક કળા વધારતાં ઓગણત્રીસમા ખંડની ઓગણત્રીસ કળા થા છે. આ એકથી ઓગણત્રીશ કળા સુધીનો સરવાળો કુલ ચારસો પાંત્રીશ કળા થાય છે. આમાં પ્રથ પાંચ ખંડની એક રેખા માનવાથી પચીસ, રેખા થાય છે. તેના ચંદ્રકળા, કલાવતી આદિ પચીસ નામો ' અપરાજિતપૃચ્છા ' સૂત્ર ૧૪૧ માં આપેલાં છે.

### સુવર્ણપુરુષ :

સુવર્ણપુરુષને પ્રાસાદનું જીવસ્થાન (હૃદય) માનવામાં આવે છે. તેને કેટલાક જૈન વિધિકારક પ્રાસાદનો શિલાન્યાસ કરતી વખતે શિલાની નીચે રાખે છે. તેઓએ જાણવું જોઈએ કે, પાયો એ પગ માનવામાં આવે છે, ત્યારે પગની નીચે જીવસ્થાન રાખવાની ભૂલ કરે છે. શાસ્ત્રકાર આ સુવર્ણ પુરુષને શિખરના મસ્તક ઉપર આમલસારમાં, છજામાં, શૃંગોમાં કે શુકનાસની ઉપર રાખવાનું જણાવે છે તે જીવસ્થાન વાસ્તવિક જણાય છે પણ પાયામાં શિલાની નીચે રાખવું તે ઠીક નથી.

### ધ્વજા–દંડ :

શિલ્પીવર્ગમાં ઘણા સમયથી શાસ્ત્રનું અધ્યયન ઓછું હોવાથી ધ્વજાદંડ રાખવાનું સ્થાન ભૂલ જવાયું લાગે છે. આથી તેઓ શિખરના સ્કંધમાં કે આમલસારમાં દંડને સ્થાપન કરે છે શાસ્ત્રીય નથી. શાસ્ત્રમાં ધ્વજા–દંડનું સ્થાન રાખવા માટે કહ્યું છે કે—શિખરના ઉદયના ચોવીસ ...ને તેના બાવીસમા ભાગમાં ધ્વજા–દંડને સ્થાપવા માટે ધ્વજાધાર (કલાબો) કરવો, તે પ્રતિ પાછળના ભાગમાં જમણી તરફના પઢરામાં રાખવો. જુઓ પૃષ્ઠ નં૦ ૮૭ અને ૮૮. અને ... મજબૂત કરવા માટે તેની સાથે એક નાની દંડિકા આમલસાર સુધીની ઊંચાઈની રાખવામાં આવે ... તે બન્નેને વજ્રબંધ અર્થાત્ મજબૂત બાંધીને દંડ સાથે કલાબામાં સ્થાપન કરવી. તેથી દંડનો હવા... જોરથી બચાવ થાય છે.

શાસ્ત્રમાં ધ્વજાધારનું સ્થાન બતાવ્યું છે, પણ શિલ્પીઓ ધ્વજાધારનો અર્થ ધ્વજાને ધારણ કરના 'ધ્વજપુરુષ' એવો કરે છે. તેથી ધ્વજાદંડ રાખવાના સ્થાને ધ્વજપુરુષની આકૃતિ રાખે છે. તેમ જાણવું જોઈએ કે ધ્વજાધારનો અર્થ ધ્વજપુરુષ નહિ, પણ કલાબો છે તે ધ્વજાદંડ રાખવાનું સ્થાન છે.

મુદ્રિત ' જ્ઞાનપ્રકાશ-દીપાર્ણવ 'ના પૃષ્ઠ નં૦ ૧૩૦ માં શ્લો૦ ૧૦૩ માં શિખર ઉપર પાંચ ધ્વજા દંડ એક શિખરમાં અને ચાર દિશાના ચાર ઉરુશૃંગોમાં સ્થાપન કરવાનું જણાવે છે તે યુક્તિસં...

હોય તેમ જણાતું નથી. એક શિખર ઉપર પાંચ ધ્વજાદંડ કરવાથી શિખરને ઘણી હાનિ પહોંચવાનો ભય રહે છે. તેથી આ શ્લોક ક્ષેપક હોય તેમ જણાય છે.

ગૂજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ આદિનાં કેટલાંએક ગામોમાં શિખરની આગળના ઘૂમટો ઉપર પણ ધ્વજાદંડ ચડાવેલા જોવામાં આવે છે તે અશાસ્ત્રીય છે. એક તો ઘૂમટોની ઉપર આમલસારો હોય છે, તેમાં ધ્વજાદંડને રાખવાનું શાસ્ત્રમાં પ્રમાણ નથી, અને દેવનું માહાત્મ્ય પણ ઓછું થાય છે, કેમકે પ્રતિષ્ઠિત દેવને માથે ધ્વજા અને ઘૂમટમાં દર્શન કરનારાઓના માથે પણ ધ્વજા હોય તે અયોગ્ય ગણાય.

કેટલાક શિલ્પીઓ ધ્વજાદંડને શાસ્ત્રીય માનથી વધારે રાખે છે. તેઓ કહે છે કે, સાલતો ભાગ વધારે રાખવો જોઈએ એ તેમનું કહેવું વ્યાજબી નથી. કલાબામાં દંડને સ્થાપન કરવા માટે અધિક ઊંડો ખાડો ખોદવાની જરૂર રહેતી નથી.

'દીપાર્ણવ'ના પૃષ્ઠ નં૦ ૧૨૯ ની ટિપ્પણીમાં 'ક્ષીરાર્ણવ'ના એક શ્લોકનું પ્રમાણ આપીને લખ્યું છે કે—'સમપર્વ અને એકી કાંકણીવાળો ધ્વજદંડ શક્તિદેવીના (અને મહાદેવના) મંદિરોમાં કરાવવો. જો કે એકી કે બેકી બંને પ્રકારના ધ્વજદંડો ભવનને વિષે તો શુભ જ છે.' આ બાબત જણાવવાનું કે આ પ્રમાણ 'ક્ષીરાર્ણવ'નું હોય તેમ જણાતું નથી. અનુવાદકે મનઃકલ્પિત ક્ષેપક રીતે મૂકેલું જણાય છે. તેમાં પણ 'એકી કે બેકી બંને પ્રકારના ધ્વજદંડો ભવનને વિષે તો શુભ છે' એવું મનઃકલ્પિત લખાણ આશ્ચર્ય ઉપજાવે તેવું છે. 'ક્ષીરાર્ણવ'ની બે, ત્રણ પ્રતિ મારા જોવામાં આવી તેમાં આ શ્લોક નથી.

પાંચમા અધ્યાયમાં પ્રાસાદોમાં મુખ્ય વૈરાજ્ય આદિ પચીસ પ્રાસાદોનું વર્ણન નકશા સાથે સવિસ્તર આપવામાં આવ્યું છે.

છઠ્ઠા અધ્યાયમાં કેસરી આદિ પચીસ પ્રાસાદોનાં નામ અને તેની તલવિભક્તિનું અને નવ મહામેરુ પ્રાસાદોનું વર્ણન છે. કેસરી આદિ પચીસ પ્રાસાદ બનાવવા સંબંધી વિશેષ વિવેચન ગ્રંથકારે કરેલું ન હોવાથી આ ગ્રંથના અંતમાં પરિશિષ્ટ નં૦ ૧ માં 'અપરાજિતપૃચ્છા' સૂત્ર ૧૫૯ નું સવિસ્તર વર્ણન નકશાઓ સાથે આપવામાં આવેલું છે.

સાતમા અધ્યાયમાં પ્રાસાદના મંડપ સંબંધી સવિસ્તર વર્ણન નકશાઓ સાથે આપવામાં આવેલ છે. પેજ નં૦ ૧૧૬ માં ઘૂમટના આમલસારની ઊંચાઈ માટે શ્લોક ૭મો છે. તેના ઉત્તરાર્દ્ધમાં '**शुकनाससमा घण्टा न्यूना श्रेष्ठा न चाधिका।**'નો અર્થ 'ઘૂમટના કલશની ઊંચાઈ શુકનાસની બરાબર રાખે તથા ઓછી રાખે તો શ્રેષ્ઠ છે પણ અધિક રાખવી નહિ.' એવો કરેલ છે. કેમકે કેટલાક પ્રાચીન દેવાલયોમાં ઘૂમટનો કલશ શુકનાસથી નીચો જોવામાં આવે છે. તેમજ કેટલાક શિલ્પીઓની માન્યતા પણ એવી છે. 'અપરાજિતપૃચ્છા' જેવા માનનીય પ્રાચીન ગ્રંથમાં સ્પષ્ટ લખ્યું છે કે—'**शुकनाससमा घण्टा न न्यूना न ततोऽधिका।**' ઘૂમટના આમલસારની ઊંચાઈ શુકનાસની બરાબર રાખવી, ઊંચી નીચી રાખવી નહિ, જેથી '**न्यूना श्रेष्ठा न चाधिका**'નો અર્થ પણ ન્યૂન શ્રેષ્ઠ નથી તેમ અધિક પણ શ્રેષ્ઠ નથી એવો થઈ શકે છે.

આ બાબત મુદ્રિત 'દીપાર્ણવ'ના પૃષ્ઠ નં૦ ૧૩૩ ની ટિપ્પણીમાં અનુવાદક 'અપરાજિતપૃચ્છા' સૂત્ર ૧૮૫ નો શ્લોક ૧૩ '**तदूर्ध्वे न च कर्त्तव्यमधस्थं नैव दूषयेत्।**' નું પ્રમાણ આપી ઘૂમટનો આમલસાર શુકનાસથી નીચો હોય તો દોષ નથી, એવું સમર્થન કરે છે. પણ અનુવાદકે વિચાર કર્યો હોત તો જણાઈ આવત કે આ શ્લોક શુકનાસને રાખવાના સ્થાનનો છે. છજાથી લઈ શિખરના સ્કંધ

સુધીની ઊંચાઈના એકવીશ ભાગ કરી, તેમાંના નવથી તેર ભાગની ઊંચાઈમાં શુકનાસ રાખવો. ત્યાં તેર ભાગથી ઉપર શુકનાસ રાખવો નહિ, પણ નીચો રાખવો એવો અર્થ ઘટે છે. તેને કલશની સાથે સંબંધ મેળવવો તે પ્રામાણિક નથી.

'દીપાર્ણવ'ના ૧૦ મા અધિકારના શ્લોક ૩ ના ઉત્તરાર્ધથી શ્લોક ૫ સુધીના અઢી શ્લોક 'અપરાજિતપૃચ્છા' સૂત્ર ૧૮૫ માંની રીતસરની નકલ છે અને તે શુકનાસનું સ્થાન નિર્ણય કરવા સંબંધના છે. તેને અનુવાદકે પાંચમા શ્લોકને ઘૂમટના આમલસાર સાથે જોડવાની ભૂલ કરી છે. આશા છે કે બીજી આવૃત્તિમાં સુધારો કરશે.

**વિતાન :**

વિતાન એટલે ચંદરવો. પ્રાસાદની છતને 'વિતાન' એવા નામથી ઓળખવામાં આવે છે. તેના મુખ્ય ત્રણ ભેદ છે.

૧. છતમાં જો લટકતી આકૃતિઓ હોય તો તેને 'ક્ષિપ્તવિતાન' કહે છે.

૨. છત ઊંચી કરેલી હોય અર્થાત્ ઘૂમટ કરેલ હોય તો તેને 'ઉત્ક્ષિપ્ત વિતાન' કહે છે.

૩. જે છત સમતલ હોય, તો તેને 'સમતલ વિતાન' કહે છે. આ છત સાદી હોય અથવા અનેક પ્રકારનાં ચિત્રોથી ચીતરેલી અથવા કોતરેલી હોય છે.

'દીપાર્ણવ' ના પૃષ્ઠ નં૦ ૧૩૭ માં શ્લોક ૨૨ ના અનુવાદમાં ક્ષિપ્તોત્ક્ષિપ્ત, સમતલ અને ઉદિત એમ ત્રણ પ્રકારનાં વિતાન લખ્યાં છે. મારી સમજ પ્રમાણે **'उदितानि त्रिधा क्रमात् ।'** આ પદમાં ઉદિતાનિ શબ્દ વદ્ ધાતુનું ભૂતકૃદંત છે, તેથી તેનો અર્થ 'કહેલા છે' એવો ક્રિયાવાચક કરવો જોઈએ.

**સંવરણા :**

સંવરણાને શિલ્પીવર્ગ 'સાંભરણ' કહે છે. તે મંડપની છતની ઉપર બનાવવામાં આવે છે અને અનેક કળશોવાળા હોય છે. તેની રચના શિલ્પીવર્ગ પોતાની બુદ્ધિ અનુસાર બતાવે છે. પણ તે શાસ્ત્રીય હોય એવો નિયમ રહેલો જણાતો નથી.

આ ગ્રંથના અને 'જ્ઞાનપ્રકાશ દીપાર્ણવ' ના ઘણાખરા નકશાઓ એકસરખા જ છે. તેમાં સંવરણાના નકશાઓમાં ઘંટાનો અર્થ સમજફેર થઈ જવાથી ઘંટાકૃતિ (ચંદ્રિકા) કરીને ઉપર આમલસારિકા બતાવવામાં આવી છે તેથી તે નકશાઓ અશુદ્ધ થઈ જવા પામ્યા છે. દીપાર્ણવના અનુવાદક ઘંટાનો અર્થ ઘંટાકૃતિ એવો કરે છે. રૂબરૂ પૂછવાથી પણ તેઓ કહે છે કે—સાંભરણ ઉપર આમલસારો મૂકવામાં આવતો નથી, ઘંટાકૃતિ જ મૂકવામાં આવે છે. તેમજ તેઓ 'દીપાર્ણવ' ના પૃષ્ઠ નં૦ ૧૬૮ ની નીચેની ટિપ્પણીમાં સ્વયં લખે છે કે—"વર્તમાન કાળમાં જે સંવરણા ચણવવાની પ્રથા શિલ્પીઓમાં છે તે બસોએક વર્ષથી ચાલી આવતી હોય તેમ જણાય છે. તેમાં શાસ્ત્રીય રીત **નથી.** આ વિધાનમાં સહેજ ફેર છે, તે સાવ અશાસ્ત્રીય છે તેમ કહેવું બરાબર નથી

"સંવરણાના મથાળે મધ્યમાં મહાઘંટિકા જ કરવી જોઈએ, અહીં પાઠોમાં કે બીજા ગ્રંથોમાં ઘંટિકાને બદલે આમલસારો મૂકવાનું કહ્યું નથી. તેરમી–ચૌદમી સદીની કોઈ કોઈ જૂની સંવરણા ઉપર આમલસારો મૂકેલો જોવામાં આવે છે, પરંતુ તે બરાબર નથી, એમ હું માનું છું. કારણ કે એ સંબંધે પાઠ નથી. માટે ત્યાં મહાઘંટિકા જ મૂકવી જોઈએ.

"શિખરાધ્યાય અને મંડપલક્ષણાધિકારમાં શિખરનો શુકનાસ મેળવવા કહે છે કે–**'शुकनाससमा**

**घण्टा** ' એટલે મંડપના ઉપરની સંવરણાની ઉપલી ઘંટિકા–ઘંટા શુકનાસના સમસૂત્રમાં રાખવી; ત્યાં આમલસારો શબ્દ વાપર્યો નથી. તેથી જૂના કામમાં સંવરણાના મથાળે મુકાતો ન હતો પરંતુ ઘંટિકા જ મુકાતી હતી."

ઉપરોક્ત ટિપ્પણીથી સ્પષ્ટ જણાય છે કે–' દીપાર્ણવ 'ના અનુવાદક ઘંટીનો અર્થ ઘંટાકૃતિ જ કરે છે આમલસારો કરતા નથી અને આ ભૂલ છુપાવવા માટે પ્રાચીન દેવાલયોની સંવરણાની ઉપર આમલસારો જોવામાં આવે છે તેને પ્રામાણિક માનતા નથી. આ હકીકત આગ્રહી કહી શકાય પણ તેમણે પોતાના અનુવાદમાં કેટલેક ઠેકાણે ઘંટાનો અર્થ આમલસારો કરેલો છે. જુઓ ' દીપાર્ણવ ' પેજ નં૦ ૧૨૩, શ્લોક ૭૨ માં ' **घण्टोदयप्रमाणेन स्तम्भिकोदयः कारयेत्** ' લખ્યું છે. તેમાં ઘંટાનો અર્થ પોતે જ આમલસારો લખે છે, ત્યાં ઘંટાકૃતિ લખતા નથી. તેમ જ પેજ નં૦ ૧૧૭, શ્લોક ૫૭ ના તથા પૃષ્ઠ નં૦ ૧૩૩, શ્લોક ૬ ના અર્થમાં ઘંટાનો અર્થ આમલસારો લખે છે અને અહીં સંવરણામાં ઘંટાકૃતિ ( ચંદ્રિકા ) લખે છે. આ તેમની મનઃકલ્પના કહી શકાય. તેથી સંવરણાના નકશાઓમાં જે ઘંટાકૃતિઓ કરેલી જોવામાં આવે છે તે શાસ્ત્રીય નથી.

સાદા ઘૂમટ ઉપર અથવા સાંભરણ ઉપર આમલસારો મૂકવામાં આવે નહિ અને ઘંટાકૃતિ ચંદ્રિકા જ મૂકવામાં આવે તો તે નાગરી શૈલી નહીં બનતાં મોગલ શૈલી બની જાય છે. મોગલ શૈલીના ઘૂમટો ઉપર આમલસારો હોતો નથી. ફક્ત ચંદ્રિકા અને કલશ હોય છે. આ હકીકત શિલ્પીઓ જાણતા ન હોવાથી આજકાલ ઘૂમટ ઉપર આમલસારો રાખતા નથી. કોઈ ચંદ્રિકા અને તેની ઉપર આમલસારિકા અને કલશ રાખે છે તથા કોઈ ચંદ્રિકા અને તેની ઉપર કલશ જ રાખે છે. આ રીત તદ્દન મોગલ શૈલીની બની જાય છે. આ બાબત શિલ્પીઓએ યાદ રાખવા જેવી છે કે ઘૂમટની ઉપર આમલસારો ચઢાવ્યા પછી જ ચંદ્રિકા, આમલસારિકા અને કલશ ચઢાવવા જોઈએ, જે પ્રમાણે શિખરની ઉપર આમલસાર, ચંદ્રિકા, આમલસારિકા અને કલશ ચઢાવવામાં આવે છે તે પ્રમાણે જ ઘૂમટ ઉપર પણ ચઢાવવાં જોઈએ. આ નાગરી શૈલીની પ્રથા કહી શકાય.

દેવાલય નિર્માણમાં શિલ્પીઓની ભૂલ થવાનું કારણ જણાય છે કે, મુસલમાની રાજ્યશાસનમાં દેવાલયોનો વિધ્વંસ થતો, જેથી નવીન દેવાલયો બનતાં બંધ થયાં. આ કારણે આ વિષયના શિલ્પીઓ અન્ય કાર્યમાં જોડાઈ ગયા તેથી આ વિષયનું શાસ્ત્રાધ્યયન પણ બંધ થયું. તેમનાં સંતાનોએ પણ આ વિદ્યા ભણાવવાનું બંધ કર્યું તેથી આ વિદ્યા વિસરાઈ ગઈ લાગે છે. બાકી જે આ વિષયના શિલ્પીઓ મસ્જિદ આદિ બાંધવાનું કામ કરતા રહ્યા તેમનાં સંતાનોને મોગલઆર્ટ બાંધવાનો અભ્યાસ હોવાના કારણે તેમની પરંપરાવાળા જ્યારે સમયાનુકૂલ દેવાલયો બાંધવા લાગ્યા ત્યારે બંને કલા મિશ્ર થઈ ગઈ. એ જ કારણ છે કે દેવાલયોમાં અને મસ્જિદોમાં બંને પ્રકારની કળાશૈલી જોવામાં આવે છે.

આઠમો અધ્યાય સાધારણ નામનો છે. તેમાં વાસ્તુદોષ, દિઙ્મૂઢદોષ, જીર્ણવાસ્તુ, મહાદોષ, ભિન્નદોષ, અંગહીનદોષ, આશ્રમ, મઠ, પ્રતિષ્ઠાવિધિ, પ્રતિષ્ઠામંડપ અને કુંડ, મંડલપ્રતિષ્ઠાવિધિ પ્રાસાદદેવન્યાસ, જિનદેવપ્રતિષ્ઠા, જલાશયપ્રતિષ્ઠા, વાસ્તુપુરુષ અને ગ્રંથસમાપ્તિ મંગલ આદિનું વર્ણન છે.

પરિશિષ્ટ નં૦ ૧ માં કેસરી આદિ પચીસ પ્રાસાદોનું સવિસ્તર વર્ણન છે. તેમાં વિભક્તિઓની પ્રાસાદસંખ્યામાં શાસ્ત્રીય મતાંતર છે, જેમકે ' સમરાંગણસૂત્રધાર ' ગ્રંથમાં અઢારમી વિભક્તિનો એક પણ પ્રાસાદ નથી. તેમ જ શિલ્પશાસ્ત્રી નર્મદાશંકર સંપાદિત ' શિલ્પરત્નાકર 'માં વીશમી વિભક્તિનો એક પણ પ્રાસાદ નથી વગેરે.

મિસ્ત્રી નર્મદાશંકરભાઈએ 'શિલ્પરત્નાકર'માં કેસરી જાતિનો બીજો સર્વતોભદ્ર પ્રાસાદ નવ શ્રૃંગવાળો જણાવ્યો છે. તેમાં ચારે ખૂણે અને ચારે ભદ્રે એક એક શ્રૃંગ ચઢાવેલ છે તે શાસ્ત્રીય નથી. શાસ્ત્રમાં તો ખૂણા ઉપર બે બે શ્રૃંગ ચઢાવવાનું અને ભદ્ર ઉપર શ્રૃંગ નહિ ચઢાવવાનું લખ્યું છે. જુઓ 'ક્ષીરાર્ણવ'માં સાફ લખેલ છે કે-'**कर्णे श्रृंगद्वयं कार्यं भद्रे श्रृंगं विवर्जयेत्** ।' આ પ્રમાણે સોમપુરા અંબારામ વિશ્વનાથ પ્રકાશિત 'કેસરાદિપ્રાસાદમંડન' પૃષ્ઠ નં૦ ૨૫ શ્લોક ૧૪ છે. આ શ્લોકને બદલે '**कर्णे श्रृंगं तथा कार्यं भद्रे श्रृंगं तथैव च** ।' આ પ્રમાણે પાઠનું પરિવર્તન કરી નાખ્યું છે. આ પ્રાચીન વાસ્તુશિલ્પ ગ્રંથને વિકૃત કરવો યોગ્ય ગણાય નહિ.

આ 'શિલ્પરત્નાકર'નું અનુકરણ 'દીપાર્ણવ'ના અનુવાદકે પણ કરેલ છે. જુઓ દીપાર્ણવ પૃષ્ઠ નં૦ ૩૨૧માં સર્વતોભદ્ર શિખરનો શ્લોક. પરિશિષ્ટ નં૦ ૨ માં જિનપ્રાસાદોનું વર્ણન છે. આ પ્રાસાદો ઉપર શ્રીવત્સ શ્રૃંગોને બદલે કેસરી આદિ ક્રમ ચઢાવવાનું જણાવેલ છે. તેમાં પહેલો ક્રમ પાંચ શ્રૃંગવાળો, બીજો ક્રમ નવ શ્રૃંગોવાળો, ત્રીજો ક્રમ તેર શ્રૃંગોવાળો અને ચોથો ક્રમ સત્તર (૧૭) શ્રૃંગોવાળો છે. અર્થાત કેસરી આદિ પ્રાસાદોની શ્રૃંગસંખ્યાને ક્રમની સંજ્ઞા આપી છે. શાસ્ત્રકાર જેટલા ક્રમ ઓછા–વધતા ચઢાવવાનું જણાવે છે ત્યાં શિલ્પીવર્ગ નીચેની પંક્તિમાં એક જ જાતના ક્રમ ચડાવે છે ત્યારે શાસ્ત્રાનુસાર ઉપરની પંક્તિમાં એક જ જાતના ક્રમ ચઢાવાય છે. જેમકે સમદલ પ્રસાદ છે, તેના ખૂણા ઉપર ચાર ક્રમ, પઢરા ઉપર ત્રણ ક્રમ અને ઉપર ઉપર બે ક્રમ ચઢાવવા જોઈએ. આ ઠેકાણે શિલ્પીઓ નીચેની પંક્તિમાં ચોથું ૧૭ શ્રૃંગવાળું ક્રમ બધાં અંગોની ઉપર ચઢાવે છે. તેની ઉપર, બીજી પંક્તિમાં ત્રીજું ક્રમ, ત્રીજી પંક્તિમાં બીજું ક્રમ અને ચોથી પંક્તિમાં પહેલું ક્રમ ચઢાવે છે. આ નિયમ અશાસ્ત્રીય છે અને પ્રાચીન દેવાલયોમાં પણ આ પ્રમાણે જોવામાં આવતું નથી. શાસ્ત્રીય નિયમ એવો છે કે–જે અંગ ઉપર જેટલા ક્રમો ચઢાવવાના હોય તે બધાં અંગોમાં પ્રથમ ક્રમથી જ ચઢાવે, એટલે નીચેની પંક્તિમાં જે અંગ ઉપર ચાર ક્રમ ચઢાવવાના હોય ત્યાં ચોથું ક્રમ, ત્રણ ક્રમ ચઢાવવાના હોય ત્યાં ત્રીજું ક્રમ અને બે ક્રમ ચઢાવવાનાં હોય તે અંગ ઉપર બીજું ક્રમ ચઢાવવું. જુઓ 'અપરાજિતપૃચ્છા'ના વિમાન પુષ્પકાદિ પ્રાસાદો. આ શાસ્ત્રીય નિયમ પ્રમાણે શિલ્પીઓએ કામ કરવું જોઈએ. જો કે 'શિલ્પરત્નાકર' અને 'દીપાર્ણવ'માં આ જિનપ્રાસાદો છપાયેલ છે, તેમાં તેમના હિસાબે શિખરોની શ્રૃંગસંખ્યા બરાબર મળતી આવતી નથી, જેથી જણાય છે કે તેમણે તે બાબત વિચાર કરેલો નહીં હોય.

મોતીસિંહ ભોમીયાનો રસ્તો,
જયપુરસીટી (રાજસ્થાન)
સં. ૨૦૧૭ અક્ષયતૃતીયા.

ભગવાનદાસ જૈન

# विषयानुक्रमणिका


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| મંગલાચરણ ... ... | ૧ |
| દેવપૂજિત શિવસ્થાન ... ... | ૨ |
| પ્રાસાદની જાતિ ... ... | ૨ |
| આઠ જાતિના ઉત્તમ પ્રાસાદ ... | ૩ |
| પ્રાસાદ બનાવવાનો સમય ... | ૪ |
| ભૂમિપરીક્ષા ... ... | ૪ |
| વાસ્તુમંડલ બનાવવાની વસ્તુ ... | ૪ |
| આઠ દિક્પાલ ... ... | ૫ |
| કાર્યારંભમાં પૂજનીય દેવ ... | ૫ |
| નિષેધસમય ... ... | ૫ |
| વત્સમુખ ... ... | ૫ |
| આય આદિનો વિચાર ... ... | ૭ |
| દેવાલયમાં વિચારણીય આયાદિ ... | ૭ |
| આય વ્યય અને નક્ષત્રનું જ્ઞાન ... | ૭ |
| આયોનાં નામ અને દિશા ... | ૮ |
| વ્યયોનાં નામ ... ... | ૮ |
| આયોમાં વ્યયોનું ફલ ... ... | ૯ |
| અંશ લાવવાનો પ્રકાર ... ... | ૯ |
| રાશિ યોનિ નાડી ગણ આદિ જાણવાનું કોષ્ટક | ૧૦–૧૧ |
| ધ્વજાય અને દેવગણ નક્ષત્રવાળા સમચોરસ ક્ષેત્રનું માપ ... | ૧૨ |
| દિશાસાધન ... ... | ૧૩ |
| ખાતવિધિ ... ... | ૧૪ |
| નાગવાસ્તુ ... ... | ૧૪ |
| રાહુ (શેષનાગ) મુખ ... | ૧૫ |
| કૂર્મનું માન ... ... | ૧૬ |
| અન્યમતે કૂર્મનું માન ... | ૧૭ |
| શિલા સ્થાપવાની પ્રથા ... | ૧૮ |
| શિલાઓનાં નામ ... ... | ૧૮ |
| ધારણી શિલાનું માન ... ... | ૧૯ |
| શિલા ઉપરનાં રૂપો ... ... | ૨૧ |
| સૂત્રારંભ નક્ષત્ર ... ... | ૨૧ |
| શિલાસ્થાપન નક્ષત્ર ... ... | ૨૨ |
| દેવાલય બનાવવાનું સ્થાન ... | ૨૨ |
| દેવાલય બનાવવાના પદાર્થ ... | ૨૨ |
| દેવપ્રતિષ્ઠાનું ફલ ... ... | ૨૨ |
| દેવાલય બનાવવાનું ફલ ... | ૨૨ |
| વાસ્તુપૂજાનાં સાત સ્થાન ... | ૨૩ |
| શાંતિપૂજાનાં ચૌદ સ્થાન ... | ૨૩ |
| પ્રાસાદનું માપ ... ... | ૨૩ |
| મંડોવરનાં થરોનો નિર્ગમ ... | ૨૩ |
| પ્રાસાદની અંગસંખ્યા ... | ૨૪ |
| ફાલનાઓનું સામાન્ય માપ ... | ૨૪ |


## ૨. બીજો અધ્યાય


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| જગતીનું સ્વરૂપ ... ... | ૨૫ |
| જગતીનો આકાર ... ... | ૨૫ |
| જગતીનું વિસ્તારમાન ... | ૨૫ |
| મંડપની જગતી ... ... | ૨૬ |
| ભૂમણી ( પરિક્રમા ) ... ... | ૨૭ |
| જગતીના કોણાની સંખ્યા ... | ૨૭ |
| જગતીની ઊંચાઈનું માન ... | ૨૭ |
| જગતીની ઊંચાઈના થરોનું માન ... | ૨૮ |
| જગતીની શોભાના આભૂષણ ... | ૨૮ |
| જગતીનો ઉદય અને તેના થરોનો દેખાવ ... | ૨૯ |
| દેવોના વાહનનું સ્થાન ... | ૩૦ |
| મૂર્તિના વાહનનો ઉદય ... | ૩૦ |
| જિનપ્રાસાદના મંડપોનો ક્રમ ... | ૩૧ |
| જિનપ્રાસાદની દેવકુલિકાનો ક્રમ ... | ૩૧ |
| બાવન દેવકુલિકા ... ... | ૩૨ |
| બોતેર દેવકુલિકા ... ... | ૩૨ |
| ચોવીસ દેવકુલિકા ... ... | ૩૨ |
| રથ અને મઠનું સ્થાન ... | ૩૨ |
| જગતીમાં અન્ય પ્રાસાદ ... | ૩૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| શિવલિંગની સામે અન્યદેવ ... | ૩૩ |
| દેવની સામે સ્વદેવ ... ... | ૩૩ |
| દેવીની સામે દેવ ... ... | ૩૩ |
| દૃષ્ટિવેધ ... ... | ૩૪ |
| દૃષ્ટિવેધનો પરિહાર ... ... | ૩૪ |
| શિવસ્નાનોદક ... ... | ૩૪ |
| દેવોની પ્રદક્ષિણા ... ... | ૩૫ |
| પરનાળી (જલમાર્ગ) ... | ૩૫ |
| મંડપમાં સ્થાપિત દેવોની નાળી ... | ૩૬ |
| પૂર્વ અને પશ્ચિમાભિમુખ દેવ ... | ૩૬ |
| દક્ષિણાભિમુખ દેવ ... ... | ૩૭ |
| વિદિશામુખ દેવ ... ... | ૩૭ |
| સૂર્યાયતન ... ... | ૩૭ |
| ગણેશાયતન ... ... | ૩૮ |
| વિષ્ણુપંચાયતન ... ... | ૩૮ |
| દેવીપંચાયતન ... ... | ૩૮ |
| શિવપંચાયતન ... ... | ૩૯ |
| ત્રિદેવ સ્થાપન ક્રમ ... ... | ૩૯ |
| ત્રિદેવોનું ન્યૂનાધિક માન ... | ૩૯ |

## ૩. ત્રીજો અધ્યાય

| | |
|---|---|
| પ્રાસાદધારિણી શિલા (ખરશિલા) ... | ૪૧ |
| ભિટનું માન ... ... | ૪૨ |
| ભિટનો નીકાલો ... ... | ૪૨ |
| પીઠનું ઉદયમાન ... ... | ૪૩ |
| પીઠના ઉદયનાં થરોનું માન ... | ૪૫ |
| થરોનું નિર્ગમમાન ... ... | ૪૬ |
| કામદપીઠ અને કણપીઠ ... | ૪૬ |
| પ્રાસાદનું ઉદયમાન (મંડોવર) ... | ૪૭ |
| બીજી રીતે પ્રાસાદના ઉદયનું માન ... | ૪૮ |
| પ્રાસાદના ઉદયમાનથી પીઠનું ઉદયમાન... | ૪૯ |
| મંડોવરના થરોનું માન ... | ૪૯ |
| બાર પ્રકારની જંઘા ... ... | ૫૨ |
| મેરુ મંડોવરના ઉદયનું માન ... | ૫૩ |
| સામાન્ય મંડોવર ... ... | ૫૪ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| બીજી રીતે મંડોવરનું ઉદયમાન ... | ૫૫ |
| મંડોવરની જાડાઈ ... ... | ૫૫ |
| બીજી રીતે મંડોવરની જાડાઈ ... | ૫૬ |
| શુભાશુભ ગર્ભગૃહ ... ... | ૫૬ |
| લંબચોરસ અશુભ ગર્ભગૃહ ... | ૫૬ |
| લંબચોરસ શુભ ગર્ભગૃહ ... | ૫૭ |
| સ્તંભ અને મંડોવરના થરોની સરખામણી ... | ૫૭ |
| ગભારાનો ઉદય ... ... | ૫૭ |
| સ્તંભમાન ... ... | ૫૭ |
| ઊંબરો ... ... | ૫૮ |
| ઊંબરાની રચના ... ... | ૫૮ |
| કુંભાથી નીચો ઊંબરો ... | ૫૮ |
| ઊંબરાની ઊભણી અને તલનો નકશો ... | ૫૯ |
| અર્ધચંદ્ર (શંખાવટી) ... | ૬૦ |
| ઉત્તરંગ ... ... | ૬૦ |
| નાગરપ્રાસાદનું દ્વારમાન ... | ૬૧ |
| ભૂમિજ પ્રાસાદનું દ્વારમાન ... | ૬૩ |
| દ્રાવિડ પ્રાસાદનું દ્વારમાન ... | ૬૩ |
| અન્ય પ્રાસાદોનું દ્વારમાન ... | ૬૩ |
| દ્વારશાખા ... ... | ૬૪ |
| શાખાના આય ... ... | ૬૪ |
| નવ શાખાનાં નામ ... ... | ૬૫ |
| શાખાનું ન્યૂનાધિક માન ... | ૬૫ |
| ત્રિશાખા ... ... | ૬૭ |
| રૂપસ્તંભનો નીકાળો ... ... | ૬૭ |
| શાખાઓનો નીકાળો ... ... | ૬૮ |
| શાખાનાં દ્વારપાલનું માન ... | ૬૮ |
| શાખાનાં રૂપ ... ... | ૬૮ |
| પંચશાખા ... ... | ૬૯ |
| સપ્તશાખા ... ... | ૬૯ |
| નવશાખા ... ... | ૭૦ |
| ઉત્તરંગના દેવ ... ... | ૭૧ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **૪. ચોથા અધ્યાય** | |
| દ્વારમાને મૂર્તિ અને પબાસણનું માન ... | ૭૨ |
| ગભારાનું માન ... ... | ૭૩ |
| ગભારાના માનથી મૂર્તિનું માન ... | ૭૩ |
| દેવોનું દષ્ટિસ્થાન ... ... | ૭૩ |
| વિશેષ દેવોનું દષ્ટિસ્થાન ... | ૭૪ |
| દેવોનું પદસ્થાન ... ... | ૭૪ |
| પ્રહાર થર ... ... | ૭૫ |
| છાદ્યનાં થર ... ... | ૭૫ |
| શ્રૃંગનો ક્રમ ... ... | ૭૫ |
| ઉરુશ્રૃંગનો ક્રમ ... ... | ૭૬ |
| શિખરનું નિર્માણ ... ... | ૭૬ |
| ઉદયભેદોદ્ભવ રેખા ... ... | ૭૭ |
| કલાભેદોદ્ભવ રેખા ... ... | ૭૭ |
| રેખાચક્ર ... ... | ૭૮ |
| સમચારની ત્રિખંડા રેખા ... | ૭૮ |
| સપાદચારની ત્રિખંડા રેખા ... | ૭૮ |
| સાર્દ્ધચારની ત્રિખંડા રેખા ... | ૭૮ |
| સોળ જાતના ચાર ... ... | ૭૮ |
| ત્રિખંડા રેખા અને કલાનું કોષ્ટક ... | ૭૯ |
| રેખાસંખ્યા ... ... | ૮૦ |
| મંડોવર અને શિખરનું ઉદયમાન ... | ૮૦ |
| શિખરવિધાન ... ... | ૮૦ |
| ગ્રીવા આમલસાર અને કલશનું માન ... | ૮૧ |
| શુકનાસનો ઉદય ... ... | ૮૧ |
| સિંહસ્થાન ... ... | ૮૧ |
| કવિલી (કોળી) નું સ્થાન ... | ૮૨ |
| કોળીનું માન ... ... | ૮૨ |
| ૭ પ્રકારની કોળી ... ... | ૮૨ |
| પ્રાસાદનાંશંગો અને આભૂષણ ... | ૮૩ |
| શિખરની નમણના વિભાગ ... | ૮૩ |
| આમલસારનું માન ... ... | ૮૩ |
| સુવર્ણપુરુષ (પ્રાસાદપુરુષ)ની સ્થાપના... | ૮૪ |
| સુવર્ણપુરુષનું પ્રમાણ અને રચના ... | ૮૫ |
| કલશની ઉત્પત્તિ અને સ્થાપના ... | ૮૬ |
| કલશનું ઉદયમાન ... ... | ૮૬ |
| કલશનું વિસ્તારમાન ... ... | ૮૭ |
| ધ્વજાદંડનું સ્થાન ... ... | ૮૭ |
| ધ્વજાધાર (કલાબા)નું સ્થાન ... | ૮૭ |
| સ્તંભવેધનું સ્થાન ... ... | ૮૮ |
| કલાબાની જાડાઈ અને સ્તંભિકા ... | ૮૮ |
| ધ્વજાદંડનું પહેલું ઉદયમાન ... | ૮૯ |
| ધ્વજાદંડનું બીજું ઉદયમાન ... | ૮૯ |
| ધ્વજાદંડનું ત્રીજું ઉદયમાન ... | ૮૯ |
| ધ્વજાદંડનું વિસ્તારમાન ... | ૯૦ |
| ધ્વજાદંડની રચના ... ... | ૯૦ |
| ધ્વજાદંડનાં તેર નામ ... ... | ૯૦ |
| ધ્વજાદંડની પાટલી ... ... | ૯૧ |
| ધ્વજાનું માન ... ... | ૯૧ |
| ધ્વજાનું માહાત્મ્ય ... ... | ૯૧ |
| ગ્રંથની માન્યતાની યાચના ... | ૯૨ |
| ૧ વૈરાજ્યપ્રાસાદ ... ... | ૯૨ |
| ફાલનાના ભેદ ... ... | ૯૨ |
| ભ્રમણી (પરિક્રમા) ... ... | ૯૩ |
| દ્વારનો નિયમ ... ... | ૯૫ |
| ૨ નંદનપ્રાસાદ ... ... | ૯૭ |
| ૩ સિંહપ્રાસાદ ... ... | ૯૭ |
| ૪ નંદનપ્રસાદ ... ... | ૯૮ |
| ૫ મંદિર અને ૬ મલયપ્રાસાદ ... | ૯૮ |
| ૭ વિમાન, ૮ વિશાલ, ... | |
| ૯ ત્રૈલોક્યભૂષણપ્રાસાદ ... | ૯૮ |
| ૧૦ મહેન્દ્રપ્રાસાદ ... ... | ૧૦૦ |
| ૧૧ રત્નશીર્ષપ્રાસાદ ... | ૧૦૦ |
| ૧૨ સિતશંગપ્રાસાદ ... | ૧૦૦ |
| ૧૩ ભૂધર અને ૧૪ ભુવનમંડન પ્રાસાદ | ૧૦૦ |
| ૧૫ ત્રૈલોક્યવિજય અને | |
| ૧૬ ક્ષિતિવલ્લભપ્રાસાદ ... ... | ૧૦૧ |
| ૧૭ મહીધરપ્રાસાદ ... ... | ૧૦૧ |
| ૧૮ કૈલાસપ્રાસાદ ... ... | ૧૦૧ |
| ૧૯ નવમંગલ અને ... ... | ૧૦૨ |

| | પૃષ્ઠ |
|---|---|
| કેસ | |
| ભ્રમમોહનપ્રાસાદ ... ... | |
| સર્વાંગસુંદર | |
| વિજયાનંદપ્રાસાદ ... ... | ૧૦૨ |
| સર્વાંગતિલકપ્રાસાદ ... ... | ૧૦૨ |
| મહાભોગપ્રાસાદ ... ... | ૧૦૨ |
| મેરુપ્રાસાદ ... ... | ૧૦૩ |
| પ્રાસાદની પ્રદક્ષિણાનું ફલ ... | ૧૦૩ |
| **૬ ઠ્ઠો અધ્યાય** | |
| કેસરી આદિ પચીસ પ્રાસાદનાં નામ | ૧૦૪ |
| પચીસ પ્રાસાદોની અંડક સંખ્યા | ૧૦૪ |
| આઠ વિભાગનું તળમાન : ... | ૧૦૫ |
| દશ અને બાર વિભાગનું તળમાન | ૧૦૫ |
| ચૌદ વિભાગનું તળમાન ... | ૧૦૫ |
| સોળ વિભાગનું તળમાન ... | ૧૦૫ |
| અઢાર વિભાગનું તળમાન ... | ૧૦૬ |
| વીસ વિભાગનું તળમાન ... | ૧૦૬ |
| બાવીસ વિભાગનું તળમાન ... | ૧૦૬ |
| તળોની પ્રાસાદસંખ્યા ... | ૧૦૬ |
| નિરંધાર પ્રાસાદ ... | ૧૦૮ |
| પ્રાસાદતળની આકૃતિઓ ... | ૧૦૮ |
| લંબચોરસપ્રાસાદ ... ... | ૧૦૮ |
| ગોળ, લંબગોળ અને અષ્ટાસ્રપ્રાસાદ | ૧૦૯ |
| નાગરપ્રાસાદ ... ... | ૧૦૯ |
| દ્રાવિડપ્રાસાદ ... ... | ૧૦૯ |
| ભૂમિજપ્રાસાદ ... ... | ૧૦૯ |
| લતિનશ્રીવત્સ અને નાગરજાતિના પ્રાસાદ | ૧૧૦ |
| મેરુપ્રાસાદ ... ... | ૧૧૦ |
| વિમાનનાગરપ્રાસાદ ... | ૧૧૦ |
| ૧ શ્રીમેરુ અને | |
| ૨ હેમશીર્ષમેરુપ્રાસાદ ... | ૧૧૧ |
| ૩ સુરવલ્લભીમેરુપ્રાસાદ ... | ૧૧૧ |
| ૪ ભુવનમંડનમેરુપ્રાસાદ ... | ૧૧૧ |
| ૫ રત્નશીર્ષમેરુપ્રાસાદ ... | ૧૧૨ |
| ૬ કિરણોદ્ભવ મેરુપ્રાસાદ ... | ૧૪૨ |
| ૭ કમલહંસમેરુપ્રાસાદ ... | ૧૧૨ |

| વિષય |
|---|
| ૮ સ્વર્ણકેતુમેરુપ્રાસાદ |
| ૯ વૃષભધ્વજમેરુપ્રાસાદ |
| **૭ મો અધ્યાય** |
| ગર્ભાગ્રમંડપ ... |
| જિનપ્રાસાદના મંડપો |
| પાંચ પ્રકારના મંડપનું મા |
| મંડપોનું તલદર્શન |
| પ્રાસાદમાને મંડપનું માન |
| ઘૂમટના કલશની ઊંચાઈ |
| મંડપના સમ વિષમ તળ |
| મુખમંડપ ... ... |
| સ્તંભનું વિસ્તારમાન ... |
| સ્તંભોના નમૂના ... |
| આકૃતિપ્રમાણે સ્તંભોનાં નામ |
| પ્રાગ્ગ્રીવ મંડપ ... |
| આઠ જાતિના ગૂઢમંડપ ... |
| મંડપની ફાલનાઓ ... |
| બાર પ્રકારના ચોકીમંડપ ... |
| નૃત્યમંડપ ... ... |
| સત્યાવીશ મંડપ ... ... |
| આઠ અને સોળ કોણાની રચના |
| વિતાન (ઘૂમટ) રચના ... |
| વિતાન (ઘૂમટ)ના થરો |
| વિતાનસંખ્યા ... |
| રંગભૂમિ ... |
| બાલનકનું સ્થાન ... |
| બલાનકનું માન ... |
| પ્રાસાદમાને બલાનકનું માન |
| ઓતરંગના પેટા ભાગ ... |
| પાંચ પ્રકારના બલાણક... |
| કયા કયા દેવોની આગળ બલાણ |
| સંવરણા |
| પચીસ સંવરણાનાં નામ... |
| પહેલી સંવરણા ... |
| બીજી નંદિની નામની સંવરણા |